પત્રો દ્વારા

# કરણાનુયોગ પરિચય




ડૉ. સૌ. ઉજ્જવલા દિ. શહા

| | | | |
|---|---|---|---|
| ગુજરાતી | પાંચમી આવૃત્તિ | ૨૯ ઓક્ટો. ૨૦૧૨ | ૧૦૦૦ પ્રત |
| ગુજરાતી | ચાર આવૃત્તિ | | ૮૦૦૦ પ્રત |
| મરાઠી | ચાર આવૃત્તિ | | ૬૫૦૦ પ્રત |
| હિન્દી | છહ આવૃત્તિ | | ૧૧૦૦૦ પ્રત |
| | | | કુલ ૨૬૫૦૦ પ્રત |

--- પ્રાપ્તિસ્થાન ---

વીતરાગવાણીપ્રકાશક

૧૫૭/૯ નિર્મલા નિવાસ, સાયન (પૂર્વ) મુંબઈ - ૪૦૦ ૦૨૨

ફોન : ૦૨૨-૨૪૦૭૩૫૮૧

Email : ujwaladinesh@yahoo.com

## - દાતાઓની નામાવલી -

| | |
|---|---|
| શ્રી શરદ અને કલ્પના શાહ, મુંબઈ | ૧૧૦૦૦ |
| શ્રી ભરતભાઈ અમૃતલાલ કુરિયા, મુંબઈ | ૫૦૦૦ |
| કુ. આર્જવ-પૂજા-પિનાંગ શાહ, મુંબઈ | ૩૦૦૦ |
| શ્રીમતી વેજબાઈ જેઠાભાઈ ગાલા હસ્તે દેવબાળા છેડા, સાંગલી | ૨૫૦૦ |

કિંમત રૂ. ૧૫/-

# પ્રકાશકીય

કરણાનુયોગ શાસ્ત્ર ઘણું ગંભીર છે. દરેક જીવને તે સમજવું અતિ મુશ્કેલ છે. કર્મનો સિધ્ધાંત મહા ગહન છે. અબજો વર્ષ પહેલા બાંધેલુ કર્મ આજે ઉદયમાં આવી શકે છે. ઋષભદેવ ભગવાનનો દાખલો આપણી સમક્ષ છે. મુનિ અવસ્થામાં ઉદયમાં આવેલુ કર્મ જેના કારણે છ મહિના સુધી આહાર ન મળ્યો તે ક્યારે બાંધ્યું હશે? છેલ્લા નવ નવ ભવ સુધી તો ફક્ત શુધ્ધ અને શુભભાવરૂપ જ પરીણમન હતું. નવ ભવમાં ત્રણ ભવ દેવના હતાં જ્યાં અબજો વર્ષનું આયુષ્ય હોય એટલે તે પહેલાં બાંધેલું કર્મ ઋષભદેવ ભગવાનને મુનિ અવસ્થામાં ઉદયમાં આવ્યું!

આ પહેલાં આ લેખિકાનું "જૈનતત્ત્વ પરિચય" પુસ્તક ગુજરાતી ભાષામાં ઘણું જ લોકપ્રિય થયેલ અને બબ્બે આવૃત્તિ ખલાસ થઈ ગઈ! આ તેમના બીજા પુસ્તકનો અનુવાદ ગુજરાતી વાંચકો સમક્ષ મુકતા અમોને ઘણો જ આનંદ થાય છે.

ડૉ. ઉજ્જવલાબહેન જૈન તત્ત્વના ઉંડા અભ્યાસી છે. દેવલાલીમાં ૨૦૫૫ની દિવાળીમાં કરણાનુયોગના વર્ગ લેતા હતાં ત્યારે તેમના ઉંડાણનો આછો ખ્યાલ આવેલ. પછી જ્યારે શરૂ શરૂના થોડા પાના વાંચ્યા ત્યારે નક્કી કર્યું કે આ પુસ્તક ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થાય તો લોકોને લાભનું કારણ થશે.

તેમની પુત્રીઓને પત્ર દ્વારા અભ્યાસ કરાવતાં કરાવતાં સ્હેજે સળંગ પુસ્તકરૂપે બની ગયું. મુમુક્ષુઓ આવા ગહન વિષયને સરળ ભાષામાં જરૂર સમજી શકશે એવી શ્રધ્ધા છે.

આ પુસ્તકની બે આવૃત્તિઓની ૫,૦૦૦ પ્રત ટૂંકા સમયમાં ક્યારે વેચાઈ ગઈ તે ખબર જ પડી નહી. તેથી આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમોને ખૂબ ખૂબ આનંદ થાય છે.

આ પુસ્તક મરાઠી અને હિંદી ભાષામાં પણ પ્રકાશિત થઈ ચૂક્યું છે અને તે પણ ઘણા લોકપ્રિય છે જ. વાચકો આનાથી લાભાન્વિત થશે એવી અમોને ખાત્રી છે.

લી. ટ્રસ્ટીગણ

**પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**

# લેખિકાનું મનોગત

આધ્યાત્મિક યુગપુરુષ પૂજ્ય શ્રી કાનજીસ્વામી દ્વારા ઉપદેશિત જિનાગમ તેમ જ ઉદ્‌ઘાટિત પરમઆધ્યાત્મનું રહસ્ય અને મર્મ પામી કરેલાં જૈન તત્ત્વજ્ઞાનના અધ્યયનથી મારા જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન આવ્યું. સાચા અર્થમાં આ જીવનું જીવન શરૂ થયું. જીવનું જીવપણું સમજાયું. ૧૯૯૨માં મે અને મારા પતિ શ્રી. દિનેશચંદ્ર શહાએ વ્યવસાયમાંથી નિવૃત્તિ લીધી. અમે પૂરજોશમાં સ્વાધ્યાય શરૂ કર્યો. અમે બન્ને ભેગા મળી દિવસ દરમ્યાન ૮ થી ૮॥ કલાક સ્વાધ્યાય કરતા. પ્રથમાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગના અનેક ગ્રંથોનો વારંવાર અભ્યાસ થયો પણ કરણાનુયોગ જોડે કહી શકાયે તેટલો પરિચય ન હતો. વાંચન ન હતું.

બ્ર.પં. શ્રી. યશપાલ જૈન પાસેથી 'ગુણસ્થાન પ્રવેશિકા' શીખ્યા બાદ ગુણસ્થાન વિષે સારૂં એવું જ્ઞાન મળ્યું. કરણાનુયોગમાં રસ પડ્યો. ત્યારબાદ દૃષ્ટિ સમ્યગ્જ્ઞાનચંદ્રિકા-જીવકાંડ તરફ વળી. શરૂઆતના ૨૫-૩૦ પાના વાંચ્યા બાદ, 'આમાં આપણી ચાંચ નહીં ડૂબે આપણે આપણાં અધ્યાત્મગ્રંથો જ વાંચિએ, નહીં તોપણ એ જ કાંઈક કાર્યકારી છે.' એવું 'એમનુ' મત હતું. પણ સ્ત્રી હઠ આગળ કોઈનું કંઈ ચાલ્યું છે ખરૂં? મારી એ હઠ સાર્થક જ સિધ્ધ થઈ. અમે બન્નેએ ૧૯૯૩ની સાલમાં આ ગ્રંથનો આદ્યોપાંત સ્વાધ્યાય કર્યો.

દરમ્યાન 'જૈનતત્ત્વ પરિચય' પુસ્તક લખી પ્રકાશિત કર્યું. તેની સાથે જ એમણે ભાષાંતર કરેલાં 'ભક્તામર પ્રવચન', 'સ્વાનુભવ' અને 'પરમાત્મા કેવી રીતે બની શકશો!' વગેરે પુસ્તકો પણ છાપ્યા. પ્રૂફ રીડિંગ સાથે બધી જ બાબતો અમે બન્નેએ મળી પૂરી કરી. ૪ થી ૬ મહિના એ કામમાં જ ગયાં, અમારો વ્યક્તિગત સ્વાધ્યાય ઓછો થયો પણ બીજાઓના આગ્રહથી મે સવારના ૧॥ કલાક અને એ સાંજે ત્રણ કલાક મળી સાડાચાર કલાક સામૂહિક સ્વાધ્યાય લેવા માંડ્યા.

એક સુવાવડ ગઈ કે સ્ત્રી મનમાં નિશ્ચિત કરે છે કે હવે આ ઝંઝટ જોઈતી જ નથી! તેમ જ અમારૂં પણ થયું. પુસ્તક લખી, પ્રકાશિત કરી અને લોકો સુધી પહોંચાડી હવે ફરીથી આ ભાંજગડમાં પડવું નથી એવું નક્કી કર્યું. પણ તે પુસ્તકની લોકપ્રિયતા, અનેક નવા તથા જુનાં અભ્યાસિઓનો મળેલો પ્રતિસાદ, લોકોએ હજી કશુંક લખો કહિને વારંવાર કરેલાં આગ્રહને માન આપી લખવું જ છે એમ નિશ્ચિત કરી મનમાં અખંડિતરીતે ચાલતા ચિંતનને કલમ દ્વારા માર્ગ મળ્યો.

પોતે વાંચીએ તેના કરતાં બીજાઓને શિખવવામાં વિષયની ઝીણવટ અને છણાવટ વધું સ્પષ્ટ થાય છે. તેથી ગ્રંથો જ મારા ગુરુ

બન્યા. પં. ટોડરમલજીએ બધું જ એવું સહેલું કરી સમજાયું છે કે તે સમજવામાં કે સમજાવવામાં અમને કોઈ અનેરો જ આનંદ મળ્યો.

રોજ શિખવાતો આ વિષય ઘણે ઠેકાણે મે પ્રવચનમાં પણ લીધો ત્યારે લોકોનો મળેલો પ્રચંડ પ્રતિસાદ અને તેમની વિષય સમજવાની ઉત્કંઠા અને અભિલાષા જોઈને એ જ વિષયપર હું લખીશ એવું નક્કી કર્યું. આ વિષય ક્વચિત જ લેવાયેલો હોવાથી લોકોએ કહ્યું કે આ અઘરો વિષય તમે બહુ જ સહેલી ભાષામાં સમજાવો છો માટે તે વિષય પર જ પુસ્તક લખો. માટે એ વિષયપર પુસ્તક લખવાની મે હિંમત કરી.

કરણાનુયોગ વિષેની લેખમાળા મેં પ્રથમ હિંદીમાં લખવાની શરૂઆત કરી. દિલ્લીના પં.શ્રી. પ્રકાશચંદ હિતૈષીજીના 'સન્મતિ-સંદેશ' માસિકમાં આ લેખો 'ચિરકાલ પુરાની, સુનો અપની કહાની' એ નામથી પ્રસિધ્ધ થવા લાગ્યાં. તે વાંચી અનેક મરાઠી વાંચકોના આગ્રહથી સૌપ્રથમ મરાઠીમાં ત્યારબાદ હિન્દીમાં આ પુસ્તક લખ્યું. દરમ્યાન ગુજરાતી વાચકોના લાભાર્થે એનું ભાષાંતર શ્રી દિપકભાઈ જૈનએ ટૂંક સમયમાં જ કરી આપ્યું.

લખવું એ પણ સ્વાધ્યાયનું અંગ છે. મારૂં પણ વીસ પ્રરૂપણાઓનું પુનરાવર્તન થયું. ભેદવિજ્ઞાનને પુષ્ટિ મળી. કર્મ-નોકર્મનું સ્વરૂપ સ્પષ્ટરીતે ભાસિત થવાથી શ્રધ્ધામાં દઢતા આવતી ગઈ.

પુસ્તકમાં ઘણે ઠેકાણે મે પોતાને અને દિકરીઓને ઉદ્દેશીને 'હે જીવ!' એવું સંબોધન વાપર્યું છે. દિકરીઓ તરફ પણ જીવની દૃષ્ટિથી હું જોઉં છું અને એ જ દૃષ્ટિથી એમને ઉપદેશ આપ્યો છે.

આ પુસ્તકમાં માત્ર કરણાનુયોગનો જ વિષય નથી પણ તેની સાથે દ્રવ્યોનુયોગની અપેક્ષાએ તેના પર વિચાર કર્યો છે, ચિંતન કર્યું છે. આત્માનુભવની પ્રેરણા આપી છે. કરણાનુયોગ શિખી પોતાની તરફ કેવી રીતે ઢળવું? એ બધું શીખી આપણને શો લાભ? આ શીખવું કેટલું જરૂરી છે? તેની અહીં ચર્ચા કરી છે.

કરણાનુયોગનો આ વિષય જ ગહન છે, પણ મનને બાંધી રાખવાવાળો આ વિષય વાંચકોને સહેલી સરલ ભાષામાં કહેવાનો પ્રયત્ન કર્યો છે. આ લખાણમાં કોઈ ઠેકાણે ભૂલ ન રહી જાય માટે વારેઘડિએ સમ્યગ્જ્ઞાનચંદ્રિકાનો આધાર લીધો છે. છતાં કોઈ ખામી રહી હોય તો તે અવશ્ય નિદર્શનમાં લાવી આપવાની વાંચકોને વિનંતી કરૂં છું.

આ 'કરણાનુયોગ પરિચય' વાંચકોને કરણાનુયોગના અભ્યાસ માટે અને આત્માનુભવ માટે પ્રેરણાદાયી બને એવી સદ્ભાવના.

- ડૉ. સૌ. ઉજ્જ્વલા દિ. શહા

# સંપાદકીય

કોઈપણ અજાણ્યાં સ્થળે જવું હોય ત્યારે મનમાં ઘણાબધા વિચારોનું તોફાન ઉઠે છે. અજાણ એવા પ્રાંતમાં જતાં મનમાં જે ગડમથલ થાય તેમ જ મારા કરણાનુયોગ આગમના અભ્યાસપૂર્વે મને થયું હતું.

આ આવો ગૂઢ અને ગહન વિષય સમજાશે કે નહીં? અને આટલી ઝીણવટભરી વાતો વાંચીને આપણું શું સાધ્ય થશે? વગેરે વગેરે અનેક શંકા કુશંકાઓથી મારૂં મન ઘેરાઈ ગયું હતું. આટલું દૃઢ મારૂં મન, પણ શરૂઆતમાં વિચલિત થયું હતું. મનમાં થયું અમસ્તો આ વિષયને અડ્યો. પણ સારો માર્ગદર્શક હોય તો ડરવાનું કાંઈ કારણ નથી. તદનુસાર સૌ. ઉજ્જ્વલાના આગ્રહથી તેની સાથે આ વિષયમાં પ્રવેશ કરવાનું નક્કી કર્યું.

સમજાય કે ન સમજાય પણ ગોમ્મટસારપરની પં. ટોડરમલજીની ટીકા - 'સમ્યગ્જ્ઞાનચંદ્રિકા - જીવકાંડ' અથથી ઈતિસુધી વાંચવાનો નિર્ધાર કર્યો - કમર કસી અને તે પુસ્તક પૂર્ણ વાંચ્યું. ત્યારે તો જે સમજાયું હશે તે સમજાયું પણ કોઈ કામ હાતમાં લીધું કે તે પુરૂં કરવાની વૃત્તીથી અને તે પુસ્તક પૂર્ણ વાંચવાથી કોલંબસને અમેરિકા ખંડ જડ્યો ત્યારે કે નીલ આર્મસ્ટ્રાંગને ચંદ્ર પર પહોંચવાનો જે આનંદ મળ્યો હશે તે કરતાં પણ વધારે આનંદ મને મળ્યો.

તદ્પશ્ચાત અમારા સહસ્વાધ્યાયી ચેંબૂરના શ્રી અરવિંદભાઈ દોશીએ, આ વિષય અમને શીખવો એમ સૌ. ઉજ્જ્વલા આગળ રટ લગાવી અને ફરીથી અમે ૮ થી ૧૦ જણે બીજી વખત તેનો સ્વાધ્યાય કર્યો. ખાસ દરેકજણપાસેથી તેમાના દાખલા અને ઝીણવટો પાટી પેન્સિલ લેવડાવી ઉજ્જ્વલાએ ઘુંટાવી લીધા તેથી એ વિષય વધુ ઝીણવટ પૂર્વક સમજાયો.

અનેક લોકોનો એવો મત હોય છે કે કરણાનુયોગના અભ્યાસથી સમયનો અપવ્યય થાય છે. બુધ્ધિને જે કસરત કરવી પડે છે તેના પ્રમાણ હાતમાં કાંઈ જ આવતું નથી. તેના કરતા દ્રવ્યાનુયોગના અભ્યાસથી ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માનું ચિંતન-મનન કરીને તેને સાધ્ય કરવાનો પ્રયત્ન કરવો વધું સારૂં! વાસ્તવમાં એ પણ કંઈ ખોટું નથી પણ જો ખરેખર જ પ્રયત્ન થતાં હશે અને ફલ પ્રાપ્તિ થતી હોય તો તેથી વધું રૂડું કંઈ જ નથી. પણ બહાનું કાઢી આ જીવ પોતાનો ઉપયોગ સ્વતરફ ન વાળી ઈતરત્ર વેડફી નાખતો હોય એવા જીવોએ કરણાનુયોગનો અભ્યાસ કરવો જ જોઈએ. તેનાથી ઉપયોગમાં સૂક્ષ્મતા આવે છે. સર્વજ્ઞના જ્ઞાનની ઝલક બહુ જ પાસેથી જ્ઞાનમાં આવે છે.

અને હું પણ સર્વજ્ઞ જેવો સર્વજ્ઞ સ્વભાવી છું એની જાણ થાય છે. અને ખાસ એ છે કે જે આપણે દ્રવ્યાનુયોગમાં શીખીએ છીએ એવા સિધ્ધાંતો કરણાનુયોગના વિષયને કારણે વધુ પ્રભાવી બની મનમાં કોતરાઈ જાય છે. અને સર્વજ્ઞ ભગવંતોએ કહેલા સિધ્ધાંતોની શ્રધ્ધા વધુ દૃઢ થાય છે. સર્વજ્ઞનો મહિમા જાગ્રત થાય છે. સિવાય 'ચારે અનુયોગોનું તાત્પર્ય વીતરાગતા જ છે' તેથી તેમાં શ્રેષ્ઠ કનિષ્ઠ એવો ભેદભાવ કરવો ભૂલભરેલું થશે.

હશે, સરવાળે આ નવા વિષયનો પરિચય થવાથી અને તે અનેકોસામે મુકવાથી ઘણાઓએ સૌ. ઉજ્જવલાને આગ્રહ કર્યો કે આ વિષય ઘણી જ સરલભાષામાં તમે સમજાવો છો, માટે કૃપા કરી 'જૈન તત્ત્વ પરિચય' જેવું આ વિષય પર પણ એક પુસ્તક લખો. તેથી એણે આ પુસ્તક લખવાનો અને અમે તે છાપવાનો નિર્ણય કર્યો.

મજાની વાત તો જુઓ! અમે દિવાળીમાં જ્યારે દેવલાલી વિધાન માટે ગયાં હતાં ત્યારે શ્રી કાંતીભાઈ મોટાણીએ અમને ગુજરાતી પુસ્તકનું પ્રુફ રીડીંગ કરતાં જોયાં. તેમને તરત જ જાણ થઈ કે અમે નવું પુસ્તક છપાવવાનો પ્રયત્ન કરીએ છીએ. ત્યારે એમણે પ્રુફ જોઈને કહ્યું કે, 'મને આ વાંચવા આપો' અને બે દિવસ પછી આવીને એમણે પોતે જ કહ્યું કે 'આ પુસ્તક અમારા ટ્રસ્ટ તરફથી છપાવવાનો અમારા ટ્રસ્ટીઓનો વિચાર છે.

વાસ્તવમાં 'પત્રો દ્વારા જૈનતત્ત્વ પરિચય' પુસ્તક પૂ. શ્રી. કાનજીસ્વામી ટ્રસ્ટ તરફથી પહેલાં છપાયું હતું. આંધળો એક આંખ માગે અને તેને બે આંખો મળે એવી મારી અવસ્થા થઈ. તેથી પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટના બધા ટ્રસ્ટીઓનો આભાર માનીએ તેટલો ઓછો જ છે.

અને મૂળ વાત તો કહેવાની જ રહી ગઈ કે શ્રી. દિપકભાઈ મો. જૈન, જે આ પુસ્તકના અનુવાદક છે તેમને તેમનો બહુમૂલ્ય ઉપયોગ જિનવાણીની અમૂલ્ય સેવા માટે લગાડી કોઈ પણ જાતનું મૂલ્ય લીધા વગર અતિ અલ્પ સમયમાં તેનો ગુજરાતીમાં અનુવાદ કરી આપ્યો. ઉપરથી તેમને પુસ્તક છપાવા માટે દાન રાશી પણ લખાવી. તેમનો આ સહકાર ભૂલાય એવો નથી.

મારો પોતાનો અનુભવ છે કે કોઈ પણ સારું કામ કરીએ તો બધાનો સહકાર સહજ રીતે મળી રહે છે. તેથી જેઓએ અમને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સહકાર આપ્યો છે તેમનો હું ખૂબ ખૂબ આભારી છું.

- પં. દિનેશભાઈ શહા

# અનુક્રમણિકા


| પત્રાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧) | કર્મબંધ | ૧ |
| ૨) | ઘાતિ-અઘાતિ કર્મ | ૯ |
| ૩) | કર્મ-સ્થિતિ, આબાધાકાળ અને ઉદયકાળ | ૧૮ |
| ૪) | નોકર્મ-બંધ, સ્થિતિ, ઉદય | ૨૯ |
| ૫) | કર્મ-નોકર્મ નિષેકરચના | ૩૯ |
| ૬) | જીવ અને કર્મની સ્વતંત્રતા | ૪૮ |
| ૭) | કર્મ-ઉપશમ, ઉદીરણા | ૫૭ |
| ૮) | કર્મની શેષ અવસ્થાઓ | ૬૬ |
| ૯) | ગુણસ્થાનાદિ જાણવાનું પ્રયોજન | ૭૩ |
| ૧૦) | ગુણસ્થાન-સામાન્ય ચર્ચા - (સમ્યક્ત્વ પ્રાપ્તિની પાત્રતા, પ્રક્રિયા અને સ્વરૂપ) | ૭૮ |
| ૧૧) | ગુણસ્થાન આરોહણ-દેશવિરત ગુણસ્થાન | ૮૮ |
| ૧૨) | મુનિઓનાં ગુણસ્થાનો | ૯૪ |
| ૧૩) | ગુણસ્થાન વિભાજન, ગમનાગમન અને કાળ | ૧૦૨ |
| ૧૪) | જીવસમાસ | ૧૧૬ |
| ૧૫) | પર્યાપ્તિ પ્રરૂપણા | ૧૨૬ |
| ૧૬) | પ્રાણ પ્રરૂપણા | ૧૩૧ |
| ૧૭) | સંજ્ઞા પ્રરૂપણા; ગતિ, ઈન્દ્રિય, કાય-માર્ગણા | ૧૩૬ |
| ૧૮) | યોગ, વેદ, કષાય, જ્ઞાન અને સંયમ-માર્ગણા | ૧૪૬ |
| ૧૯) | દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી, આહાર - માર્ગણા અને ઉપયોગ પ્રરૂપણા | ૧૫૨ |

# કર્મબંધ

પત્રાંક ૧ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૨૩ જુલાઈ ૧૯૯૯

ડૉ. સૌ. ઉજ્જવલા દિ. શહા
૧૫૭/૯, નિર્મલા નિવાસ,
સાયન (પૂ.), મુંબઈ - ૪૦૦ ૦૨૨.
ફોન નં. ૪૦૭ ૩૫ ૮૧.

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

'પત્રો દ્વારા જૈનતત્ત્વ પરિચય' પત્રોરૂપે સ્વાધ્યાયબાદ ઘણો સમય વીતી ગયો. દરમ્યાન તમે 'માતા' બન્યા. બાળકોના લાલન પાલન અને બીજી જવાબદારીમાં વ્યસ્ત હોવા છતાં પણ તમારી સ્વાધ્યાયની રુચિ કાયમ છે તે જાણી સારું લાગ્યું. હવે માત્ર તમે પોતે જ જાણો તે પુરતું નથી, બાળકોમાં સંસ્કાર રેડવાની જવાબદારી પણ તમારા જ શીરે છે.

આ પહેલાં મેં પત્રો દ્વારા જણાવ્યું હતું કે 'કર્મ અને ગુણસ્થાન'નો વિષય તમને પછી ગમે ત્યારે શિખવાડીશ. હવે કર્મ, ગુણસ્થાન, પર્યાપ્તિ, પ્રાણ, જીવસમાસ, માર્ગણા વગેરે વિષયોની થોડીઘણી જાણકારી તમને કરાવી દેવાની મારી ઈચ્છા છે.

આજથી હું 'આપણી કહાણી' કહું છું. આ કહાણી છે મારી તમારી, બીજાઓની - 'સ્વ'ને ભૂલેલાં બધાં જીવોની. જીવ તો અનાદિથી જીવરૂપે જ હતો, છે અને રહેશે, પણ આ જીવે ભૂલથી શરીરને જ જીવ એટલે કે શરીર તે જ 'હું' એમ માની લીધું, અને તેની કર્મકહાણી તૈયાર થઈ. આજે આ કર્મકહાણી એટલે કર્મબંધનની કથા સાંભળશું.

આચાર્યોએ આપણને છ દ્રવ્યો, સાત તત્ત્વો, નિમિત્ત, રાગાદિ વિકાર, કર્મ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન વગેરે અનેક બાબતોનું સ્વરૂપ સમજાવ્યું છે. આપણે તેનું જ જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. આ બધાં નિમિત્તોનું અને સંયોગોનું જ્ઞાન મેળવવાનું આપણે શરૂ કરીએ છીએ, પણ ધ્રુવસ્વભાવ પર દૃષ્ટિ કાયમ રાખી આ અભ્યાસ કરવાનો છે. સાત તત્ત્વોનું સ્વરૂપ ફરી એકવાર વાંચી, તેના પર સતત ચિંતન મનન કરી ત્યારબાદ આ વિષયનું

જ્ઞાન મેળવવાથી આપણને ભેદજ્ઞાન કરવામાં વિશેષ મદદ મળશે.

આજથી બંધનની આ કથા તો સંભળાવીશ પણ દૃષ્ટિ આપણાં અભેદ ધ્રુવ સ્વભાવ પર રાખીને સાંભળજો. નાનપણમાં ભયજનક વાર્તાઓ સાંભળતાં ત્યારે તમે મારો હાથ સજ્જડ ઝાલી રાખતાં તેમ જ 'હું જીવતત્ત્વ' છું એવું પોતાનું સ્વરૂપ નિશ્ચિત કરીને જ આ વાર્તાનો પ્રારંભ કરીએ.

પત્રના પ્રારંભમાં આપણે સિદ્ધોને નમસ્કાર કર્યા છે. સિદ્ધોનું સ્વરૂપ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત છે. આ ત્રણ પ્રકારના કર્મોનું સ્વરૂપ જ જો આપણે જાણતાં ન હોઈએ તો કર્મરહિત સિદ્ધોનું સ્વરૂપ તેમ જ સિદ્ધ સમાન આપણાં શુદ્ધાત્માનું સ્વરૂપ આપણને સમજાશે નહીં.

સહેલી ભાષામાં કહેવું હોય તો કાર્માણવર્ગણા નામના પુદ્ગલ સ્કંધથી બનેલું તે દ્રવ્યકર્મ છે, જીવના મોહ, રાગ, દ્વેષ પરિણામ તે ભાવકર્મ છે અને શરીર, મન, વાણી વગેરે જીવોના નોકર્મ છે. હવે આપણે 'કર્મ'નો ઉલ્લેખ કરીશું ત્યારે દ્રવ્યકર્મ વિષેની આ ચર્ચા છે એમ તમારે સમજી લેવું.

જીવ અને કર્મ અનાદિથી જ એકબીજા સાથે બંધાયેલી અવસ્થામાં જોવામાં આવે છે, એટલે કે જીવ અને કર્મનો બંધ અનાદિથી છે. આ બંધ કોઈએ જબરદસ્તીથી કરાવ્યો નથી. જીવ પ્રથમ સિદ્ધસમાન શુદ્ધ હતો અને કર્મ આવીઆવીને તેની સાથે બંધાઈ ગયાં એમ પણ નથી. ખાણમાં સુવર્ણપાષાણ મળી આવે છે ત્યાં સોનું અને માટીનું મિશ્રણ કોઈએ કર્યું નથી. તેમની સંયુક્ત અવસ્થા અનાદિથી જ જોવામાં આવે છે. તેમ જીવ પણ અનાદિથી કર્મબંધનયુક્ત છે.

પ્રત્યેક જીવ સાથે અનંત કર્મપરમાણુનો બંધ થયેલો છે. તેમાં જીવ એક છે, તે અસંખ્યાત પ્રદેશી, અરૂપી, સંકોચ વિસ્તારની શક્તિયુક્ત, ચૈતન્યમય છે અને જે કર્મપિંડ હોય છે તે અનંતાનંત પરમાણુઓનો સમૂહ છે, રૂપી છે, અચેતન છે. કર્મમાં જાણવાની શક્તિ નથી. આવા કર્મપિંડમાંથી હર સમયે થોડાં પરમાણુ વિખૂટા પડી નીકળી જાય છે અને થોડાં નવા પરમાણુ આવી તેમાં ભળી જાય છે. પરમાણુ આવીને ભળી જાય છે તેને 'બંધ' કહેવાય છે અને પરમાણુ વિખૂટા પડે છે તેને 'ઉદય' કહેવામાં આવે છે.

કર્મનો બંધ થાય ત્યારે નિશ્ચિત થાય છે કે તે કેટલો સમય જીવની સાથે રહેશે - આને 'સ્થિતિ' કહેવામાં આવે છે. સ્થિતિ પૂરી થતાં કર્મ નીકળી જાય છે એટલે કે ખરે છે, તેને 'ઉદય' કહેવાય છે. કર્મનો ઉદય થાય એટલે કે કર્મ સ્થિતિ પૂરી થયા પછી ખરી પડે છે ત્યારે જીવને તે કર્મનું ફળ મળ્યું એમ કહેવાય છે. તેને તે કર્મનો 'અનુભાગ' અથવા 'રસ' કહેવામાં આવે છે. સ્થિતિ અનુસાર અનુભાગ પણ કર્મ બંધાતા સમયે જ નિશ્ચિત થાય છે. તમે પૂછશો કે આ સ્થિતિ અને અનુભાગ કોણ નક્કી કરે છે? કર્મ તો અચેતન છે તે શું જાણે કે કેટલુ અને કયું ફળ આપવું? તેનો જવાબ હું ભવિષ્યમાં આપીશ.

કર્મની જે સ્થિતિ અને અનુભાગ બંધાય તેમાં જીવના મોહ, રાગ, દ્વેષ, નિમિત્ત રૂપે છે. મોહ એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ એટલે કષાય. મિથ્યાત્વ અને કષાય આ બેઉને શાસ્ત્રમાં કષાય એ એક નામ આપ્યું છે. અને કષાયથી (નિમિત્તથી) કર્મની સ્થિતિ તથા અનુભાગ બંધાય છે, એવું કથન કરવામાં આવ્યું છે. તમારા સૂજ્ઞપણા પર મને ભરોસો છે માટે શાસ્ત્ર પર આંગળી મૂકી 'જુઓ, માત્ર કષાયોથી જ બંધ થાય છે, મિથ્યાત્વ બંધમાં અકિંચિત્કર છે' એમ કહેવાની ભૂલ તો તમે કરશો નહીં એની મને પૂર્ણ ખાત્રી છે.

આ જે કર્મ બંધાય છે ત્યારે વિશિષ્ટ પ્રમાણમાં પરમાણુ આવે છે. તેની સંખ્યા અનંત છે. હર સમયે અનંત કર્મપરમાણુ નિરંતર બંધાય તેને સમયપ્રબધ્ધ (એક સમયે બંધાઈ ગયેલાં) કહેવામાં આવે છે. હરેક સમયે એક સમયપ્રબધ્ધ પરમાણુ બંધાય છે અને એક સમયપ્રબધ્ધ પરમાણુ વિખૂટા પડી વિભક્ત થાય છે. તેમનું કર્મપણું મટી જાય છે. બંધાયેલા પરમાણુની સંખ્યાને 'પ્રદેશબંધ' કહેવામાં આવે છે.

આ અનંત કર્મપરમાણુ આવીને કર્મપિંડમાં જોડાઈ જાય, બંધ થાય, ત્યારે તેનું જુદાંજુદાં આઠ કર્મપ્રકારોમાં વિભાજન થાય છે. કર્મના આઠ ભેદ થયા તેને 'પ્રકૃતિબંધ' કહેવામાં આવે છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. આ કર્મ કયું ફળ આપે તે ઉપરથી તેમના અલગ અલગ પ્રકૃતિઓના અલગ અલગ નામો પડ્યા છે. આ આઠ કર્મપ્રકૃતિઓના નામ છે - જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, વેદનીય, આયુ, નામ અને ગોત્ર. આને મૂલપ્રકૃતિ કહેવામાં આવે છે. તેના વધુ ભેદ કરવામાં આવે છે, પેટાવિભાગો હોય છે, તેને ઉત્તરપ્રકૃતિ કહેવાય છે.

તમે કહેશો 'કર્મની આવી વહેંચણી કોણ કરતું હશે? આપણે પણ હર સમયે અનંત કર્મપરમાણુ બાંધીએ છીએ અને છોડીએ છીએ. પણ આજસુધી આપણને તેની જાણપણ થઈ ન હતી.' કર્મો જાતે જ આ આઠ પ્રકૃતિરૂપે વિભાજિત થતાં હોય છે. તેનો બીજો કોઈ પણ કર્તા નથી. જેમ આપણે લીધેલા ભોજનનું રૂપાંતર લોહી, હાડકાં, ચરબી, સ્નાયુ, વિષ્ટા આદિમાં થતું હોય છે તેનો બીજો કોઈ કર્તા નથી. તેમ કર્મ પોતે જ મૂળપ્રકૃતિરૂપે અને ઉત્તર-પ્રકૃતિરૂપે વિભાજિત થતાં હોય છે. આ પ્રદેશબંધ (પરમાણુની સંખ્યા) અને પ્રકૃતિબંધ (આઠ પ્રકૃતિરૂપે વિભાજિત) થવામાં જીવનો યોગ નિમિત્ત છે.

તે માટે યોગ શું છે તે જાણવું આવશ્યક છે. લૌકિક ભાષામાં યોગ શબ્દ આપણે ઘણાં જુદાંજુદાં અર્થોમાં વાપરીએ છીએ. જેમ, આજે પૈસાનો યોગ દેખાય છે, અરે શું યોગાયોગ છે જુઓ! યોગાભ્યાસથી અમારી તબીયત સારી રહે છે, અમુક વ્યક્તિ ઘણો મોટો યોગી છે, એટલું જ નહીં, વિમા કંપની પણ દાવો કરે છે કે તમારાં યોગક્ષેમની જવાબદારી અમે લઈએ છીએ. હશે, અહીં આમાંથી કોઈ પણ યોગ હું જે કહેવા માગું છું તેના અર્થ સાથે બંધ બેસતો નથી.

જીવપ્રદેશનું કંપન થવું, પ્રદેશ સકંપ થવો તેને 'યોગ' કહેવાય છે. આત્મપ્રદેશ ચંચલ બને છે - કંપન પામે છે માટે તેને 'દ્રવ્યયોગ' કહે છે. આવા કંપનથી જીવમા કર્મને આકર્ષિત કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે તેને 'ભાવયોગ' કહે છે. જેમ લોહચુંબકમાં લોખંડને આકર્ષિત કરવાની શક્તિ જોવામાં આવે છે તેમ આત્મપ્રદેશોના પરિસ્પંદનથી-કંપનથી-જીવમાં કર્મોને આકર્ષિત કરવાની શક્તિ જોવા મળે છે. તેને યોગ કહે છે.

દીકરીઓ, હવે તમને ખ્યાલ આવી ગયો હશે કે જ્યારે કર્મોનો બંધ થાય ત્યારે ચાર પ્રકારથી કર્મબંધ થાય છે એટલે કે બંધોના ચાર ભેદ છે, તે આ મુજબ : ૧) પ્રદેશબંધ, ૨) પ્રકૃતિબંધ, ૩) સ્થિતિબંધ અને ૪) અનુભાગબંધ. આમાંથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થવામાં યોગ નિમિત્ત છે અને સ્થિતિ-અનુભાગ બંધોમાં કષાય (મિથ્યાત્વ, રાગદ્વેષ) નિમિત્ત છે. તેમાંથી પ્રદેશ, પ્રકૃતિ અને સ્થિતિમાંથી કોઈ પણ જીવના સુખદુ:ખનું કારણ નથી. કર્મનું જે અનુભાગ અર્થાત્ ફળ છે તેમાં જ્યારે જીવ જોડાય અને તે ફરીથી મોહ, રાગ, દ્વેષ કરે ત્યારે તે દુ:ખી થશે અને તેથી નવો કર્મબંધ પણ બંધાશે.

જુઓ, ધ્યાનથી સાંભળો. જીવ દુઃખી છે તે પોતાના મોહ, રાગ, દ્વેષના પરિણામોથી દુઃખી છે. કર્મો તેને સુખી કે દુઃખી કરતાં નથી કારણ કે કર્મ તો પરદ્રવ્ય છે, અચેતન છે. દીકરીઓ, આપણાં જીવનમાં અનેક પ્રસંગો આવે છે, ત્યારે આપણે કોઈક વિશિષ્ટ વ્યક્તિને તે માટે જવાબદાર માનીએ અને સહજ રીતે તે વ્યક્તિ માટે આપણને રાગ કે દ્વેષ ઉત્પન્ન થાય છે અને તે વ્યક્તિ સાથે સંબંધો જોડાય છે કે તૂટે છે તે પ્રસંગે તે વ્યક્તિ નિમિત્ત નથી હોતી પણ આપણે પોતે જ પૂર્વે બાંધેલાં કર્મોનો ઉદય નિમિત્ત બને છે, એવું શાસ્ત્રવચન જાણવાથી આપણને સાચા નિમિત્તનું જ્ઞાન થાય છે. પોતાનું જ કર્મ ખોટું હોય તો દોષ પણ કોનો કાઢીએ? એની જાણ થતાં બીજાઓને દોષી ગણવાની આપણી વૃત્તી ઠંડી પડે છે.

માત્ર કયું નિમિત્ત છે તે જાણવાથી નિમિત્ત વિષેનું સાચું જ્ઞાન થયું છે એમ નથી; પણ નિમિત્ત કાર્યમાં કંઈ જ કરતું નથી એમ જાણવું તે જ ખરું જ્ઞાન છે, દીકરીઓ! નિમિત્તનો સ્વીકાર કરી નિમિત્તને કર્તાપણું બક્ષી આપણે ડાહ્યાડમરા બની જઈએ છીએ. પણ કર્મનો ઉદય જેવો પણ હોય, આપણે તેના તરફ જોઈ વર્તમાનમાં કેવાં પરિણામો કરીએ તે સંપૂર્ણ રીતે આપણાં હાથમાં છે. તેમાં ઈષ્ટ - અનિષ્ટ પરિણામ આપણે કરીએ તે આપણું મિથ્યાત્વ પરિણામ છે, કર્મ આપણને પરાણે મિથ્યાત્વભાવ કરવાં ફરજ પાડતું નથી. તેમ જ ઈષ્ટ - અનિષ્ટ માનેલ વસ્તુ તરફ જોઈ વર્તમાનમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક કરવો તે આપણો કષાયભાવ છે, કર્મ જીવને પરાણે કષાય કરાવતું નથી.

દોષનો-ભૂલનો ટોપલો બીજાને માથે ઢોળીયે તો તે દોષ ટાળવાનો ઉપાય જ નથી પણ પોતાના દોષને દોષરૂપે સ્વીકારવો એ જ તે દોષ ટાળવા માટે ભરેલું પહેલું પગલું છે. આપણે પોતે પોતાને જ સમજાવવું જોઈએ કે, "હે જીવ! વર્તમાનમાં તું જે કંઈ સારું-ખોટું ભોગવે છે તે તારા પૂર્વે કરેલા કષાયોનું જ ફળ છે; કારણ તે કષાયોના નિમિત્તે જ તે સમયે બાંધેલા કર્મોમાં અનુભાગબંધ થયો હતો. કર્મની સ્થિતિ પૂર્ણ થતાં તે ફળ હવે તારા ભાગે આવ્યું છે. વર્તમાનમાં તું જે રાગ, દ્વેષ, મોહ કરે છે તેથી વર્તમાનમાં તો તું દુઃખી રહે જ છે પણ હમણાં નવો સ્થિતિ અને અનુભાગબંધ બાંધી ભવિષ્યકાલીન દુઃખોની પણ તું પોતે જ ગોઠવણ કરી રાખે છે. તેનું બી વાવે છે."

આપણે હમણા જોયું કે યોગને કારણે કર્મો જીવ તરફ આકર્ષિત થાય છે, આવે છે - તેમનો આસ્રવ થાય છે - તેમની સંખ્યા નિશ્ચિત બને છે અને તેમની પ્રકૃતિઓ નિશ્ચિત થાય છે. પણ માત્ર યોગથી જ કંઈ સ્થિતિ બંધાતી નથી કે અનુભાગ બંધાતો નથી. ગુણસ્થાન વિષે તમારો અભ્યાસ નથી તોપણ એ વસ્તુ અહીં રજૂ કરું છું કે કુલ ચૌદ ગુણસ્થાનો હોય છે તેમાંથી ૧લા ગુણસ્થાનથી માંડી ૧૦મા ગુણસ્થાન સુધીના જીવોમાં કષાયોનો સદ્ભાવ રહે છે, ૧૧મા ગુણસ્થાનથી ૧૪મા ગુણસ્થાન સુધી કષાયોનો અભાવ છે. જે યોગ છે તેનો પહેલા ગુણસ્થાનથી ૧૩મા સયોગકેવળી ગુણસ્થાન સુધી સદ્ભાવ છે, ૧૪મા અયોગકેવળી ગુણસ્થાનમાં યોગનો અભાવ છે.

એનો અર્થ કે પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી કષાય અને યોગ બન્ને છે તેથી ચારેય પ્રકારના બંધ ત્યાં છે. તે કર્મોના આગમનને સામ્પરાયિક આસ્રવ કહેવામાં આવે છે. સામ્પરાયનો અર્થ કષાય થાય છે. ૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાનમાં યોગ છે પણ કષાય નથી માટે પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ હોય તોપણ તેમાં સ્થિતિ અને અનુભાગ ન હોવાથી કર્મ આવીને તે જ સમયે ખરી પડે છે. ભીંત પર ફેંકેલી સૂકી રેતી ભીંતપર ચોટતી નથી તેવી રીતે આ કર્મ પરમાણું જીવને ચોંટતાં નથી કે નથી તેનું કોઈ ફળ મળતું. આ આસ્રવોના પ્રકારને 'ઈર્યાપથાસ્રવ'નું નામ આપ્યું છે. ૧૪મા ગુણસ્થાનમાં કષાય તો છે જ નહીં, યોગનો પણ અભાવ છે. આત્મપ્રદેશોનું કંપન પૂર્ણ રીતે સમાપ્ત થયું છે. અકંપ અવસ્થા છે અને તેથી કર્મોનું આગમન પણ નથી. આસ્રવ જ નથી તો બંધનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. ગુણસ્થાનાતીત એવા સિધ્ધ અવસ્થામાં તો જીવ પૂર્ણ શુધ્ધ અવસ્થામાં વિરાજમાન છે, તેની સત્તામાં એક પણ કર્મ નથી. વળી પાછો જીવ ન તો કષાય કરે કે ન તો યોગ થાય તેથી અનંતકાળ સુધી જીવ નિષ્કર્મ અવસ્થામાં પોતાની અનંત શક્તિઓના વ્યક્ત પર્યાયોનો આસ્વાદ લેતો અર્થાત્ અનંત અવ્યાબાધ સુખનો ઉપભોગ કરતો રહે છે.

કર્મનો જીવ સાથે આ જે બંધ છે તેને સંશ્લેષ સંબંધ કહેવાય છે. આ વિશેષ બંધ છે. થોડોક સમય આ સંબંધ કાયમ રહે છે. બીજા દ્રવ્યો સાથે અને બીજા પુદ્ગલો સાથે જીવનો આ પ્રકારનો સંબંધ નથી હોતો, બીજા દ્રવ્યો સાથે તો જીવનો એકક્ષેત્રાવગાહી

સંબંધ હોઈ શકે. કર્મો સાથે પણ એકક્ષેત્રાવગાહી સંબંધ છે. પણ જીવ એક સ્થાન છોડી બીજા સ્થાને ગયો હોય તો કર્મ પણ તેની સાથે બધ્ધ અવસ્થામાં જાય છે. આપણે ઘરેણાં પહેરી આમથી તેમ જઈએ ત્યારે તે ઘરેણાં પણ આપણી જોડે જાય છે, પણ તે કાઢી નાખી આપણે બીજા ઘરેણાં પહેરી શકીએ, તેને કબાટમાં મૂકી આપણે બીજે જઈ શકીએ. પણ કર્મની બાબતમાં આમ થતું નથી. કર્મની સ્થિતિ પૂરી થાય ત્યાં સુધી તે જીવ સાથે જ બંધાયેલી અવસ્થામાં રહે છે. હંમેશ જીવ સાથે રહે છે. તમે કહેશો કે શરીર પણ જીવ સાથે જ હંમેશા રહે છે. હાં, પણ એક ભવ પૂરો થતાં બીજા ભવમાં જતાં એટલે કે મૃત્યુબાદ આ શરીર છોડી જીવ અન્યત્ર ગમન કરે છે, શરીર અને જીવ ભિન્ન થાય છે તે પ્રમાણે કર્મને છોડી જીવ અન્ય ભવમાં જઈ શકતો નથી. જીવ સાથે તેનું કાર્માણ અને તેજસ શરીર બીજા ભવમાં જાય છે.

કર્મનો બંધ થતાં કર્મ જીવ સાથે રહે છે. જૂનાં કર્મો નીકળી જાય છે અને નવા નવા કર્મો આવતાં રહે છે, તેથી જીવ કદાપિ પોતાની મેળે ભૂલથી પણ કર્મવિરહિત થઈ શકતો નથી. જીવ સાથે કર્મના આ અસ્તિત્વને કર્મની સત્તા કહેવામાં આવે છે તે કર્મને 'સત્તામાં પડેલાં કર્મો' એવો ઉલ્લેખ કરવામાં આવે છે. કર્મબંધ થયા બાદ કેટલાક કર્મો કરોડો, અબજો, સાગરો વર્ષો સુધી સત્તામાં પડ્યાં રહે છે, અને પોતપોતાની સ્થિતિ પૂરી થતાં ફળ આપી નીકળી જાય છે તેને હમણાં જ આપણે 'ઉદય' એમ કહ્યું હતું. યાદ રાખજો, સત્તામાં રહેલાં કર્મોનું કોઈ જ ફળ મળતું નથી. આપણને કેટલીયવાર એમ થાય છે કે અમુક વ્યક્તિ સારી રીતે વર્તે છે, પાપ કરતી નથી તોપણ તેના પર કેટલાક સંકટો આવી પડે છે, બીજાઓ પાપમાં મગ્ન હોવા છતાં વૈભવ અને ચેનથી રહે છે. તેનું કારણ હાલ જે સંયોગો મળ્યા છે, ધન વૈભવ મળ્યા છે તે પૂર્વકૃત કર્મોનું ફળ છે અને વર્તમાનમાં પાપ કરી જે નવું કર્મ બંધાશે તેનું ફળ ભવિષ્યમાં મળવાનું છે.

પાર્શ્વનાથ ભગવાનની કથા તો તમે જાણો જ છો. મુનિ પાર્શ્વનાથ ધ્યાનમાં મગ્ન હતાં ત્યારે અનેક ભવોનો વેરી કમઠનો જીવ તેમના પર ઘોર ઉપસર્ગ કરતો હતો ત્યારે પાર્શ્વનાથ મુનિના એટલે કે તે જીવની સત્તામાં તીર્થંકર પ્રકૃતિ પડેલી હતી. આટલું મહાન પુણ્યકર્મ સત્તામાં હોવા છતાં જ્યાંસુધી તે કર્મનો ઉદય આવ્યો ન હતો ત્યાં સુધી તેનું ફળ તેમને મળ્યું નહીં.

કર્મની સત્તા સદૈવ કાયમ રહે છે તેનો એક દાખલો જોઈએ. જરા કલ્પના કરો કે પાણીથી ભરેલી એક ટાંકી છે, તેમાં ઉપરથી પાંચ નળોથી પાણી આવી રહ્યું છે અને તે જ સમયે નીચેના ભાગમાં રહેલાં તેવા જ આકારના પાંચ નળોમાંથી પાણી વહી રહ્યું છે. તો પછી મને કહો કે ટાંકી કેટલાં દિવસોમાં ખાલી થશે? ખાલી નહીં થાય ને? કર્મોની બાબતમાં પણ આમ જ છે. તેમનો નિરંતર બંધ અને ઉદય થાય છે અને કર્મની સત્તા કાયમી રહે છે. આ રહસ્યમય કર્મકહાણીનું નવું પ્રકરણ હું શરૂ કરૂં તે પહેલાં આજે આપણે શું શીખ્યાં તે જોઈએ.

૧) જીવના મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામોનાં નિમિત્તે પોતે પરિણમિત કાર્માણવર્ગણાઓની વિશેષ અવસ્થાને ‘કર્મ’ કહે છે.

૨) જીવના મોહ, રાગ, દ્વેષ પરિણામોના નિમિત્તેથી કાર્માણ વર્ગણાના આત્મપ્રદેશો જોડે જે વિશેષ સંશ્લેષ સંબંધ થાય તેને ‘બંધ’ કહેવામાં આવે છે.

૩) બંધના ચાર પ્રકાર છે – પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ.

૪) કર્મોનો પોતપોતાનો અલગ અલગ સ્વભાવ છે. સ્વભાવ મુજબ ભિન્ન ભિન્ન પ્રકૃતિ કહેવામાં આવે છે. કર્મરૂપે થવા યોગ્ય કાર્માણ વર્ગણાઓનું જ્ઞાનાવરણાદિ પ્રકૃતિરૂપ પરિણમન થવું તેને પ્રકૃતિબંધ કહે છે.

૫) હર સમયે જેટલાં પુદ્‌ગલ પરમાણુ કર્મરૂપ પરિણમન કરી જીવ સાથે બંધાય તે પ્રમાણને-સંખ્યાને ‘પ્રદેશબંધ’ કહે છે.

૬) કર્મરૂપે પરિણમેલા પુદ્‌ગલ પરમાણુ આત્મા સાથે એકક્ષેત્રાવગાહ સંબંધથી જે કાલાવધી સુધી બંધનમાં રહેશે તેને ‘સ્થિતિબંધ’ કહે છે.

૭) બંધાયેલ કર્મ જે ફળ આપે છે તે શક્તિને ‘અનુભાગબંધ’ કહે છે.

૮) જુદાંજુદાં સમયે બંધાયેલ કર્મો જીવપ્રદેશમાં વાસ્તવ્ય કરે છે, તેને ‘સત્તા’ કહેવામાં આવે છે.

૯) કર્મની સ્થિતિ પૂરી થયાબાદ કર્મ ફળ આપે છે તેને ‘ઉદય’ કહેવામાં આવે છે.

આજે આટલું જ બસ.

એ જ લિ.

તમારી બા.

# ઘાતિ-અઘાતિ કર્મ

પત્રાંક ૨ ।।ૐ નમ: સિધ્ધેભ્ય:।। ૨૬ જુલાઈ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

પત્રરૂપે સ્વાધ્યાયનો આપણો ફરીથી પ્રારંભ થયો છે. તમારા પત્રોત્તરોની રાહ જોયાં વિના હું શક્ય તેટલાં જલ્દી જલ્દી પત્રો લખતી રહીશ. તમારા કોઈ પ્રશ્નો હોય તો ચોક્કસ જણાવશો. કર્મ વિષેનો આ વિષય ઘણો જ અદ્‌ભુત અને વિસ્મયકારક છે. આ વિષય સમજવાથી વસ્તુસ્વરૂપનું સ્પષ્ટ ચિત્ર આપણાં અંત:ચક્ષુ સામે ઉભું થશે.

ગત પત્રમાં આપણે બંધ અને ઉદય શબ્દોના અર્થો જાણ્યાં. તે વિષેની વધુ જાણકારી આપણે આજે મેળવીશું. તે પહેલાં આઠ કર્મોનું સ્વરૂપ ટૂંકમાં જોઈએ. તેમના નામો આપણે પહેલાં જાણ્યા છે જ. આઠ કર્મપ્રકૃતિમાંથી ચાર ઘાતિકર્મો છે અને ચાર અઘાતિકર્મો છે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય તે ચાર ઘાતિકર્મો છે. અને વેદનીય, આયુ, નામ તથા ગોત્ર આ ચાર અઘાતિકર્મો છે. ઘાતિકર્મ નામાનુરૂપ કોઈનો તો ઘાત કરતા હશે. દ્રવ્યનો તો કોઈ નાશ કરી શકતું નથી. શાસ્ત્રમાં લખ્યું છે કે જીવના ગુણોનો ઘાત કરે છે. તમે પૂછશો કે, ‘દ્રવ્ય તથા ગુણોનો નિત્યતાદાત્મ્યસંબંધ હોવાથી ગુણોનો ઘાત થાય જ કેમ?’ તમારું કથન બરાબર છે. હવે રહી પર્યાય. પર્યાયનો ઘાત એટલે કે નાશ તો થઈ શકતો નથી, કારણ પર્યાય એકસમયની છે અને પર્યાય વિરહિત દ્રવ્ય હોય જ ન શકે.

ઘાત શબ્દનો અર્થ, જીવ અને તેના ગુણોનું જે સામર્થ્ય સ્વભાવમાં છે તે પર્યાયમાં પ્રકટ ન થવા દેવું. જ્ઞાનાવરણ શબ્દનો અર્થ એવો છે કે જે જ્ઞાન પર આવરણ નાખે. તેને મેઘાચ્છાદિત સૂર્યનો દાખલો આપવામાં આવે છે પરંતુ આ દૃષ્ટાંત કંઈક અંશે અહીં લાગૂ પડે છે પણ પૂરે અંશે નહીં. મેઘોની પાછળ સૂર્ય પોતાના પૂર્ણ પ્રકાશથી પ્રકાશિત થતો હોય છે. પણ જ્ઞાનાવરણ કર્મના ઉદયથી જીવનું પૂર્ણ જ્ઞાન પર્યાયમાં પ્રકટ હોતું નથી. જ્ઞાન પ્રકટ થાય અને કર્મનું તેના પર આવરણ પડે એમ બની શકતું

નથી.

આ ચાર ઘાતિકર્મોનું ફળ જીવના કેટલાક ગુણોની અવસ્થામાં નિમિત્ત બને છે માટે તેને જીવવિપાકી કર્મ એમ પણ કહેવામાં આવે છે. તેમાંથી જ્ઞાનાવરણ અને દર્શનાવરણ એ બે કર્મો અનુક્રમે જ્ઞાન અને દર્શન ગુણોની શક્તિ તે તે ગુણોની પર્યાયોમાં વ્યક્ત થવા દેતા નથી, માટે આ કર્મો આવરણ નાખનાર છે. અંતરાયકર્મ બાધા નાખવાવાળા છે. વિઘ્ન ઉપસ્થિત કરવાવાળા છે. સ્વાધ્યાય માટે ન આવનાર લોકો માટે તે ઘણું ઉપયોગી સાધન છે. 'અરે! અમારી આવવાની ઈચ્છા તો બહુ જ હતી પણ શું કરીએ? અંતરાયકર્મ આડે આવ્યું ને!' એવું ગોઠવી રાખેલું બહાનું સાંભળવા મળે છે. 'વાંદરાના હાથમાં નિસરણી'ની કહેવત તો તમે જાણો જ છો તે!

'કર્મનો ઉદય થવો' 'અંતરાયકર્મ આડે આવવું' 'નિશ્ચય હોય છે પણ વ્યવહાર તો હોય જ છે ને?' 'આપણે અનેકાંતવાદી છીએ આ પણ સાચું અને પેલું પણ સાચું'. આવા શાસ્ત્રવચનો ખોટા અર્થથી વાપરી ઘણા લોકો પોતાના (અ) જ્ઞાનનું પ્રદર્શન કરતા રહે છે. તેમની એવી પણ ગેરસમજણ હોય છે કે જુઓ આ લોકોને તેમની જ ભાષામાં ચુપ કરી દીધા કે નહીં?

જીવના દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યમાં બાધા નાખનાર કર્મને અંતરાયકર્મ કહે છે. જેમ આપણને એકાદ સંસ્થાને દાન આપવાના ભાવ થાય પણ ઘરની અન્ય વ્યક્તિને તે સંસ્થા વિષે શક પેદા થયો તેથી દાન આપવામાં ન આવ્યું ત્યારે તે વ્યક્તિના કારણે બાધા આવી એમ આપણે કહીએ, પણ ખરું જોતાં અંતરાયકર્મનો ઉદય તેનું નિમિત્ત છે. આપણી બેંકમાં મુકેલી થાપણ આપણને આજે મળત પણ બેંકમાં હડતાલ પડી અને તે મળી ન શકી તે લાભમાં અંતરાય આવ્યો. તે પ્રમાણે ભોગ-ઉપભોગ વિષે જાણવું. ભોગ એટલે જે વસ્તુને એક જ વાર વાપરી શકાય જેવું કે ભોજન. ઉપભોગ એટલે જે વસ્તુને વારંવાર વાપરી શકાય જેમ કપડાં, ઘર, ઘરેણાં વગેરે.

વાસ્તવિક દાનાદિ જીવના ગુણો છે. પર્યાયમાં શુદ્ધતા પ્રકટ કરીને જીવ પોતાને જ શુદ્ધતાનો દાન આપે છે, શુદ્ધતાનો એને

લાભ થાય છે અને એનો ભોગ તથા ઉપભોગ જીવ કરે છે. આ બાબતોમાં અંતરાયકર્મ બાધા નાખે છે.

વીર્ય ગુણ છે અને પુરુષાર્થ તેની પર્યાય છે. સ્વભાવની રચના પર્યાયમાં કરવી તે તેનું કાર્ય છે. જીવનો પુરુષાર્થ પ્રકટ થતો નથી, ત્યારે અંતરાય કર્મનો ઉદય હોય છે. આનો અર્થ એવો ન સમજવો કે અંતરાયકર્મ જીવને પુરુષાર્થ કરવા દેતો નથી. જીવ પોતે જ પુરુષાર્થ કરતો નથી ત્યારે નિમિત્ત પર આરોપ કરવામાં આવે છે.

જ્ઞાન, દર્શન, વીર્ય ગુણો પર પૂર્ણ આવરણ કદી જ પડતું નથી. જ્ઞાનની ભલે ગમે તેટલી હીન અવસ્થા હોય તોપણ અલ્પ જ્ઞાનનો ઉઘાડ રહે છે જ. સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ પણ ક્યારેય જ્ઞાનદર્શન વીર્યરહિત થતો નથી.

ઘાતિકર્મોમાંથી મોહનીય નામનું જે કર્મ છે તે આવરણ પણ નાખતું નથી, બાધા પણ લાવતું નથી પણ શ્રધ્ધા અને ચારિત્ર ગુણોની પર્યાયોમાં વિપરીતતા - વિકાર થવામાં નિમિત્ત બને છે. શ્રધ્ધાની વિપરીતતાને મિથ્યાત્વ કહે છે. અને ચારિત્રના વિકારને કષાય (રાગદ્વેષ) કહે છે. શ્રધ્ધાની વિપરીતતાથી જ્ઞાન અને ચારિત્ર પણ વિપરીત બને છે. માટે મિથ્યાત્વ શબ્દમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણે ગર્ભિત થાય છે. નવા બંધનું કારણ શું - તેનો વિચાર કરતાં આપણે ફરીથી આ મોહનીય કર્મ વિષે બોલીએ.

ઘાતિકર્મોને 'જીવવિપાકી' કહે છે કારણ તેમના ઉદયનું ફળ સીધુ જીવના ગુણોમાં મળે છે, તેવી જ રીતે અઘાતિકર્મોને 'પુદ્દગલવિપાકી' કર્મ કહેવામાં આવે છે, કારણ તેમનો વિપાક એટલે રસ-ફળ મુખ્યત: પુદ્દગલમાં અર્થાત્ બાહ્યસંયોગોમાં મળે છે. વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મો છે. વેદનીયકર્મની બે ઉત્તર પ્રકૃતિઓ છે. સાતાવેદનીય અને અસાતાવેદનીય. સાતાવેદનીયકર્મના ઉદયથી જીવને અનુકૂળ સંયોગ પ્રાપ્ત થાય છે અને અસાતાવેદનીયકર્મના ઉદયથી પ્રતિકૂળ સંયોગ પ્રાપ્ત થાય છે.

આયુ, નામ અને ગોત્ર કર્મોનું શરીર જોડે નિમિત્તપણું છે. જન્મથી તે મરણસુધીનો કાળ તેને આપણે આયુ કહીએ છીએ. સૂક્ષ્મ રીતે જોઈએ તો મરણની આગલી જ ક્ષણથી વિગ્રહગતિમાં નવા ભવની આયુનો પ્રારંભ થાય છે. આયુકર્મની ચાર ઉત્તર પ્રકૃતિ છે - દેવાયુ, મનુષ્યાયુ, તિર્યંચાયુ અને નરકાયુ. આયુના બે પ્રકાર છે, એક 'ભુજ્યમાન આયુ' અને બીજી 'બધ્યમાન આયુ.' આપણે હાલ મનુષ્યપર્યાયમાં છીએ અર્થાત્ મનુષ્યાયુ ભોગવીએ છીએ તે આપણી ભુજ્યમાન આયુ છે એટલે કે જે આયુકર્મનો ઉદય વર્તમાનકાળમાં ચાલુ છે તેને ભુજ્યમાન આયુ કહે છે. આપણા આ ચાલુ ભવમાં આપણે આગળના એક ભવસંબંધે આયુ બાંધીએ છીએ તેને બધ્યમાન આયુ કહે છે.

નામકર્મની ૯૩ પ્રકૃતિઓ છે. શાસ્ત્રમાં તેને ચિત્રકારની ઉપમા આપી છે. ચિત્રકાર જે પ્રમાણે આકાર અને રંગબેરંગી ચિત્રોનું ચિત્રણ કરે છે. તેમ નામકર્માનુસાર ગતિ, જાતિ, શરીર, સંહનન, સંઘાત, વગેરે શરીર સંબંધે ફળ મળે છે અર્થાત્ શરીરની ઉંચાઈ, રંગરૂપ, આકાર, હાડકાંની મજબૂતી, અવયવોની રચના, ચાલ, સ્વર, જીવનો જશઅપજશ આદિ આ નામકર્મના ઉદય નિમિત્તે નક્કી થાય છે. શ્વાસોચ્છ્વાસ, દ્રવ્યમન, વગેરે, પુદ્‌ગલોની રચના પણ નામકર્મથી જ થાય છે. એટલુ જ નહીં પણ તીર્થંકર નામપ્રકૃતિ નામની એક નામકર્મની ઉત્તરપ્રકૃતિ છે. બાલબોધ ભાગ ૧ માં તીર્થંકર ભગવાનના પાઠમાં તમે કંઠસ્થ કર્યું હતું તે યાદ છે? કે તીર્થંકરોને તીર્થંકર નામની નામપ્રકૃતિનો ઉદય હોય છે જેનાથી સમવશરણાદિ વિભૂતિ તેમને પ્રાપ્ત થાય છે. ગોત્રકર્મને નિમિત્તે ઉચ્ચ ગોત્ર અથવા નીચ ગોત્ર પ્રાપ્ત થાય. ઉચ્ચ કે નીચ કુળમાં જન્મ થાય અને તેથી જીવને મોટાપણું કે હીનપણું ભોગવવું પડે છે.

આ બધી બાહ્ય બાબતો ખરેખર સુખ-દુઃખનાં કારણો નથી, જીવનો મોહ જ સુખ દુઃખમાં નિમિત્ત છે. નિર્મોહી મુનિઓને ઋદ્ધિ પ્રાપ્ત થાય કે પરિષહ પ્રાપ્ત થાય છતાં તેમને સુખદુઃખ ઉત્પન્ન થતાં નથી. મોહી જીવને કારણ મળે કે ન મળે તેને પોતાના સંકલ્પથી સુખ દુઃખ થતાં જ હોય છે.

આ ઘાતિ-અઘાતિકર્મોના ઉદયથી શું શું ફળ મળે છે અને જીવની શી દશા થાય છે તે વિષે સવિસ્તાર અને સહેલું વર્ણન મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથનાં બીજા અધિકારમાં 'કર્મબંધનરૂપ રોગકે નિમિત્તસે હોનેવાલી જીવકી અવસ્થા' શીર્ષકમાં કરવામાં આવી છે. તે તમે વાંચો. કેવળ પત્રરૂપ સ્વાધ્યાયથી કોઈ ફાયદો નહીં થાય. હવે ગ્રંથોનું વાંચન પણ જાતે જ કરવું જોઈએ. જેમ તમે તમારા બાળકો રોહિત, રીયા, રોહનને પોતાનાં હાથે જમાડતાં હતાં પણ એ બાળકો હવે મોટા થવા માંડ્યા છે ત્યારે તેઓને પોતાને હાથે જમતાં શિખવો છો તેમ.

આઠ કર્મોમાંથી આયુકર્મને છોડી સાત કર્મોનો બંધ તો નિરંતર ચાલુ જ રહે છે. કોઈ કોઈવાર આયુનો બંધ પણ થાય છે. આયુકર્મ વિષેનું વિવેચન આગળ કરીશ જ. જીવસાથે સત્તામાં રહેલાં કર્મોમાંથી પોતપોતાની સ્થિતિ પૂરી કરી આઠેય કર્મો નિરંતર ઉદયમાં આવતાં રહે છે. તમે કહેશો, 'સાત કે આઠ કર્મોનો બંધ નિરંતર ચાલુ છે અને આઠેય કર્મોનો ઉદય પણ નિરંતર ચાલુ જ છે. તો તેમાંથી છૂટવાનો કોઈ માર્ગ છે કે નહીં? કે આ રગશીયું ગાડું આમ જ ચાલુ રહેશે? પૂજાઅર્ચા, વ્રત ઉપવાસ કરીને પણ કર્મો હટશે કે નહીં? પૂજામાં તો આપણે બોલીયે કે અષ્ટ કર્મ વિધ્વંસનાય ધૂપં નિર્વપામીતિ સ્વાહા, તો પછી આનો અર્થ શો? અમે પાપ કર્યું હશે તો હવે પુણ્ય કરી તેની બાદ બાકી કરી કર્મની પુરાંત શૂન્ય કરી કાઢીએ.'

હાં, હાં-જરા ધીરજ ધરો. સૌ પહેલાં એટલું ધ્યાનમાં રાખો કે પાપ ને પુણ્ય એ કર્મપ્રકૃતિના નામો-વિશેષણો છે. પાપપ્રકૃતિ બાંધવામાં કારણભૂત આવા અશુભ ભાવોને પણ પાપ કહે છે, તે કારણમાં કાર્યનો આરોપ કરીને કરેલો ઉપચાર કથન છે. તે પ્રમાણે જ જે પરિણામોથી પુણ્યપ્રકૃતિઓ બંધાય છે તે શુભપરિણામોને ઉપચારથી પુણ્ય કહેવામાં આવે છે. કઈ કર્મપ્રકૃતિઓ પાપરૂપ છે અને કઈ પુણ્યરૂપ છે તે તમે જાણો છો? ચારેય ઘાતિકર્મો તો પાપપ્રકૃતિઓ જ છે અને ચાર અઘાતિકર્મોમાં પ્રત્યેકના બે બે ભેદ છે પુણ્ય અને પાપ. સાતાવેદનીય, દેવાયુ, મનુષ્યાયુ, શુભનામ, ઉચ્ચગોત્ર વગેરે પુણ્ય પ્રકૃતિઓ છે અને અસાતાવેદનીય, નરકાયુ, અશુભનામ,

નીચગોત્ર વગેરે પાપપ્રકૃતિઓ છે.

આપણે હમણા જોયું કે સાત અથવા આઠ પ્રકૃતિઓનો બંધ એકસરખો થયા જ કરતો હોય છે. તમે શુભભાવ કરો કે અશુભ ભાવ કરો આઠ કર્મો બંધાય છે, બંધ થાય છે. બંધમાંથી છૂટાતું નથી. કોઈક વ્યક્તિએ શુભભાવ કર્યો હોય તો તેને આઠ કર્મોનો બંધ થયો. તેમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મો પાપપ્રકૃતિરૂપ છે. અને અઘાતિમાં પુણ્ય અને પાપ આ બે પ્રકારોમાંથી તેને પુણ્યપ્રકૃતિઓનો બંધ થયો. એટલે તે શુભવાવ (પુણ્ય) કર્યું છતાં પુણ્ય અને પાપ બેઉનો બંધ થયો. કોઈએ અશુભ ભાવ (પાપ) કર્યું ત્યારે તેને ચાર ઘાતિકર્મો, જે પાપપ્રકૃતિઓ છે તે અને ચાર અઘાતિકર્મોમાંથી પાપપ્રકૃતિઓનો બંધ થયો.

અર્થાત્ પુણ્ય કરતા પુણ્ય + પાપ બેઉ પ્રકૃતિઓનો બંધ થાય અને પાપ કરતા પાપ + પાપ પ્રકૃતિઓનો બંધ થાય છે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે, 'પાપને પાપ તો આખી દુનિયા કહે છે પણ પુણ્ય પણ પાપ કહેવાય તે તો વિરલા લોકો જ જાણે છે.' જીવને જે બંધમાં બાંધે તે પવિત્ર કેમ કહેવાય? તે હિતકર્તા કેમ હોઈ શકે? આ સાંભળી તમે એમ ન કહેતા કે, 'તો ઠીક થયું હવે અમારે પુણ્ય કરવાની જરૂર નથી, છોડી દઈશું.

શાસ્ત્રનો ઉપદેશ જીવના કલ્યાણ માટે હોય છે. પુણ્ય છોડી દેશો તો પાપ કરી નરક નિગોદમાં જવાની ઈચ્છા છે કે શું? માન્યતામાં તો જાણે પુણ્ય છોડી દેવા યોગ્ય છે આટલું જાણતાં પુણ્ય અને પાપ બન્ને છોડી શુધ્ધાત્મામાં લીન થવાનું હોય છે, શુભોપયોગ અને અશુભોપયોગ છોડી શુધ્ધોપયોગ પ્રગટ કરવાનો છે એવો યોગ્ય અર્થ કાઢવાનો હોય છે.

હવે પ્રશ્ન છે કે આઠેય કર્મોનો ઉદય નિરંતર થતો જ રહે છે અને તેનું ફળ જીવ પામે છે. પણ નવો બંધ શા માટે થાય? શું આઠેય કર્મોનો ઉદય નવા બંધ માટે કારણભૂત બને છે? આપણે આઠ કર્મોના ઉદયમાં શું શું ફળ મળે તે જોયું હતું.

કર્મનો ઉદય

| ઘાતિકર્મ | અઘાતિકર્મ |
|---|---|
| ૧) જ્ઞાનની હીનતા | ૧) સંયોગોની અનુકૂળતા અથવા પ્રતિકૂલતા |
| ૨) દર્શનની હીનતા | ૨) આયુ |
| ૩) શ્રધ્ધા તથા ચારિત્રની વિપરીતતા | ૩) શરીરાદિ |
| ૪) દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યમાં બાધા | ૪) ગોત્ર |

ઉપરોક્ત આઠ બાબતોમાંથી કંઈ બાબત નવા કર્મબંધનું કારણ છે તે જોઈએ. જ્ઞાન, દર્શન, વીર્ય જીવના સ્વભાવો છે. તે થોડા પ્રગટ છે અને થોડા અપ્રગટ છે. જે પ્રગટ છે તે જીવનો સ્વભાવ છે. સ્વભાવ કદી બંધનું કારણ બની શકતું નથી. સ્વભાવને કારણે જો બંધ થાય તો બંધનો અભાવ કદીપણ થશે જ નહીં. જ્ઞાન દર્શનાદિ જે અપ્રગટ છે તેમનો તો અભાવ જ છે. જેની ઉપસ્થિતિ જ નથી, જે હાજર જ નથી તે બંધ કેવી રીતે કરશે? માટે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મોનો ઉદય નવા બંધોમાં નિમિત્ત બની શકે નહીં.

અઘાતિકર્મોના વિપાકનું ફળ તો બાહ્યસંયોગ, શરીર, આયુ વગેરેના રૂપે મળે છે. તે બધાં પરદ્રવ્યો છે અને પરદ્રવ્ય બંધનું કારણ બની શકતું નથી. હવે રહ્યું એકમેવ મોહનીયકર્મ. તેના બે ભેદો છે. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય.

દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાત્વ એટલે કે શ્રધ્ધાની વિપરીતતા થાય છે, તથા ચારિત્રમોહનીયના ઉદયથી રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે. શ્રધ્ધાની વિપરીતતાથી આ જીવ પોતાને જીવ નથી માનતો પણ આઠ કર્મોના ઉદયથી થયેલા જીવ અને પુદ્‌ગલની ભેળસેળવાળી પર્યાય તે 'હું' છું એમ માને છે. અર્થાત્ નામકર્મના નિમિત્તે પ્રાપ્ત થયેલ આ શરીર તે હું છું, હું મનુષ્ય છું, હું ગોરો છું, હું જાડા શરીરવાળો છું, હું બળવાન છું એમ માને છે. ગોત્રકર્મને કારણે મળેલ ઉચ્ચ કુળને લીધે હું ઉચ્ચ કુળવાળો

છું એમ માને છે. આયુકર્મના ઉદયથી આ જીવનનો જે કાલાવધી નિશ્ચિત થાય તે ઉપરથી હું દીર્ઘાયુષિ છું, કસરત, દવા અને પરેજી બરાબર પાળવાથી હું જીવું છું એમ માને. સાતાવેદનીયને નિમિત્તે મળેલ ઘરબાર, પૈસો, ઈષ્ટ સંયોગો મારા છે અને મેં એ બધું મારી બુદ્ધિચાતુર્યથી મેળવેલ છે એમ માને છે.

હું બહુ હોશિયાર છું, ટ્યુશન રાખી ભણવાથી મારી બુદ્ધિ વધી છે એમ માને, જ્ઞાનાવરણકર્મને કારણે થયેલ હીનાધિકતા જેટલું જ પોતાનું જ્ઞાનસામર્થ્ય માને છે. દર્શનાવરણ કર્મને કારણે મળેલ ગાઢનિદ્રામાં સુખબુદ્ધિ માને છે. સાતેય તત્ત્વોમાં વિપરીત માન્યતા રાખે છે, ચારિત્રમોહનીયકર્મથી રાગદ્વેષ થાય તેને પોતાનો સ્વભાવ માને છે, જેમ કે હું બહુ દયાળુ છું, ફલાણો માણસ બહુ ગરમ સ્વભાવનો છે વગેરે વગેરે.

ઉપરોક્ત બધી બાબતો કર્મોદયને કારણે થયેલ જીવ અને પુદ્‌ગલોની અવસ્થાઓ છે તે બધાનો સરવાળો કરી તે પર્યાય જેટલો જ 'હું' છું એમ જે જીવ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેની શ્રદ્ધા વિપરીત છે.

કર્મો સૂક્ષ્મ હોવાથી જોઈ શકાતાં નથી પણ તેમના ઉદયના ફળસ્વરૂપે થયેલ કાર્ય અનુભવમાં આવે છે. આ બધાંને જાણણારો તો જીવ પોતે જ છે. પણ પોતે અરૂપિ હોવાથી ઈંદ્રિયો દ્વારા દેખાતો નથી, અનુભવમાં આવતો નથી તેથી કર્મના આ કાર્યને જ તે આપણું સ્વરૂપ માને છે.

જીવની સૌથી મોટી ભૂલ કે તેણે 'સ્વ' નું સ્વરૂપ વિપરીત માન્યું. માટે આ કાલ્પનિક 'સ્વ' માટે જે બાબતો અનુકૂળ લાગે તે બાબતો વિષે તેને રાગ ઉત્પન્ન થાય અને જે જે બાબતો પ્રતિકૂળ લાગે તે વિષે તેને દ્વેષ ઉત્પન્ન થાય છે. માત્ર એટલા પુરતો જ આ જીવ થોભતો નથી. તે રાગદ્વેષોને કે જે ક્ષણિક વિકાર છે, પોતાનો સ્વભાવ માને, કરવા યોગ્ય માને, એક પ્રકારનો રાગ છોડી બીજો વિશેષ રાગ કરવાની ઈચ્છા રાખે અને પરસ્પર એવો જ ઉપદેશ પણ આપે છે.

આ પ્રકારે મોહનીય કર્મના ઉદયથી થનારા મિથ્યાત્વ અને રાગદ્વેષને નિમિત્તે નવો બંધ થાય છે. તત્ત્વાર્થસૂત્ર નામના ગ્રંથમાં

સૂત્ર છે કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ બંધના હેતુ છે. સૌ પ્રથમ મિથ્યાત્વનો અભાવ કરવાથી જ ત્યાર પછીના બંધના હેતુ પણ ક્રમે ક્રમે નષ્ટ થતાં જાય છે. પણ મિથ્યાત્વ કાયમ રાખી કોઈ પણ શુભરાગ કરીએ તોપણ બંધનો અભાવ થતો નથી.

હું અનંત જ્ઞાનાદિ ગુણોનો પિંડ છું, ધ્રુવ, શુધ્ધ, સ્વયંસિધ્ધ પદાર્થ છું આમ પોતાનાં શાશ્વત અસ્તિત્વનો અને ધ્રુવસ્વભાવનો સ્વીકાર કરી જ્ઞાનની પ્રગટ પર્યાય રાગદ્વેષોને જાણી છોડી દઈ ધ્રુવસ્વભાવને જાણવામાં મગ્ન થતાં સ્વભાવોત્પન્ન સહજ અતીંદ્રિય આનંદની અનુભૂતિ થાય છે.

પણ રાગને જ જાણતાં રહેવાથી અને તેને પોતાનો સ્વભાવ માનતાં રહેવાથી તો રાગ દુ:ખ સ્વરૂપ હોવાથી તેને દુ:ખની જ અનુભૂતિ થતી રહેશે. દુ:ખનું કારણ આ જીવ પરદ્રવ્યોને માની વધુ ને વધુ રાગદ્વેષ કરી વધુ દુ:ખી થાય છે.

આમ આજે આપણે જાણ્યું કે આઠ કર્મોના નામો તેમ જ તેમના ઘાતિકર્મો અને અઘાતિકર્મો એવા ભેદ, આ આઠ કર્મોના ઉદયથી મળનારા ફળો, સાત કે આઠ કર્મોનો બંધ નિરંતર થાય છે, આઠ કર્મોનો ઉદય નિરંતર થાય છે, પણ મોહનીય કર્મના ઉદયથી થવાવાળા મિથ્યાત્વ અને રાગદ્વેષોના નિમિત્તે જ પુન: નવા કર્મોનો બંધ થાય છે, પાપ કરવાથી પાપકર્મો બંધાય જ પણ પુણ્ય કરવાથી પણ પુણ્ય અને પાપ એવા બન્ને પ્રકારના કર્મો બંધાય છે.

તમોને ગૃહપાઠ પણ આપ્યો છે તે હું ભૂલી નથી. મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ક્રમાંક ૩૨ થી ૪૪ વાંચવા. બીજો અધ્યાય પહેલેથી જ વાંચો તો વધુ સારું. પત્રો દ્વારાં બહુ જ સામાન્ય-સ્થૂળ કથન થઈ શકે. તમારી આ વિષયની ઉત્કંઠા જાગે અને તમે ગ્રંથોનો અભ્યાસ કરો એ જ મારો મૂળ હેતુ છે.

એ જ લિ.

તમારી બા.

# કર્મ-સ્થિતિ, આબાધાકાળ અને ઉદયકાળ

પત્રાંક ૩ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૨૭ જુલાઈ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

કર્મબંધની તથા ઉદયની આ કથા રસીલી તેમ જ ચમત્કારી લાગે છે, અને બીક પણ લાગે છે એમ તમો કહો છો. અલી! બીવાનું કાંઈ જ કારણ નથી. બાળક અંધારી ઓરડીમાં જતાં બીએ છે પણ જે ઓરડીમાં દિવો કરી પ્રકાશિત કરીએ ત્યારે તે બાળકની બીક પણ દૂર ભાગી જાય છે. તેમ જિનેન્દ્ર ભગવંતોએ પોતાના કેવળજ્ઞાન દ્વારા સમસ્ત વસ્તુવ્યવસ્થા જાણી જીવાદિ છએ દ્રવ્યોનું સ્વરૂપ કથન કર્યું છે.


આચાર્યોએ લખેલા આગમગ્રંથો દ્વારા તે આપણને ઉપલબ્ધ છે. આગમોના પ્રકાશમાં જીવોનું, કર્મોનું, નોકર્મ એટલે શરીર-મન-વાણી આદિનું સ્વરૂપ અને તેમનો એક બીજા સાથે આવનારો સંબંધ, પરસ્પર નિમિત્ત–નૈમિત્તિકપણું, તેમની વિવિધ અવસ્થા આપણને સ્પષ્ટ રીતે સમજાતાં જ પોતાના ભિન્ન અસ્તિત્વનું ભાન આપણને થાય છે અને કર્મસંબંધીનો આપણો ભય દૂર થાય છે.


કર્મોનો બંધ અને ઉદય નિરંતર ચાલુ જ હોય છે. જાગૃત અવસ્થામાં, ઉંઘમાં, બેભાન અવસ્થામાં, એટલું જ નહીં વિગ્રહગતિમાં પણ ચાલુ જ રહે છે, એમ સમજાતાં એક પ્રશ્ન ઉભો થાય છે કે વિગ્રહગતિ એટલે શું? મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ અને નરકગતિ એ ચાર ગતિઓ અને તેમનો અભાવ કરી પ્રાપ્ત થયેલ સિધ્ધગતિ તો બધાં જ જાણે છે તો પછી આ તે કઈ નવી ગતિ?

વિગ્રહ એટલે દેહ, મૃત્યુબાદ નવો દેહ ધારણ કરવા જીવ પરભવ તરફ જે ગમન કરે છે તેને વિગ્રહગતિ એમ કહે છે. વિગ્રહ શબ્દનો બીજો અર્થ થાય છે રોકવું-નિરોધ કરવો. આ વિગ્રહગતિમાં કર્મોનું ગ્રહણ અને બંધ થતો હોય તોપણ નોકર્મ પુદ્‌ગલોનું એટલે કે શરીર, મન, વાણી સંબંધી નોકર્મવર્ગણાનું ગ્રહણ થતું નથી, તેનો નિરોધ થાય છે તેથી વિગ્રહગતિ નામ પડ્યું છે.

હવે આ વિષય નીકળ્યો જ છે તો તે વિષે વધુ જાણકારી આપું છું. તે માટે તત્ત્વાર્થસૂત્ર ગ્રંથના અધ્યાય-૨ સૂત્ર ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ પરના અર્થપ્રકાશિકા નામની ટીકામાં આ સંદર્ભ મળે છે તે લખી જણાવું છું.

મરણ પછી નવું શરીર ધારણ કરવા જીવ ગમન કરે છે, તે સમયે આકાશપ્રદેશની શ્રેણીરૂપ પંક્તિમાં જ - સીધી પંક્તિમાં જ ગમન કરે છે. તે ગમન ઊર્ધ્વ એટલે ઉપરની દિશામાં, અધો એટલે નીચેની દિશામાં અથવા તિર્યક્ એટલે આડી દિશામાં પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશામાં થાય છે. પણ ત્રાંસી એટલે કે વિદિશાઓમાં એટલે આગ્નેય, વાયવ્ય, નૈઋત્ય, ઈશાન્ય ઉપદિશાઓમાં થતું નથી. ચાર મુખ્ય દિશાઓમાં ગમન થઈ શકે છે. જેમ શતરંજની રમતમાં હાથી ઉભો કે આડો સીધો ચાલ કરે છે પરંતુ ઊંટની જેમ ત્રાંસો જતો નથી. બીજુ એક ઉદાહરણ દ્વારા સમજીએ. ઉભા અને આડા ધાગાથી બનેલો રૂમાલ જુઓ તેના પર પરસ્પર વિરુદ્ધ કોણોમાં એક બાજુથી બીજી બાજુ જવાનું થાય તો પ્રથમ ઉભો ધાગો પકડી સીધું જવું પડશે પછી ૯૦ અંશમાં વળાંક લઈ ફરી સીધું જવાથી ઈચ્છિત બિંદુ પર જવાશે.





આ એક સપાટી પર થયું. લોકાકાશ ઘનરૂપ છે તેથી ઉપર કે નીચે પણ જવું પડશે તે માટે બે વળાંકો (મોડ) Turns લેવા આવશ્યક છે. ચોરસ ઘન જેવું જો લોકાકાશ હોય તો વધુમાં વધુ બે વળાંક લઈ ગમે તે બાજુએ ગમન થઈ શક્યું હોત. પણ લોકાકાશનો આકાર તો તમે જાણો જ છો. તેનો પૂર્વ પશ્ચિમ વિસ્તાર ઉપરથી નીચે સુધી અસમાન છે, તેથી છેડાના ભાગમાંથી પ્રથમ વચલાં ૧ રાજૂના ભાગમાં આવવું પડશે અને ઉપર ગમન કરી ફરી પાછું આવશ્યકતા હોય તો વળાંક લેવો પડશે અને પછી

હજુ એક વળાંક લઈ પરભવ સંબંધેના સ્થાને પહોંચવું પડશે.

મૃત્યુબાદ સંસારી જીવનું પરભવ ધારણ કરવા આવું ગમન વળાંકવાળું છે તેને વિગ્રહગતિ કહેવાય છે કારણ વિગ્રહ એટલે વળાંક સહિત એવો પણ અર્થ થાય. તેમાં બાણ જેવી ગતિ એક સમયની છે તેને 'ઈરૂષુગતિ' કે 'ઋજુગતિ' કહે છે, એક વળાંક અથવા વક્રતા હોય તો તેને બે સમય લાગે છે તેને 'પાણિમુક્ના ગતિ' કહેવામાં આવે છે. જેમાં બે વળાંકો હશે તે 'લાંગલિકા ગતિ'ને ત્રણ સમય લાગશે. લાંગલ એટલે હળ. હળમાં હોય તેવાં આમાં બે વળાંકો હોય છે. ત્રણ વળાંકો હોય તેવી 'ગોમુત્રિકા ગતિ'માં ચાર સમય લાગે છે. એથી વધુ કાળ બીજા ભવમાં જવામાં લાગતો નથી.

વિગ્રહગતિના આ પહેલાં સમયથી જ નૂતન આયુષ્યનો પ્રારંભ થાય છે. મૃત્યુબાદ બીજો જન્મ ધારણ કરતાં પહેલાં આત્મા આમતેમ ભટકતો રહે એવું કદાપિ બનતું નથી; અથવા મૃત્યુબાદ આસપાસ ભટકતો રહે એવું પણ કદિ બનતું નથી.

જુઓ, આપણને દેશવિદેશે ફરવા જવું હોય તો કેટલી બધી ઉપાધિઓ હોય છે - ટિકિટો મળવી જોઈએ, વિસા, રહેવાની જગ્યા, પર્યટન સ્થળો વિષેની જાણકારી, પૈસાની સગવડ, ખાવાપિવાની ચિંતા, ચોરોનો ભય વગેરે અનેક વ્યવસ્થાઓ હલ કરવી પડે છે, એક નહીં હજારો મુસીબતોનો સામનો કરવો પડે છે. પણ કોઈ જીવને ભવભવાંતરમાં ભટકવાનું હોય તો તેને બીવાની કંઈ જ જરૂર નથી. પહેલા ભવમાં જ તેનું આગળના ભવનું બુકિંગ તૈયાર હોય છે. કયો ભવ મળશે, કેટલી ઈન્દ્રિયો, કેવું શરીર, કેવાં સંયોગો બધું જ નિશ્ચિત હોય છે, પણ જો આ કર્મબંધનનો અને ભવભ્રમણનો ભય હોય તો ભવનો અભાવ કરવાની વિધિ તેને જિનાગમ દ્વારા શિખવી પડશે.

જેમાં મોડ એટલે કે વળાંક (વિગ્રહ) નથી તેને અવિગ્રહગતિ કહે છે, તેનો કાળ એક સમય પુરતો છે તેને જ ઋજુગતિ એવું પણ નામ છે. એક સમયમાં જીવ વધુમાં વધુ ચૌદ રાજૂ ગમન કરી શકે છે. લોકાકાશના નીચેના ભાગથી ઉપરના ભાગ સુધીનું અંતર ચૌદ રાજૂ છે. એક પુદ્ગલ પરમાણુ પણ આવા પ્રચંડ વેગે જઈ શકે છે. વિગ્રહગતિમાં એક દિશાએથી સીધા જવા માટે એક સમય લાગે છે પછી ભલે તે અંતર એક હાથ હોય કે ચૌદ રાજૂ

હોય. પુદ્‌ગલ પણ ઘણી જ મંદ ગતિથી ૧ સમયમાં ૧ પ્રદેશ ગમન કરે છે અને ઘણાં જ તીવ્ર વેગથી ૧ સમયમાં ચૌદ રાજૂ ગમન કરે છે.

હવે વિગ્રહગતિમાં આહારક, અનાહારકનો શો નિયમ છે તે જોઈએ. આ માહિતી આપણે આગળ 'માર્ગણા' વિષે જાણીશું ત્યારે ઉપયોગી નિવડશે. તમને થશે, 'વિગ્રહગતિમાં તો શરીર રહેતું નથી તો જીવ આહાર એટલે ભોજન કેવી રીતે લેતો હશે?' અલી, આહાર શબ્દના અનેક અર્થો છે અને આહાર પણ અનેક પ્રકારના છે. આહાર એટલે ભોજન, આહાર એટલે ગ્રહણ, આહાર નામની સંજ્ઞા પણ છે, આહાર નામની માર્ગણા છે, આહાર નામની વર્ગણા છે, આહાર નામની પર્યાપ્તિ છે.

આહાર છ પ્રકારનો કહ્યો છે. આપણે (મનુષ્ય અને તિર્યંચ) મોઢેથી ભોજન ગ્રહણ કરીએ તે કવલાહાર. આ એક પ્રકાર થયો. કર્મ આહાર, નોકર્મ આહાર, લેપાહાર, ઓજાહાર, કવલાહાર અને માનસિક આહાર એવા કુલ છ પ્રકાર છે. તમે કહેશો, 'કોઈ પૈસા ખાય છે તો કોઈ ગાળો ખાય છે આ તો કેવા પ્રકારનો આહાર?' આપણે રાજનીતિ વિષે થોડી જ વાત કરીએ છીએ? હશે, આપણે આ પહેલાં જોયું હતું કે કર્મનું ગ્રહણ આ જીવ હરસમય કરતો જ આવ્યો છે. જ્યાં સુધી યોગ છે એવા સયોગકેવળી ગુણસ્થાન એવી અર્હંતદશા સુધી કર્મોનું ગ્રહણ એટલે કે કર્મઆહાર એક સરખો ચાલુ રહે છે. તેમાં અનાદિથી એક સમયનો પણ ખંડ પડતો નથી.

પણ શરીર, મન, વાણી આદિ વિષેના પુદ્‌ગલ પરમાણુનું ગ્રહણ કરવું તેને નોકર્મ આહાર કહે છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક એ ત્રણ શરીરસંબંધે તેમ જ છ પર્યાપ્તિ (આહાર પર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્‌વાસપર્યાપ્તિ, ભાષાપર્યાપ્તિ તથા મનપર્યાપ્તિ) ને યોગ્ય એવા પુદ્‌ગલ પરમાણુનું ગ્રહણ તે આહાર છે અને તે જીવને આહારક કહે છે, આવું ગ્રહણ ઋજુગતિવાળાને એક સમયમાં થાય છે તેથી વિગ્રહગતિમાં પણ તે જીવ આહારક જ રહે છે. મૃત્યુબાદ એક સમયમાં નવા સ્થાને પહોંચી તે શરીરસંબંધી પરમાણુઓને ગ્રહણ કરે છે.

પણ જે જીવ એક વળાંક (મોડ) લઈ પરભવ તરફ જાય છે તે પહેલા એક સમયમાં અનાહારક હોય છે અને બીજા સમયમાં

આહારક બને છે. અનાહારક અવસ્થામાં નોકર્મઆહાર ન હોય તોપણ કર્મગ્રહણ રૂપે કર્મઆહાર ચાલુ જ રહે છે. બે વળાંક લઈ પહોંચનારા વિગ્રહગતિવાળો જીવ બે સમય સુધી અનાહારક રહે છે. ત્રણ વળાંક (મોડ) વાળો જીવ ત્રણ સમય સુધી અનાહારક રહે છે.

આ નોકર્મઆહાર ગ્રહણ કરી જીવ નવું શરીર ધારણ કરે છે. શરીર નિર્માણ થાય છે તેને જન્મ કહે છે. હૉસ્પિટલમાં પ્રસૂતિબાદ બાળકનો જન્મ થયો એમ આપણે કહીયે છીએ. પણ તે લૌકિક ભાષા છે.

જુઓ તો ખરા, કોઈક જીવ મરે છે એમ આપણે કહીએ, ત્યારે ચોક્કસ શું થાય છે? જૂના શરીરના બધાં પુદ્ગલ પરમાણુ છોડી જીવ અન્યત્ર પરભવ તરફ ગમન કરે છે, જતાં જતાં શરીર, બૈરાં છોકરાં જમીન જાયદાદ, મિત્રપરિવાર, ઐશ્વર્ય, હોદ્દો અધિકાર બધું જ જ્યાનું ત્યાં જ પડ્યું રહે છે અને જીવ નીકળી જાય છે. તમે પૂછશો કે કંઈક તો લઈ જતો હશે ને? હાં હાં ઉપર જણાવેલ બધી બાબતો સંબંધી મોહ-રાગ-દ્વેષ કરી ઉપાર્જિત કરેલા-ભેગા કરેલા બધાં કર્મો સાથે લઈ જાય છે. આ સ્થૂળ શરીર છોડી કાર્માણ શરીર અને તેજસ શરીર એવા બે શરીરો સાથે જીવ વિગ્રહગતિમાં જાય છે. વિગ્રહગતિના પહેલા જ સમયથી નવા આયુનો ઉદય પ્રારંભ થાય છે. અને જેટલું આયુષ્ય બાંધ્યું હશે તેટલા કાળ સુધી હરસમયે આયુકર્મોના પરમાણુ ઉદયમાં આવતા રહે છે.

જરા શાંતિથી વિચાર કરતાં ખ્યાલમાં આવશે કે બાળકનો જન્મ થતાં હર્ષ અને કોઈ મરી જાય તો આપણે શોક શા માટે કરીએ છીએ? મરણ માટે શોક કરીએ કે આપણાં સંયોગની ઈષ્ટતા મટી ગઈ માટે શોક કરીએ, કે બીજા લોકોને શું લાગશે માટે પ્રદર્શન કરવા શોક કરીએ? આ કષાયોની નિરર્થકતા ખ્યાલમાં આવતી નથી કે? હાં, કષાયો પણ સાર્થક છે પણ માત્ર કર્મબંધન કરવામાં જ તે સાર્થક છે. વર્તમાનમાં આવા શોકાદિ સંક્લેશ પરિણામ કરી જે કર્મો બંધાય, તેમના ઉદયથી ફરી પાછા તેવા જ પ્રસંગો ભવિષ્યમાં પ્રાપ્ત થાય છે.

હર સમયે નવા કર્મોનો બંધ થાય છે અને સ્થિતિ પૂર્ણ થતાં તે બધાં એક સાથે ઉદયમાં આવે છે એવો અંદાજ તમે બાંધશો


તો તે સદંતર ભૂલ ભરેલો હશે. કોઈએ ૧૦૦૦ કર્મ પરમાણુ બાંધ્યા અને તેમની ૧૦૦ વર્ષની સ્થિતિ હોય તો ૧૦૦ વર્ષ પૂરાં થયે ૧૦૦૦ પરમાણુ એકી સાથે એક સમયમાં નીકળી જશે એવી કલ્પના ખોટી છે.

તો પછી સાચી વાત શું છે એવો પ્રશ્ન તમે પૂછશો. બંધ બંધાતાં તે કર્મપરમાણુ સત્તામાં પડ્યા રહે છે, કોઈ એક વિશેષ કાળસુધી ઉદયમાં આવતાં નથી તેને 'આબાધાકાળ' કહેવામાં આવે છે. આબાધાકાળ પૂરો થાય ત્યાં જ તે વિશિષ્ટ કર્મોનો ઉદયકાળ પ્રારંભ થાય છે. કેટલાંક પરમાણુ પહેલા સમયમાં જ ઉદય પામી નીકળી જાય છે. આ પરમાણુના સમૂહને 'નિષેક' કહેવામાં આવે છે. બીજા સમયમાં પણ એક નિષેક નીકળી જાય - ખરી પડે - ઉદયમાં આવે પણ એ નિષેકના પરમાણુ પહેલા નિષેકના પરમાણુ કરતાં ઓછાં હોય છે. ત્રીજા સમયમાં ઉદયમાં આવતાં નિષેકમાં તેથી પણ ઓછાં પરમાણું હોય છે. આમ ઉત્તરોત્તર હીન પ્રમાણમાં આ નિષેકોની રચના થતી હોય છે. કર્મની જેટલી સ્થિતિ બંધાયેલી હોય તે સ્થિતિના અંતસમય સુધી હર સમયે આ નિષેકો ઉદયમાં આવતાં રહે છે.

આયુવ્યતિરિક્ત બીજા સાત કર્મો બાબત કર્મોની સ્થિતિમાંથી આબાધાકાળ બાદ કરતાં જે કાળ વધે છે તે 'ઉદયકાળ' છે. ઉદયકાળમાં પ્રત્યેક સમયે તે વિશિષ્ટ એક સમયમાં બંધાયેલા કર્મનો ઉદય સતત થતો જ રહે છે.

આયુ વગરના અન્ય સાત કર્મોની સ્થિતિ

સ્થિતિ = આબાધાકાળ + ઉદયકાળ




ગજબની વાત છે કે નહીં? એક સમયે જીવે કરેલાં મોહ, રાગ, દ્વેષ પરિણામોને નિમિત્તે બંધાયેલ કર્મ-અનંત પરમાણુ તેમનો ઉદય સતત સેંકડો-હજારો-લાખો સાગરો વર્ષો સુધી સતત થતો રહે છે. આ તો એક સમયમાં બાંધેલા કર્મની વાત થઈ, આવા કર્મો આપણે હર સમયે બાંધતા રહીએ છીએ તેથી તે તે


કર્મોનો પણ ઉદયકાળ વર્ષો સુધી ચાલે છે.

જુદે જુદે સમયે બંધાયેલ જે જે કર્મોનો ઉદયકાળ (Maturity) ચાલુ હોય તે તે બધાં ઉદયોનું ભેગું ફળ આપણને મળતું રહે છે. તેમાંથી આપણે આયુકર્મને છોડી દીધો હતો કારણ આયુકર્મની સ્થિતિ હોય તેટલો જ તેનો ઉદયકાળ રહે છે.

જેમ કે એક માણસે ૬૦મા વર્ષે આગળના ભવની ૧૦,૦૦૦ વર્ષની નરકાયુ બાંધી અને તે માણસનું વર્તમાન આયુષ ૯૦ વર્ષનું છે. ચાલુ આયુષ્યને ભુજ્યમાન અને નવા બાંધેલા આયુષ્યને બધ્યમાન આયુ કહેવામાં આવે છે તે આ પહેલાં જ જણાવ્યું હતું. ૬૦મા વર્ષથી ૯૦મા વર્ષ સુધી ભુજ્યમાન આયુનો ઉદય ચાલુ રહે છે. આ આયુકર્મનો છેલ્લો નિષેક ખરતાં ક્ષણે જ મરણ થાય છે. અને આગલા જ સમયે વિગ્રહગતિથી નવા આયુકર્મનો ઉદયકાળ પ્રારંભ થાય છે. તે જીવે ૧૦,૦૦૦ વર્ષની નરકાયુ બાંધી હોય તો સતત ૧૦,૦૦૦ વર્ષો સુધી તેના આયુના નિષેક ખરતાં રહે છે.

આમાં એક પ્રશ્ન ઉભો થાય કે બધ્યમાન આયુમાં આબાધાકાળ નથી હોતો? હોય છે, નવી આયુ બંધાય ત્યાંથી વર્તમાન આયુ પૂરી થાય ત્યાં સુધીનો જે કાળ છે તે નવી આયુનો આબાધાકાળ હોય છે. ઉપરના દાખલામાં ૯૦ વર્ષની આયુવાળા માણસે ૬૦મે વર્ષે નવી નરકાયુ બાંધી. તેથી મરણ પર્યંત ૩૦ વર્ષ સુધી એ નરકાયુનો આબાધાકાલ છે કારણ એક સમયે એક વર્તમાન આયુનો જ ઉદય થઈ શકે છે.

આયુકર્મની સ્થિતિ = ઉદયકાળ




વિગ્રહગતિના પહેલા સમયથી નરકાયુનો ઉદય શરુ થાય છે. મૃત્યુ પહેલાં જેને આપણે મનુષ્ય કહેતાં હતાં તે જ જીવ હવે નારકી તરીકે સંબોધાય છે. આ ઉદય સતત ૧૦,૦૦૦ વર્ષ ચાલુ રહે છે.

જીવ એક સમયે ભવિષ્યની એક જ ભવની આયુ બાંધે છે. આગળનો ભવ પૂરો થવા આવે ત્યારે આગળના ભવની આયુ

બાંધે છે. સાત કર્મોનો બંધ નિરંતર થાય છે પણ આયુ કર્મનો બંધ ક્યારે ક્યારે થાય છે તે પહેલાં જ મે તમને કહ્યું હતું. તેનો દાખલો લઈ એક ગણિત કહું છું.

વર્તમાન ભુજ્યમાન આયુના ત્રિભાગ કરવા એટલે કે ૩ ભાગ કરવા. તેમાંથી ૨ ભાગ આયુ ભોગ્યાબાદ એટલે અંતિમ ત્રિભાગ બાકી રહેતાં જે એક અંતર્મુહૂર્તનો કાળ છે ત્યારે નવા આયુકર્મનો બંધ થવાની શક્યતા હોય છે. તે કાળને અપકર્ષ કહેવાય છે. ત્યારે જો આયુબંધ ન થાય તો શેષ આયુનો $\frac{2}{3}$ કાળ પૂરો થતાં બીજો અપકર્ષકાળ આવે છે, તે સમયે પણ આયુ ન બંધાય તો ત્રીજો અપકર્ષકાળ એવાં વધારેમાં વધારે આઠ અપકર્ષ આવે છે. આ આઠેય સમયે આયુ ન બંધાય તો મરણ પહેલાનાં અંતર્મુહૂર્ત કાળમાં આગલું આયુષ્ય બંધાય છે.

આયુ બાંધવી એટલે આગળના જે ભવમાં જવાનો છે તે આયુકર્મના પરમાણુ આવી તેનો બંધ થાય છે. એક અંતર્મુહૂર્તકાળમાં આટલાં બધાં પરમાણુનું ગ્રહણ થાય છે. કોઈ જીવને એક અપકર્ષ કાળમાં બંધ થાય છે. કોઈને ૨ અપકર્ષકાળમાં મળી તો કોઈને ૩, ૪, ૫, ૬, ૭ અથવા ૮ પણ અપકર્ષોમાં મળી આ આયુબંધ થઈ શકે પણ આવા જીવોનું આ પ્રમાણ ઉત્તરોત્તર ઓછું હોય છે.

૬૫૬૧ વર્ષનું આયુષવાળા કર્મભૂમિના તિર્યંચ કે માણસને આઠ અપકર્ષ, ક્યારે ક્યારે આવશે તે જોઈએ. એ આયુ જન્મથી જ નહીં પણ ગર્ભથી ગણવી પડશે. તેથી પણ સૂક્ષ્મ રીતે વિચાર કરવાથી આ મનુષ્યાયુની શરૂઆત વિગ્રહગતિના પહેલા સમયથી થઈ હતી ત્યારથી આ ગણતરી કરવી પડશે.

| | | |
|---|---|---|
| પહેલો અપકર્ષ | - | આયુના ૨૧૮૭ વર્ષ બાકી રહેતાં, |
| બીજો અપકર્ષ | - | આયુના ૭૨૯ વર્ષ બાકી રહેતાં, |
| ત્રીજો અપકર્ષ | - | આયુના ૨૪૩ વર્ષ બાકી રહેતાં, |
| ચૌથો અપકર્ષ | - | આયુના ૮૧ વર્ષ બાકી રહેતાં, |
| પાંચમો અપકર્ષ | - | આયુના ૨૭ વર્ષ બાકી રહેતાં, |
| છઠ્ઠો અપકર્ષ | - | આયુના ૯ વર્ષ બાકી રહેતાં, |
| સાતમો અપકર્ષ | - | આયુના ૩ વર્ષ બાકી રહેતાં, |
| આઠમો અપકર્ષ | - | આયુનો ૧ વર્ષ બાકી રહેતાં આવે છે. |

કર્મભૂમિના મનુષ્યોના અને તિર્યંચોના પૂર્ણ આયુષ્યના

આમ ત્રિભાગ પડે છે, પરંતુ ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચોની આયુ ૯ મહિના બાકી રહેતાં તેમાં આઠ અપકર્ષ થાય છે. બાકી રહેલા ૯ મહિનાના ત્રિભાગ પડે છે, દેવ અને નારકીઓની ૬ મહિના આયુ શેષ રહે ત્યારે આયુબંધનો પ્રારંભ થાય છે અને તેમાં ત્રિભાગ પડે છે.

આથી ઘણાં એકબીજાને ઉપદેશ આપે છે કે પરિણામ સારા રાખો. આયુબંધ ક્યારે થશે શી ખબર? પણ સારી આયુની ધુનમાં કોઈ મિથ્યાત્વ અને રાગદ્વેષ તરફ ધ્યાન જ આપતું નથી. આયુ સુખ–દુઃખનું કારણ નથી પણ મોહ-રાગદ્વેષ જ દુઃખોના મૂળ છે અને તેને કારણે આઠેય કર્મો બંધાય છે અને બંધ-ઉદયનું આ ચક્ર અનાદિ-અનંત ચાલુ જ રહે છે.

કેટલી સ્થિતિ રહેતાં કેટલો આબાધાકાળ રહે તેનું પ્રમાણ છે - ૧ કોડાકોડી સાગર વર્ષની સ્થિતિવાળા કર્મોમાં ૧૦૦ વર્ષ આબાધાકાળ હોય છે. કોડાકોડીનો અર્થ કરોડ ગુણ્યા કરોડ. એક કરોડમાં ૧ પર સાત મીંડા હોય છે, કોડાકોડીમાં એકપર ૧૪ મીંડા હોય છે. એટલાં સાગર વર્ષ અર્થાત્ ૧ સાગર વર્ષ, ૨ સાગર વર્ષ, ૩ સાગર વર્ષ એવી ગણત્રી કરતાં ૧ કોડાકોડી વાર સાગર વર્ષ થાય તેટલી સ્થિતિ. આયુકર્મ વગર રહેલા સાત કર્મોમાં આબાધાનું આ પ્રમાણ હોય છે.

આ તો કંઈ જ નથી તીવ્ર મિથ્યાત્વપેટે જીવ અધિકાધિક સ્થિતિવાળા મિથ્યાત્વ (દર્શનમોહનીય) કર્મ બાંધે ત્યારે તેની તે 'ઉત્કૃષ્ટ સ્થિતિ' ૭૦ કોડાકોડીસાગર વર્ષની પડે છે. ૭૦૦૦ વર્ષો પછી તેનો ઉદયકાળ પ્રારંભ થાય છે એટલે કે તેનો આબાધાકાળ ૭૦૦૦ વર્ષોનો છે અને તે પછી એકસરખો ૭૦ કોડાકોડી સાગર વર્ષ સુધી હર સમયે તે કર્મનો ઉદય ચાલુ જ રહે છે. એક સમયના મિથ્યાત્વ પરિણામનો આ પ્રતાપ છે, તો અનેક સમયે બંધાયેલ દર્શનમોહનીય કર્મોનું ભેગું ફળ કેવું હશે તેની કલ્પના જ કરવી રહી.

સાગર એટલે શું તે સાંભળવાની તૈયારી છે તમારી? તમારો મહાસંગણક લાવો તોપણ આ ગણિત સમજાશે નહીં. પણ થોડી ઝલક તો જુઓ જ. તેમાં પણ અનેક ઝીણવટો છે હું તો માત્ર સ્થૂળ કથન જ કરીશ.

૧ યોજન વ્યાસનો તથા ૧ યોજન ઊંડો એવો એક ગોળ

ખાડો ખોદો. આ બધાંની કલ્પના જ કરવાની હો! ૪ કોસનો એક યોજન થાય. આ આપણો સાદો કોસ કે યોજન નહીં, મહાયોજન છે. એ ખાડો ઘણાં જ નરમ (કોમળ) રોમખંડોથી ઠાસીઠાંસીને સપાટ ભરવો, તેથી વધુ ઉપરસુધી ન ભરવો. રોમખંડનો અર્થ ઉત્તમ ભોગભૂમીમાં જન્મેલાં પહેલા સાત દિવસના ઘેટાંના યુગલના જે વાળ છે તે વાળનો અગ્રભાગ કે જેનો બીજો ટુકડો થાય નહીં. ભોગભૂમિના વાળનો અગ્રભાગ આપણા કર્મભૂમિના વાળના અગ્રભાગથી ૪૦૯૬મા ભાગ જેટલો બારીક હોય છે.

આ રોમોની સંખ્યા કાઢવાનું ગણિત છે પણ તે આપણે છોડી દઈએ. ૪૫ આંક પ્રમાણ જેટલી આ સંખ્યા છે. હર ૧૦૦ વર્ષે તેમાંથી એક રોમખંડ કાઢતાં કાઢતાં જ્યારે આ ખાડો પૂરો ખાલી થાય તેટલાં કાલાવધીને એક વ્યવહાર પલ્ય કહે છે. પલ્યનો અર્થ ખાડો-ગર્ત ની ઉપમા આપી આ પ્રમાણ સમજાવ્યું છે માટે પલ્ય, સાગર વગેરે બધા ઉપમામાનના પ્રકાર છે.

વ્યવહારપલ્યના રોમખંડના પ્રમાણને અસંખ્યાત કરોડ વર્ષોના સમયોથી ગુણિએ ત્યારે ઉધ્ધારપલ્યના રોમખંડ બને છે અને તેને અસંખ્યાતવર્ષોના સમયોથી ગુણિએ ત્યારે અધ્ધાપલ્યના રોમખંડ બને છે. પ્રત્યેકને ૧૦ કોડાકોડીથી ગુણીએ ત્યારે તે તે નામના સાગરનું પ્રમાણ મળે છે.

| | | |
|---|---|---|
| ટૂંકમાં : અસંખ્યાત વ્યવહાર પલ્ય | = | ૧ ઉધ્ધાર પલ્ય |
| અસંખ્યાત ઉધ્ધારપલ્ય | = | ૧ અધ્ધા પલ્ય |
| ૧૦ કોડાકોડી વ્યવહાર પલ્ય | = | ૧ વ્યવહાર સાગર |
| ૧૦ કોડાકોડી ઉધ્ધાર પલ્ય | = | ૧ ઉધ્ધાર સાગર |
| ૧૦ કોડાકોડી અધ્ધા પલ્ય | = | ૧ અધ્ધા સાગર |

આવા આ અધ્ધા સાગર વર્ષોમાં કર્મોની સ્થિતિ ગણવામાં આવે છે. સાગર એટલે લવણસમુદ્રની ઉપમા આપી છે. દેવ અને નારકીઓનું આયુષ્ય પણ સાગરો વર્ષો સુધી હોય છે. વધુમાં વધુ આયુષ્ય ૩૩ સાગર વર્ષોનું હોય છે. મનુષ્ય તથા તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગભૂમિના જીવોનું ૩ પલ્ય જેટલું હોય છે.

તેની સરખામણીમાં આપણો આ મનુષ્યભવ કેટલો અલ્પ છે નહીં? તેનો એક એક સમય મૂલ્યવાન છે. અનાદિકાળથી આ જીવે અનંત ભવ ધારણ કર્યા પણ પોતાને ઓળખવાનું કાર્ય

કર્યું નથી, રહી ગયું. તે કાર્ય આ ભવમાં જ કરવાનું હોય છે, નહીં તો હજુ અનંત કાળ ભટકવાની અને ચતુર્ગતિમાં રખડવાની તૈયારી રાખવી પડશે.

હમણાં પુણ્ય કરીશું અને સ્વર્ગમાં જઈશું એટલે ત્યાંથી તીર્થંકરોના સમોવશરણમાં જવા મળશે એમ કહેવાળાઓની કરુણા આવે છે. જે જીવ હાલના ફાલતુ સંયોગનું લક્ષ છોડી શાસ્ત્રાભ્યાસ કરી પુરુષાર્થ કરતો નથી તે શું સ્વર્ગનું ઐશ્વર્ય છોડી તેની પાછળ પડશે? કેટલાક જીવે વિદેહક્ષેત્રમાં જન્મવાના સ્વપ્ના જુએ છે. જેને આગળના એક ભવની વાંછા છે તેના અભિપ્રાયમાં અનંત ભવ કરવાની ઈચ્છા છુપાયેલી બેઠી છે.

પંચમકાળનો ભરતક્ષેત્રનો જીવ સમ્યક્ત્વ સહિત વિદેહ ક્ષેત્રમાં જન્મશે નહીં. તે જીવ પહેલા નરકનો નારકી, સ્વર્ગનો દેવ કે ભોગભૂમિના મનુષ્ય કે તિર્યંચ થશે. હાં, પણ મિથ્યાત્વ અવસ્થામાં મરી વિદેહક્ષેત્રનો મનુષ્ય થઈ શકશે પણ તે પણ દુર્લભ જ. એનો અર્થ એ થાય કે તે જીવ આ ભવમાં મિથ્યાત્વી જ રહેવા ઈચ્છે છે.

આ જીવ અનાદિકાળથી આજ સુધી અનંતવાર તીર્થંકરોના સમવસરણમાં જઈ આવ્યો છે. અનંતવાર બાહ્ય મુનિપદ ધારણ કરી સમ્યક્ત્વના અભાવે હજુસુધી ભવભ્રમણ કરી રહ્યો છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિના બધા સાધનો-સંજ્ઞી પંચેંદ્રિપણું, જ્ઞાનનો ઉઘાડ, કષાયોની મંદતા, જિનેન્દ્રકથિત સત્ય ઉપદેશ, તે ઉપદેશોનું મર્મ કહેનારા જ્ઞાની જીવોનો સત્સમાગમ વગેરે બધું જ મળ્યું છતાં જે ભવિષ્યના વાયદા કરે તેની 'આવતી કાલ' કદાપિ ઉગશે નહીં. કાયમ માટે આ કાર્ય આગળના ભવ માટે તે રાખવા ઈચ્છે છે.

હશે, સાગરમાં નહીં પણ સાગરના વિષય પરથી આપણે ક્યાંક વહી તો ગયા નથી ને? પણ ભવસાગરમાં માત્ર વહી ન જતાં તેનો કિનારો આ ભવમાં જ પકડીએ એવો દૃઢ સંકલ્પ આપણે કરીએ.

એ જ લિ.

તમારી બા.

# નોકર્મ-બંધ, સ્થિતિ, ઉદય

પત્રાંક ૪ ॥ ૐ નમઃ સિદ્ધેભ્યઃ ॥ ૨૮ જુલાઈ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

સાગરનું માપ અને કર્મોનું ગણિત વાંચી કોયડો ઉભો થયો શું? કોઈનો કરોડો રૂપિયાનો વહેવાર રોજ થતો હશે તો તેને કેટલો ઉત્સાહ આવતો હશે? તે સાંભળવાવાળો પણ વિસ્મયથી ઉલ્લસિત થાય. તમને કરોડો અને અબજો એ આંકડાઓનું જ આટલું આકર્ષણ હોય તો જિનાગમનો અભ્યાસ કરો. તેમાં તો બધી જ બાબતો અસંખ્યાત, અનંત, પલ્ય, સાગર વગેરેમાં જ ગણાય છે. ત્યાં તો અનંતમાં જ 'ડીલીંગ' ચાલે છે.

સૌથી મહત્ત્વની વાત તો 'મને સમજાતું નથી' એવો 'વિકલ્પ' પણ રાખશો નહીં. આવો વિચાર પણ મનમાં લાવશો નહીં.

'મને સમજાયું નથી' તે કોણે જાણ્યું? તમે કે પાડોશીએ? એ જેને સમજાયું તે તું જ પોતે છે. આગમજ્ઞાન પણ સમજાશે, કેમ નહીં સમજાય? તે અવશ્ય સમજાશે.

હું કેવળજ્ઞાન શક્તિથી પરિપૂર્ણ એવો જ્ઞાનનો ઘનપિંડ છું અને તેમાંથી સાદિ અનંતકાળ સુધી કેવળજ્ઞાનની પર્યાય નીકળશે તોપણ હું એવો ને એવો જ ધ્રુવ અનાદિ અનંત વિરાજમાન છું અને રહીશ એ ધ્યાનમાં આવતાં જ તેની આગળ આ અલ્પશ્રુતજ્ઞાનની શી વિસાત? આપણાં સ્વભાવનો જ ઈન્કાર કરશો નહીં. શ્રુતજ્ઞાનની આ પર્યાય પણ આપણાં જ્ઞાનસ્વભાવમાંથી જ નીકળે છે. શાસ્ત્ર વાંચનમાંથી-શબ્દોમાંથી તે નીકળતી નથી. કારણ જે પર્યાય જે દ્રવ્યની છે તે દ્રવ્ય જ તેનો કર્તા છે.

કર્મોના પરમાણુ કેટલાં આવે છે અને તે કેટલાં પ્રમાણમાં અને કેવાં ઉદયમાં આવે છે તે ઘણો મનોરંજક વિષય છે. કર્મમાં જેવી આ નિષેકરચના થાય, તેવી જ રીતે શરીરની એટલે કે નોકર્મની બાબતમાં પણ એવી જ નિષેકરચના થતી હોય છે. આપણે જોયું કે કોઈ જીવ મરી બીજા ભવમાં જાય ત્યારે

વિગ્રહગતિમાં તેને કાર્માણ અને તેજસ શરીર હોય છે. વિગ્રહગતિનો કાળ વધુમાં વધુ ચાર સમયનો હોય. તેમાંથી ઋજુગતિવાળો જીવ તે જ સમયમાં આહાર (નોકર્મ આહાર) ગ્રહણ કરે છે અર્થાત્ શરીરસંબંધે અનંત પુદ્‌ગલ પરમાણુ ગ્રહણ કરે છે. પાણિમુક્તા (૧ વળાંક)વાળા જીવો એક સમય અનાહારક રહી બીજા સમયમાં આહાર ગ્રહણ કરે છે, લાંગલિકા (૨ વળાંક)વાળા જીવો બે સમય અનાહારક રહી ત્રીજા સમયમાં આહાર ગ્રહણ કરે છે. અને ગોમુત્રિકા (૩ વળાંક)વાળા જીવો ૩ સમય અનાહારક રહી ચોથા સમયમાં આહાર ગ્રહણ કરે છે.

જીવ આ નોકર્મવર્ગણાઓને ગ્રહણ કરી તેમને પોતાના શરીર, મન, વચન, શ્વાસોચ્છ્‌વાસ આદિરૂપે પરિણમાવે છે. વર્ગણાના પાંચ પ્રકાર તો તમે પહેલાં શીખ્યા છો. યાદ છે ને? આહારવર્ગણા, તેજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને કાર્માણવર્ગણા એવી તે પાંચ વર્ગણાઓ છે. પુદ્‌ગલોની વર્ગણા કુલ ૨૩ પ્રકારની છે. પણ ઉપરોક્ત પાંચ પ્રકારની વર્ગણા જ જીવ ગ્રહણ કરે છે અને છોડે છે. તેમાંથી કાર્માણવર્ગણાથી કર્મ બને અને બીજી ચાર વર્ગણાને નોકર્મવર્ગણા કહેવામાં આવે છે. તેમાંથી શરીર, મન, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ, તેજસશરીર વગેરે બને છે.

સાવ ટૂંકમાં આપણે આ વર્ગણા વિષેની માહિતી મેળવીએ. શક્તિના અંશોને અવિભાગ પ્રતિચ્છેદ કહે છે. પ્રત્યેક પરમાણુ પોતાની શક્તિથી - અનુભાગથી યુક્ત છે એટલે તેમાં અવિભાગ પ્રતિચ્છેદ છે. માટે પરમાણુને જ 'વર્ગ' એવું નામ આપવામાં આવ્યું છે. જે જે પરમાણુમાં સમાન અવિભાગ પ્રતિચ્છેદ છે તે તે પરમાણુના સમૂહને 'વર્ગણા' કહે છે. અર્થાત્ એક વિશિષ્ટ વર્ગણાના બધાં પરમાણુઓમાં શક્તિના અંશો સમાન હોય છે.

જે વર્ગણા ઔદારિક (મનુષ્ય અને તિર્યંચોના શરીરો) વૈક્રિયિક (દેવ અને નારકીઓના શરીરો) અને આહારક (આહારક ઋદ્ધિધારી મુનિઓની તીર્થવંદના અથવા સમવસરણમાં ગમન કરવા માટે બનેલું નવું શરીર) આ ત્રણ શરીરરૂપે પરિણમિત થાય છે તેને આહારવર્ગણા કહે છે. જીવ યોગ દ્વારા આ વર્ગણાને ગ્રહણ કરી તેમને શરીરરૂપે પરિણમિત કરે છે. જીવની આ શક્તિને પર્યાપ્તિ કહે છે. પર્યાપ્તિ એક સ્વતંત્ર વિષય હોવાથી તેને

વિષે આગળ ઉપર ચર્ચા કરીશું.

જે વર્ગણા તેજસ શરીરરૂપે પરિણમિત થાય છે તેને તેજસવર્ગણા કહે છે. તેજસ શરીર ઔદારિકાદિ શરીરોમાં કાંતિ ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે. જે વર્ગણા શબ્દરૂપે પરિણમે તેને ભાષાવર્ગણા કહે છે. જે વર્ગણા દ્વારા દ્રવ્યમનની રચના થાય તેમને મનોવર્ગણા કહે છે.

આ ચાર વર્ગણાને નોકર્મવર્ગણા અને તેમનાથી બનેલાં શરીરને નોકર્મશરીર કહે છે. જે પ્રમાણે યોગ દ્વારા એટલે આત્માના પરિસ્પંદનથી - આત્મપ્રદેશોના કંપનથી જીવ કર્મોને ગ્રહણ કરે છે તે પ્રમાણે જ યોગ દ્વારા આ જીવ શરીર સંબંધે નોકર્મવર્ગણા પણ ગ્રહણ કરતો હોય છે, તેમાં નામકર્મનો ઉદય નિમિત્તરૂપે હોય છે.

જન્મતાની સાથે જ બાળક કેટલું નાનકડું દેખાય અને વર્ષ દરમ્યાન તે ઝડપથી વધે છે. તમને થતું હશે કે તમે તમારા બાળકને ખવડાવી પીવડાવી મોટું કરો છો, અનાજ ખાવાથી શરીર ટકી રહે છે, અનાજ વગર કોઈ જીવી શકતું નથી તો તે તમારી ગેરસમજ છે.

વિગ્રહગતિ પૂરી થતાં જ પહેલા સમયથી જ હર સમયે આ જીવ અનંત નોકર્મવર્ગણાના પુદ્‌ગલ પરમાણુ ગ્રહણ કરે છે. એકદમ છેવટના સમય સુધી એટલે મૃત્યુના સમયસુધી પણ તેનું ગ્રહણ ચાલુ જ હોય છે. અન્ન પાણી ગ્રહણ કર્યા વગર પણ જીવ વર્ષોના વર્ષો જીવી શકે છે. સાચું નથી લાગતું ને? અરહંત ભગવાન તો આહાર પાણી લેતાં નથી એટલે કે તેમને કવલાહાર હોતો નથી અને આવી સ્થિતિમાં તે કરોડો વર્ષ જીવે છે એ કેવું? દેવ અને નારકીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય અનેક સાગર વર્ષોનું હોય છે. દેવોને જેટલાં સાગર વર્ષોનું આયુષ્ય હોય તેટલાં હજાર વર્ષ વિત્યાબાદ તેમને ભૂખ લાગે છે અને કંઠમાંથી અમૃત ઝરી તે તૃપ્ત થાય છે. નારકીઓને પ્રચંડ ભૂખ હોવા છતાં સાગરો વર્ષોસુધી ખાવા મળતું નથી તો પણ તે જીવે છે.

આનું કારણ કે બધાં જીવો હર સમયે નોકર્મવર્ગણાનો આહાર એટલે કે નોકર્મવર્ગણાનો ગ્રહણ કરતાં હોય છે. વિગ્રહગતિના ૧,૨ અથવા ૩ સમય છોડી જન્મના સમયથી

મરણસુધી હર સમયે જીવ નોકર્મઆહાર ગ્રહણ કરતો રહે છે.

તમને એમ લાગતું હશે કે બાળક મોટું થાય ત્યાંસુધી ફક્ત નોકર્મનું ગ્રહણ થતું હશે અને ત્યારબાદ ધીમે ધીમે આ વર્ગણા છૂટી પડી જતી હશે તો એવું જરાય નથી. કાર્માણવર્ગણાની નિષેકરચના પ્રમાણે આ નોકર્મને પણ આબાધાકાળ હશે એવી શંકા પણ ભૂલ ભરેલી છે. તો પછી ચોક્કસ શું થાય છે? તે આપણે જોઈશું.

પહેલા સમયમાં ગ્રહણ કરેલા નોકર્મવર્ગણામાંથી એ જ પહેલા સમયથી આ નોકર્મવર્ગણાનું ખરવું - છોડી જવું શરૂ થાય છે. અનંત નોકર્મ પુદ્ગલોમાંથી તે જ સમયે અનેક પરમાણુ નીકળી જાય છે. બીજા સમયમાં થોડાં ઓછાં, ત્રીજામા થોડાં ઓછાં એમ ઉત્તરોત્તર હીન પ્રમાણમાં થતાં થતાં છેલ્લા થોડાં પરમાણુ મરણને સમયે નીકળી જાય છે. નોકર્મમાં આ જે નિષેકરચના થાય છે તેમાં આબાધાકાળ હોતો નથી.

વિગ્રહગતિના છેલ્લા સમયે જીવ નોકર્મઆહાર ગ્રહણ કરે છે તે તેનો જન્મસમય. ત્યારથી આયુની જેટલી સ્થિતિ છે તેટલી જ સ્થિતિ તે નોકર્મની હોય છે અને ઉદયકાળ પણ તે સમયથી મરણસુધી રહે છે. બીજા સમયમાં જે અનંત પરમાણુ જીવ ગ્રહણ કરે છે તેની સ્થિતિ બાકી વધેલા આયુ જેટલી એટલે 'આયુ બાદ એક સમય'–'આયુ-૧ સમય' હોય છે. ૧૦ વર્ષ પૂરા થયા બાદ તે સમયમાં જીવ જે નોકર્મ પુદ્ગલ ગ્રહણ કરશે તેની સ્થિતિ શેષ રહેલા આયુ જેટલી હશે.

જેમ કે, ૬૦ વર્ષની આયુ હોય એવો જીવ ૧૦ વર્ષ પૂરા થતાં જ તે સમયે જે નોકર્મવર્ગણા ગ્રહણ કરશે તેની સ્થિતિ ૫૦ વર્ષની હશે અને તેનો ઉદય તે સમયથી મરણ સમયસુધી એટલે કે અંતિમ સમયસુધી રહેશે. 'શેષ આયુ' માટે 'ગલિતાવશેષ આયુ' એવો શબ્દ વાપરવામાં આવે છે.

હર સમયે જીવ અનંત પરમાણુ ગ્રહણ કરે છે અને અનંત પરમાણુ છોડે છે, કારણ જુદાં જુદાં પ્રત્યેક સમયમાં બંધાયેલ નોકર્મોનો ઉદયકાળ હોવાથી તેમનો ભેગો સરવાળો કરતાં અનંત થાય છે. એટલું તો ચોક્કસ છે કે આ નોકર્મ વર્ગણાનો ગ્રહણનો સમય જુદો જુદો હોય તોપણ તે પ્રત્યેકની અંતિમ

મર્યાદા સરખી જ છે અને તે છે આયુમર્યાદા. જેટલી આયુ હોય એટલે કે મરણનો જે સમય હોય તેટલી જ બધાં નોકર્મોની અંતિમ સ્થિતિ છે, તે જ સમયે બધાં નોકર્મોનો ઉદય થઈ જીવ અને નોકર્મ એકબીજાથી છૂટા પડશે અને જીવ નોકર્મોને છોડી પરભવભણી ગમન કરશે.

આનો અર્થ તમારા ધ્યાનમાં આવે છે? કે આયુની સ્થિતિ નિશ્ચિત છે તેમાં એક સમયની પણ વૃધ્ધિ થતી નથી. નોકર્મ એટલે આ શરીરની સ્થિતિ પણ નિશ્ચિત જ છે. અંતિમ સમય કરતાં એક સમય પણ તે જીવના સંયોગમાં રહી જ શકશે નહીં. જીવ જ તેને છોડી ઈતરત્ર ગમન કરશે. તેમાં ડૉક્ટર, વૈદ, મંત્ર, તંત્ર, હૉસ્પિટલ, ઓપન હાર્ટ સર્જરી, ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર, કંઈપણ કરી શકતાં નથી. ઘણાં લોકો મરણના ભયથી કુદેવાદિકને આડે ચઢી જઈ ગૃહીત મિથ્યાત્વનું તીવ્ર પાપ માત્ર બાંધી લે છે, તો કોઈ બીજાને મૃત્યુમુખેથી ખેંચી મેં બચાવ્યો એવો મિથ્યાભિમાન કરે છે.

કોઈ કોઈને મારી શકતું નથી અને કોઈ કોઈને મરવાથી બચાવી શકતું નથી. કોઈ બીજાનો તેમ જ પોતાનો આયુકર્મ વધારી દઈ શકતું નથી કે નથી નોકર્મની સ્થિતિ ઓછી કે વધુ કરી આપી શકતું. આ જીવને સૌથી વધુ આકુળતા વ્યાકુળતા પોતાનાં કે સગાંવહાલાંના મરણની આશંકાથી જ થતી હોય છે.

નોકર્મનું આ ગ્રહણ કરવા ને છોડવા વિષે આપણાં જ્ઞાનમાં આવતાંની સાથે જ એ પણ સમજાય છે કે શરીરના પ્રત્યેક પરમાણુની સ્થિતિ નિશ્ચિત છે. હર સમયે શરીરના અનંત પરમાણુ નવેથી આવે છે અને અનંત પરમાણુ છૂટી જતાં રહે છે. વૈદકશાસ્ત્ર મુજબ પણ Regeneration & Degeneration એક સરખું ચાલુ જ રહે છે.

પોતાનું ભિન્ન અસ્તિત્વ પિછાણ્યા વગર આ નોકર્મરૂપ પુદ્ગલોને જ 'હું' એમ માનવાથી જીવની દુર્દશા થતી રહી છે. આપણા હર એકની અનાદિથી પ્રત્યેક ભવમાં એ જ દુર્દેવી કહાણી વારેઘડીએ થતી રહી છે. સાંભળવી છે આ કરુણ કહાણી?

આ જીવ ક્યાંકથી મરીને અહીં આવ્યો, આવતાં આવતાં લાવ્યો તે બે શરીરો-એક કાર્માણ શરીર અને એક તેજસ શરીર.

બન્ને આ જીવના ઘનિષ્ટ મિત્રો છે. લાખો કરોડો વર્ષોથી જીવની સંગતમાં તેઓ રહે છે. અહીં જન્મ લેતાં જ જીવને વધુ એક શરીર મળ્યું તેનું નામ ઔદારિક શરીર એ તો જીવનો એક જ ભવનો સાથીદાર છે. જન્મથી મરણસુધી જ ફક્ત સાથ આપે છે.

કાર્માણ અને તેજસ શરીર તો જીવને કદી દેખાતું જ નથી, તેના જોવામાં તો આ એક ઔદારિક શરીર જ આવ્યું છે. જીવે પોતાને પણ કદિ જાણ્યું નહોતું, ઓળખ્યું ન હતું, પોતાનું સ્વરૂપ પણ કદી સાંભળ્યું ન હતું. સહજ રીતે આ ઔદારિક શરીરને જ આ જીવે ‘આ હું છું’ એમ માન્યું. તેને જીવે પોતાનું સર્વ ‘સ્વ’ આપ્યું, તેને જ ‘સ્વ’ માન્યું. જીવે તેને માટે શું શું નથી કર્યું?

આહારવર્ગણાથી બનેલાં આ પુદ્ગલ પરમાણુના ઢગલાને જીવે મૂર્ખતાથી આત્મા એટલે ‘હું’ એમ માન્યું અને આ કાલ્પનિક ‘સ્વ’ માટે સાચો ‘સ્વ’ પોતાનું અસ્તિત્વ ગુમાવી - ભૂલી ગુલામી કરવા લાગ્યો. રાતદિવસ તેની સેવાચાકરી, ખવડાવવું, પિવડાવવું, ન્હવડાવવું, સાચવવું, સજાવવું, રંગાવવું, રોગાદિ થતાં ગભરાવવું, તેની જ ચિંતામાં વ્યગ્ર રહેવું અને તેને છોડી દઈ અન્ય ભવમાં જવાનો સમય આવે ત્યારે ‘હાય હું મર્યો’ એમ માની મહાદુઃખરૂપ પરિણામ કરવા એવી આ જીવની અવસ્થા થઈ. જીવના આ મોહ, રાગ, દ્વેષરૂપ પરિણામને કારણે નવા કર્મોનો બંધ થતો રહ્યો અને કર્મોની સત્તા કાયમ જ રહી.

શરીરનો આમાં શો દોષ? જીવની જ આ મહામૂર્ખાઈ હતી. કર્મોએ આ જીવને કોન્ટ્રાક્ટ (Contract) આપી બોલાવ્યો છે. તે પોતાની મરજીથી થોડો જ આવ્યો છે! તેનો કોન્ટ્રાક્ટ પૂરો થતાં તે જીવની સંગત છોડી દે છે. સૂત્રધાર તો કર્મ જ છે. તેના હાથમાં રિમોટ કંટ્રોલ છે. કર્મ આ જીવને કદિ દેખાયાં જ નથી કે નથી તેના જ્ઞાનમાં આવ્યાં કારણ કે તે તો સૂક્ષ્મ છે.

જીવ નિરંતર મોહ, રાગ, દ્વેષ કરતો રહે છે અને અક્કેક સમયમાં અનંત કર્મ પરમાણુ બંધાય છે, અને જીવપ્રદેશમાં આવી વાસ્તવ્ય કરે છે, મુકામ કરે છે. જુના કોઈક કર્મો પોતાની સ્થિતિ પૂર્ણ થતાં નીકળી જાય છે તો પણ કર્મોની સત્તા અખંડ ચાલુ જ રહે છે. અનાદિથી સત્તામાં પડેલાં કર્મોમાં નિત્ય નવા કર્મપરમાણુ આવી મળતાં રહે છે અને જુના કેટલાક પરમાણુ નીકળી જાય છે.

માત્ર બંધ બાંધવા અને છૂટી જવા એટલા પર જ નભ્યું હોત તો કોઈ વાંધો ન હતો. પરંતુ જીવને છોડી આ કર્મો જવા માંડે ત્યારે તે જીવને ભેટ આપી જાય છે. ફળ આપી જાય છે. ભાડું આપે છે. આને જ આપણે કર્મનો ઉદય કહીએ. આઠ કર્મો પોતપોતાના સ્વભાવાનુસાર જુદાં જુદાં ફળો આપે છે તે આપણે પહેલાં જ સવિસ્તાર જોઈ ગયાં.

રે જીવ! તું જો આવો વિચાર કરતો હોય કે 'કર્મ કેટલાં સારા છે કે તે આપણને ભેટ-ફળ આપી જતાં રહે છે. આપણાં આ સુંદર શરીરની રચના કરે છે. આપણને સુખ સાધનો ઉપલબ્ધ કરી આપે છે! તો પછી મારે એમ કહેવું પડશે કે 'હે જીવ, તને ભોળો કહું કે બુધ્ધુ કહું! જરા વિચાર તો કર. કર્મ કંઈ તારા ઉપર ઉપકાર કરતાં નથી. તેમને તો પોતાની સત્તા, પોતાની પરંપરા કાયમ રાખવી છે. તું જો તેમનાં ફળોમાં જોડાઈશ નહીં, તેમાં હરખ-શોક, વિષાદ, મોહ ન કરે તો તું નવા કર્મો પણ બાંધીશ નહીં. અને આમ થતાં થતાં કર્મોની સત્તા જ સંપુષ્ટ થશે, કર્મોનો અભાવ થશે. તું પૂર્ણ સુખી થઈશ.

હે જીવ, તારી મૂર્ખાઈ તો જો! તું તો અમૂર્તિક-પ્રદેશોનો પુંજ પ્રસિધ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક, અનાદિનિધન વસ્તુ પોતે જ છે, પણ આ કર્મ નોકર્મ વર્ગણાના ઢગલાને તેં 'સ્વ' માન્યું. નામકર્મે પોતાનું આખું કૌશલ્ય હોડમાં મુક્યું અને તારા માટે આ શરીર, ઈન્દ્રિયો આદિ રૂપે કારાગૃહ બનાવ્યું. આયુકર્મે અમુક એક ચોક્કસ સમયસુધી તને 'બંદી' બનાવ્યો. મોહનીય કર્મે તારા ઉપર એવી મોહિની નાખી કે તું તે કારાગૃહને જ, જેલને જ પોતાનું સ્વરૂપ માની બેઠો.

કારાગૃહ નિર્માણ થયું ત્યારે હર્ષોલ્હાસ કર્યો, દરેક વર્ષે તેની વર્ષગાંઠ ઉજવી અને તે કારાગૃહની સારસંભાળમાં જ આખો સમય ગુમાવ્યો. આ કારાગૃહની પતજડ કે ખરાબી થતાં ડોક્ટરોને પૈસા આપી તેની મરંમત કરાવી અને આ કારાગૃહમાંથી બીજા કારાગૃહમાં જવાનો સમય આવ્યો ત્યારે રડી આખડી આક્રાંત કર્યો.

હે જીવ! તું તો જ્ઞાનમય છે, કેવળજ્ઞાન સ્વભાવી છે. આ કારાગૃહથી ભિન્ન છે તોપણ તેના નાનકડા કાણાવડે–ઈંદ્રિયોવડે તને બહારનું થોડું જ્ઞાન મળ્યું તો તેટલાં અલ્પજ્ઞાન જેટલો જ તેં

પોતાને માન્યો.

આ તો આખી પુદ્‌ગલની રમત છે. 'પુદ્'નો મતલબ જોડાવું અને 'ગલ' નો અર્થ છૂટા પડવું. નામ અનુસાર જોડાવા છૂટા પડવાની આ ક્રિયા તે પુદ્‌ગલ અચેતન અજ્ઞાની હોવા છતાં સતત કરતું રહે છે. હે જીવ! જ્ઞાની ચેતન બુધ્ધિમાન હોવા છતાં તું જ એવો મૂર્ખ નીકળ્યો કે આ પુદ્‌ગલના નૃત્યને પોતાનું માની તું ક્યારેક હસે છે તો ક્યારેક રડે છે. તેનાથી ભિન્ન એવું પોતાનું અસ્તિત્વ અને સ્વરૂપ તું જાણવા ઈચ્છતો નથી. જાણે કે તે તારી બુધ્ધિ ક્યાંક ગિરવે મૂકી ન દીધી હોય?

હે જીવ, તને થતું હશે કે જન્મથી આ શરીર મેં ધારણ કર્યું છે. તો તેને શા માટે પોતાનું ન માનું? શા માટે વર્ષગાંઠ ન ઉજવું? તે માટે નદીનો દાખલો લઈએ. આપણા ગામની નદી અનેક વર્ષોથી જેમની તેમ વહી રહી છે. નદીસ્વરૂપે તો તે જ છે પણ તેનું પાણી જે આપણે ગઈ કાલે જોયું હતું તે આજે સેંકડો માઈલ દૂર વહી ગયું છે. અને આજે જે નદી આપણે જોઈએ છીએ તે પાણી બીજા સ્થળેથી આવ્યું છે. પણ પ્રવાહ રૂપે પાણીનું અસ્તિત્વ કાયમ હોવાથી આપણને એ જ નદી છે એમ લાગે છે.

બરાબર તેવી જ રીતે જન્મથી આ મનુષ્ય શરીર આપણને દેખાય છે. તેમાં હર સમયે અનંત પરમાણુ આવી મળે છે અને અનંત પરમાણુ હર સમયે છૂટી જાય છે. તોપણ તે જ શરીર કાયમ છે એમ આપણને લાગે છે.

અરે જીવ, આ બધામાં કાયમ રહેનારો તો તું પોતે જ છે. જીવનો એક પણ ગુણ ઓછો વત્તો થતો નથી કે જીવ પુદ્‌ગલરૂપે પરિણમતો નથી, કોઈપણ પુદ્‌ગલો કાયમ માટે જીવ સાથે બંધાતાં નથી. કર્મનો અને નોકર્મનો પ્રત્યેક પરમાણુ પોત પોતાની સ્થિતિ નિશ્ચિત કરીને જ જીવ સાથે સંબંધ જોડે છે, બંધાય જાય છે અને પોતાના જ કારણે છૂટી અન્યત્ર જાય છે.

પુદ્‌ગલ જીવને પોતાનો ગણાતો નથી કારણ તેમાં શ્રધ્ધા ગુણ નથી. પુદ્‌ગલ જીવને પોતાનો અથવા સ્વ જાણતો નથી કારણ તેમાં જ્ઞાન ગુણ નથી. પુદ્‌ગલ જીવમાં મગ્ન થતો નથી, કારણ તેમાં ચારિત્ર ગુણ નથી. પુદ્‌ગલ દુઃખી અથવા સુખી થતો નથી કારણ તેમાં સુખ ગુણ નથી.

પણ આ જીવ પુદ્ગલને પોતાનો અથવા સ્વ માને છે, તે તેના શ્રધ્ધા ગુણને કારણે ન હોઈ શ્રધ્ધા ગુણની વિપરીત અવસ્થાને કારણે એટલે કે મિથ્યાદર્શનને કારણે માને છે. જીવ પુદ્ગલને પોતાનો અથવા સ્વ જાણે છે એ જાણવું જ્ઞાનગુણના કારણે હોય તોપણ વિપરીત જાણવું તે મિથ્યાજ્ઞાનને કારણે બને છે. જીવ પોતે જ પુદ્ગલમાં મગ્ન થાય તે ચારિત્ર ગુણના વિકારને કારણે મગ્ન થાય છે.

માનવું, જાણવું, મગ્ન થવું વગેરે જીવની વિશેષતાઓ છે, પુદ્ગલમાં એ નથી. એમાં જે વિપરીતતા જોવામાં આવે તે જીવ પોતે ભૂલ કરે છે અને એ જ સમયે મોહનીયકર્મની ઉદયરૂપ અવસ્થા જોવા મળે છે. તે કારણે કર્મ ઉપર આરોપ કરી ઉપચારથી કહેવામાં આવે છે કે કર્મને કારણે આ વિકાર થયો. એમ કહેવું ભૂલ ભરેલું નથી પણ તેમ જ માનવામાં આવે તો નુકસાન જીવને જ છે.

કર્મ પોતાની યોગ્યતાથી જ બંધાય છે. અને ઉદયમાં પણ આવે છે તે સમયે જીવ તો કર્મમાં મગ્ન થઈ જાય છે. તેમાં જ ઈષ્ટ અનિષ્ટ માની મોહ, રાગ, દ્વેષ કરે તે તેની પોતાની જ ભૂલ છે, કર્મ કાંઈ એને જબરદસ્તી કરતું નથી.

જીવની આ ભૂલ પણ તેના પોતાને કારણે પોતાની યોગ્યતાથી સુધરશે. કોઈ પણ કર્મ તેમાં બાધા ઉભી કરતું નથી, કોઈ પણ કર્મ તેને મદદ કરતું નથી. જીવે પુદ્ગલને ‘સ્વ’ માન્યું હતું તેણે પોતાને સ્વ માનવું, જીવે પુદ્ગલને સ્વ જાણ્યું હતું તેણે પોતાને સ્વ જાણવું, અને આ યથાર્થ શ્રધ્ધા અને જ્ઞાન સાથે પોતામાં મગ્ન થવું. પછી કઈ ઈષ્ટ-અનિષ્ટતા ને ક્યો રાગદ્વેષ? મોહ, રાગ, દ્વેષ જ થંભી જાય તો નવા કર્મનો બંધ પણ થંભી જશે. આને સંવર કહેવામાં આવે છે.

હે જીવ. તારો આ વિવેક જાગૃત થતાં જ કર્મ પોતાનું કામકાજ સંકેલી લેવાની શરુઆત કરશે. કર્મોના સ્થિતિ અનુભાગ ઓછાં થવા માંડશે. જુના કર્મો પોતાની સ્થિતિ ઓછી કરી નીકળી જશે - આને નિર્જરા કહેવાય છે.

હે જીવ, બસ એકવાર તું પોતે પોતાને જાણીશ, અને તેમાં મગ્ન થઈશ તો તને અપૂર્વ આનંદની પ્રાપ્તિ થશે. તો પછી તને

વારંવાર પોતાને નિહારવાનો સ્વસન્મુખ થઈ સ્વાનુભવનો રસ જાગશે. પછી પુદ્ગલના નાચમાં તને રસ પડશે નહીં.

પુદ્ગલોનું - કર્મ નોકર્મનું તારી સાથે આવાગમન હજુ ચાલુ જ રહેશે. તું તેને જાણીશ પણ, પરંતુ હવે તું તેને પોતાના માનીશ નહીં. પુદ્ગલને પુદ્ગલ રૂપે જ જાણીશ, માનીશ, તેને પરરૂપે જાણીશ-માનીશ. એ પુદ્ગલને જોઈ થોડાંઘણાં પ્રમાણમાં રાગદ્વેષ પણ આવશે પણ હવે તે રાગદ્વેષોનો સ્વામી તું નહીં હોય, રાગદ્વેષોને પણ પરરૂપે જાણીશ, પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવીશ પણ પોતાના સ્વભાવમાં તેઓને સ્થાન આપીશ નહીં.

હે જીવ, આજસુધી શરીરની ક્રિયા કરવામાં અથવા છોડવામાં તેમ જ શુભાશુભ રાગ કરવાને અથવા છોડવાને જ તેં પોતાનું કર્તવ્ય માન્યું હતું, તેમાં જ ધર્મ થાય છે એમ માન્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો ઉપવાસાદિ શરીરની ક્રિયા કરવામાં અને પુણ્ય (શુભભાવ) કરવામાં જ ધર્મ થાય એમ તે માન્યું હતું. હવે તો જાગ! જ્યારે તને તારું સ્વરૂપ સમજવાની જિજ્ઞાસા જાગૃત થશે ત્યારે તે સ્વરૂપ સમજાવનારા પણ તને સહેલાઈથી મળશે. તારી પાત્રતા જ તારો માર્ગ સુગમ બનાવશે. અત્યંત રુચિપૂર્વક તું પોતાનું સ્વરૂપ સાંભળીશ તો ચોક્કસ તારી સમજણમાં આવ્યા વગર રહેશે નહીં.

જુઓ જોઉં, કેવું સહેલું વસ્તુસ્વરૂપ છે આ! જ્ઞાની આત્માનુભવી જીવ પોતાના સ્વભાવમાં-શુદ્ધોપયોગમાં ટકી શકતો નથી ત્યારે તેને બીજાને સ્વભાવ વિષે સમજાવવાના વિભાવ (શુભભાવ) આવે છે. સાંભળનારો પાત્ર જીવ સ્વભાવની રુચિ કરી સ્વભાવનું લક્ષ કરે છે, ત્યારે સ્વભાવમાં સ્થિર થતાં જ તેનાં પોતાના વિભાવનો નાશ થાય છે, તેને આત્માનુભવ થાય છે.

હે જીવ, તું પોતે સમજવાનો અને સ્વસન્મુખતાનો પુરુષાર્થ કરીશ ત્યારે જ સંવર નિર્જરારૂપ કાર્ય પ્રગટ થશે અને તું મોક્ષ તરફ અગ્રેસર થઈશ. હે ભવ્ય! એ જ એકમેવ કાર્ય તમે આ જ ભવમાં કરવાનો નિર્ધાર કરો. તમારું અવિનાશી કલ્યાણ થશે.

એ જ લિ.

**તમારી બા.**

# કર્મ-નોકર્મ નિષેકરચના

પત્રાંક ૫ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૨૧ જુલાઈ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

તમે જાણો જ છો કે આ લેખમાલા મેં પ્રથમ હિન્દીમાં શરૂ કરી હતી અને ‘સન્મતિ સંદેશ’ માસિકમાં તે નિયમિત છપાય છે. મોના, રીનાએ આ લેખ હિન્દીમાં વાંચ્યા પછી તેની પ્રતિક્રિયા તેણે લેખની પાછળ લખી મને જણાવી હતી એને તારી જાણ માટે લખું છું.

“છેલ્લાં બે પાના વાંચી મન ભરાઈ આવ્યું. તારા આ બોલ હંમેશા (વાંચ્યા પછી થોડાં દિવસ) કાનમાં ગુંજતા રહે છે. કોઈક ઉંડાણથી કહી રહ્યું છે કે હવે તો ‘સ્વ’ને ઓળખ.

બધા જ અનુકૂળ સંજોગો (ઉત્તરોત્તર દુર્લભ બાબતો) ભેગાં થયાં છે. આ ભવમાં જો હું મને ન ઓળખું તો મારા જેવી કમનસીબ હું જ.

તારા લેખોથી, પ્રવચનોથી આ રુચિ, આ પરિણામો કાયમ ટકે અને હું મારું ધ્યેય (પ્રયોજન) સાધું એ જ મારી ઈચ્છા.

ફરી પાછું - આ જે વિચારો આવે છે તે આસ્રવ છે અને તેમનો પણ હું કર્તા નથી, જ્ઞાતા છું.”

વાંચી બહુ જ સમાધાન પામી. શાસ્ત્રનું મર્મ તમે બરાબર ગ્રહણ કરો છો. રીના તો હર રવિવારના દાદાના ક્લાસ-કમ-પ્રવચનમાં આવે છે. ગઈ ૭મી જુન ૧૯૯૮થી આજસુધી દોઢ કલાકના ૫૫ લેક્ચર્સ થયાં. મોના તારી માંગ હતી કે ‘રીયા મોટી થતાં તેને આ શાસ્ત્રજ્ઞાન કોણ આપશે? માટે સિધ્ધાંત પ્રવેશિકા ઉપરના આ બધાં પ્રવચનો ટેપ કરો’ તે મુજબ ટેપિંગ ચાલુ જ છે. તે ઉપરથી બીજા ૨૪-૨૫ જણે પોતપોતાના ટેપ્સ્ કરી તેઓના સેટ્સ પણ તૈયાર છે અને બીજાઓને પણ તેઓ સાંભળવા આપે છે.

મોના, તું પણ અમને ૧૦-૧૦, ૧૫-૧૫ દિવસ ઔરંગાબાદ બોલાવી ક્લાસેસ અરેન્જ કરે છે તેથી તમારી સાથે બીજા ૩૦-૪૦ જણને પણ આ લાભ મળે છે.

આ બધી વાતો પરથી તમને બેઉને ખરેખર સ્વાધ્યાયમાં રુચિ જાગી છે, અને શિખેલું બધું તમે આત્મસાત કરો છો તે જોઈ ઘણું જ સમાધાન થાય છે.

આપણે, કર્મ-નોકર્મનો બંધ કેવી રીતે થાય છે, તેની સ્થિતિ અને ઉદયકાળ, નિષેકરચના વગેરે બાબતો જોઈ. જીવમાં કર્મ-અને નોકર્મ ગ્રહણ કરવાની જે શક્તિ છે તેને 'ભાવયોગ' કહે છે તેનું કારણ જીવના પ્રદેશોનું કંપન છે - તેને 'દ્રવ્યયોગ' કહે છે.

જીવ આ કર્મ-નોકર્મને ગ્રહણ કરે છે અને કાર્માણ શરીર અને નોકર્મ શરીર બને છે. તમે સિધ્ધાંત પ્રવેશિકામાં શિખ્યાં હતાં કે શરીર પાંચ પ્રકારના છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ અને કાર્માણ શરીર. તેમાંથી પહેલા ચાર શરીરોને નોકર્મ શરીરો કહે છે. તેમાં નામકર્મની પ્રકૃતિનો ઉદય નિમિત્ત છે. કાર્માણ શરીર પ્રમાણે આ ચાર શરીરો આત્માના ગુણોનો ઘાત કરતાં નથી અને ગતિ આદિરૂપે પરાધીન પણ બનાવતાં નથી માટે તેમને નોકર્મ (અકર્મ અથવા ઈષત્ કર્મ) નામ આપવામાં આવ્યું છે. કાર્માણ શરીર નામકર્મના ઉદયથી આઠ કર્મોનો સ્કંધ બને છે તે કાર્માણ શરીર કહેવાય.

કર્મ અને નોકર્મોની વધુમાં વધુ કેટલી સ્થિતિ પડે છે તે આજે આપણે જોઈએ. તેને ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાય. દરેક જીવને દરેક સમયે આટલી સ્થિતિ પડતી નથી.

ઉપરોક્ત પાંચ શરીરો સંબંધે જેટલાં પરમાણુ, જીવ એક સમયે ગ્રહણ કરે તેને સમયપ્રબધ્ધ કહેવાય. પણ તેમાંથી પ્રત્યેક શરીરનો સમયપ્રબધ્ધ જુદો જુદો છે. ઔદારિક શરીરની બાબતમાં સમયપ્રબધ્ધ સૌથી અલ્પ છે અને અનુક્રમે ઉત્તરોત્તર શરીરોના સમયપ્રબધ્ધમાં પરમાણુની સંખ્યા ઘણી જ વધુ છે. પરમાણુની સંખ્યા વધતી જાય છે પણ ઉત્તરોત્તર આ શરીરો સૂક્ષ્મ ને સૂક્ષ્મ બનતાં જાય છે. સ્થૂળ શરીર બીજી વસ્તુઓથી રોકાઈ જાય છે પણ સૂક્ષ્મ શરીર અન્ય વસ્તુમાંથી પસાર થઈ શકે છે. ઈન્દ્રિયોથી તે જણાય જ એમ પણ નથી.

ઔદારિક શરીર સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય દ્વારા જણાય છે કારણ તે સ્થૂળશરીર છે. પરંતુ તેજસ શરીર કેવળ સ્પર્શનેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય દ્વારા જ જણાય છે, તેથી તે ઔદારિક શરીર કરતા સૂક્ષ્મ છે. તેજસ શરીરમાં ઔદારિક

શરીર કરતાં પરમાણુઓની સંખ્યા અધિક હોય છે, તેથી પણ અનંત ગુણા પરમાણુ કાર્માણ શરીરમાં હોય છે છતાં તે કાર્માણ શરીર કોઈ પણ ઈન્દ્રિયથી જણાતું નથી તેથી તે સર્વથી સૂક્ષ્મ છે.

ઔદારિક શરીર મનુષ્ય અને તિર્યંચોને હોય છે. જેની ઉત્કૃષ્ટ સ્થિતિ સૌથી વધુ આયુવાળા મનુષ્ય તેમ જ તિર્યંચોને જ હોય છે, તે છે ભોગભૂમિના જીવોની. તેમની સ્થિતિ ૩ પલ્ય છે. વૈક્રિયિક શરીર દેવ અને નારકી જીવોને હોય છે. તે શરીરોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર છે.

આહારક શરીરની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. તેનું કારણ કહી શકશો? આહારક શરીરની વ્યાખ્યા કહો જોઈએ? મુનિ છઠ્ઠા ગુણસ્થાનમાં હોય ત્યારે આ શરીરની રચના થઈ શકે. છઠ્ઠું ગુણસ્થાન છે અંતર્મુહૂર્તનું, એટલે એક અંતર્મુહૂર્તમાં આહારક શરીરનું બનવું અને જિનાલયની વંદના કરી અથવા તિર્થંકરોની નિકટ જઈ પાછા ફરી તે શરીરના પરમાણુ ખરી પડવા, એ બધું જ બને છે.

તેજસ શરીરની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગર છે. કેટલાય ભવો સુધી તેનો ઉદયકાળ ચાલુ રહેતો હોય છે.

કાર્માણ શરીરની ઉત્કૃષ્ટ સ્થિતિ સામાન્ય રીતે સિત્તેર કોડાકોડી સાગર છે. વિશેષ રીતે જોતાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડી સાગર છે. તેમાં આબાધાકાળ ૩૦૦૦ વર્ષનો રહેશે અને બાકીનો ઉદયકાળ હશે. મોહનીય કર્મની સિત્તેર કોડાકોડી, નામ અને ગોત્ર કર્મની વીસ કોડાકોડી અને આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર છે. તેમાંથી આયુકર્મનો ઉદયકાળ એક ભવ જેટલો મર્યાદિત હોય છે અને બીજાં કર્મોનો ઉદયકાળ અનેક ભવો સુધી કાયમ ચાલુ રહે છે.

આ બધા પરથી આપણને એક વાત સહેલાઈથી સમજમાં આવે એમ છે કે અનિષ્ટ સંજોગોથી કંટાળી કેટલાક જીવો આત્મહત્યા કરે અથવા દીર્ઘ રોગોથી પીડિત મનુષ્યને દયામરણ (?) (Mercy Killing) આપવું એવું ઘણાં પોતાનો મત પ્રદર્શિત કરે છે ત્યારે એ લોકો ભૂલી જાય છે કે એ કર્મોનો ઉદય તો આગળના ભવમાં પણ ચાલુ જ રહેશે, આયુકર્મના બાકી બચેલાં નિષેકોની ઉદીરણા થઈ – કદલીઘાત થઈ જીવ વિષભક્ષણ,

શસ્ત્રઘાત વિગેરેથી મરે તોપણ તેના અસાતાકર્મોનો ઉદય તો આગળના ભવમાં પણ ચાલુ રહેશે.

મિથ્યાત્વને કારણે અને તીવ્ર કષાયોના આવેશમાં જીવ સારાનરસાનો વિચાર કરવાની શક્તિ ગુમાવી બેસે છે અને આત્મહત્યા જેવાં પ્રયત્નોથી અતિસંક્લેશ પરિણામ કરી નરકગતિ પામે છે.

આ કર્મ અને નોકર્મના ઉદયકાળમાં જે નિષેકરચના થાય તેમાં પહેલા જ સમયમાં જે નિષેક ખરે તેના કરતાં બીજા નિષેકના દ્રવ્ય એટલે કે પરમાણુની સંખ્યા ઓછી હોય છે; અને તે ક્રમે ક્રમે ઘટતાં જાય છે. આનું સંપૂર્ણ ગણિત એમ તો ઘણું જ મોટું છે પણ સમજવા માટે આપણે કાલ્પનિક સંખ્યા લઈ આ નિષેકરચના સમજી લઈએ. એમાંના પારિભાષિક નામો તમને નવા લાગશે, પણ કદાચ તમને સમ્યગ્જ્ઞાનચંદ્રિકા જે ગોમ્મટસાર ગ્રંથની ટીકા છે તે વાંચવાની ઈચ્છા હોય તો શબ્દાર્થોનો તમને ઉપયોગ થશે.

એમાં ગુણહાનિ એવો એક શબ્દ છે. તેનો અર્થ ગુણાકારના પ્રમાણમાં હાનિ. પ્રત્યેક નિષેકમાં પરમાણુની સંખ્યામાં ઘટાડો થતાં થતાં જ્યારે અર્ધી થાય ત્યારે તેને ગુણહાનિ અથવા એક ગુણહાનિ કહે છે. આ ગુણહાનિ થવામાં જેટલો કાળ વીતે અથવા જેટલો સમય લાગે તેને 'ગુણહાનિ આયામ' કહે છે. આયામનો અર્થ લંબાઈ થાય છે.

આપણે જોયું હતું કે નિષેકોના પરમાણુની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જ જાય અને સ્થિતિના અંતિમ સમયે અંતિમ નિષેક ખરે છે. ઉદયકાળના પહેલા સમયથી અંતિમ સમય સુધી તે નિષેક રચનામાં કેટલીવાર ગુણહાનિ થાય અર્થાત્ પરમાણુની સંખ્યા અર્ધી, તેનાથી પણ અર્ધી એમ કેટલી વાર થાય તે ગણીએ ત્યારે તેને નાનાગુણહાનિ કહે છે.

જેમ કે એક કર્મનો ઉદયકાળ ૪૮ સમયોનો છે એમ માનીએ. જો ૮ સમયોમાં એક ગુણહાનિ થતી હોય તો ૪૮ સમયમાં નાનાગુણહાનિની સંખ્યા ૬ થશે. અને ગુણહાનિ આયામ ૮ થશે. (૮ × ૬ = ૪૮)

કર્મની સ્થિતિમાંથી આબાધાકાળ બાદ જતાં જે બચે તે 'અવશેષ સ્થિતિ' અથવા 'ઉદયકાળ' છે. આપણે હમણાં ત્રણ

શબ્દો શિખ્યા - ગુણહાનિ, ગુણહાનિ આયામ, નાના ગુણહાનિ. જ્યારે બે ગુણહાનિ એમ કહેવામાં આવશે ત્યારે ગુણહાનિ આયામ કે જે આપણે ૮ સમયોનો લીધો હતો તેને બે વડે ગુણીએ ત્યારે ૨ x ૮ = ૧૬ થશે.

ઉપર આપણે નાનાગુણહાનિનું પ્રમાણ જોયું હતું તે છે ૬. હવે અન્યોન્યઅભ્યસ્તરાશિ શોધવા જેટલી નાનાગુણહાનિ હોય તેટલી વાર (૬ વાર) ૨ની સંખ્યા લખી સિધેસિધો ગુણાકાર કરવો. ૨ x ૨ x ૨ x ૨ x ૨ x ૨ = ૬૪. આ છે અન્યોન્ય અભ્યસ્તરાશિ.

પહેલા નિષેકથી માંડી અંતિમ નિષેક સુધીના બધાં પરમાણુની જે સંખ્યા છે તેને સર્વધન (Total) કહે છે.

આ સર્વધનને 'અન્યોન્યઅભ્યસ્તરાશિ - ૧' ની સંખ્યાવડે ભાગીએ ત્યારે અંતિમ ગુણહાનિનું દ્રવ્ય (પરમાણુની સંખ્યા) આવે છે.

આપણે સર્વધન ૬૩૦૦ લઈએ અને તેને (૬૪-૧) એટલે ૬૩ વડે ભાગીયે ત્યારે ૧૦૦ આવે. ૧૦૦ અંતિમ ગુણહાનિનું દ્રવ્ય. એનો અર્થ કે છેલ્લાં ગુણહાનિમાં ૧૦૦ પરમાણુ છે.

આપણે કુલ ૬ ગુણહાનિઓ જોઈ હતી. છેલ્લી ૬ઠી ગુણહાનિમાં ૧૦૦ પરમાણુ, પાંચમામાં તેનાથી બમણાં એટલે કે ૨૦૦ પરમાણુ, ચોથામાં ૪૦૦ પરમાણુ, ત્રીજામાં ૮૦૦ પરમાણુ, બીજામાં ૧૬૦૦ પરમાણુ અને પહેલી ગુણહાનિમાં ૩૨૦૦ પરમાણુ હશે. સરવાળો ૬૩૦૦ નો થયો ને?

પહેલી ગુણહાનિમાં ૩૨૦૦ પરમાણુ જશે તે તો જાણે સમજાયું, પણ આ ગુણહાનિ તો ૮ સમયોની છે અને પ્રત્યેક સમયના નિષેકમાં પરમાણુની સંખ્યા ઘટતી જાય છે. તે માટે પહેલા નિષેકના પરમાણુ કેટલા અને પ્રત્યેક સમયે ઘટ કેટલી તે ગણવું પડશે.


આઠ સમયોમાં ૩૨૦૦ પરમાણુ ખરે છે. અર્થાત્ સરેરાસ ૪૦૦ પરમાણુ ખરે છે. આઠ સમયોમાં આઠ નિષેક ખરે છે. તેથી ગચ્છ આઠ છે. પ્રત્યેક નિષેકના પરમાણુની સંખ્યા ક્રમશઃ ઘટતી જાય છે. દરેક સમયે જે ઘટ થાય છે તેને 'ચય' કહેવામાં આવે છે. ચયનું પ્રમાણ કાઢવા માટે 'ગચ્છ બાદ એક' ભાગ્યા બે $\left[\frac{૮-૧}{૨} = \frac{૭}{૨}\right]$ આ સંખ્યા એ ગુણહાનિમાંથી બાદ કરતાં $\left[\frac{૨૫}{૨}\right]$ સંખ્યા આવે છે.

આ સંખ્યાથી ઊપર જણાવેલ સરેરાસને (મધ્યધનને) ભાગતાં ચયનું પ્રમાણ મળે છે. ૪૦૦÷૨૫/૨=૩૨ માટે પહેલા ગુણહાનિમાં ઘટનું એટલે કે ચયનું પ્રમાણ ૩૨ આવે છે.

ચય x ૨ ગુણહાનિ = પહેલા નિષેકના પરમાણુઓની સંખ્યા. માટે ૩૨ x ૧૬ = ૫૧૨ આ પહેલા નિષેકના પરમાણુઓની સંખ્યા થશે. આ માટે બીજી પણ એક રીત છે. તે આવી -

સર્વધનને સાધિક દોઢ ગુણહાનિ વડે ભાગીયે (૬૩૦૦/ સાધિક ૧૨) = ૫૧૨ પહેલા ગુણહાનિના ૧લા નિષેકના પરમાણુની સંખ્યા મળી. આ સંખ્યાને બે ગુણહાનિથી ભાગતાં ૫૧૨/૧૬ = ૩૨ 'ચય' એટલે ઘટ થાય તેનું પ્રમાણ આવ્યું. ચય એટલે Difference.

નિષેક રચના




સર્વધન = ૬૩૦૦

આ ચય બીજા ગુણહાનિમાં અર્ધો (૧૬) હોય છે. ત્રીજી ગુણહાનિમાં (૮) થશે. આમ ઉત્તરોત્તર અર્ધો અર્ધો થતો જશે.

મે તમને સમજાવા માટે આડી રેખાઓમાં સમજાવ્યું છે. શાસ્ત્રમાં સમજાવવા માટે હંમેશ પહેલો સમય નીચેની બાજુએ અને બીજો સમય તથા ત્રીજો સમય તેથી ઉપર ઉપર લેવામાં આવે છે.


નિષેકની આ રચનાને 'ત્રિકોણ રચના' એવું નામ આપવામાં આવ્યું છે.

ગોમ્મટસારમાં તેનું '⍋' આવું ચિન્હ છે. આપણાં અત્યારના દાખલા ઉપરથી આપણે તેને જોઈએ.

નીચેની ઉભી રેખા આબાધાકાળ બતાવે છે. આ કાળાવધીમાં એકેય પરમાણુ ખરતો નથી. ઉદયમાં આવતો નથી. ત્યાર પછી દરેક સમયમાં ઘટતી સંખ્યામાં પરમાણુ ઉદયમાં

આવતા રહે છે.

નિષેકોની ત્રિકોણરચના




આ ઉપરથી એવું સમજાય છે કે જીવે એક સમયમાં જે અનંત કર્મપરમાણુ અથવા નોકર્મ પરમાણુ ગ્રહણ કર્યા તેમાંથી પ્રત્યેક નિષેકની પોતપોતાની જુદી જુદી સ્થિતિ છે. આપણે કર્મની સ્થિતિ એમ માનીએ ત્યારે અંતિમ નિષેકોની તે સ્થિતિ કહેતા હોઈએ. પણ પહેલા નિષેકની સ્થિતિ તો આબાધાકાળ + ૧ સમય જેટલી છે.

પાંચેય શરીરોના દરેક પરમાણુની પોતાની નિશ્ચિત સ્થિતિ છે. આટલી બધી સ્વતંત્રતા જોયાં બાદ શરીરનો હું કર્તા, હું મારી ઈચ્છા મુજબ દુબળો કે જાડો થાઉં છું, હું સંતાનોને ખવડાવી પિવડાવી હૃષ્ટપુષ્ટ કરૂં છું આવો આપણો દુરાગ્રહ કેટલો વ્યર્થ છે, તેનો ખ્યાલ આવે છે.

આપણને કેટલાક રોગીઓ એવા દેખાય છે કે જે જાણે થોડાક કલાકના જ મહેમાન છે તો પણ કેટલાક મહિના કે વર્ષો જીવે છે. અને કેટલાક હટ્ટાકટ્ટા માણસો પણ કાંઈ જ કારણ વગર ક્ષણભરમાં મરણ પામે છે. તે સમયે આપણું લક્ષ બાહ્ય નિમિત્તોઉપર હોય છે પરંતુ આયુકર્મની સ્થિતિ અને શરીરની સ્થિતિ તે જ સાચું નિમિત્ત છે અને જીવની પોતાની યોગ્યતા તે ઉપાદાન છે.

નિમિત્તથી કોઈ જ કાર્ય થતું નથી એ ત્રિવાર સત્ય છે. જ્ઞાન કેવળ તે નિમિત્તોને જાણે છે. અજ્ઞાનીની બમણી ભૂલ થાય, ચોક્કસ નિમિત્ત કર્યું, તેનું જ્ઞાન પણ તેને નથી. માટે તેનું જ્ઞાન ખોટું અને તે નિમિત્તે જ કાર્ય ઘડી કાઢયું એવી શ્રધ્ધા પણ ખોટી છે.

દરેક કર્મની અને નોકર્મની પોતપોતાની સ્વતંત્ર નિષેક રચના હોય છે. એટલું જ નહીં, તો દરેક સમયમાં બંધાયેલ કર્મ-નોકર્મોનો ઉદયકાળ જુદો જુદો હોય છે, અને તેની નિષેકરચના પણ ભિન્ન ભિન્ન હોય છે. ભિન્ન ભિન્ન સમયે બંધાયેલ કર્મોનો જે નિષેકોનો ઉદય હોય તે બધાંનું ફળ આપણ તે એક વિશિષ્ટ સમયે મળતું રહે છે. આમાં ક્યારેક તીવ્ર ઉદય તો ક્યારેક મંદ ઉદય રહેતો હોય છે. કર્મનો ઉદય ક્યારેય એક સમાન રહેતો નથી. માટે તેને અસમાન કહેવામાં આવ્યો છે.

પ્રથમાનુયોગની અનેક કથાઓમાં અને આપણી આજુબાજુની અનેક વ્યક્તિઓના જીવનમાં કર્મોદયના ચઢઉતાર આપણે જોઈએ છીએ. પુણ્ય-પાપનું આ ફળ કર્મોદયાનુસાર મળતું રહે છે. તેથી અનુકૂળ પરિસ્થિતિમાં પોતાને મહાન ગણવું અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં હીન માનવું ભૂલ ભરેલું મનાશે. જીવ આ બન્ને સંજોગોનો તો માત્ર જ્ઞાતા જ છે. મેં પહેલાં પુણ્ય કર્યું હતું માટે જુઓ હું કેટલો સુખી છું એમ જે માને, તેમ જ હવે પુણ્ય કરીને સારા સંજોગ મળતાં રહે એમ જે માને તે પુણ્ય કરવા જેવું છે, બંધન કરવા જેવું છે એમ માને છે. તે એની બંધ તત્ત્વ બાબત વિપરીત માન્યતા છે.

જીવે શુભભાવ કરી મોટા પુણ્યનો સંચય કરી રાખ્યો હશે તો તે જ રૂપે ઉદયમાં આવશે એ ભરોસે રહેતાં નહીં. હમણાં તો આપણે માત્ર બંધ, ઉદય અને સત્તા એમ ત્રણ અવસ્થાઓ જોઈ છે. અલી! સત્તામાં રહેલાં કર્મોમાં પણ જીવના પરિણામ નિમિત્તે ઉથલપાથલ થઈ શકે છે.

જેમ કે કોઈએ લાખો રૂપિયાનું દાન કરી મંદિર બાંધ્યું. થોડા વર્ષ બાદ તેને ગરીબી આવી, જો તેના મનમાં આવે કે, અરેરે! મેં વ્યર્થ આટલાં પૈસા આપ્યાં. એટલા પૈસા આજે મારી પાસે હોત તો મારા આવા હાલ ન થયાં હોત. આવા અથવા બીજા અશુભ ભાવ કરવાથી પૂર્વે બાંધેલા પુણ્ય કર્મ પાપરૂપે પરિવર્તિત થઈ શકે તેને 'સંક્રમણ' કહેવાય છે.

કર્મોની આવી દસ અવસ્થાઓનું વર્ણન શાસ્ત્રમાં કર્યું છે. તે અવસ્થાઓ આ મુજબ છે. ૧) બંધ, ૨) સત્તા, ૩) ઉદય, ૪) ઉદીરણા, ૫) ઉત્કર્ષણ ૬) અપકર્ષણ, ૭) સંક્રમણ, ૮) ઉપશમ, ૯) નિધત્તિ અને ૧૦) નિકાચિત.

આ દસ નામો મોઢે કરો. સહેલાં છે. નાના નાના ઘણાં બાળકોએ તે મોઢે કરી બતાવ્યાં છે.

કર્મોના આવા જુદાં જુદાં નામથી ગભરાઈ જવાની જરૂર નથી. કર્મોની આ અવસ્થાઓ જીવનાં પરિણામોનું માત્ર પ્રતિબિમ્બ છે. અથવા થર્મોમીટર છે.

જીવના પરિણામોની વિચિત્રતા આ પ્રમાણે દેખાઈ આવે છે. જેમ કે કોઈ ગ્રુપ ફોટોમાં કોઈની આંખો બંધ હોય, કોઈનું મોં ઉઘાડેલું હોય તો કોઈના નાકનું ટીચકું ચડેલું હોય. ફોટો જોકે કાગળની અને રંગોની અવસ્થા હોય છતાં તે તે વ્યક્તિએ ફોટો પાડતાં સમયે ચહેરો કેવો રાખ્યો હતો તેનું તે ફોટો દ્યોતક છે.

તેમ જ કર્મોની આ વિવિધ અવસ્થા જીવના પરિણામોની દ્યોતક છે. જુઓ તો ખરા! એક સમયમાં જીવ, મોહ, રાગ દ્વેષ કરે છે તે કારણે શું શું થાય છે? એક તો જીવ તે સમયે દુઃખી થાય કારણ મોહ, રાગ, દ્વેષ જ દુઃખનું કારણ છે, બીજું જે પરિણામોને નિમિત્તે આઠેય કર્મો બંધાય જે ભવિષ્યમાં ઉદયમાં આવી જીવને ફરીથી ફળ આપે છે. ત્રીજું, તે જ પરિણોમોને કારણે સત્તામાં પડેલાં પૂર્વે બાંધેલાં જૂના કર્મોમાં પણ હેરફેર થાય છે.

કર્મના ઉદય સામે જ જોતાં રહીએ તો જીવને મોહ, રાગ, દ્વેષ થતાં જ રહેશે અને નવાં નવાં કર્મો સતત બંધાતાં રહેશે. જીવ પોતાનું સ્વરૂપ જિનેન્દ્ર કથિત આગમો દ્વારા જાણીને જો કર્મના ઉદય તરફ દુર્લક્ષ કરી પોતાના સ્વભાવ પર લક્ષ કેન્દ્રિત કરી, તેનો જ વિચાર, ચિંતન, મનન અને અનુભવ કરે તો મિથ્યાત્વનો અંત આવશે, રાગ દ્વેષનો આંશિક અભાવ થશે. મોક્ષમાર્ગની શરૂઆત થશે. ભેદજ્ઞાન અને આત્મસ્થિરતા કરતાં કરતાં આ જીવ વીતરાગી બનશે, ત્યાર બાદ સર્વજ્ઞ થશે, ત્યાર બાદ બાકીના કર્મો પણ ખરી જશે. નોકર્મ પણ પોતાની સ્થિતિ પૂર્ણ કરી ખરી જશે અને જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મથી રહિત એવા પૂર્ણ શુધ્ધરૂપે પ્રગટ થશે. એ જ સિધ્ધ અવસ્થા છે.

સ્વભાવથી હું પણ એવો જ શુધ્ધાત્મા છું અને પર્યાયમાં પણ અલ્પકાળમાં જ સિધ્ધ બનીશ એવો દૃઢ વિશ્વાસ રાખીએ. આપણે અવશ્ય યશસ્વી થઈશું.

એ જ લિ.

તમારી બા.

# જીવ અને કર્મની સ્વતંત્રતા

પત્રાંક ૬ ॥ૐ નમ: સિદ્ધેભ્ય:॥ ૩૦ જુલાઈ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

દીકરીઓ, ચારેય અનુયોગોનો સાર વીતરાગતા છે. પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ આ ચાર અનુયોગોનું સ્વરૂપ આપણે પહેલા 'પત્રો દ્વારા જૈનતત્ત્વ પરિચય'માં શિખ્યા હતાં. ત્યારે મુખ્યત: દ્રવ્યાનુયોગ દ્વારા આપણે વસ્તુનું સ્વરૂપ જોવાનો પ્રયત્ન કર્યો હતો. હવે કરણાનુયોગનો આપણો વિષય ચાલુ છે.

કર્મનું આટલું સૂક્ષ્મ વિવેચન, તેની દસ અવસ્થાઓ, કર્મનો બંધ અને ક્ષય, કર્મમાંથી મુક્ત થવાની વિધિ એ બધી બાબતો સર્વજ્ઞ વગર કોણ કહી શકશે? કોઈએ પણ પોતાની કલ્પનાથી આ લખેલ નથી.

તમે કહેશો, 'આ બધી બાબતો જાણવાની શી આવશ્યકતા છે? આનું ગણિત, કર્મોની અવસ્થાઓ વગેરે ન જાણનારને પણ સમ્યગ્દર્શન તો થઈ શકશે.' આવશ્યકતાનો જ જો વિચાર કરવો હોય એમ કહીએ તો હું તમને એમ પૂછું કે પેટ ભરવા ૩ થી ૪ રોટલીઓ અને દાળ ભાત શાક પુરતો છે. તો પછી રોજ વિવિધ પદાર્થો કેમ બનાવો છો? બે જોડ કપડાથી આપણી આવશ્યકતા પૂરી થાય તો નિત્ય નવાં કપડાં નવી ફેશનના અને જુદાં જુદાં રંગના શા માટે ખરીદો છો? રોજ વર્તમાનપત્ર શા માટે વાંચો છો? T.V. શા માટે જુઓ છો?

માત્ર સ્વાધ્યાયની બાબતમાં જ આ પ્રશ્ન ઉભો થતો હોય તો આપણી રુચિ ક્યાં છે તેનો અંદાજ આવે છે. આ પ્રશ્ન જેણે તેણે પોતાને જ પૂછવો, બીજાં સામે આંગળી ચીંધવાની ગરજ નથી.

દીકરીઓ, આપણું મન વાંદરા જેવું ચંચલ છે. તેને નિત્ય નવું અવલંબન જોઈતું હોય છે, આપણે સમાચાર છાપામાં વાંચીએ અને T.V. પર જોઈએ છીએ તે પણ આપણી જ્ઞાનપિપાસા ઓછી કરવા માટે જ કરીએ છીએ. કથા, કાદંબરી અને T.V. સિરિયલ જોતાં ઘણાં જ ઉત્સુકતાથી હવે આગળ શું

આવશે તેની રાહ જોઈએ છીએ, અથવા અક્કલ લઢાવીએ છીએ તેના પર ચર્ચા પણ કરીએ. ત્યા આપણે જાણતાં હોઈએ કે આ બધું કાલ્પનિક છે. લેખકની કલ્પનાથી સાકારેલી આ વાતો છે અને T.V. પર જે પાત્રો દેખાય છે તે ભૂમિકા પાર પાડવાવાળા નટો પણ તે ભૂમિકાઓથી ભિન્ન છે.

છતાં રોજના ૩-૪ કલાક કે તેથી વધુ સમયમાટે T.V. જોઈ પાત્રોના સુખ દુઃખો સાથે સમરસ થઈ આપણે પણ રાગ દ્વેષ કરીએ ને સુખી દુઃખી થતાં હોઈએ છીએ. શાસ્ત્રીય ભાષામાં આ બધાને વિકથા કહેવાય છે. તે પ્રમાદનો એક ભેદ છે. બંધના કારણોમાં આપણે પ્રમાદને પણ એક કારણ ગણ્યું હતું. પણ એની આવશ્યકતા શી છે એવો પ્રશ્ન આજસુધી કોઈએ પણ પોતાને પૂછ્યો નહીં હોય. આવી અનાવશ્યક વાતો કરી કર્મબંધનો દંડ ભરવો પડે છે તેથી તેને અનર્થદંડ કહી શકીશું. હશે તે વિષય જુદો છે.

કરણાનુયોગ વાંચીને પણ આપણને વીતરાગતાની પ્રાપ્તિ કરવી છે. સામાન્ય કથન કરતાં સવિસ્તાર વર્ણનથી કોઈક બાબત તરત જ સમજાય છે. તેથી શાસ્ત્રમાં કહ્યું છે કે, **"સામાન્ય શાસ્ત્રતો નૂનં વિશેષો બલવાન ભવેત્"**. એ વીતરાગતા શી રીતે પ્રાપ્ત કરવી તે પણ એક કલા છે.

કરણાનુયોગનો વિષય સૂક્ષ્મ છે. તેને માટે મનની એકાગ્રતાની જરૂર છે. તેમાના કેટલાક ગણિતો તો એવાં છે કે ભલભલાને પરસેવો છૂટે અને મતિ ચકરાવે ચડી જાય. પણ તે જ ઉત્સાહથી સમજી લેવાનો પ્રયત્ન કરીએ તો ઉપયોગ સૂક્ષ્મ બને, વિષય આપણાં ધ્યાનમાં આવે છે. સમ્યક્ત્વના કારણોની અપેક્ષાએ જે ભેદ કહ્યાં છે તેમાનું એક 'બીજ સમ્યક્ત્વ' છે. કરણાનુયોગના જે બીજગણિતો છે તે પણ સમ્યક્ત્વનું કારણ કહ્યું છે અર્થાત્ ઉપયોગની એકાગ્રતામાંથી સ્વસન્મુખ પરિણામો દ્વારા સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

ગુણસ્થાન, માર્ગણા, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ઉપયોગના ભેદ વગેરેનું જે યથાર્થ અને સવિસ્તાર વર્ણન જૈન આગમોમાં જોવા મળે છે તે અન્યત્ર ક્યાંય જોવાં મળતું નથી. અન્યમતિ પણ હું આત્મા છું, આત્મા શુદ્ધ છે, અકર્તા છે, અભોક્તા છે એમ કહે છે અને સર્વથા તેમ જ માને છે. આપણને લાગે છે કે અરે,

આપણાં શાસ્ત્રોમાં પણ એમ જ વાંચ્યું હતું. પણ એટલું યાદ રાખો કે જૈન શાસ્ત્રોનું આ કથન નિશ્ચયનયનું કથન છે અને વ્યવહારકથનમાં જીવને શરીર, ઈન્દ્રિયો, કર્મ, ગુણસ્થાન કેટલાં કેટલાં હોય છે તેનું વર્ણન જોવા મળે છે. પણ અન્યમતિ બીજી બાબતો જાણતાં નથી અને 'બ્રમ્હ સત્ જગત મિથ્યા' કહી પર દ્રવ્યોનો અને પર્યાયોનો સર્વથા નિષેધ કરે છે.

હાલ ઘણાં લોકોમાં એક ધોકાદાયક ભ્રાંતિ જોવા મળે છે. T.V. પર અથવા સાર્વજનિક સ્થાને થતાં અન્યમતિઓના પ્રવચનો સાંભળી તેમાંથી આપણને ગમે તેટલું જ લઈએ એમ તેઓ કહે છે. સાંભળવાથી કે તેનું જ્ઞાન થવાથી કંઈ જ નુકસાન નહીં થાય. પણ જેને યથાર્થ અયથાર્થ શું છે તેની સમજણ નથી તેમનાં અભિપ્રાયમાં તે વ્યક્તિ વિષે અને એમના ઉપદેશો વિષે આદરભાવ નિર્માણ થાય અને તે ફસાઈ શકે છે. જેમને પોતાનો ખોટો માલ ખપાવવો હોય તે થોડો ઘણો સારો માલ તેમાં ભેળવેશે જ.

શાસ્ત્રમાં એને અનાયતન કહ્યું છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તેમના દરેકના સેવક (ભક્તો) એવી રીતે ૬ બાબતોનો આદર રાખવો, તેમની સ્તુતિ કરવી તે ૬ અનાયતનના દોષો છે અને જેમાં આ ૬ દોષ હોય તેને સમ્યક્ત્વ થઈ શકતું નથી. તેથી સાચા ખોટાની જેને પરખ નથી તેને પલ્લે ખોટો માલ પડે છે એટલે કે વિપરીત અભિપ્રાય ઘર કરી જાય છે.

સ્વરૂપાનુભવ અને ભેદજ્ઞાનમાં ઉપયોગ સતત ટકતો નથી. સવિકલ્પદશામાં ઉપયોગ વારે ઘડીએ પલટાતો રહે છે, એવા સમયે કરણાનુયોગના અભ્યાસ વડે આ બધી વિશેષ બાબતો જાણવાથી આત્મગુણ વધુ વિકસે છે, કારણ સત્ય બાબતોનું જ્ઞાન થવું એ જ્ઞાનનો વિકાસ જ છે. તેના વડે જીવસંબંધે આપણું જ્ઞાન, શ્રધ્ધાન દૃઢ થવામાં મદદ મળે છે. જીવનું અને કર્મોનું સવિસ્તાર વર્ણન જાણવાથી સ્વ કોણ અને પર કોણ એનું સ્પષ્ટ ચિત્રણ આપણાં મનઃચક્ષુ સામે ઉભું રહે છે અને ભેદજ્ઞાનને પુષ્ટી મળે છે.

મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, વ્રતી, મુનિ, અરહંત, સિધ્ધ આદિ બધાંનું સ્વરૂપ આપણાં જ્ઞાનમાં સ્પષ્ટ રીતે ઝળકે છે તેથી પોતામાં નિર્ણય લેવાની પાત્રતા આવે છે. બીજા લોકો તરફ જોઈ

દેખાદેખીથી કોઈપણ ધાર્મિક બાબત કરવાની વૃત્તી ઠંડી પડે છે. યોગ્ય-અયોગ્યતાનો નિર્ણય થાય છે. લોકોને બતાવવા અથવા સમાજના ભયથી કંઈ કરવાની જરૂર બાકી રહેતી નથી. પોતાના અભિપ્રાયમાં દૃઢતા વધતી જાય છે અને લૌકિક તેમ જ પારલૌકિક ભય નષ્ટ થાય છે.

જુઓ, આપણે અત્યાર સુધી જે કંઈ અલ્પ શિખ્યા, તેમાં જીવનું જીવન, મરણ શું છે તે જોયું. જીવ કાયમ રહી મરણબાદ એકથી ચાર સમયમાં નવા પુદ્‌ગલ પરમાણું ભેગા કરી નવા શરીરની નિર્મિતી કરે છે તેમાં વિશિષ્ટ કર્મો નિમિત્તરૂપે હોય છે વગેરે બાબતોનું જ્ઞાન થવાથી મરણ વિષેનો ભય ઓછો થયો છે એમ નથી લાગતું તમને?

અન્યમતિ માને છે કે મનુષ્ય કર્મ કરે છે અને ઈશ્વર તેનું ફળ આપે છે. તેઓની ઈશ્વર સંબંધેની કલ્પના જ ખોટી છે. ઈશ્વરને તો 'ઓનરરી સુપર સર્વંટ'નો હોદ્દો બહાલ કરે છે જાણે! તમે પુણ્ય પાપ કરો અને ઈશ્વર તેનો હિસાબ રાખી તમને તેનું ફળ આપશે?

દીકરીઓ, કર્મોની આ આખી વ્યવસ્થા સ્વયંચલિત છે, ઓટોમેટિક છે. જીવના પ્રત્યેક સમયનાં બધાં રાગ, દ્વેષ, મોહનું માપ આ કર્મો પરથી ધ્યાનમાં આવશે. ખૂની, અપરાધી પોતાના લૌકિક કાયદામાંથી છૂટી શકશે પણ કર્મપાશમાંથી છૂટશે નહીં. એક ખૂન કર્યું શું કે ચાર ખૂન કરે શું? ફાંસી તો એક વખત મળશે એમ કહેનારાને કર્મોના કાયદાનું જ્ઞાન નથી હોતું. કર્મોના આ કાયદામાં છટકબારી, ભ્રષ્ટાચારી અને લાગવગશાહીનું નામોનિશાન નથી.

તેમ કહેશો, 'અરે કર્મો આટલાં બળવાન હોય તો હવે તેઓની જ પૂજા કરવી પડશે, કર્મને કહેવું પડશે કે 'ભાઈ રે, હવે તમે જ મને છોડો.' કોઈ કહે, 'અજ્ઞાનમાં જ અમે સુખી હતાં. કર્મનું જ્ઞાન થવાથી તો અમને સતત કર્મની બીક લાગ્યા કરે છે.'

પોતાનું સ્વરૂપ બરાબર ધ્યાનમાં લીધું નથી માટે આવા ગોટાળાઓ થતા રહે છે માટે કર્મોની દસ અવસ્થાઓમાંથી બીજી અવસ્થાઓનું સ્વરૂપ જોતાં પહેલાં તમને પોતાનું સ્વરૂપ અને સામર્થ્ય બેઉની યાદ આપવાનું મન થાય છે. દરેકે નીચે

મુજબ વિચાર કરી પોતે જ પોતાને ખખડાવવા જોઈએ કે -

'રે જીવ! તું તો ચેતન છે, તું તો અનાદિઅનંત છે, સ્વયંસિધ્ધ છે. કોઈએ તને નવો બનાવ્યો નથી, પોતાની જ્ઞાનાદિ અનંત શક્તિથી તું પરિપૂર્ણ છે, તું સ્વશક્તિ વડે જ ટકી રહ્યો છે અને પોતાની પરિણમન શક્તિ દ્વારા પરિણમિત પણ થતો રહે છે. અનંત ગુણોની પ્રત્યેક પર્યાય પોતાની જ યોગ્યતાથી પોતાના સ્વકાળમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા છે, બીજું દ્રવ્ય આ દ્રવ્યની પર્યાયનો કર્તા બની શકતું નથી. આથી એવું સિધ્ધ થાય છે કે સ્વભાવ પરિણમન-શુધ્ધ પર્યાય હોય કે વિભાવ પરિણમન-અશુધ્ધ પર્યાય હોય તેનો કર્તા તે વિશિષ્ટ દ્રવ્ય જ છે, અન્ય દ્રવ્ય નથી.

રે જીવ! તારી જાણવારૂપ પર્યાયનો કર્તા તું પોતે જ છે, જ્ઞેયને કારણે આ જ્ઞાન થયું ન હોઈ તારી પોતાની જ્ઞાન પર્યાયની યોગ્યતાવડે જ આ જાણવું થતું રહે છે. તારા ચારિત્રગુણની આ રાગદ્વેષરૂપ પર્યાય થાય છે તેનો કર્તા પણ તું પોતે જ છે, કોઈ પણ પરદ્રવ્ય તને રાગદ્વેષ કરાવતું નથી. ભગવંતોને જોવાથી શુભરાગ આવ્યો અને વેરીસામે જોયું ત્યારે દ્વેષ આવ્યો એવું વસ્તુનું સ્વરૂપ નથી.

હે જીવ! તું પોતે તો અરૂપી છે પણ વર્તમાનમાં રૂપી પુદ્ગલને જાણે છે. પાંચેય ઈન્દ્રિયો વડે જાણનારો તો તું પોતે છે પણ જાણવામાં આવનારી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ તો બધી પુદ્ગલની પર્યાયો છે માટે પુદ્ગલ તેમનો કર્તા છે. પરંતુ શરીરરૂપ પુદ્ગલોમાં આ 'હું' એમ માની તે એકત્વબુધ્ધિ કરી. આ પર્યાયો મારી છે એમ માની એમાં મમત્વબુધ્ધિ કરી. હું જ એમનો કર્તા છું એમ માની કર્તૃત્વબુધ્ધિ કરી. પુદ્ગલની પર્યાયોને માત્ર જાણતો હતો છતાં હું તેમને ભોગું છું એમ માની તે ભોક્તૃત્વબુધ્ધિ કરી.

પરપદાર્થમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વરૂપે આ જે તારી વિપરીત માન્યતા છે તે જ મિથ્યાત્વ છે - શ્રધ્ધા ગુણની વિભાવ પર્યાય છે. શ્રધ્ધાગુણની આ જે અતત્ત્વશ્રધ્ધાનરૂપ પર્યાય છે તે પણ તારા પોતાને કારણે જ છે. કર્મોએ તને મિથ્યાત્વરૂપે પરિણમિત કર્યું નથી. જો તને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું હોય તો તે પર્યાય પણ તારે કારણે જ પ્રગટ થશે. બીજાં કોઈ ભગવાન, ગુરુ,

કર્મ તને સમ્યક્ત્વ પ્રદાન કરશે નહિ.

હે જીવ! તું પુદ્‌ગલને જાણતો હોય ત્યારે જાણવાનું આ કાર્ય તારી જ્ઞાનપર્યાયમાં પોતાને કારણે જ થતું હોય છે, પુદ્‌ગલથી નહીં. માટે તું તારી જ્ઞાનપર્યાયોનો કર્તા, ભોક્તા છે. પરદ્રવ્યોનો કર્તા ભોક્તા નથી.

પરદ્રવ્યને જાણતો હોય ત્યારે તું રાગદ્વેષરૂપ પણ પરિણમિત થતો હોય છે માટે રાગદ્વેષોનો પણ તું કર્તા ભોક્તા કહેવાઈશ. વાસ્તવમાં આ રાગદ્વેષને કારણે તું દુઃખી છે અને પરપદાર્થોને ભોગવાથી હું સુખી-દુઃખી થાઉં જે એમ જે તું માને એ તારું અજ્ઞાન અને મિથ્યાત્વ છે.

કોઈપણ પરપદાર્થે, પરજીવે, કર્મોએ કોઈપણ જીવને આજસુધી સુખી કે દુઃખી કર્યું જ નથી, રાગ કે દ્વેષ ઉત્પન્ન કર્યા જ નથી. હે જીવ! પોતાની ખોટી કલ્પના પેટે અને અજ્ઞાનપેટે તું દુઃખી છે. પહેલાં તું પરદ્રવ્યોને સુખ દુઃખોનું તેમ જ રાગ દ્વેષનું કારણ માનતો હતો. શાસ્ત્રસ્વાધ્યાય કરી હવે તેં કર્મોને રાગદ્વેષના કર્તા માન્યા, સુખ દુઃખના દાતાર માન્યા.

કર્મો જ મને સંસારમાં ભટકાવે છે, કર્મો જ મારામાં મોહ, રાગ, દ્વેષ ઉત્પન્ન કરાવે છે, તેઓ જ મને અજ્ઞાની બનાવે છે, તેઓ જ મને સમ્યક્ત્વ થવા દેતાં નથી, તેઓ જ મને સારા સંજોગો અપાવે છે વગેરે મિથ્યા કલ્પના તે કરી. મારે સારા પરિણામ કરી સારા કર્મો બાંધવા છે કારણ તે કર્મો મને સારી ગતિમાં લઈ જશે એવી માન્યતા તે કરી લીધી.

અરે બાપા! તું તો ચેતન છે. તારી શુદ્ધ–અશુદ્ધ પર્યાયો તારામાં તારા પોતાને કારણે જ થાય છે. તારા પરિણામોને સમયે કર્મોમાં જે અવસ્થાઓ બને છે, પલટાય છે તેનું જ્ઞાન કરાવવા શાસ્ત્રમાં તેનું વર્ણન કર્યું છે. તેમની સાથે તારે નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે, કર્તા–કર્મ સંબંધ નથી.

હાં, એટલું તો ખરું છે કે તારી ક્યાં ક્યાં પરિણામોને સમયે કર્મની કઈ કઈ અવસ્થાઓ નિયમથી થતી રહે છે તે સમજાવા માટે બેઉના નામોમાં સાદૃશ્ય છે, જેમ કે જીવની અલ્પજ્ઞાનરૂપ પર્યાય તેને પોતાને કારણે જ પ્રગટ થાય છે. ત્યારે જ્ઞાનાવરણ કર્મની ક્ષયોપશમરૂપ અવસ્થા હોય છે માટે તે જ્ઞાનને 'ક્ષયોપશમ

જ્ઞાન' કહે છે. જીવ જ્યારે રાગ, દ્વેષ, મોહ રૂપે પરિણમે ત્યારે મોહનીય કર્મની અવસ્થા ઉદયરૂપે હોય છે, માટે જીવના રાગાદિ ભાવોને 'ઔદયિક ભાવ' કહે છે. જીવ સર્વપ્રથમ જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે કર્મોમાં દર્શનમોહનીય અને અનંતાનુબંધી કર્મોની ઉપશમરૂપ અવસ્થા જોવા મળે માટે જીવના તે ભાવોને 'ઔપશમિક સમ્યક્ત્વ' કહે છે.

જીવ જ્યારે કેવળજ્ઞાનરૂપ પર્યાય પોતામાં પોતાની નિજશક્તિવડે પ્રગટ કરે છે. ત્યારે કર્મોમાં પણ તેના પોતાના કારણથી જ જ્ઞાનાવરણકર્મનો ક્ષય જોવામાં આવે છે, માટે જીવની તે જ્ઞાન પર્યાયને 'ક્ષાયિકજ્ઞાન' એમ કહે છે. ક્ષાયિકજ્ઞાન કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયું નથી, એ તો જીવનો પોતાનો ભાવ - સ્વભાવ છે. જીવના પોતાના જ કારણે પ્રગટ થયો છે.

તે પ્રમાણે જ હે જીવ! તારું વર્તમાનમાં આ જે ક્ષાયોપશમિક જ્ઞાન છે, જ્ઞાનનો ઉઘાડ છે તે કર્મોના ક્ષયોપશમથી ઉપજેલો નથી. ઉત્પન્ન કરેલો નથી, તારા પોતાના કારણે પોતાના સ્વભાવમાંથી જ ઉત્પન્ન થયો છે.

કર્મોની મર્યાદા તેમના પોતામાં ક્ષયોપશમ થવા પુરતી જ છે, જીવના ભાવોમાં તે કોઈ જ ઘાલમેલ - હેરફેર કરતાં નથી. જીવ પણ પોતાના ભાવ કરવા જેટલો જ મર્યાદિત હોય છે. કર્મોમાં કોઈ જ ગડમથલ કે હસ્તક્ષેપ બંધ, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય આદિ જીવ કરી જ શકતો નથી. જીવ અને કર્મ બન્ને એક જ સમયે પોતપોતામાં જ પરિણમિત થાય છે. જીવના જે પરિણામોના સમયે કર્મની જે અવસ્થા નિયમથી હોય જ હોય છે, તે અવસ્થાના નામ પરથી જીવના ભાવોને પણ તેવા જ નામ આપવામાં આવ્યાં છે, કહ્યાં છે.

જીવ દ્રવ્ય જે છે તેનું અસ્તિત્વ કોઈપણ કર્મને નિમિત્તે નથી, જીવ તો સ્વયંસિધ્ધ વસ્તુ છે. અનંત ગુણમય ચૈતન્યમય સ્વભાવને કર્મની થોડીપણ અપેક્ષા નથી. અનાદિથી અનંતકાળ સુધી જીવ પોતાના સ્વભાવરૂપે કાયમ રહે છે, તેને જ પારિણામિક ભાવ કહે છે. અનંત ગુણમય સ્વભાવ વસ્તુને પોતાને કારણે છે, છે અને છે જ. ત્રિકાળ છે, કોઈપણ કર્મને કારણે અથવા કર્મના અભાવથી નથી.

સ્વભાવ તો Capacity છે, તાકાત છે. વિભાવપર્યાય હોય કે પૂર્ણ વિકસિત સ્વભાવપર્યાય હોય, તે પરિપૂર્ણ તાકાત અનાદિ અનંત રહે છે એટલે કે આદિરહિત અને અંતરહિત સદૈવ વિદ્યમાન રહે છે. તેમાં રંચમાત્ર પણ વધઘટ થતી નથી. જેમની તેમ હતી, હમણાં છે અને કાયમ રહેશે.

હે જીવ, તારો સ્વભાવ અનંત જ્ઞાનમય અને અનંત સુખમય છે. છતાં તું દુઃખી કેમ છે તેનો કદી વિચાર કર્યો છે? તારા પોતાના અજ્ઞાનથી અને મોહથી થનારા રાગદ્વેષાદિ વિભાવોને કારણે તેમ જ તે વિભાવરૂપ તે પોતાને માન્યો છે માટે તું દુઃખી છે. તું પોતાને સ્વભાવરૂપ માન, વિશ્વાસ રાખ કે અનંત જ્ઞાનીઓએ આ જ વાત કહી છે.

આ મુજબ વિશ્વાસસહિત જે જીવ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરવા લાગ્યા, સ્વરૂપમાં લીનતા કરવા લાગ્યા તેઓનું મિથ્યાત્વ અને અજ્ઞાન તો દૂર થયું જ તદુપરાંત તેઓની રાગાદિની ઉત્પત્તિ પણ ઓછી ઓછી થતી ગઈ. અજ્ઞાન અવસ્થામાં ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં જે હર્ષ અનુભવમાં આવતો હતો. તેના કરતાં આ સ્વભાવોત્પન્ન સુખ જુદી જ જાતનું, અપૂર્વ સુખ એના અનુભવમાં આવ્યું.

એ જ સુખનો અનુભવ કરતાં કરતાં સ્વભાવમાં અધિકાધિક લીનતા કરી જ્ઞાની મોક્ષમાર્ગ પર અગ્રેસર થયાં અને પૂર્ણતઃ સ્વભાવમાં લીન થયા બાદ તેઓને અનંતજ્ઞાન, અનંતસુખ વગેરેની પ્રાપ્તિ થઈ, જેવો સ્વભાવ છે તેવો જ પર્યાયમાં પ્રગટ થયો. આને જ 'પ્રાપ્તની પ્રાપ્તિ થઈ' એમ કહે છે."

દીકરીઓ, આ બધું આપણે આપણને સમજાવવાનું છે. બીજાને સમજાવવામાં આપણે બહુ જ હોશિયાર હોઈએ છીએ. લોકોને બ્રહ્મજ્ઞાન આપીએ અને પોતે સાવ અજ્ઞાની જ રહીએ એવી આપણી હાલત ન થાય માટે આવી દક્ષતા રાખેલી સારી.

જીવના ભાવો અને કર્મનો ઉદય અથવા અન્ય અવસ્થા એક જ સમયે થતી હોવાથી જીવનો ભાવ કયો એ ધ્યાનમાં લઈએ તો કર્મની અવસ્થાનું જ્ઞાન થઈ શકે; તે જ પ્રમાણે કર્મની કઈ અવસ્થા છે તે જોતાં જીવના ભાવોનો ખ્યાલ આવે છે. બેભાન અવસ્થામાં, ઉંઘમાં, વિગ્રહગતિમાં, એકેન્દ્રિયાદિ પર્યાયોમાં

રાગદ્વેષ થતાં રહે છે કે કેમ એવો પ્રશ્ન તમારા મનમાં આવશે, ત્યારે એવો વિચાર કરો કે આઠે કર્મનો ઉદય તો નિરંતર ચાલુ જ રહે છે. તેનો ઉદય એક સમય પણ થોભતો નથી, તદાર્થે ઉપરોક્ત જીવોમાં પણ રાગાદિ ઔદયિક ભાવ ચાલુ જ રહેતાં હોય છે એમ ખ્યાલમાં આવે છે.

આપણને થાય કે કોઈ એક જીવ શુદ્ધોપયોગમાં હોય, આત્મધ્યાનમાં લીન હોય ત્યારે તેના રાગદ્વેષ પૂર્ણતઃ થંભી ગયેલાં દેખાય. પણ જ્યાં સુધી મોહનીયકર્મનો ઉદય વિદ્યમાન હોય ત્યાં સુધી તે જીવના અબુદ્ધિપૂર્વક રાગાદિરૂપ પરિણમન પણ થતું જ રહે છે. એમ જો ન માનીએ તો સમ્યગ્દર્શન થતાં જ જીવ પૂર્ણ વીતરાગી થયો હોત. હાં, પણ પ્રાથમિક અભ્યાસ કરવાવાળા માટે આ પ્રકારનું સ્થૂળ કથન દ્રવ્યાનુયોગમાં કોઈ કોઈ સમયે કરવામાં આવે છે, પણ તેનો કરણાનુયોગ સાથે ક્યાંય વિરોધ નથી. કરણાનુયોગ વડે તેની સૂક્ષ્મતા ધ્યાનમાં આવતાં તો આનંદ જ થાય છે. મોક્ષમાર્ગનું સ્વરૂપ વધું સ્પષ્ટ થાય છે.

અહીં એક અગત્યની બાબત ધ્યાનમાં લેવી જોઈએ કે મોહનીયકર્મનો ઉદય જ માત્ર જીવના મોહ, રાગ, દ્વેષ પરિણામોને સિધ્ધ કરી શકશે. પણ સાતા કે અસાતા કર્મનો ઉદય છે માટે જીવને મોહ, રાગ, દ્વેષ હશે જ એમ નથી. તેમ માનવું ભૂલ ભરેલું હશે. કોઈ મુનિરાજ પર ઉપસર્ગ થતાં હશે તો તે તેના અસાતા વેદનીયકર્મના ઉદયને કારણે હોય એમ કહી શકીશું. પણ તે સમયે તેઓ આત્મધ્યાનમાં લીન હોવાથી ઘણાં જ અલ્પ પ્રમાણમાં રાગદ્વેષ વિદ્યમાન હશે અને તેમાં તેમના ચારિત્રમોહનીય કર્મનો (સંજ્વલન કષાય કર્મ) ઉદય નિમિત્ત હશે.

કર્મની તથા જીવની આવી સ્વતંત્રતા સમજાતાં હવે આ પછી આગળ આપણે કર્મોની કેટલીક અવસ્થાઓનું જ્ઞાન કરી લઈશું. તે સમજાતાં કર્મબંધમાંથી છૂટવાનો માર્ગ પણ આપણી સમજમાં આવશે. એ બધું સમજાતાં કર્મ બલવાન નથી, જીવ મોક્ષમાર્ગ પ્રગટ કરવામાં સમર્થ છે તે સમજાશે. આ પછીના પત્રમાં તેની ચર્ચા કરીશું.

એ જ લિ.

તમારી બા.

# કર્મ - ઉપશમ, ઉદીરણા

પત્રાંક ૭ ॥ૐ નમઃ સિદ્ધેભ્યઃ॥ ૮ ઑગસ્ટ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

દીકરીઓ, જીવ અને કર્મની સ્વતંત્રતા જાણ્યાં બાદ બે પ્રશ્નો તમે પૂછ્યા હતાં. પહેલો પ્રશ્ન એ હતો કે આવી સ્વતંત્રતા છે, તો કર્મનું સ્વરૂપ અને અવસ્થા જાણવાનું પ્રયોજન જ ક્યાં છે? અમને માત્ર જીવ વિષેની જાણકારી આપો ને! બીજો પ્રશ્ન એવો હતો કે કર્મમાં બંધ, ઉદય, ઉદીરણા આદિ બધી જ અવસ્થાઓ તો અમે જાણી, તો હવે અમારે કર્મનો ઉપશમ કરવો કે ઉદીરણા કરવી કે ઉદય જ રહેવા દેવો?

સૌ પ્રથમ પહેલા પ્રશ્નનો જવાબ જોઈએ. જીવે અનાદિથી પોતાનું સ્વરૂપ જ જાણ્યું નથી. તેણે કર્મોદયથી પ્રાપ્ત શરીરમાં જ પોતાપણું અર્થાત એકત્વ, સંજોગોમાં મમત્વ, જ્ઞાનાદિકની હીનતા જેટલું જ આપણું જ્ઞાનાદિ, રાગાદિ વિભાવ પરિણામ જ આપણો સ્વભાવ એમ લાગ્યા કરે છે. આત્મજ્ઞાની સંત જ્યારે તેને ઉપદેશ આપે કે અરે જીવ, તું બધાંથી ભિન્ન છે, તું સ્વયં પરમાત્મા છે, કેવળજ્ઞાનાદિ સામર્થ્યનો ધારક છે, ત્યારે આ જીવ એ બધું હસી કાઢે છે. હસવામાં કાઢી નાખે છે. કહેનારાની મશ્કરી (ટિખળ) કરે છે, વિશ્વાસ રાખતો નથી અને આ બધી ઉપરછલ્લી વાતો અમને કહેશો નહીં. હા, અમારી સપાટીની-અમારા લેવલની વાતો સંભળાવો. એમ ઉપદેશ આપવાવાળાને જ શું ઉપદેશ આપવો તે સમજાવે છે.

કર્મનું સ્વરૂપ, તેના બંધનું કારણ, ઉદયને કારણે થનારી જીવની અવસ્થાઓ, કર્મજન્ય દુઃખ વગેરે બાબતોનું સવિસ્તાર વર્ણન સાંભળીને તે સંબંધેની આપણી ભ્રામક કલ્પનાઓ નષ્ટ થાય છે. તે સંબંધેનું આપણું અજ્ઞાન દૂર થઈ આપણી મિથ્યા શ્રદ્ધામાં ફરક પડતો જાય, વિશ્વાસ બેસવા માંડે, તે વિષે આપણે ગંભીરતાથી વિચાર કરવા ઉદ્યુક્ત થઈએ છીએ.

મૂળ મુદ્દો તો પોતાના સ્વરૂપ પર વિશ્વાસ રાખવાનો હતો. શાસ્ત્રમાં 'આજ્ઞા-સમ્યક્ત્વ' તે સમ્યક્ત્વના કારણોની અપેક્ષાએ

સમ્યક્ત્વનો એક પ્રકાર જણાવ્યો છે. જિનેન્દ્ર ભગવંતોનો ઉપદેશ જ શિરોધાર્ય છે, ત્રિકાળ સત્ય છે એવી ખાત્રીવાળા સીધા સાધાં માણસો જેવોને શાસ્ત્રની ઝીણવટભરી બાબતોનો ખ્યાલ નથી પણ જેમને તે ઉપદેશ પર પૂરો ભરોસો છે– એવા માણસો પણ આત્મસન્મુખતાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી લ્યે છે.

તદુપરાંત, એમ જુઓને, આત્મા જ્ઞાનમય છે અને જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. જે જાણે તે બધું જ જાણે છે. સ્વને જાણે અને પરને પણ જાણે. કર્મને આપણે પર સ્વરૂપે જાણીએ છીએ. જો આપણાં અભિપ્રાયમાં પરને જાણવાનો જ નિષેધ વર્તતો હોય તો આપણે જ્ઞાનનું સ્વરૂપ જ નષ્ટ કરવા માગીએ, કારણ જ્ઞાનનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે, જેમ કે અરીસાનો સ્વભાવ જ પ્રતિબિંબિત કરવો– Reflectivity તે છે. તમે મને એક અરીસો લાવી આપો પણ એક શરત છે, તે અરીસો એવો હોવો જોઈએ કે તેમાં પ્રતિબિંબ પડવું ન જોઈએ! શક્ય છે?

બીજો પ્રશ્ન એ હતો કે કર્મની કઈ અવસ્થા અમારે કરવી? ઉપશમ કરીએ કે ક્ષય કરીએ? તમારો પ્રશ્ન સાંભળી મને પ્રશ્ન પડ્યો કે હું હસું કે રડું? આખું રામાયણ સાંભળી કોઈ પૂછે કે રામની સીતા કોણ હતી? કર્મની સ્વતંત્રતા આપણે આટલી બધી વિસ્તારરૂપે જોઈ તેનું તાત્પર્ય જ એ હતું કે જીવ કર્મના એક પરમાણુને પણ પલટાવી શકતો નથી, દૂર કરી શકતો નથી, પાસે લાવી શકતો નથી. કર્મ હોય કે શરીર હોય કે અન્ય પુદ્ગલ પરમાણું હોય કે અન્ય જીવ હોય કે કોઈપણ અન્ય દ્રવ્ય હોય; જીવ કોઈનું કંઈપણ ક્યારેય કરતો નથી. કરી જ શકતો નથી. કોઈપણ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ જ કરી શકતું નથી.

કોઈ રોગી હોય તો તેનું પ્રયોજન દવા ખાઈ સાજાં થવાનું હોય છે. જો તેને તે દવા વિષેનું જ્ઞાન હોય તો તે દૃઢ વિશ્વાસથી તે દવા લેશે. વૈદ્યકિય વિદ્યાર્થિઓને દવાના ગુણધર્મ, પેટમાં ગયા પછી તેમાં થનારી વિવિધ રાસાયનિક પ્રક્રિયા, તે દવા કયા સ્વરૂપમાં અસર કરે છે, કેટલો સમય અસર રહે, તે દવાનું શરીરની બહાર વિસર્જન કયા અવયવ દ્વારા થાય આદિ સેંકડો બાબતોનો અભ્યાસ કરવો પડે છે. એવા માહિતગાર વૈદ્યોને રોગ થઈ દવા લેવાનો અવસર આવે તો તે પણ માત્ર દવા ખાવાનું જ કામ કરે છે. પેટમાં ગયા બાદ તે દવામાં હવે હું કઈ રાસાયનિક

ક્રિયા કરું એવો પ્રશ્ન તેઓ પૂછતાં નથી.


કર્મની અવસ્થાનું માત્ર જ્ઞાન કરવાનું છે. કર્મોની વિશિષ્ટ અવસ્થાઓ બાબત ચિંતા કરવાની કંઈ જ જરૂર નથી. આ બધી અવસ્થાઓ જાણી પુરુષાર્થ તો પોતામાં જ કરવાનો છે. પુરુષાર્થ કરવો એટલે કોઈ વજન ઉંચકવું નથી. પોતાની સ્વતંત્રતાનું, સ્વભાવનું જ્ઞાન કરી તે મુજબ તત્ત્વનિર્ણય કરવો એ જ તો પુરુષાર્થ છે. કર્મોની અવસ્થાઓનું જ્ઞાન તો મળ્યું પણ યોગ્ય તત્ત્વનિર્ણય ન હોય તો જીવ વધુ ગર્મગળિત થશે 'શું કરીએ? દર્શનમોહનીય કર્મનો ઉદય છે માટે મિથ્યાત્વ પરિણામ થાય છે,' એમ તે માને છે. જે જીવ તત્ત્વનિર્ણયપૂર્વક આત્મામાં એકાગ્ર થાય છે તેનો દર્શનમોહનીયકર્મનો ઉદય થંભી જઈ ઉપશમ થાય છે– કરવો પડતો નથી.

ઘણાંને નિધત્તિ, નિકાચિત કર્મની બીક લાગે છે. આ તો કર્મની વિશિષ્ટ અવસ્થાઓ છે. તે વિષે ચર્ચા આપણે આગળ ઉપર કરીશું જ. કર્મોની અવસ્થા અને જીવના પરિણામ એક જ સમયમાં થાય છે. તેઓ એકબીજાના દ્યોતક છે, કરનારા નથી. વળી આપણને કર્મો તો દેખાતાં જ નથી, ત્યારે તમે તેઓની અવસ્થા બદલી શકો જ શી રીતે?

જે જીવ શાસ્ત્રાભ્યાસ, તત્ત્વનિર્ણય, ભેદજ્ઞાન, આત્મ-સન્મુખતા, શુદ્ધાત્માની ભાવના કરશે તેનો દર્શનમોહ મંદ પડશે, બધાં કર્મોની સ્થિતિ ઘટશે, નવો બંધ ઓછી સ્થિતિવાળો હશે. આપણે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગર જેટલી જોઈ હતી તે ઓછી થઈ અંત:કોડાકોડી સાગર એટલે કે ૧ કોડાકોડી સાગર કરતા પણ ઓછી થશે. આ બધું એની મેળે જ થશે. મારે તમારે કર્મોમાં કોઈ જ ઉથલપાથલ કરવી નહીં પડે.

હવે વિષય નિકળ્યો જ છે તો દર્શનમોહનીય કર્મનો ઉપશમ કેવી રીતે થાય તે સમજાવું છું. ઉપર જણાવ્યું તે મુજબ પુરુષાર્થ કરનારો જીવ જ્યારે આત્મામાં લીન થવાનો પ્રયત્ન કરે, જ્યારે કરણલબ્ધિ પ્રાપ્ત થાય એટલે જ્યારે કરણપરિણામ માંડે– સમ્યક્ત્વ પ્રાપ્તિના પહેલાંના વિશુદ્ધ પરિણામ પ્રગટ કરે– ત્યારે દર્શનમોહનીય કર્મમાં પણ દોડધામ શરૂ થાય છે. પહેલાં આપણે જોયું હતું કે આઠેય કર્મોનો ઉદય સદૈવ થતો જ રહે છે. તેમાંથી

સૌપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ સમયે જીવ અંતરંગમાં લીન બને, ત્યારે પહેલેથી જ મંદ પડેલાં દર્શનમોહનીયના ઉદયમાં શું બને છે તે જોઈએ.




કરણલબ્ધિના પરિણામ એક અંતર્મુહૂર્ત રહે છે. ત્યારબાદ મિથ્યાત્વ કર્મના જે નિષેકોનો (કર્મ પરમાણુના સમૂહ) ઉદય થવાનો હશે તેમાંથી કેટલાક નિષેકો જલદી ઉદયમાં આવે છે અને કેટલાક ભવિષ્યના નિષેકોને જઈ મળે છે અને ક્રમે ક્રમે ઉદયમાં આવનારા દર્શનમોહના (મિથ્યાત્વના) નિષેકોમાં અંતર (ગૅપ) તૈયાર થાય છે ત્યારે મિથ્યાત્વ નામના કર્મનો ઉદય રહેતો નથી; ઉપશમ થાય છે. તે સમયે જ ચારિત્ર મોહનીય કર્મોમાંથી અનંતાનુબંધી કર્મ પણ ઉદયમાં આવતાં નથી, ભવિષ્યકાળમાં તેના નિષેક પડી રહે છે, તેમનો સદવસ્થારૂપ ઉપશમ થાય છે.

અનાદિથી કર્મોનો બંધ અને ઉદય નિરંતર ચાલુ જ હતો. તેમાં ખાંચરો (ખંડ) પડયો. બધા કર્મોનો સરદાર મિથ્યાત્વ નામનું દર્શનમોહનીય કર્મ જ સૌપ્રથમ શસ્ત્ર નાખી દઈ ભાગી જાય છે. આમાં જીવને કર્મમાં શું કરવું પડ્યું?

જીવ જ્યારે પોતામાં સમ્યક્ત્વની પર્યાય સૌપહેલાં પ્રગટ કરે છે, ત્યારે સામે દર્શનમોહનો અને અનંતાનુબંધી કષાયોનો ઉપશમ હોય અને હોય જ છે. પણ પહેલાં કર્મનો ઉપશમ થયો માટે જીવને પુરુષાર્થ કર્યા વગર જ સમ્યક્ત્વ થયું એમ કદી બનતું નથી. કર્મની અવસ્થા પરથી આ સમ્યક્ત્વને ‘ઔપશમિક સમ્યક્ત્વ’ એવું નામ પડ્યું છે.

કર્મની આ ઉપશમ અવસ્થા માત્ર મોહનીયકર્મમાં જ થઈ શકે છે. દર્શનમોહનીય કર્મનો ઉપશમ હશે ત્યારે જીવને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે અને ૧૧મા ગુણસ્થાનમાં ચારિત્રમોહનીય કર્મનો ઉપશમ થાય ત્યારે જીવને ‘ઔપશમિક


ચારિત્ર' હોય છે. ધ્યાન રાખજો, દર્શનમોહનીય કર્મનો ઉપશમ થાય છતાં બીજા બધાં કર્મોનો ઉદય તો નિરંતર ચાલુ જ રહે છે.

કર્મોની જે દસ અવસ્થાઓના નામ આપણે જોયાં હતાં તેમાંથી બંધ, સત્તા, ઉદયનું સ્વરૂપ આપણે જોયું. ઉપશમ વિષે અત્યારે જ ચર્ચા કરી.

હવે બાકીની (શેષ) અવસ્થાઓ વિષે ચર્ચા કરીએ.

'ઉદીરણા'– ઉદયોન્મુખ કર્મનો વહેલો ઉદય થાય તેને 'ઉદીરણા' કહે છે. તેની શાસ્ત્રોક્ત વ્યાખ્યા છે, 'ઉદયાવલિની બહારના નિષેકોનું ઉદયાવલિના નિષેકોમાં આવી ભળી જવું અને વહેલાં ઉદયમાં આવવું તેને ઉદીરણા કહે છે.' આનો અર્થ પછી જોઈશું, પહેલાં ઉદાહરણ આપી સમજાવું છું.

રેલ્વે સ્ટેશન પર તમે ટિકિટની લાઈન (ક્યૂ)માં ઊભા છો, તમારો ૫૦મો ક્રમાંક છે. ત્યારે જ તમારી બહેનપણી ત્રીજે ક્રમાંકે ઊભી છે એને તમે જોયું. તેણે પણ તમને બોલાવી તેની સાથે તમારી ટિકિટ કઢાવી. તેનો અર્થ એવો કે નિશ્ચિત ક્રમાંકમાંથી નીકળી તમે આગળનો ક્રમાંક મેળવ્યો. તે પ્રમાણે જ જે કર્મોનો ઉદયકાળ ચાલુ છે, તે કર્મોના નિષેકો પોતપોતાની નિષેકરચના મુજબ સ્થિતિ પૂરી કરી ઉદયમાં આવે પણ તે કર્મના થોડા સમય બાદના નિષેકો સમય પહેલાં જ બીજા નિષેકો સાથે ઉદયમાં આવી ફળ આપે તેને ઉદીરણા કહે છે. તે નિષેકોની સ્થિતિ વધુ હતી પણ એટલો સમય થોભ્યા વગર જે નિષેક વહેલાં ઉદયમાં આવ્યાં તેઓની ઉદીરણા થઈ એમ કહે છે.




વ્યાખ્યાનો અર્થ હવે જોઈએ. તેમાં ઉદયાવલિ શબ્દ આવે છે. આવલિ તે કાળનું માપ છે. એક કલાકમાં ૬૦ મિનિટો અને

૧ મિનિટમાં ૬૦ સેકંડ એ તો તમે જાણો જ છો. એક સેકંડમાં સેંકડો આવલિ હોય છે, અને એક આવલિમાં અસંખ્યાત સમયો હોય છે. અસંખ્યાતના અસંખ્યાત પ્રકાર છે, તેમાંથી જઘન્ય યુક્તાસંખ્યાત એટલા સમયો એક આવલિમાં હોય છે.

આપણે પહેલાં જોયું હતું કે ઉદયકાળનાં કર્મોની નિષેક રચના થયેલી હોય છે. દર સમયે ઉદયમાં આવનાર નિષેકો એક પર એક રચી રાખ્યા છે એવી કલ્પના કરીએ. વર્તમાન સમય તે પહેલો સમય પકડી દર સમયે એક નિષેક, એમ ૧ આવલિકાળ સુધી જે નિષેકો ઉદયમાં આવશે તેમને ઉદયાવલિ કહે છે.

ઉદયાવલિના નિષેકોનો ઉદય તો ક્રમથી ચાલુ જ હોય છે પણ તે આવલિ બાદ ઉદયમાં આવનારા નિષેકો પોતાનો ક્રમ છોડી ઉદયાવલિના નિષેકો સાથે સમય પહેલાં જ ઉદયમાં આવે છે તેને ઉદીરણા કહે છે.

આપણા નિત્ય પરિચયનું ઉદાહરણ આપવું હોય તો આપણે બાળકોને જમવા માટે બૂમ પાડીએ ત્યારે તેમને ભૂખ હોતી નથી પણ હજુ ૪-૫ મિનિટો થઈ નથી કે બાળકો બૂમાબૂમ કરી મુકે છે કે મમ્મી મને ખૂબ ભૂખ લાગી છે, ઝટ પિરસો ને! ક્ષુધા, તૃષા એકદમ લાગે છે કારણ અસાતાકર્મની ઉદીરણા (અથવા તીવ્ર ઉદય) થઈ એમ બને છે.

ઉદીરણા થઈ આયુકર્મનો 'કદલીઘાત' થઈ શકે છે, ખબર છે તમને?

કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચોમાં આયુની ઉદીરણા થઈ શકે તેને 'સોપક્રમ આયુષ્ક' એમ કહે છે. તેમાં ભુજ્યમાન આયુના શેષ બધાં નિષેકો વહેલાં ઉદયમાં આવી બધાં ખરી જાય તેને 'અપવર્ત' અથવા 'કદલીઘાત' કહે છે. કોઈ કરોડપૂર્વ આયુકર્મવાળા જીવનો એક અંતર્મુહૂર્તમાં જ કદલીઘાત થઈ, ઉદીરણા થઈ મરણ નિપજી શકે છે. વિષભક્ષણ, અપઘાત, પાણીમાં ડૂબી, રક્તસ્રાવ થઈ મૃત્યુ થઈ શકે છે. આપણે તેને 'અકાલ મૃત્યુ' એમ પણ કહીએ છીએ. દેવ, નારકી, ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચ, ચરમ શરીરી (તદ્‌ભવ મોક્ષગામી જીવ) ના આયુકર્મની ઉદીરણા થઈ શકતી નથી. તેને 'નિરૂપક્રમ આયુષ્ક' કહે છે, તે આયુને 'અનપવર્ત આયુ' એમ પણ કહે છે.

તમે પૂછશો કે જો નિશ્ચિત આયુ પહેલાં વહેલું મરણ થાય તો ક્રમબધ્ધપર્યાય કેવી રીતે સિધ્ધ થશે? એવો પ્રશ્ન સહેજે ઊભો થાય તેનો અર્થ તમે વિચારો પણ છો. માત્ર વાંચતાં કે સાંભળતાં નથી.

ક્રમબધ્ધપર્યાયનો અર્થ છે પર્યાયોનો ક્રમ નિશ્ચિત છે. તેમાં કોઈ જ ફેરફાર થઈ શકતો નથી. માળામાંના મોતીનું સુનિશ્ચિત સ્થાન છે તે પ્રમાણે દ્રવ્યની ત્રણે કાળની બધી અનંત પર્યાયોનો ક્રમ સુનિશ્ચિત છે– ઈતર કોઈએ જ તેને નિશ્ચિત કર્યો નથી. વિશિષ્ટ પર્યાય બાદ વિશિષ્ટ પર્યાય થવાની યોગ્યતારૂપ ધર્મ તે તે દ્રવ્યમાં જ વિદ્યમાન છે. પર્યાયોનો આ ક્રમ આપણે તે દ્રવ્ય તરફ જોઈને જ નિશ્ચિત કરી શકીએ છીએ, જેમાંથી બધી પર્યાયો પ્રતિસમયે નિકળતી હોય છે. એક જ પર્યાય તરફ જોઈ અનેક પર્યાયોનો ક્રમ નિશ્ચિત નહીં થાય, તેમ જ બીજા દ્રવ્યની પર્યાય જોઈને પણ આ દ્રવ્યની પર્યાયોનો ક્રમ નિશ્ચિત છે કે નથી તે કહી શકીશું નહીં.

ઘણાં લોકોનો અહીં જ ગોટાળો (ગુંચવાડો) થાય છે. વિશિષ્ટ સ્થાનની કાલદ્રવ્યની પર્યાય અર્થાત્ વ્યવહારકાળ સામે જોઈ અર્થાત પરદ્રવ્યની પર્યાય જોઈ ઘણાં, પર્યાય થવાની હશે ત્યારે થશે, અથવા વિશિષ્ટ વર્ષના વિશિષ્ટ દિવસે અમુક વાગે આ પર્યાય થશે એવો નિષ્કર્ષ કાઢે છે. પર્યાયનો કાળ નિશ્ચિત છે એમ જ્યારે કહીએ ત્યારે તે તો તે દ્રવ્યનો 'સ્વકાળ' છે, તે દ્રવ્યમાં છે, વ્યવહાર કાળમાં નથી.

આજે ૯મી ઑગસ્ટ ૯૯, સવારના ૧૧ વાગ્યાં છે. મારો 'લખવાનો રાગ' આ જે ચારિત્ર ગુણની વિભાવપર્યાય છે તેનો સ્વકાળ આપણે દિવસમાં અને કલાકમાં ગણીએ તો કેટલાં બધાં ગોટાળા થશે. આ મુંબઈનો આ જગ્યાનો વ્યવહારકાળ એટલે કાળદ્રવ્યનો સ્વકાળ છે. તમારી શોભાફોઈ અમેરિકામાં રહે છે. ત્યાં ૯મી ઑગસ્ટ ૯૯ના સવારના ૧૧ વાગવામાં હજુ ૧૦ાા કલાકની વાર છે. પૃથ્વી પર દરેક સ્થળે તે સમય તેમના સ્થાનિક સમયાનુસાર પહેલાં કે બાદ આવશે. તેથી મારી પર્યાય તે વ્યવહારકાળમાં ગણવાનો કંઈ જ અર્થ નથી. ઠીક, માત્ર સવારે ૧૧ વાગે કહીએ તો રોજ ૧૧ વાગે છે.

માત્ર ૯ ઑગસ્ટ કહીએ તો દર વર્ષે ૯ ઑગસ્ટ આવે છે. ૯૯ કહીએ તો દર સો વર્ષે ૯૯ની સાલ આવે છે જેમ કે

૧૮૯૯, ૧૯૯૯ વગેરે. ૧૯૯૯ ને વર્ષે કહીએ તો પણ વિક્રમ સંવત કે વીર સંવત કે ઈસવી સન વગેરે ઘણી ભાંજગડો આવે. હજુયે ઉંડાણથી વિચાર કરીએ તો ઉત્સર્પિણીકાળ, અવસર્પિણી કાળ પણ વિચારવો પડશે. આથી આગળ વિશિષ્ટ કલ્પકાળ પણ કહેવું પડશે.

વિશિષ્ટ કાળે મારી પર્યાય થશે એ તો પરદ્રવ્ય સાપેક્ષ કથન છે. કાળદ્રવ્યની પર્યાય સાપેક્ષ કથન છે. પરદ્રવ્યની જ સાપેક્ષતા લેવી હોય તો બીજા અનંત પરદ્રવ્યો છે. જેમ કે હમણાં મારી સામે કાગળ છે, આ વિશિષ્ટ શરીર આ સમયે મારા સંયોગમાં છે, તેના હાથની વિશિષ્ટ હાલચાલ ચાલુ છે, હાથમાં પેનની અવસ્થા ઉપર નીચે થઈ રહી છે, તેની શાહીના પરમાણુની અવસ્થા બદલાતી રહે છે. પેનમાંથી ઉતરી કાગળ પર વિશિષ્ટ આકારે તેઓની રચના થઈ રહી છે. મારા મનઃચક્ષુ સામે તમે બન્ને છો, તમને પણ સમજી લેવાની ઈચ્છા છે. એક કે બે બધાં અનંત દ્રવ્યોની પોતપોતાની પર્યાયો આ સમયે વિશિષ્ટ છે તે બધી તે તે દ્રવ્યોનો 'સ્વકાળ' છે. એક જ સમયમાં જોવામાં આવતી આ બાબતોનું જ્ઞાન કરાવવા માટે અનુકૂળ થનારી બાબતોને નિમિત્ત એમ કહ્યું છે.

પણ તેમને નિમિત્ત કહીએ છતાં મારી પર્યાય મારા સ્વકાળ મુજબ મારા દ્રવ્યમાં થઈ રહી છે, નિમિત્તોની પર્યાય નિમિત્તોનો સ્વકાળ છે. પ્રત્યેક વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સાથે નિબધ્ધ છે. આ સ્વચતુષ્ટયનો પરચતુષ્ટય સાથે કાંઈ પણ સંબંધ નથી. આપણને સમજવા માટે આ બધા પરદ્રવ્ય સાપેક્ષ કથન કર્યા છે.

શાસ્ત્રમાં અકાળ મૃત્યુ એવો શબ્દ આવ્યો છે છતાં મૃત્યુની પર્યાયનો તે સ્વકાળ જ છે, તેનું એ સ્વકાળમરણ જ છે. કાળ છોડી બીજા નિમિત્તોની ચર્ચા કરીએ ત્યારે કાળ નથી તે અકાળ તેથી આપણે તેને અકાળમરણનું નામ આપ્યું છે.

કર્મનો ઉદય થશે કે ઉદીરણા એ તે કર્મની પોતાની યોગ્યતા છે. કર્મની અવસ્થા એટલે કે પર્યાય પોતાના ક્રમનિયમિત સમયે જ થાય છે. છએ દ્રવ્યોની બધી પર્યાયો ક્રમબધ્ધ જ છે. જ્ઞાન તેઓને આગળથી એટલે કે થતાં પહેલાં જાણી શકે તે જ્ઞાનની પોતાની વિશેષતા છે, જ્ઞાનપર્યાયનું આ સામર્થ્ય છે. જ્ઞાને જાણ્યું માટે તે પર્યાયને તે મુજબ જ થવું એવી પરાધીનતા પર્યાયમાં

નથી. પ્રત્યેક દ્રવ્ય, ગુણ અને પર્યાય પોતાની યોગ્યતાથી, સામર્થ્યથી વિદ્યમાન છે.

કેવળી ભગવંતોએ જાણ્યું હોય તે પ્રમાણે અમને સમ્યગ્દર્શન જ્યારે થવાનું હોય ત્યારે જ થશે તેનો સાચો નિર્ણય કાલદ્રવ્યની પર્યાય તરફ જોઈને નહીં થાય, કેવળજ્ઞાનની એક સમયની પર્યાય તરફ જોઈને નહીં થાય, આપણી વર્તમાન શ્રુતજ્ઞાનની પર્યાય સામે જોઈને નહીં થાય; પરંતુ સર્વજ્ઞ સ્વરૂપી એવા નિજશુધ્ધ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા સામે જોઈ– તેમાં લીન થઈ– તેની શ્રધ્ધાપૂર્વક જ ક્રમબધ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થઈ શકશે.

પ્રત્યેક દ્રવ્યની ત્રણે કાળની બધી પર્યાયો સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ જાણે છે. આપણે આપણા જ્ઞાનવડે ભંગવંતોની સર્વજ્ઞતાનો નિર્ણય કરીએ છીએ. તેમાં જ ક્રમબધ્ધપર્યાયનો નિર્ણય પણ ગર્ભિત જ હોય છે. તેમ ન માનીએ તો સર્વજ્ઞ શબ્દનો કોઈ અર્થ જ રહેશે નહીં - સર્વજ્ઞતા જ જોખમાઈ જશે. જે સર્વજ્ઞનું સ્વરૂપ નિશ્ચિત કરે છે તેની દૃષ્ટિ પોતાના સર્વજ્ઞસ્વભાવ પર આવ્યા વગર રહેશે નહીં. માટે જ એમ નિશ્ચિત થાય છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને જ ક્રમબધ્ધપર્યાયનો સાચો નિર્ણય હોય છે.

સ્વામીજીએ વારંવાર કહ્યું છે કે ક્રમબધ્ધપર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ સર્વજ્ઞસ્વભાવી નિજપરમાત્મા પર ગયા વગર રહેતી નથી, તેના વગર ક્રમબધ્ધપર્યાયનો નિર્ણય યથાર્થ થતો નથી. પર્યાયની ક્રમબધ્ધતાનો નિર્ણય પર્યાયભણી જોઈને થતો નથી, સ્વદ્રવ્ય તરફ જોઈને થાય છે. આ અજ્ઞાની જીવ તો પરદ્રવ્યોની પર્યાય તરફ જોવામાં લીન છે અને મોઢા ઉપલું 'ક્રમબધ્ધપર્યાયમાં હોય તેમ બનશે' એમ કહે છે; એ તેનો નિર્ણય યથાર્થ નથી. તેની માન્યતામાં પર્યાયોની પરાધીનતા છે. પણ ક્રમબધ્ધપર્યાયનું યથાર્થ જ્ઞાન જાણનારો જ્ઞાની પર્યાયની સ્વતંત્રતા જાણે છે.

દીકરીઓ, તમે પણ નિજશુધ્ધાત્માની પ્રતીતિપૂર્વક ક્રમબધ્ધ પર્યાયનો યથાર્થ નિર્ણય કરશો એનો મને વિશ્વાસ છે.

એ જ લિ.

તમારી બા.

# કર્મની શેષ અવસ્થાઓ

પત્રાંક ૮ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૧૦ ઑગસ્ટ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

તમારી કરણાનુયોગ વિષેની રુચિ જાગૃત થાય છે તે જાણી આનંદ થયો. તમને ખબર જ છે કે ગયા બે વર્ષથી હું રોજ સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ સુધી ગોમ્મટસાર જીવકાંડ પરની ટીકા-સમ્યગ્જ્ઞાનચંદ્રિકા ભાગ ૧ શિખવાડતી હતી. ગઈ કાલે જ એ ગ્રંથ પૂરો શિખવી સંપૂર્ણ કર્યો. અરવિંદભાઈ દોશીએ કબૂલ કર્યું, 'ભાભી, હું પોતે એન્જીનીયર, ગણિતમાં હું પોતાને આજસુધી હોશિયાર માનતો હતો. પણ આ ગ્રંથના ગણિતો પોતે વાંચીને પણ સમજાતાં નથી એવા છે.' આ અરવિંદકાકાના સતત આગ્રહથી મેં એ ક્લાસ શરૂ કર્યો હતો. જયપુર શિબિરથી પાછાં આવ્યાં બાદ ૨૬ ઑગસ્ટથી અમે આગળના ભાગો-કર્મકાંડ શિખવાનું શરૂ કરીશું.

દીકરીઓ, તેમાનો સૂક્ષ્મ વિષય અને ગણિતો શિખવતી વખતે ઘણીવાર લાગે છે કે તમે બન્ને અને તમારા જેવો બુધ્ધિમાન યુવાવર્ગ સામે બેસી શીખતો હોત તો કેવું સારું લાગત. અલી, તમારા મોટા મોટા કૉમ્પ્યુટર્સ ને કેલક્યુલેટર્સ ફેલ થઈ જશે એવા તો એ ગણિતો છે. બુધ્ધિને આવ્હાન (પડકાર) આપનારા આ ગણિતો ગણતાં કોઈ જુદો જ આનંદ આવે છે.

ઘણાંને થાય છે કે આ બધું જાણી આપણને શો ફાયદો? એક તો તે વિષેનું અજ્ઞાન દૂર થઈ જીવ, કર્મ, તથા બીજી અનેક વસ્તુઓનું સ્વરૂપ આપણે સ્પષ્ટ રીતે સમજીએ છીએ. આ અભ્યાસથી કષાયોમાં મંદતા આવે અને બુધ્ધિ પ્રખર બને. આ પણ એક ઉચ્ચકોટિનો શુભભાવ છે અને તેથી સાતિશય પુણ્યનો બંધ થાય છે.

કર્મોની અવસ્થાઓનું જ્ઞાન થવા માંડે ત્યારે કર્મ વિષેના અજ્ઞાનથી જે મિથ્યાભ્રાંતિ અને બીક લાગતી હતી તે જતી રહે છે. સર્વજ્ઞ ભગવંતોએ આ બધું પ્રત્યક્ષ સ્પષ્ટ રીતે જાણ્યું છે. અવધિજ્ઞાની મુનિઓના જ્ઞાનમાં પણ આ બધું જણાય છે. મુનિઓએ આગમોમાં (ગ્રંથોમાં) આ બધું સવિસ્તાર લખી રાખ્યું

છે, તે આપણા જેવા અજ્ઞ લોકો પર મહાન ઉપકાર છે. આ ગ્રંથો જ આપણા ગુરુ છે. નહિ તો આજના કાળમાં જ્ઞાનના આ ભંડાર આપણને કોની પાસેથી જાણવા મળ્યા હોત? એના જાણકાર વિદ્વાન હશે અને છે જ, પણ આપણા સમયાનુસાર તે આપણને શિખવે શી રીતે?

સત્યમહાવ્રતધારી મુનિઓએ પરંપરાથી ચાલતાં આવેલાં જ્ઞાનનું ગ્રંથરૂપે લખાણ કર્યું છે. આ પરંપરા પણ સર્વજ્ઞોથી ચાલતી આવી છે. સર્વજ્ઞોએ પણ પ્રત્યક્ષ જાણી કથન કરેલું છે. આ કોઈની કલ્પનાઓ નથી, અસત્ય તો નથી જ. જેમને તત્ત્વજ્ઞાનની રુચિ નથી, તે વિષે કોઈ જાણ નથી, સર્વજ્ઞો માટે શ્રધ્ધા નથી, સર્વજ્ઞોનું સ્વરૂપ જે જાણતાં નથી એ લોકોને આ બધાં ગપગોળા લાગે છે, તેઓનો આ બાબતો પર વિશ્વાસ નથી.

આપણે આપણા મનને જ પૂછીએ કે રોજ છાપાઓની ખબરો પર જેટલો વિશ્વાસ રાખીએ, તેના કંઈક અંશે તો આ આગમશાસ્ત્રો પર વિશ્વાસ રાખીએ કે? જે રુચિથી રોજ દૈનિક પેપર વાંચીએ તેના શતાંશ રુચિથી પણ શાસ્ત્ર વાંચીએ છીએ કે? એક મહિનામાં દૈનિકો તથા માસિકો માટે જેટલાં પૈસા ખર્ચ કરો તેટલાં જિનવાણી પર ખર્ચ કરો છો કે? તે તો રહેવા જ દો, પસ્તી વેચીને આવેલી રકમ જેટલી રકમ પણ દરેક મહિને જિનવાણી માટે ખર્ચો છો?

બાજુવાળાનો પેપર માગી લાવી વાંચવામાં આપણને ઓછપ લાગે. દરેકને પોતાનો પેપર અને તે પણ ઓછામાં ઓછા સમયમાં જોઈતો હોય છે. જિનવાણી વાંચવા તેટલી તાલાવેલી હોય છે કે? કુટુંબના અનેક સદસ્યોમાં એક ગ્રંથ પુરતો જણાય. વારાફરથી ગ્રંથ વાંચવાની ઉદારતા (?) આ જીવ દાખવે છે.

એક જ કુટુંબના દરેક જણના કપડાં જુદાં જુદાં, કબાટો અલગ અલગ, રૂમો અલગ, બેંકોના ખાતાં અલગ, ધંધો-વ્યવસાય અલગ પણ ગ્રંથ માત્ર બધાં મળીને એક જ પુરતો જણાય. એટલું હોય તો પણ ઘણું એમ કહેવાનો વારો આવ્યો છે!

પોતાનું અવલોકન કરવા માટે જ આ બધાં પ્રશ્નો ઊભા કર્યા છે. દુનિયાભરના ખરા ખોટાં સમાચારોમાં આપણને કેટલો રસ છે અને પોતાનું જ સ્વરૂપ સમજાવનારા ગ્રંથોમાં આપણને કેટલો રસ છે તે જેણે તેણે પોતે જ ચકાસી જોવું.

'અમે ઘણાં પ્રયત્નો કરીએ છીએ, પણ સમ્યગ્દર્શન થતું નથી, અમારો પુરુષાર્થ ઓછો પડે છે ને?' આવું પૂછવાવાળાને એક જ જવાબ છે, 'તમારામાં હજુ જોઈએ તેટલી રુચિ જાગી નથી.' 'રુચિ અનુયાયી વીર્ય' એવો સિધ્ધાંત છે.

દીકરીઓ, મને સમજાતું નથી એમ કહી આ અભ્યાસ તરફથી મોઢું ફેરવશો નહીં, તેનાથી વિમુખ ન થશો. શરૂઆતમાં કેટલાંક શબ્દો નવા અને અઘરાં લાગે પણ વારે ઘડીએ સાંભળવા–વાંચવાથી આપણે તેમનાથી ટેવાઈ જઈએ. દસ વાતો કહીએ તેમાંથી ૨-૩ તો સમજાશે ને? જેટલું જ્ઞાન થશે તેટલો આનંદ આવશે. તત્ત્વજ્ઞાનની એક વિશિષ્ટ દૃષ્ટિ તયાર થશે. લૌકિક સંકટોનો ભય નહીં લાગે. જીવનની અનેક બાબતો વિષે થનારા તીવ્ર રાગદ્વેષના પરિણામો ટાઢા પડશે. મરણવિષેની ભ્રાંત કલ્પનાઓનું અને ભયનું નિરાકરણ થશે.

લૌકિક શિક્ષણથી જીવન સુધરેલું અને સુખદ થયેલું જણાય છે. આ તો લોકોત્તર શિક્ષણ છે. તેનાથી જીવન, મરણ અને આગલાં ભવ પણ સુધરે છે, સુખદ થાય છે અને ભવોનો અભાવ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય છે.


કર્મોની દસ અવસ્થાઓમાંથી આપણે બંધ, સત્તા, ઉદય, ઉદીરણા તથા ઉપશમ વિષે જાણકારી મેળવી. શેષ અવસ્થાઓ વિષે સાવ ટૂંકમાં માહિતી મેળવીએ. કર્મોવિષે માત્ર ઉપરછલ્લી જાણકારી આપવાનો મારો ઉદ્દેશ હતો, પણ ઘણું બધું લખાઈ ગયું. આપણે હજુ ગુણસ્થાન, માર્ગણા અને જીવની ૨૦ પ્રરૂપણાઓ ટૂંકમાં જોવી છે.

તમને પહેલાં જ જણાવ્યું હતું કે જીવે કર્મ બાંધ્યા બાદ તે ઉદયમાં આવે ત્યાં સુધી તેમાં ઉથલ-પાથલ (ઘડભાંગ) થઈ શકે છે. જે સ્વરૂપમાં બંધાયા છે તે જ સ્વરૂપે ઉદયમાં આવશે તેની ખાત્રી આપી શકતી નથી. જીવના પરિણામનું નિમિત્ત પામી સત્તામાં પડેલાં કર્મોમાં આ ફેરબદલ થઈ આવે છે. તેમાંથી ઉત્કર્ષણ અને અપકર્ષણ એ બે અવસ્થા જોઈએ.

ઉત્કર્ષણનો અર્થ છે વધવું, અપકર્ષણ એટલે ઘટવું. પ્રદેશ અને પ્રકૃતિમાં તો વધ ઘટ શક્ય નથી. સ્થિતિ અને અનુભાગ એ બેમાં આ વધ ઘટ થતી હોય છે.

જીવના પરિણામનું નિમિત્ત પામી સત્તામાં રહેલાં કર્મોની સ્થિતિ અને અનુભાગનું વધવું તેને 'ઉત્કર્ષણ' કહે છે.

જીવના પરિણામનું નિમિત્ત પામી સત્તામાં રહેલાં કર્મોની સ્થિતિ અને અનુભાગનું ઘટવું તેને 'અપકર્ષણ' કહે છે.




આપણે જોયું હતું કે શાસ્ત્રશ્રવણ, તત્ત્વચિંતન, તત્ત્વનિર્ણય, ભેદજ્ઞાન વગેરેથી કર્મની સ્થિતિ ઘટી અંતઃકોડાકોડી સાગર જેટલી થાય છે. નવો બંધ પણ ઓછી સ્થિતિવાળો થાય છે.

પહેલાં મેં બહુ પાપ કર્યા છે અને તેથી ઘણાં જ પાપકર્મો બાંધ્યા છે માટે નકામો શોક કરતાં બેસવું જરૂરી નથી. કરેલા દુષ્કૃત્યો માટે પશ્ચાત્તાપ થતો હોય તો પણ તેના જ વિચારોમાં આંસુ વહાવતાં બેઠાં રહેવું તે ડહાપણભર્યું નહીં ગણાય.

આ થઈ સ્થિતિ, અનુભાગની વધ ઘટ. હવે પ્રકૃતિમાં શું થઈ શકે તે જોઈએ. કોઈપણ મૂળપ્રકૃતિ અન્ય મૂળપ્રકૃતિરૂપ બની શકતી નથી. જ્ઞાનાવરણ આદિ દર્શનાવરણ કે અન્ય પ્રકૃતિરૂપ બની શકતું નથી. તેમ જ, દર્શનમોહનીય બદલાઈ ચારિત્રમોહનીય બની શકતું નથી. ચાર આયુમાંથી એક આયુ પલટાઈ અન્ય આયુરૂપ થઈ શકતી નથી, મનુષ્યાયુ પલટી દેવાયુરૂપ બની શકતી નથી.

પણ કોઈ કર્મપ્રકૃતિ સજાતીય અન્ય પ્રકૃતિરૂપ બની શકે છે, તેને 'સંક્રમણ' કહેવાય. જેમ કે જીવના વિશુદ્ધ પરિણામના નિમિત્તથી પહેલાં બાંધેલા અસાતાવેદનીય કર્મપ્રકૃતિના પરમાણુ સંક્રમણ થઈ સાતાવેદનીય રૂપે પરિણમે છે.

'નિધત્તિ'– જે કર્મપ્રકૃતિમાં સંક્રમણ અને ઉદીરણા થઈ શકતી નથી તેમને નિધત્તિ કર્મ કહે છે.

'નિકાચિત'– જે કર્મ પ્રકૃતિઓમાં સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ, અપકર્ષણ થઈ શકતાં નથી તે કર્મ પ્રકૃતિઓને 'નિકાચિત કર્મ' કહે છે. તેઓ જેવા બાંધેલા હોય તેવા જ ઉદયમાં

આવે છે. અર્થાત્ તેઓનું ફળ તેઓના જ રૂપે મળે છે.

અનેક જાણકાર લોકો પણ આ નિધત્તિ નિકાચિત કર્મનો હોબાળો કરે છે. આ કર્મો આપણને ભોગવવા પડે છે એમ એકબીજાને બીક બતાવે છે. અલી, આ કર્મો પુરુષાર્થ કરવામાં કાંઈ ઉપાધી ઉભી કરતાં નથી. આપણે ખરેખર જ આ કર્મોને ખરાબ માનીએ કે નહીં તેનો પણ વિચાર કરીએ.

ચક્રવર્તીનું પદ મહાન પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે, આ પુણ્ય એવું છે કે તે ભોગવવું જ પડે છે. તેમ જ નિધત્તિ, નિકાચિત પ્રકારના પુણ્ય કર્મ પણ ભોગવવું જ પડે છે, તેમાંથી છુટકારો નથી. તમે કહેશો, હાશ! એટલું જ ને? પુણ્ય ભોગવવું પડે તેમાં અમને કાંઈ વાંધો નથી. જુઓ જોઉં, પાપકર્મ ભોગવવું જ પડે કહીએ તો આ જીવ ગભરામણ અનુભવે અને પુણ્યકર્મ ભોગવવું પડે એમ કહીએ તો ખુશ થાય. એથી તેણે બંધને સારો માન્યો. બંધ તત્ત્વ વિષે જેની ભૂલ થાય તેની સાતેય તત્ત્વોમાં ભૂલ થતી હોય છે.

આપણી મનુષ્યાયુ બદલાઈ તિર્યંચાયુ થતી નથી તે સારું કે ખરાબ? આયુ કર્મનો કદલીઘાત થઈ જલદી મરણ આવતું નથી, એ આપણે સારું માન્યું કે ખરાબ?

માટે કોઈપણ સાંભળેલી વાતો પર વિશ્વાસ રાખ્યા વગર ગ્રંથના આધારથી–શાસ્ત્રના કથનોના આધારે તે ઉક્તિનું સાચા-ખોટાપણું ચકાસી જોવું જોઈએ. હવે તમારે ગ્રંથોના આધારે અભ્યાસ કરવાનું શિખવું જોઈએ. આપણો આ પત્રરૂપ સ્વાધ્યાય તો તમને રુચિ ઉત્પન્ન થાય માટે બતાવેલું 'સેંપલ' છે, નમુનો છે. કર્મોની આ બધી અવસ્થાઓ જાણ્યાં બાદ તમારી સામે પ્રશ્ન ઊભો થશે કે 'શાસ્ત્રોમાં કર્મનો ક્ષય થાય, ક્ષયોપશમ થાય, એવું કથન તો વારંવાર આવે પણ આ દસ અવસ્થાઓમાં તો તેમનો ઉલ્લેખસરખોય નથી.'

અલી, કર્મનો ક્ષય થવો એનો અર્થ છે કર્મોનું અકર્મરૂપ થવું. કાર્માણ વર્ગણાઓનું કર્મ બને છે. આ કર્મ ફરીથી કાર્માણવર્ગણારૂપે અથવા અન્ય પુદ્ગલરૂપે થાય ત્યારે તેને કર્મનો નાશ થયો એમ કહેવામાં આવે છે. અર્થાત્ કર્મની ઉદયરૂપ અવસ્થામાં કર્મનું કર્મરૂપ બદલાઈ કાર્માણવર્ગણા રૂપ થાય. તે કાર્માણવર્ગણાઓ છે ત્યાં જ જીવપ્રદેશોમાં પડી રહે અથવા અન્ય

ઠેકાણે જાય પરંતુ હવે તેઓનો જીવ સાથે કોઈપણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહેતો નથી.

માટે કર્મના ઉદય અવસ્થામાં ક્ષય અંતર્ગત છે. કર્મની નિર્જરા એવો શબ્દ પણ વારે ઘડિએ વાંચવામાં આવે છે. કર્મની સ્થિતિ પૂરી થતાં જ કર્મ નીકળી જાય છે પણ તે સમયે જ તેનું ફળ જીવને મળે છે એને ઉદય કહે છે. જીવ તેમાં સુખી દુઃખી થાય તો તેને કર્મનો ઉદય (અનુભાગ ઉદય) કહે છે. પણ જીવ જો તેમાં ન જોડાય, શુદ્ધોપયોગમાં રહે તો તેણે કર્મનું ફળ સ્વીકાર્યું નથી એટલે અનુભાગઉદય નથી થયો પરંતુ સ્થિતિઉદય, પ્રકૃતિઉદય અને પ્રદેશઉદય તો થયો, કર્મ તો અકર્મરૂપ થયું માટે તેને 'નિર્જરા' કહેવામાં આવે છે.

કેટલાંક લોકો દુઃખોના પ્રસંગે શાંતિપૂર્વક તે દુઃખ સહન કરે, શોક કરતાં નથી આને 'અકામ નિર્જરા' કહી છે. નિર્જરા તો થાય પણ મોક્ષમાર્ગમાં આ નિર્જરા કાંઈ કામની નથી, માટે તેને 'અકામ નિર્જરા' કહી છે. પણ આત્મલીનતા વડે અર્થાત્ શુદ્ધોપયોગ વડે જે નિર્જરા થાય તે સંવરપૂર્વકની નિર્જરા છે, તેને 'સકામ નિર્જરા' કહે છે. આ સંવર અને નિર્જરા બન્નેને મોક્ષમાર્ગ કહ્યાં છે.

નિર્જરા અન્ય બે પ્રકારોથી પણ કહેવામાં આવે છે– 'સવિપાક નિર્જરા' અને 'અવિપાક નિર્જરા'. વિપાક એટલે કર્મનું ફળ. અનુભાગઉદય થઈ અર્થાત્ કર્મનું ફળ આપી નિર્જરા થવાને સવિપાક નિર્જરા અને કર્મનું ફળ આપ્યા વગર ખરી જવાને અવિપાક નિર્જરા કહેવાય. અવિપાક નિર્જરા અને સકામ નિર્જરા સમાનાર્થી છે.

હવે પ્રશ્ન રહ્યો તે ક્ષયોપશમ શું છે તેનો. એમાં કર્મની ત્રણ અવસ્થાઓ ગર્ભિત છે– ક્ષય, ઉપશમ તથા ઉદય. ઉદય ન થવો અર્થાત્ ઉદયનો અભાવ તે 'ક્ષય'. કર્મની ઉદીરણા થઈ ઉદયમાં ન આવવું– સત્તામાં પડ્યાં રહેવું તે 'ઉપશમ'. પૂર્ણ રીતે આવરણ નાખનારી એટલે કે સર્વઘાતિ પ્રકૃતિઓનો વર્તમાન કાળમાં ઉદય ન થવો, ભવિષ્યકાળમાં સત્તામાં પડ્યાં રહેવું અધકચરૂં આવરણ નાખનારા અર્થાત્ દેશઘાતિ કર્મરૂપે ઉદયમાં આવવું તેને 'ક્ષયોપશમ' કહે છે.

જ્ઞાન, દર્શન, વીર્ય આદિનો ઘાત કરનારા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય આદિ કર્મોનો ક્ષયોપશમ થાય અર્થાત્ આ

કર્મો તે તે ગુણોનો પૂર્ણરૂપે ઘાત કરી શકતાં નથી– તેમના પર પૂર્ણ આવરણ નાખી શકતાં નથી. થોડાં પ્રમાણમાં જ કેમ નહીં, પણ આ ગુણો પર્યાયમાં પ્રગટ હોય છે જ.

કર્મોની ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય અવસ્થાઓ છે, તે સમયે જ જીવના જે ભાવો હોય તેઓને અનુક્રમે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવ તરીકે સંબોધાય છે. જીવનું પરિણમન જીવમાં જ થાય છે અને કર્મોનું પરિણમન કર્મોમાં જ થાય છે, તે આપણે આ પહેલાં જ જોયું છે.

કર્મની કોઈ પણ અપેક્ષા રહિત એવો જીવનો જે ભાવ, તેને 'પારિણામિક ભાવ' કહેવામાં આવે છે. આ પરમ પારિણામિક ભાવના આશ્રયે જ અર્થાત્ તેમાં અહંભાવ સ્થાપિત કરી તેને જ જ્ઞાનનું જ્ઞેય, શ્રધ્ધાનું શ્રધ્ધેય અને ધ્યાનનું ધ્યેય બનાવી જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, તેમાં સ્થિરતા દ્વારા મોક્ષમાર્ગ પર અગ્રેસર થઈ પૂર્ણ સ્થિરતા દ્વારા બધાં કર્મોનો ક્ષય થઈ નિષ્કર્મ એવી મોક્ષદશાની પ્રાપ્તિ થાય છે. જીવ પર્યાયમાં શુધ્ધ સ્વરૂપે બિરાજમાન થાય છે.

કર્મોનો અભાવ થતાં નોકર્મ અથવા ભાવકર્મ હોવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. તેથી અનંતકાળ આ જીવ શુધ્ધ સ્વરૂપે– સિધ્ધ અવસ્થામાં અવ્યાબાધ અનંત સુખનો આસ્વાદ લેતો રહે છે.

દીકરીઓ, કર્મવિષે અજ્ઞાન હતું ત્યારે કર્મો બલવાન છે એવી ગેરસમજ હતી. પણ તેમની અવસ્થાઓનું જ્ઞાન થતાં સમજાયું કે જીવ જ બલવાન છે. અનાદિથી અનંતાનંત કાર્માણ વર્ગણાઓનું ગ્રહણ કર્યું અને છોડ્યું, પણ મારા સ્વભાવમાં રંચમાત્ર પણ ફરક પડ્યો નથી; હું સ્વયંસિધ્ધ, અકૃત્રિમ, પરિપૂર્ણ, સદા જ્ઞાનદર્શનમય વિરાજમાન છું.

દીકરીઓ, કર્મોની અવસ્થાઓનું જ્ઞાન મેળવી કર્મનિરપેક્ષ એવા પોતાના પરમપારિણામિક ભાવનો–સ્વભાવનો આશ્રય લઈ આપણે પણ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત એવી સિધ્ધ અવસ્થા જલદીથી પ્રાપ્ત કરીએ એવી મંગલભાવનાથી આ કર્મપુરાણ અહીં જ થોભાવું છું.

એ જ લિ.

**તમારી બા.**

# 'ગુણસ્થાનાદિ જાણવાનું પ્રયોજન'

પત્રાંક ૯ ॥ૐ નમઃ સિદ્ધેભ્યઃ॥ ૨૮ ઑગસ્ટ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

અમે જયપુર શિબિરથી ૨૫ તારીખે પાછાં ફર્યા. શિબિરને કારણે પત્ર-લખવામાં વિલંબ થયો. લખાણ કર્યું નહીં છતાં મારું ચિંતન મનન તો સતત ચાલુ જ હોય છે. પોતાની જાતને સંબોધી હું અનેક પ્રકારથી પોતાના દોષોનું અવલોકન કરવાનો પ્રયત્ન કરતી રહું છું. 'હે જીવ', એમ કહી હું મને જ અનેક વાતો સમજાવતી રહું છું. તેમાંથી કેટલાક વિચારો હું અહીં રજુ કરું છું, તમે પણ તેના પર વિચાર કરો એમ મને લાગે છે. તમારી સામે પણ મારી દીકરીઓ– એ દૃષ્ટિથી ન જોતાં 'જીવ' એ દૃષ્ટિથી જોઈ સંબોધન કરી રહી છું.

'હે જીવ, તું જ્ઞાન અને આનંદનો ઘનપિંડ છે છતાં તું દુઃખી શા માટે છે તેનો કદિ વિચાર કર્યો છે? બીજાનાં સંજોગો સામે જોઈ તે પણ સંજોગોને ભેગાં કરવામાં પ્રામ આયુષ ખર્ચી નાખ્યું તો પણ તું આકુલિત જ રહ્યો. આ આકુલતા તે જ દુઃખ છે. આ દુઃખ રાગદ્વેષાદિ શુભાશુભ ભાવોને કારણે જ છે. તારો સ્વભાવ તો ત્રિકાળ જ્ઞાન-આનંદ સ્વરૂપ છે, તે માટે તારું પ્રામ જ્ઞાન આ સ્વભાવને જાણવામાં લીન થશે તો તેમાં આનંદની અનુભૂતિ અવશ્ય થશે. પણ એ જ જ્ઞાન શુભાશુભ ભાવોને જાણવામાં ગુંથાઈ રહેશે તો તેઓનું દુઃખરૂપ વેદન કરશે.'

તમે કહેશો, 'શું કરીએ? અમને પોતાનું જ્ઞાન નથી.' 'હે જ્ઞાયક! સમ્પૂર્ણ વિશ્વને જાણનારા સર્વજ્ઞ શક્તિયુક્ત હે જીવ! હું પોતાને જ જાણતો નથી એ તારું કથન જ તને હાસ્યાસ્પદ નથી કે લાગતું? તને દુનિયાને જાણવામાં રસ છે, રુચિ છે માટે એક ક્ષણ પણ પોતાની સામે વળવાનો તું પ્રયત્ન સરખો પણ કરતો નથી. તારી પ્રત્યેક સમયની જ્ઞાન પર્યાય તારા પોતામાં જ થાય છે. તારા બધાં અસંખ્યાત પ્રદેશોમાં થાય છે પણ તને જ્ઞાયકનો અર્થાત્ જાનનારનો ભરોસો નથી, માત્ર જ્ઞેયોનો જ છે. જ્ઞેયથી જ મને જ્ઞાન થાય છે એમ માની પરજ્ઞેયો તરફ જ તું આશા ભરી દૃષ્ટિથી જોતો રહ્યો. આ પાગલપણું તું ક્યારે છોડીશ?

તેં ખરા દેવ, ગુરુ, શાસ્ત્રનો આશ્રય લીધો તે બહુ સારું થયું પણ તું ત્યાં જ ભરાઈ પડ્યો દેવ, શાસ્ત્ર અને ગુરુ પાસેથી તને ઉપદેશ મળ્યો કે 'તું પોતે જ ભગવાન છે– પોતાની સામું જો.' પણ તું એવો ઘેલો નિકળ્યો કે શાસ્ત્રથી જ્ઞાન મળે એમ માની તેમાં જ સંતુષ્ટ થઈ બેઠો રહ્યો. હું ૨૫-૩૦ વરસથી શાસ્ત્રાભ્યાસ કરું છું એમ અભિમાન કરવા લાગ્યો.

શાસ્ત્રોમાં આત્માની એટલે પોતાની મહત્તા સાંભળી પોતા તરફ વળવાનું છોડી તે બીજાઓને આત્માનો મહિમા કહેવાનો પ્રારંભ કર્યો. આમ સાંભળનારની અને સંભળાવનારની ફોજ ઊભી થઈ. આ પ્રચાર પ્રસાર કરવામાં તું એટલો મગ્ન થયો કે એને જ આપણી દુર્લભ મનુષ્ય પર્યાયનું ઈતિકર્તવ્ય માન્યું. લોકોએ પણ અભિનંદનપત્રો બહાલ કર્યા અને તું ફુગ્ગાની જેમ માન કષાયથી ફુલાઈ પોતાને મોટો માનવા લાગ્યો.

આમાં એક ઝીણી ખામી એટલી જ રહી ગઈ કે જે આત્માનો મહિમા તું ગુણગાન કરી બીજાઓને સંભળાવતો તે આત્મા હું પોતે જ છું એમ સાચા અંતઃકરણથી તારે માનવું જોઈતું હતું. તેમ માન્યું હોત તો તારો ઉપયોગ બીજાએ શિખવાડ્યા વગર પણ સ્વસન્મુખ થયો હોત, તેં પોતાને જ્ઞાયકરૂપે જાણ્યું હોત અને તે ક્ષણે જ આનંદનો ભંડાર તને મળ્યો હોત.

ત્યારબાદ પણ તારું શિખવું-શિખવવું ચાલુ જ રહ્યું હોત પણ હવે તેં તેને પોતાનું કર્તવ્ય માન્યું ન હોત, તેમાં રહેલી તારી કર્તૃત્વબુદ્ધિ, કર્તવ્યબુદ્ધિ નષ્ટ થઈ હોત, આકુલતા ઓછી થઈ હોત.

દીકરીઓ, ગુણસ્થાન માર્ગણાસ્થાન આદિવિષે થોડું પણ જ્ઞાન આવશ્યક છે. અધ્યાત્મ ગ્રંથ વાંચી દ્રવ્યાનુયોગ પ્રમાણે જાણવું તો અતિઆવશ્યક જ છે. પણ તે વાંચનાર જો કરણાનુયોગનો નિષેધ કરતો હોય તો તે દ્રવ્યાનુયોગના પક્ષપાતી વ્યક્તિ માટે પં. ટોડરમલજીએ 'સૂક્ષ્માભાસબુદ્ધિ'નું સંબોધન કર્યું છે.

આવા જીવોને ઉદ્દેશીને કહેવાનું મન થાય છે કે, "સમયસાર તો તેં વાંચી કાઢ્યો. ગુણસ્થાન-માર્ગણાસ્થાન હું નથી– હું તો માત્ર એક જ્ઞાયકભાવ છું એમ કહેનારી ગાથા પણ તેં મોઢે કરી. તને જો કોઈ પૂછે કે આ ગુણસ્થાન-માર્ગણાસ્થાનની શી ભાંજગડ

છે કે જેનાથી તું ભિન્ન છે? ત્યારે તું જવાબ આપીશ કે 'કોણ જાણે? હું તો દ્રવ્યદૃષ્ટિવાળો છું. કરણાનુયોગ સાથે મારે કોઈ પ્રયોજન નથી.' રે જીવ, તારી આવી માન્યતા હોય તો તું પોતાને જ છેતરે છે. તેમનું સ્વરૂપ તને ખબર નથી તો તું કેમ કહી શકે કે હું તેમનાથી ભિન્ન છું?"

સંપૂર્ણ જિનવાણી ચાર અનુયોગોમાં ગુંથેલી છે, વિભાજિત છે અને ચારેય અનુયોગોનો સાર વીતરાગતા છે. કોઈ પણ અનુયોગનો નિષેધ કરવો એટલે જિનવાણીનો નિષેધ કર્યા જેવું થશે, અને જિનવાણીનો નિષેધ તે જિનેન્દ્ર ભગવંતોનો નિષેધ કહેવાશે. જે સર્વજ્ઞનો નિષેધ કરે તે સર્વજ્ઞ સ્વરૂપી એવા નિજશુધ્ધાત્માનો નિષેધ કરે છે. પોતાના અસ્તિત્વનો જ નિષેધ કરનારો જીવ કેમ કરી ધર્મ પ્રગટ કરી શકશે?

જિનવાણી તો સ્યાદ્‌વાદ મુદ્રિત છે, અર્થાત્ ભિન્ન ભિન્ન અપેક્ષાઓથી વસ્તુનું (દ્રવ્યનું) વર્ણન કરી એવી રીતે આપણને સમજાવવામાં આવ્યું છે કે આપણે ક્યાંય કોઈ ગફલત-ગોટાળો ન કરીએ.

કર્મ, ગુણસ્થાન, માર્ગણા આદિનું જ્ઞાન શાસ્ત્રમાં આપણને કહેવામાં આવ્યું છે કારણ તે કારણે જીવના સંયોગમાં રહેલ અન્ય દ્રવ્યોનું, નિમિત્તોનું, જીવની વિભિન્ન પર્યાયોનું યથાર્થ જ્ઞાન આપણને મળે. જીવની અને કર્માદિ પરદ્રવ્યોની ભિન્નતા તેથી સ્પષ્ટ રીતે ધ્યાનમાં આવે. પણ જે જીવ આ બધાં શાસ્ત્રોને નિરર્થક માને અને માત્ર હું શુધ્ધ, બુધ્ધ, જ્ઞાતા, દૃષ્ટા છું એમ માની રટન કર્યા કરે તો તેનો મત વેદાંત અનુસાર એકાંતી બનશે. વેદાંતમાં પણ આત્મા અનાદિઅનંત અવિનાશી, જ્ઞાતા-દૃષ્ટા, અકર્તા, અભોક્તા છે એમ પ્રતિપાદન કર્યું છે. પણ તેઓ આત્માને સર્વથા તેવો માને છે. આત્મા સત્ છે અને જગતમાં બીજું બધું અસત્ એટલે કે ભ્રમ છે– માયા છે એવો એમનો મત છે. તેઓ પર્યાયને માનતા જ નથી.

ધર્મ પ્રગટ કરવાનું કાર્ય તો, મોક્ષ પ્રગટ કરવાનું કાર્ય તો પર્યાયમાં થતું હોય છે. પર્યાયને જ જો ન માનીએ તો ઉપદેશ પણ શા કામનો? આપણી અવસ્થા એટલે કે ભૂમિકા કઈ છે તે ઓળખનારો જીવ જ ઉપરની ભૂમિકામાં જવાનો પ્રયત્ન કરશે. માટે જીવની પર્યાયોનું અને સંજોગોનું જ્ઞાન આવશ્યક છે.

જે જીવને જીવ એટલે શું, અન્ય દ્રવ્ય એટલે શું આદિ સ્વ

તથા પર સંબંધે નિતાંત અજ્ઞાન છે એવા જીવને શરૂઆતમાં જીવની ઓળખ કરી આપવા માટે પરદ્રવ્યોના સાપેક્ષતાથી સમજાવવામાં આવે છે. મનુષ્યદેહધારી જીવ, પાંચ ઈન્દ્રિયોવાળો જીવ, ત્રસકાયિક જીવ વગેરે કથનો દ્વારા જીવ જે જે સંયોગોમાં જોવા મળે છે તેનું જ્ઞાન કરાવી જીવનું અસ્તિત્વ અને સ્થાન નિશ્ચિત કરવામાં આવે છે. જીવનું જીવપણું– જીવત્વ કાયમ રહેવા માટે દેહ, ઈન્દ્રિય, કર્મ આદિ કોઈપણ પરદ્રવ્યની રંચમાત્ર અપેક્ષા કે આવશ્યકતા નથી. પણ સમજવા માટે અને સમજાવવા માટે દૃશ્ય વસ્તુઓનું અર્થાત્ પુદ્ગલોનું, પરપદાર્થ તથા રાગાદિનું સ્વરૂપ કહેવામાં આવે છે કારણ તે વસ્તુઓ આપણા પરિચયની છે– અનુભવની છે. તેમની મારફત જીવનું અનુમાન કરાવવામાં આવે છે.

એક માતા પોતાના બાળકને કહે છે કે જા રે બેટા, રસોડામાંથી મીઠું લઈ આવ, બાળકને મીઠું કેવું હોય તેની જાણ ન હતી અને તે ક્યાં મુકેલું છે તે પણ જાણતો ન હતો. તેને જો કહ્યું હોત કે મીઠું મીઠા જેવું છે, મીઠું મીઠામાં છે. તો તેને કાંઈ જ બોધ ન થયો હોત. માટે માતા તેને કહે છે કે બેટા, પેલું સામેનું કબાટ ઉઘાડ. તેમાં નીચેના ખાનામાં જમણાં ખૂણામાં કાચની બરણી છે તેમાં મીઠું છે. મીઠું સફેદ છે. પણ જો, તેની બાજુની જ બરણીમાં મીઠા જેવી જ સફેદ દેખાતી વસ્તુ છે તે દળેલી સાકર (પિઠી સાકર) છે. તે મીઠું ચાખીશ તો ખારું લાગશે. બાળકને બરાબર સમજાયું અને તેણે મીઠું શોધી કાઢ્યું. જે સમયે તેને એ મળ્યું અને તે મીઠું જ છે એમ તેણે લક્ષણો વડે ઓળખ્યું ત્યારે તેના ખ્યાલમાં આવ્યું કે મીઠું તો મીઠામાં જ છે. બરણી, ખાનું, કબાટ, રસોડું બધું તો પોતપોતાને ઠેકાણે છે પણ મીઠાની પ્રાપ્તિ થયા બાદ હવે તેનાથી કોઈ પ્રયોજન રહ્યું નથી. મીઠાનું સ્થાન નિશ્ચિત કરવા તેઓને જાણવું આવશ્યક હતું– પ્રયોજનભૂત હતું, હવે તેઓને જાણતાં રહેવાની આવશ્યકતા નથી.

પ્રયોજન તો મીઠાને જાણવાનું હતું. મીઠાને જાણ્યું, ઓળખ્યું તો જ આ ઈતર વસ્તુઓને જાણવું કાર્યકારી બન્યું. પણ જો અન્ય બધી વસ્તુઓને જાણ્યું પણ મીઠાને જ ન જાણ્યું તો તે ઈતર વસ્તુઓનું જ્ઞાન કાંઈ કાર્યકારી ન રહ્યું.

તે પ્રમાણે જ જિનવાણી માતા અજ્ઞ જીવોને તેમની પોતાની

અર્થાત્ જીવની પહેચાન કરી આપવા સૌ પ્રથમ તે જીવને શોધવો ક્યાં તે માટે ચૌદ માર્ગણાઓનું અને વીસ પ્રરૂપણાઓનું સવિસ્તાર વર્ણન કરે છે. ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ઉપયોગ અને ચૌદ માર્ગણાઓ એવી આ વીસ પ્રરૂપણાઓ છે. તેમાં પરદ્રવ્યોના સાપેક્ષ કથન છે. તેમ જ જીવની અવસ્થાઓનું વર્ણન છે. તેની વડે જીવની સત્તા નિશ્ચિત કર્યા બાદ લક્ષણો દ્વારા શુધ્ધ જીવ સ્વરૂપનો અર્થાત્ નિજશુધ્ધાત્માનો અનુભવ કરવાનો ઉપદેશ આપવામાં આવે છે.

જીવ જો ગુણસ્થાન માર્ગણાદિ જાણી પછી તેમનું લક્ષ્ય છોડી પોતાને જાણે તો જ ઉપરોક્ત બધી બાબતો જાણવી કાર્યકારી બનશે. સાર્થક ઠરશે. તમે પૂછશો, 'આ બધાનું લક્ષ્ય છોડવું જ હતું તો પ્રથમ તેઓનું લક્ષ્ય કરવું જ શા માટે? અમે તેઓને મૂળથી જ જાણવાનું છોડી દઈએ.'

અલી, જેમનું વ્યવહાર જ્ઞાન જિનમતાનુસાર યથાર્થ નથી તેમનું નિશ્ચય જીવસંબંધીનું જ્ઞાન યથાર્થ હોવાની મુદ્દલ શક્યતા જ નથી. સમ્યગ્દષ્ટિ જીવોને પણ કરણાનુયોગના આ અભ્યાસથી તે વિષયોનું વિસ્તારપૂર્વક જ્ઞાન થવાથી શ્રધ્ધા સુદૃઢ– વધુ મજબૂત થવામાં મદદરૂપ થાય છે.

લોકોના અજ્ઞાનનો ફાયદો લઈ સમાજમાં અનેક પ્રકારની બાવાગિરી (બનાવટ) ચાલતી આપણે જોઈએ છીએ. ગૃહસ્થાવસ્થામાં રહી પોતાને આચાર્ય અને ભગવાન કહેવડાવનારા મહાભાગો પણ આપણાં જોવામાં આવે છે. ગુણસ્થાનોના અભ્યાસથી મોક્ષમાર્ગનું સ્વરૂપ, દેવ અને ગુરુનું સ્વરૂપ સ્પષ્ટ રીતે આપણાં જ્ઞાનમાં આવે છે. આપણી પોતાની ભૂમિકાનો અર્થાત્ આપણે કયા ગુણસ્થાનમાં છીએ તેનો નિર્ણય પોતે જ કરી શકીએ છીએ.

તમે કહેશો, 'પ્રસ્તાવના જ આટલી લાંબી લખી તે કરતા વિષયની શરૂઆત કરીશ તો ઠીક રહેશે' તમારું કહેવું પણ યોગ્ય જ છે. હવે પછીના પત્રમાં આપણે ગુણસ્થાનવિષે થોડી ઘણી માહિતી કરી લઈએ.

એ જ લિ.

તમારી બા.

# ગુણસ્થાન-સામાન્ય ચર્ચા
## (સમ્યક્ત્વ પ્રાપ્તિની પાત્રતા, પ્રક્રિયા અને સ્વરૂપ)

પત્રાંક ૧૦ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૩૧ ઑગસ્ટ ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

ગુણસ્થાન વિષે તમારી ઉત્સુકતા જોઈ મારો ઉત્સાહ પણ દ્વિગુણિત થયો છે. અરવિંદકાકા પણ રોજ પૂછે છે કે, 'ભાભી, કેટલું લખાયું ? જલદી પૂરું કરો. આપણને વહેલામાં વહેલું પુસ્તક છાપવું છે.'

સૌપ્રથમ ગુણસ્થાન શું છે તે જોઈએ. રાજસ્થાન, હિંદુસ્તાન, પાકિસ્તાન આ શબ્દો તો આપણાં પરિચયના છે, તે પ્રમાણે જ ગુણોના સમૂહને ગુણસ્થાન કહ્યું છે કે ગુણોના સ્થાનોને એટલે કે ભેદોને ગુણસ્થાન કહ્યાં છે એવો પ્રશ્ન કદાચ તમારા મનમાં આવશે. ગુણસ્થાન ચોક્કસ શું છે? દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે?

દ્રવ્ય તો નથી કારણ છ દ્રવ્યોમાં તે નામનું કોઈ જ દ્રવ્ય નથી. ગુણ પણ નથી કારણ ગુણની વ્યાખ્યા તમે જાણો જ છો, કે જે દ્રવ્યના સંપૂર્ણ ભાગમાં અને તેની સંપૂર્ણ અવસ્થાઓમાં રહે તેને ગુણ કહે છે. ગુણસ્થાનો તો બદલાતા રહે છે અને ગુણસ્થાનોનો અભાવ કરી ગુણસ્થાનાતીત એવી સિધ્ધ અવસ્થા પ્રગટે છે, માટે તે ગુણો નથી.

જોકે નામ ગુણસ્થાન હોવા છતાં તે પર્યાયોનાં સ્થાનો એટલે કે ભેદો છે. જીવની પર્યાયોની અસંખ્યાત અવસ્થાઓ હોય છતાં સ્થૂળત: તેમનાં ચૌદ ભેદ કથનો કરવામાં આવ્યાં છે. જીવમાં તો અનંત ગુણો અને તે પ્રત્યેકની પર્યાયો છે. પરંતુ તેમાંથી શ્રધ્ધા અને ચારિત્ર ગુણોની અવસ્થાઓમાં-પર્યાયોમાં જે તારતમ્ય જોવામાં આવે તે અનુસાર તેમ જ યોગની અપેક્ષાએ પણ આ ગુણસ્થાનોને ચૌદ ગુણસ્થાનોમાં વિભાજિત કર્યા છે.

ગુણસ્થાનની શાસ્ત્રોક્ત પરિભાષા આ પ્રમાણે છે, 'મોહ અને

યોગના નિમિત્તથી જીવની શ્રધ્ધા અને ચારિત્ર ગુણોની થવાવાળી તારતમ્યરૂપ અવસ્થાઓને ગુણસ્થાન કહેવામાં આવે છે.'

આ જીવની પર્યાયોના ભેદ છે, અન્ય દ્રવ્યોની પર્યાયોના નથી. જીવમાં પણ અનંત ગુણોમાંથી માત્ર શ્રધ્ધા અને ચારિત્ર ગુણોની પર્યાયોઅનુસાર આ ગુણસ્થાનોના ભેદ પડ્યાં છે. સિધ્ધ જીવ ગુણસ્થાનાતીત છે અને બધાં સંસારી જીવો કોઈ ને કોઈ ગુણસ્થાનમાં જોવામાં આવે છે જ. આપણને ગુણસ્થાનોના અભ્યાસમાં પ્રવેશવું છે, ગુણસ્થાનમાં નહીં, કારણ આપણે દરેક જણ કોઈને કોઈ ગુણસ્થાનમાં તો છીએ જ.

અનાદિકાળથી બધાં જીવો પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનમાં હોય છે. તે પહેલું ગુણસ્થાન છે. તેનો પ્રથમ ક્રમાંક છે માટે સારું માનશો નહીં. આ તો બાદશાહી (રાજાશાહી) ગુણસ્થાન છે. અહીં મોહરાજાનો હુકમ ચાલે છે. એ જીવોની જિનેન્દ્રકથિત પ્રયોજનભૂત તત્ત્વોસંબંધે વિપરીત માન્યતા હોય છે. એને જ અતત્ત્વશ્રધ્ધાન કહે છે. પ્રયોજનભૂત તત્ત્વોવિષે સવિસ્તાર ચર્ચા આપણે પહેલાના પુસ્તકમાં નવ લેખોવડે કરી જ છે, યાદ છે ને?

મિથ્યાત્વ ગુણસ્થાનનો જીવ પ્રાપ્ત શરીરમાં જ 'આ હું છું' એમ માને છે, તે સાચા દેવ, શાસ્ત્ર, ગુરુનું સ્વરૂપ જાણતો નથી. કુળ પરંપરાથી તે એમને માને છે અને તેમની પૂજા ભક્તિ કરે છે, શુભરાગ એટલે શુભકાર્ય કરવાથી મોક્ષની પ્રાપ્તિ થશે એમ તે માને છે. કેટલાક જીવ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું સેવન કરે છે અર્થાત્ તેમની ભક્તિ, પૂજા આદર કરે છે. તેમનાં ઉપદેશ પર વિશ્વાસ રાખે છે. તેમને ગૃહીત મિથ્યાત્વ હોય છે.

કોઈ જીવો અરહંતોની ભક્તિ પૂજા કરે છે પણ બાહ્ય પ્રતિમામાં અને તેમનાં શરીરાદિકમાં જ તેઓને પૂજ્યભાવ હોય છે. અરહંતોના આત્મિક ગુણોને, તેમની વીતરાગતાને અને સર્વજ્ઞ સ્વરૂપને તે જીવો ઓળખતાં નથી. આવા લોકો મંદિરોમાં કે તીર્થક્ષેત્રે જાય છે પણ મૂર્તિનો પાષાણ, બાહ્ય આકાર, ચેહરો, વિભૂતિ અને ચમત્કારયુક્ત અતિશયસહિત બાબતો પર જ તેમનું લક્ષ રહે છે.

કેટલાક જીવો બાહ્ય દિગંબર વેષને જ મુનિઓનું સ્વરૂપ માને છે પણ તેઓને મુનિઓનાં અંતરંગ સ્વરૂપનું–અકષાય ભાવોનું–વીતરાગતાનું જ્ઞાન હોતું નથી. આગમસમ્મત એટલે કે શાસ્ત્રમાં કહ્યાં મુજબ યોગ્ય આચરણ અર્થાત્ ૨૮ મૂલગુણ પાળનારને અને જેમને ત્રણ કષાયચોકડીના અભાવપૂર્વક વીતરાગતા પ્રકટેલી છે તેમને જ મુનિ કહેવાય તેનું તે જીવને જ્ઞાન હોતું નથી. જે એવા નથી તે વ્યક્તિ તરફથી સાચા મોક્ષમાર્ગનો ઉપદેશ મળવો શક્ય નથી, તેઓને માનવા-પૂજવાથી મિથ્યાત્વ પુષ્ટ થાય છે અને મિથ્યાત્વમાંથી છૂટવાનો રસ્તો જ બંધ થઈ જાય છે.

મિથ્યાત્વી જીવોની પ્રયોજનભૂત સાત તત્ત્વો સંબંધેની માન્યતા વિપરીત હોય છે. તેમને પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ, મમત્વબુદ્ધિ, કર્તૃત્વબુદ્ધિ અને ભોક્તૃત્વબુદ્ધિ હોય છે. નિમિત્ત ઉપાદાનસંબંધે યથાર્થ જ્ઞાન ન હોવાથી તેની નિમિત્તાધીન દૃષ્ટિ હોય છે. શરીરાશ્રિત ક્રિયાઓને તે પોતાનું કાર્ય માને છે અને રાગભાવમાં એકત્વ કરે છે.

શાસ્ત્રાભ્યાસ કરીને પણ કેટલાક જીવોનું મિથ્યાત્વ છૂટતું નથી. કોઈ કોઈ દેવપૂજા, દયા, દાન, સ્વાધ્યાય વગેરે શુભકાર્ય કરી સંતુષ્ટ થાય પણ તેઓમાં શુદ્ધાત્માના રુચિપૂર્વક આત્મસન્મુખતાનો પુરુષાર્થ હોતો નથી, કારણ હજુ પણ માન્યતામાં ક્યાંક ખોટ રહી જાય છે. કેટલાક શુદ્ધાત્માના વિકલ્પમાં જ સંતુષ્ટ રહી પોતાને પર્યાયમાં પણ શુદ્ધ માને છે. આ બન્ને પ્રકારના જીવોને તત્ત્વજ્ઞાનનું મર્મ જ સમજાતો નથી. નિશ્ચયનય અને વ્યવહારનયના કથનનું સંતુલન અને મર્મ તેઓને જડતાં નથી.

અનાદિકાળથી એક પછી એક એવા અનંતભવ આપણે ધારણ કર્યા. પ્રત્યેક ભવમાં પ્રાપ્ત પર્યાય જેટલું જ આપણે પોતાને માન્યા. એટલે પ્રવાહની અપેક્ષાએ મિથ્યાત્વ અનાદિકાળથી છે એમ કહ્યું છે. પં. દૌલતરામજીએ છ ઢાળામાં કહ્યું છે,

'મોહ મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ'.

મિથ્યાત્વનું આવું વર્ણન સાંભળી ગભરાવાનું કાંઈ જ કારણ નથી. મિથ્યાત્વનો અભાવ કરી સમ્યક્ત્વપ્રાપ્તિનો ઉપાય આપણને જિનવાણી દ્વારા ઉપલબ્ધ છે. સૌપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા કયા જીવમાં હોય છે તે જોઈએ.

ચારેય ગતિના સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત ભવ્ય જીવ મિથ્યાત્વનો અભાવ કરી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે. એનો અર્થ કે એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિયો સુધીના બધાં જીવો નિયમથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ હોય છે અને તેમની સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા પણ નથી હોતી. સંજ્ઞી એટલે મનસહિત પંચેંદ્રિય જીવોમાં પણ પર્યાપ્ત હોવું આવશ્યક છે. પર્યાપ્ત એટલે પૂર્ણ. અપર્યાપ્તનો અર્થ અપૂર્ણ.

પર્યાપ્તિવિષયક માહિતી પછી આવશે જ ત્યારે વધું સ્પષ્ટતા થશે. અપર્યાપ્ત જીવ શ્વાસના અઢારમાં ભાગમાં મરે છે. ઘણી જ અલ્પ આયુના તે ધારક હોય છે. નોકર્મવર્ગણાઓનું ગ્રહણ કર્યું હોય તો પણ તેમાંથી શરીરાદિ બનાવવાનું કાર્ય પૂર્ણ થતું નથી, અધૂરું જ રહે છે.

એવા સંજ્ઞી પર્યાપ્તક પંચેંદ્રિય જીવને જ્ઞાનનો એટલો ઉઘાડ હોય છે કે તેઓ પોતાના સ્વરૂપસંબંધેનો ઉપદેશ ગ્રહણ કરે છે, મનથી તેના પર વિચાર કરે છે, તત્ત્વનિર્ણય કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, મોક્ષમાર્ગ વિષે પરિક્ષાપ્રધાની થઈ નિર્ણય કરે છે, શાસ્ત્રોમાં સમ્યક્ત્વ પ્રાપ્તિના કારણોમાં અને પ્રક્રિયામાં પાંચ લબ્ધિઓનું સ્વરૂપ કથન કરેલ છે. તેમના નામો છે– ૧) ક્ષયોપશમલબ્ધિ, ૨) વિશુદ્ધિલબ્ધિ, ૩) દેશનાલબ્ધિ, ૪) પ્રાયોગ્યલબ્ધિ અને ૫) કરણલબ્ધિ.

માત્ર જ્ઞાનનો ઉઘાડ રહેવો અર્થાત્ બુદ્ધિ તીક્ષ્ણ હોવાને ક્ષયોપશમલબ્ધિ ન કહેવાય, તેને જ્ઞાનનો ક્ષયોપશમ કહે છે. પણ આ પ્રાપ્ત જ્ઞાન તત્ત્વજ્ઞાન જાણવામાં, શીખવામાં લગાડવાને 'ક્ષયોપશમલબ્ધિ' કહેવામાં આવે છે.

સમ્યક્ત્વપ્રાપ્તિની યોગ્યતામાં બીજી આવશ્યકતા છે તે કષાયોની મંદતાની. અષ્ટમૂલગુણોને ધારણ કરી અન્યાય, અનીતિ તથા અભક્ષ્યભક્ષણનો ત્યાગ કરી સદાચારી જીવન જીવનારો જીવ તે માટે પાત્ર છે. તેને 'વિશુદ્ધિલબ્ધિ' કહે છે.

કષાયોની તીવ્રતામાં જિનવાણીનો ઉપદેશ જીવોને રુચતો નથી, ગળે ઉતરતો નથી, સમજાતો નથી, સાચું જોતાં જીવ તે ઉપદેશ તરફ વળતો પણ નથી. ગૃહીત મિથ્યાત્વનો અર્થાત્ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો ત્યાગ પણ આવશ્યક છે.

આવા પાત્ર જીવને જ્ઞાની જીવ પાસેથી ઉપદેશ મળે છે. તેને 'દેશનાલબ્ધિ' કહ્યું છે. માત્ર ઉપદેશ સાંભળવાને દેશનાલબ્ધિ કહેવાતી નથી. આત્માનાં સ્વરૂપનું કથન જે રુચિપૂર્વક સાંભળે અને તે અનુસાર આગમકથિત પ્રયોજનભૂત સાત તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરી જે તત્ત્વનિર્ણય કરે તેણે જ ઉપદેશ ગ્રહણ કર્યો એમ કહેવાશે. જેમ કે રોહિતને તમે કહ્યું કે 'જા બેટા, એક ગ્લાસ ભરી પાણી લઈ આવ'. તે સાંભળી તે પાણી લાવ્યો તો આપણે કહીશું કે રોહિતે આપણું કહ્યું માન્યું. માત્ર કાનેથી સાંભળ્યું અને તે અનુસાર ન વર્તવું તેને આપણે લૌકિકમાં પણ 'સાંભળવું' કહેતા નથી.

દેશનાલબ્ધિ પછી 'પ્રાયોગ્યલબ્ધિ' છે. જીવ તત્ત્વજ્ઞાનના અભ્યાસપૂર્વક તત્ત્વનિર્ણય કરવા માંડે. આગમોમાં આત્માનું જેવું વર્ણન છે તદનુસાર આપણાં જ્ઞાનમાં નક્કી કરી વારંવાર આત્માસંબંધે વિચાર કરે છે. આને જ 'પ્રાયોગ્યલબ્ધિ' કહેવાય.

આ ચાર લબ્ધિઓ પ્રાપ્ત કરનારા જીવને સમ્યક્ત્વ થશે જ એમ નથી. ભવ્ય અને અભવ્ય બન્ને પ્રકારના જીવોને આ ચાર લબ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. પણ જેને સમ્યક્ત્વ થાય તેને ચાર લબ્ધિઓ બાદ કરણલબ્ધિના પરિણામો થાય અને ત્યારબાદ તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. કર્મની ઉપશમ અવસ્થા વિષે ચર્ચા આપણે પહેલાં કરી હતી. કરણલબ્ધિમાં જીવને કશું જ કરવું પડતું નથી. આ પહેલાં જ તત્ત્વનિર્ણય કરેલો છે. તે વડે જ્યારે શુદ્ધાત્માની તીવ્ર રુચિ જાગૃત થાય, આત્માની મહિમા સર્વોત્કૃષ્ટ લાગવા માંડે, સંપૂર્ણ જગ કરતા નિજશુદ્ધાત્મા મહાન લાગવા માંડે ત્યારે ઉપયોગ સ્વસન્મુખ થાય છે, આને જ કરણલબ્ધિ કહેવાય. ત્યારબાદ પોતાને જ્ઞાયક સ્વરૂપે જાણવા લાગે અને અતીંદ્રિય આનંદની અનુભૂતિ થાય છે.

આ આખું કાર્ય જાગૃત અવસ્થામાં સાકાર ઉપયોગ દ્વારા (જ્ઞાનોપયોગ દ્વારા) થાય છે. ઉંઘમાં, બોલતાં બોલતાં, પરસન્મુખ

ઉપયોગમાં આત્માની અનુભૂતિ–સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહીં થાય.

તમે પૂછશો કે અમને સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું છે તે માટે હવે અમારે શું શું કરવું તે કહે.

જુઓ, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મનુષ્ય તો તમે છો જ. શુધ્ધાત્માની રુચિપણ તમને છે એથી તમે ભવ્ય છો તે પણ દેખાઈ આવે છે. પદ્મનંદી આચાર્યે તેમના પદ્મનંદી પંચવિંશતિકા ગ્રંથમાં કહ્યું છે કે જે શુધ્ધાત્માની ચર્ચા-વાર્તા અત્યંત પ્રીતિચિત્તે સાંભળે છે તે નિશ્ચિત જ ભવ્ય છે અને ભવિષ્યમાં નિર્વાણ પ્રાપ્ત કરવાને પાત્ર છે. તમારી આ રુચિ તમારી મંદકષાયોની દ્યોતક છે. જિનેન્દ્રકથિત ઉપદેશ પણ તમને મળ્યો છે અને મળી રહ્યો છે.

સૌથી મહત્વનું કાર્ય છે સાચાં દેવ-ગુરુ-શાસ્ત્રનો યથાર્થ નિર્ણય કરવો, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અર્થાત્ ગૃહીત મિથ્યાત્વનો સર્વથા ત્યાગ કરવો, મદ્ય-માંસ-મધ અને પાંચ ઉદુંબર-ફળોનો ત્યાગ કરવો એને જ અષ્ટ મૂલગુણ ધારણ કરવું એમ કહેવાય છે. નીતિયુક્ત સદાચારી જીવન વ્યતીત કરતા અધ્યાત્મ શાસ્ત્રોના અભ્યાસથી આત્મસ્વભાવનો નિર્ણય કરવો, દિવસ દરમ્યાન થોડો સમય એકાંતમાં ચિંતન મનન કરવું, શાસ્ત્રસ્વાધ્યાય દ્વારા અથવા ચિંતન દ્વારા શુધ્ધાત્માનો મહિમા લાવી ઉપયોગને સ્વસન્મુખ કરવો. ખરું જોતાં ઉપદેશની ભાષામાં 'આ કરો અને તે કરો' એમ આવે પણ જેને આત્માની રુચિ અને લગની (ધુન) લાગી છે તેને વિકલ્પાત્મક ભૂમિકા બાદ વિકલ્પ છૂટી નિર્વિકલ્પ અવસ્થા સહજ પ્રાપ્ત થાય, તે માટે કાંઈ જ કરવું પડતું નથી.

મારે કંઈ પણ કરવું જોઈએ, વિશિષ્ટ શુભભાવ કરવો જોઈએ, વિકલ્પ કરવો જોઈએ, વિકલ્પ છોડવો જોઈએ, વગેરે 'કરવું જોઈએ' એ જે અભિપ્રાય છે તે ખોટો છે. 'હું કોણ' તેનો યથાર્થ નિર્ણય થયા બાદ આ 'કરૂં કરૂં'ની ભાવના જતી રહે છે.

જીવને સર્વપ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યારે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. આ જીવ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાંથી ચોથા 'અવિરત સમ્યક્ત્વ' ગુણસ્થાનમાં આવે છે. તેના શ્રધ્ધા

ગુણની મિથ્યાદર્શનની અવસ્થા પલટાઈ સમ્યગ્દર્શનની અવસ્થા આવે છે.

ચોથા ગુણસ્થાનનું નામ અવિરત એટલે અવ્રત સમ્યક્ત્વ છે. આ ગુણસ્થાનમાં જીવોને સમ્યક્ત્વ તો છે પરંતુ કોઈપણ વિરતિ એટલે વ્રત નથી. પાંચ ઈન્દ્રિયો અને એક મનના વિષયોથી આ જીવ વિરત થયો નથી. પાછળ હટયો નથી તેમ જ ષટ્કાયિક જીવોની હિંસાથી પણ વિરત થયો નથી. તેને શાસ્ત્રીય ભાષામાં છ પ્રકારનો ઈન્દ્રિયસંયમ અને છ પ્રકારનો પ્રાણીસંયમ નથી એમ કહે છે. તેઓમાંથી જીવ વિરત થયો નથી છતાં તેનું એમાં સ્વચ્છંદ પ્રવર્તન હોતું નથી.

અહીં ચારિત્ર ગુણની પર્યાયમાં અનંતાનુબંધી કષાયોનો અભાવ છે, પરંતુ હજુ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજવલન કષાય વિદ્યમાન છે. આ જીવોને ક્યારે ક્યારે શુદ્ધોપયોગ થાય છે. તેઓને સાંચા દેવ-ગુરુ-શાસ્ત્ર વિષે ભક્તિનો રાગ હોય છે. જિનેન્દ્રકથિત પ્રયોજનભૂત સાત તત્ત્વોની તેમને પ્રતીતિ હોય છે, સ્વ અને પર નું ભેદજ્ઞાન તેમ જ આત્માની પ્રતીતિ કાયમ વર્તે છે.

તેઓના બાહ્ય આચરણમાં કોઈ પરિવર્તન નજરે પડતું નથી છતાં તેઓના અંતરંગમાં જમીન આસમાનનો ફરક પડેલો હોય છે. તેઓના વિપરીત અભિપ્રાયનો નાશ થયેલો હોય છે, તેઓને આત્માનુભૂતિ થયેલી હોય છે, તેઓને નિરંતર ભેદજ્ઞાન વર્તતું હોય છે. તેમણે પોતાને સ્વ સ્વરૂપે સ્વીકાર્યું હોય અને પરને તે પર જાણે છે, તેમને રાગ એટલે કષાય તો વિદ્યમાન છે પણ તે રાગનું સ્વામિપણું રહેતું નથી, તેમને રાગનો રાગ રહેતો નથી.

આ જીવને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના, પ્રભાવનાના પરિણામ આવે છે પણ તે સમયે પણ સ્વભાવસન્મુખતાની ભાવના અને ખેંચાણ કાયમ રહે છે. ભક્તિ, સ્વાધ્યાય, અધ્યયન, અધ્યાપન આદિ દ્વારા પણ આ જીવ સ્વભાવનો જ રસ પુષ્ટ કરતો હોય છે અને એ બધી બાબતો છોડી સ્વભાવમાં અંતર્મગ્ન થવાની પ્રવૃત્તિ પણ તેને રહેતી હોય છે.

ચારેય ગતિના જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે એમ આપણે જોયું. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ, મનુષ્ય, દેવ અથવા નારકી

પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાનમાં આવી શકે છે. મરણબાદ અન્ય ભવમાં પણ ચોથું ગુણસ્થાન કાયમ રહે છે અર્થાત્ સમ્યક્ત્વ કાયમ રહે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને નિરંતર ભેદજ્ઞાનનો અભ્યાસ હોય છે. તે સાંસારિક કાર્યોમાં સંલગ્ન થાય છતાં તેને પોતાની પ્રતીતિ સદૈવ કાયમ રહે છે. તમે કહેશો કે શુદ્ધોપયોગનો કાળ તો ઘણો જ અલ્પ છે. ત્યારબાદ જીવ શુભોપયોગમાં અને અશુભોપયોગમાં જશે જ. ત્યારે તેનું સમ્યક્ત્વ કેવી રીતે ટકે?

જુઓ, જ્યારે સૌપ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ત્યારે તે નિયમથી શુદ્ધોપયોગ અવસ્થામાં જ થાય છે પરંતુ શુદ્ધોપયોગ બાદ તે જીવનું સમ્યક્ત્વ નષ્ટ થતું નથી. પોતાનો ભિન્ન અનુભવ લીધાં પછી પોતાને ઓળખ્યા બાદ તેનું પોતામાં જ સ્વપણું કાયમ રહે છે. શુભભાવ કે અશુભભાવ ચાલુ રહે તોપણ તેની આ પ્રતીતિ નષ્ટ થતી નથી. એ શી રીતે શક્ય છે તે આપણે એક ઉદાહરણ પરથી જોઈશું.

જેવી રીતે કોઈ ફિલ્મ અભિનેતા ફિલ્મ શૂટીંગ વખતે ભિખારીનો અભિનય કરતો હોય ત્યારે તે ખરેખરો ભિખારી જ દેખાય છે, તોપણ તે પોતાનું ખરું નામ, સ્વરૂપ, અસ્તિત્વ ભૂલતો નથી. પોતાનું સ્વરૂપ જ તે ભૂલે તો રસ્તા પર જઈ તે ભિખારી જેવો ભટકવા લાગશે, ભૂખ્યો રહેશે, ભીખ માગતો ફરશે પણ એવું કાંઈ જ બનતું નથી. અભિનય કરવા માટે તો તેને કરોડો રૂપિયા મળતાં હોય છે. ભિખારીના વેષમાં ભીખ માગવાનું કાર્ય કરતો તો તે પ્રત્યક્ષ દેખાય છતાં તે ક્ષણે જ પોતાની મહાનતાની, મહિમાની તેને પૂરી ખાત્રી છે, પ્રતીતિ છે.

તે માટે તેને પોતાનું નામ રટવું પડતું નથી, તેને અવારનવાર પોતા વિષે વિકલ્પ કરવા પડતાં નથી કે અરે હું તો અમુક અભિનેતા છું. અભિનેતા ઘરે હોય કે અભિનય કરતો હોય, પોતાનાં સ્વરૂપનું ભાન તેને નિરંતર કાયમ રહે છે.

તે પ્રમાણે જ જેણે આત્માનો અનુભવ કર્યો છે તેને પોતાના સ્વરૂપની-જ્ઞાયકપણાની પ્રતીતિ સતત ચાલુ રહે છે. પછી ભલે તે પોતાને જાણતો હોય કે પરને જાણતો હોય અર્થાત્ તે

શુદ્ધોપયોગમાં હોય, શુભોપયોગમાં હોય કે અશુભોપયોગમાં હોય, તેને વારંવાર પોતાના સ્વરૂપ વિષે ગોખણપટ્ટી કરવી પડતી નથી; સતત 'હું જ્ઞાયક છું' 'હું શુદ્ધ છું' એવા વિકલ્પો કરવાં પડતાં નથી. પોતામાં પોતાપણું સહજ રીતે કાયમ ટકી રહે છે.

સમ્યગ્દષ્ટિ જીવને હજી પણ રાગ વિદ્યમાન હોય છતાં તે રાગનો સ્વામી હોતો નતી, રાગ વિષે તેને રાગ દ્વેષ હોતાં નથી, રાગનો મહિમા પણ તેને હોતો નથી. અધિકાધિક ઉચ્ચ પ્રતીના શુભરાગ તેને આપમેળે જ આવે છે પણ તેમાં તેને દુઃખરૂપ વેદન અનુભવમાં આવે છે. હાં, એટલું તો ખરું કે મિથ્યાત્વ અવસ્થા સાથે તુલના કરતાં રાગના કાળમાં પણ તેની આંશિક નિરાકુળતા ટકી રહે છે.

આ જીવને સતત એવી ભાવના હોય છે કે હું પોતાના સ્વભાવનું વધુમાં વધુ અવલંબન લઈ વધું આત્મસ્થિરતા પ્રાપ્ત કરું, આત્મામાં જ લીન રહું, જેને આત્માનો અનુભવ થયો છે એવા જીવને શુદ્ધોપયોગનું જ ખેંચાણ રહે છે. સ્વરૂપસ્થિરતા રહેતી ન હોય ત્યારે શુદ્ધાત્મા સંબંધેનું, આગમ સંબંધેનું, છ દ્રવ્યો, સાત તત્ત્વો વિષેનું કર્મ ગુણસ્થાન આદિનું, ત્રિલોકરચનાનું વગેરે આગમોક્ત બાબતો સંબંધેનાં વિચાર, તેનો અભ્યાસ તે વિષે શિખવું અને શિખવવું ચાલુ જ રહે છે.

દિવસે દિવસે તેની સાંસારિક કાર્યો વિષેની ઉદાસીનતા વધતી જાય છે, સત્સમાગમની રુચિ વધતી જાય, અધ્યયન અધ્યાપન વિશેષ રીતે થવા માંડે, દેવ-ગુરુ-શાસ્ત્ર વિષે તેને અત્યંત બહુમાન થતું હોય, તેની ભક્તિ તે કરે છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય ત્યારે જીવ પહેલા ગુણસ્થાનેથી ચોથા ગુણસ્થાનમાં આવે છે તે આપણે જોયું. મિથ્યાત્વ ગુણસ્થાનમાંથી કોઈ જીવ અન્યત્ર પણ ગમન કરે છે, જેમ કે પહેલા ગુણસ્થાનથી પાંચમા ગુણસ્થાનમાં તો કોઈ સાતમા ગુણસ્થાનમાં જઈ શકે છે. પાંચમા ગુણસ્થાનમાં જનાર જીવોની પાત્રતા એમ છે કે તેણે બુદ્ધિપૂર્વક અણુવ્રતો ગ્રહણ કરેલાં હોવા જોઈએ. અર્થાત્ સમ્યક્ત્વની પાત્રતાની બીજી બાબતો આપણે પહેલાં જોઈ હતી તે તો આવશ્યક જ છે.

પહેલા ગુણસ્થાનથી સાતમા ગુણસ્થાનમાં જવાવાળા જીવોને ઉપરોક્ત પાત્રતાની સાથે દિગંબર જિનદીક્ષા લેવી અર્થાત્ આગમ અનુસારી ૨૮ મૂલગુણોનું પાલન કરવું અત્યાવશ્યક છે. તેને શાસ્ત્રમાં દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. દ્રવ્યલિંગ ધારણ કર્યા વગર ભાવલિંગ એટલે કે સાતમા ગુણસ્થાન જેટલી વીતરાગતા અર્થાત્ અંતરંગ મુનિપણું થઈ શકતું નથી.

ચોથા ગુણસ્થાન બાદ જીવ આગળના ગુણસ્થાનમાં કેવી રીતે જાય તે આપણે હવે પછીના પત્રમાં જોઈશું.

તમે કહેશો પહેલા બાદ ચોથા, પાંચમા અને સાતમા ગુણસ્થાનોની ચર્ચા કરી પણ બીજા, ત્રીજા અને છઠ્ઠા ગુણસ્થાનોને શા માટે બાદ રાખ્યાં?

ઔપશમિક સમ્યક્ત્વના કાળમાં કદાચ અનંતાનુબંધી કષાયોનો ઉદય થાય તો જીવ સમ્યક્ત્વમાંથી ભ્રષ્ટ થાય છે, તે સમયે તેને બીજું 'સાસાદન સમ્યક્ત્વ' ગુણસ્થાન પ્રાપ્ત થાય. તે ગુણસ્થાનમાં ૧ સમયથી ૬ આવલિ જેટલો અલ્પકાળ રહી તે જીવ નિયમથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં જાય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ બાદ કેટલાક જીવોની શ્રદ્ધા ડગમગે. મિથ્યાત્વ સહિત એવું જુદું જ મિશ્ર પરિણામ તેમને હોય છે. ત્યારે સમ્યગ્મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મની પ્રકૃતિનો તેમને ઉદય હોય છે. આવા જીવોનું ત્રીજું અર્થાત્ 'સમ્યગ્મિથ્યાત્વ' ગુણસ્થાન હોય છે. તેનો કાળ પણ અલ્પ એટલે કે અંતર્મુહૂર્ત હોય છે. ત્યારબાદ જીવ પહેલા કે ચોથા ગુણસ્થાનમાં જાય છે.

છઠ્ઠું ગુણસ્થાન મુનિઓનું શુભોપયોગનું ગુણસ્થાન છે; અને સાતમું શુદ્ધોપયોગનું ગુણસ્થાન છે. મુનિઓ સતત છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં હોય છે. સાતમામાંથી છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે. તેની ચર્ચા આગળ પર થશે જ. હાલ અહીં જ વિરામ લઈએ.

એ જ લિ.

તમારી બા.

# ગુણસ્થાન આરોહણ-દેશવિરત ગુણસ્થાન

પત્રાંક ૧૧ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૨ સપ્ટેંબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

ગુણસ્થાન સંબંધેનું આ બધું જ્ઞાન આપણને આગમોના આધારે પ્રાપ્ત થયેલું છે, અને આ આગમ જિનેન્દ્ર ભગવંતોની દિવ્યધ્વની દ્વારા પરંપરાથી આચાર્યોને પ્રાપ્ત થઈ તેઓએ લખી રાખ્યું છે. જિનેન્દ્ર ભગવંતોએ વસ્તુસ્વરૂપ પોતાના કેવળજ્ઞાનવડે પ્રત્યક્ષ જાણી ત્યારબાદ જ તેનો ઉપદેશ આપ્યો છે.

આચાર્યોએ અને અનેક ગૃહસ્થોએ આગમજ્ઞાનના આધારે સ્વસન્મુખતા કરી આત્માનો અનુભવ કર્યો અને અન્ય જીવોને તેનો ઉપદેશ આપ્યો. આપણે કોઈ વક્તા મારફત આ ઉપદેશ સાંભળીએ ત્યારે તે માત્ર તેમનો જ ઉપદેશ ન હોઈ આગમ ગ્રંથોનો ઉપદેશ હોય છે, આચાર્યોનો ઉપદેશ હોય છે, ભગવંતોનો ઉપદેશ હોય છે. વક્તા જો આત્મજ્ઞાની હોય તો તે ઉપદેશ વિશેષ કાર્યકારી બને છે.

સમ્યગ્દષ્ટિ જીવ પણ આત્માના સ્વરૂપનો જે ઉપદેશ આપે તે આગમોના આધારપર જ આપે છે. શુધ્ધોપયોગમાં કંઈ તેને આત્માના અનંત ગુણો કે અસંખ્યાત પ્રદેશ દેખાતાં નથી. આગમાનુસાર જ્ઞાન મેળવ્યાબાદ સ્વરૂપમાં એકાગ્ર થતાં નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદનો અનુભવ તેને આવે છે. આત્મસ્વરૂપવિષે તથા મોક્ષમાર્ગ વિષે તે નિ:શંક હોય છે - તેને પૂરો વિશ્વાસ હોય છે.

દીકરીઓ, અધ્યાત્મનો અભ્યાસ કરનારને પોતાનો વિવેક જાગૃત રાખવાની બહુ જ આવશ્યકતા હોય છે. ગુણસ્થાન શીખ્યાબાદ એ યાદ રાખવું જોઈએ કે ચોથું, પાંચમું ગુણસ્થાન તે ગૃહસ્થોનું ગુણસ્થાન છે. મુનિઓનું ગુણસ્થાન છઠ્ઠું અને સાતમું તેમ જ ઉપરનું હોય છે. અરહંતોનું ૧૩મું અને ૧૪મું ગુણસ્થાન હોય છે.

એમાથી દેવ, ગુરુ (મુનિ) અને શાસ્ત્ર જ વંદનીય, પૂજનીય, અષ્ટદ્રવ્યોથી પૂજા કરવા યોગ્ય છે. ગૃહસ્થ સમ્યગ્દષ્ટિ હોય તો પણ તે મુનિઓ જેમ પૂજનીય નથી. હાં, તેમનો વિદ્યાગુરુ તરીકે યોગ્ય આદર, સત્કાર નમસ્કારાદિ કરવા યોગ્ય છે. પણ આપણાં

અભિપ્રાયમાં જો આપણે આવી વ્યક્તિને ભગવાન કરતા અને આચાર્યો કરતા ઉચ્ચ માનતા હોઈએ તો તે આપણી વિવેકહીનતા કહેવાશે. આજકાલ એવી કેટલીક વિકૃતિઓ જોવામાં આવે છે અને વ્યક્તિપૂજાનું તૂત ઘણાને વળગ્યું છે. પણ તેથી તો આપણે જ આપણા પગ પર પથ્થર માડી રહ્યાં છીએ, આપણી સમ્યક્ત્વ પ્રાપ્તિમાં તેથી આડ ખીલી ઉભી થઈ રહી છે તે તેઓને સમજાતું નથી. દેવગતિના દેવોપણ ચોથા ગુણસ્થાનથી ઉપર જઈ શકતાં નથી, માટે સૌધર્મ ઈન્દ્રો, લોકાન્તિકદેવો જે આગળના ભવમાં જ મોક્ષે જનારા હોય છતાં આપણે તેમની પૂજા કરતાં નથી.

ગુણસ્થાનના અભ્યાસથી નિશ્ચય અને વ્યવહારનો આપણી બુદ્ધિવડે સમન્વય સધાય છે, તેમાનો સુમેળ આપણાં ખ્યાલમાં આવે છે. કયા ગુણસ્થાનના જીવના આચાર વિચાર કેવાં હોય છે તેનું જ્ઞાન થાય છે. અહીં એક વાત સરખી રીતે સમજો કે માત્ર તે આચારોનું, વ્રતોનું પાલન કરવાથી ગુણસ્થાન બદલાતું નથી પણ અંતરંગની વીતરાગતા વધવાથી ઉપરના ગુણસ્થાનો પ્રાપ્ત થાય છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ આત્મસ્થિરતા દ્વારા થાય છે તેમ જ ઉપરના ગુણસ્થાનોની પ્રાપ્તિ પણ-પાંચમા, સાતમા એટલું જ શું તેરમા સયોગકેવળી ગુણસ્થાન સુધીની પ્રાપ્તિ પણ અધિકાધિક આત્મસ્થિરતાવડે જ થાય છે. તેથી જ આત્મખ્યાતિમાં કહ્યું છે,

**''भावयेत् भेदविज्ञानम् इदम् अच्छिन्नधारया ।**
**तावत् यावत् परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ।।१३०।।''**

તમને અર્થ સમજાય માટે દરેક શબ્દ સંધી ખોલીને છુટા લખ્યા છે. તેનો અર્થ–સમ્યક્ત્વપ્રાપ્તિ થયા બાદ ભેદવિજ્ઞાન અખંડ રીતે ત્યાંસુધી કરતા રહેવું, તેની ભાવના કરવી કે જ્યાંસુધી જ્ઞાન પરભાવોથી ચ્યુત થઈને પૂર્ણરૂપે જ્ઞાન સ્વભાવમાં કાયમ ટકતુ નથી. આત્મસ્થિરતાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય અને આત્મસ્થિરતા વડે જ કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય. મોક્ષમાર્ગની શરૂઆત, મોક્ષમાર્ગ અને મોક્ષ એ બધું અંતરંગમાં જ આત્મસ્થિરતાથી થાય છે. બાહ્ય આચરણ તથા વ્રતાદિ મને મોક્ષમાર્ગની જલદી પ્રાપ્તિ કરાવી આપશે એવી માન્યતા મિથ્યાત્વ છે.

તેનું કારણ છે કે શરીરાશ્રિત ક્રિયા તો પરદ્રવ્યની અચેતનની ક્રિયાઓ છે, તે મને મોક્ષમાર્ગ પ્રગટ કરવામાં કેવી રીતે કાર્યકારી

બનશે? ઉલટું તે મારી ક્રિયાઓ છે એ વિપરીત માન્યતા સમ્યક્ત્વપ્રાપ્તિમાં બાધક છે. તેમ જ વ્રતાદિ કરવાના જે શુભભાવ - જે રાગ થાય છે તે તો ચારિત્ર ગુણના વિભાવો છે. તે મારો સ્વભાવ નથી અને તે પર્યાય જેવડો હું નથી. હું તો ત્રિકાલ શુધ્ધ ધ્રુવ અભેદ છું. રાગ સાધક છે માટે તે કરવા યોગ્ય છે એમ માનવું અને કરવું, તેમ જ રાગ બાધક છે માટે તેને હટાવવાનો પ્રયત્ન કરવો એ બન્ને બાબતોમાં દૃષ્ટિ તો રાગ પર જ રહે છે અને તેથી સ્વભાવ ગૌણ બને છે.

પણ સ્વભાવને મુખ્ય કરી ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મામાં હું પણું સ્થાપન કરી જ્યારે આત્મામાં એકાગ્રતા થાય ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ત્યારે પણ રાગની વિદ્યમાનતા અને દેહ પોતપોતાની યોગ્યતાનુસાર હોય જ છે પરંતુ તેના ઉપર હવે દૃષ્ટિ હોતી નથી, તેમના વિષે સ્વામિત્વભાવ કે પોતાપણું (અપનત્વ) રહેતું નથી. અરે, શુભભાવ છોડી શું સ્વચ્છંદી બનવું એવો પ્રશ્ન ઘણાંને ઉભો થાય છે.

જેઓને શુધ્ધાત્મામાં પોતાપણું થાય તેઓને સ્વચ્છંદતા રહેતી નથી. તેઓને તો વધુ ઉચ્ચ કોટીના શુભભાવ આવે છે. સ્વસન્મુખ પરિણામોનાં સાથે જે વિશુધ્ધતા છે તે તો સર્વોત્કૃષ્ટ શુભભાવો છે. તે સહજ થાય છે. મને અમુક રાગ છોડી ફલાણો રાગ કરવો છે એવી રાગવિષયક કર્તૃત્વબુધ્ધિ તેને રહેતી નથી.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ ચોથા ગુણસ્થાનના જીવોની જેમ જેમ આત્મસ્થિરતા વધતી જાય તેમ તેમ પંચેન્દ્રિય અને મનના વિષયોબાબત તેની અરુચિ વધતી જાય, તેને દયાના પરિણામ થાય છે, પોતાના હાથે અન્ય જીવોની વિરાધના - હિંસા ન થાય તે માટે તે દક્ષ રહે છે. પોતાથી હિંસા, અસત્ય, ચોરી, કુશીલ ન થાય, પરિગ્રહ સીમિત રહે તે બાબત તે બુધ્ધિપૂર્વક પ્રયત્ન કરે છે. આ જીવ અણુવ્રત ધારણ કરે છે તેનો અર્થ કે ચરણાનુયોગના શ્રાવકાચાર ગ્રંથના ઉપદેશાનુસાર આગમસમ્મત વ્રતોનો પ્રતિજ્ઞાપૂર્વક અંગિકાર કરે છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું સ્વરૂપ જાણી તે વ્રતોનું પાલન કરે છે. એ જીવને દ્રવ્યલિંગી શ્રાવક અથવા વ્રતી શ્રાવક કહે છે.

આવો દ્રવ્યલિંગી શ્રાવક શુધ્ધોપયોગમાં લીન થઈ તેની આત્મસ્થિરતા વધારે છે ત્યારે બે કષાય ચોકડીની અભાવપૂર્વક વીતરાગતા વધે ત્યારે તેને દેશવિરત નામના પાંચમા ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે.

એટલું યાદ રાખો કે દ્રવ્યલિંગી શ્રાવક થયા વગર ભાવલિંગી શ્રાવક અર્થાત્ પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકતું નથી. તેમ જ માત્ર વ્રતોનું ગ્રહણ કરવાથી પણ પાંચમું ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકતું નથી.

જેના અંતરંગમાં સમ્યગ્દર્શન સહિત બે કષાય ચોકડીનો (અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન કષાય ચોકડીનો) અભાવ હોય અને જેણે બાહ્યત: વ્રત ધારણ કર્યા હોય તેને જ પાંચમું ગુણસ્થાન હોય છે.

પાંચમા ગુણસ્થાનના જીવોમાં વધતી વીતરાગતા સાથે પરિણામોના અનેક ભેદ જોવામાં આવે છે. તેઓના સ્થૂળપણે અગિયાર ભેદ કહ્યાં છે અને તે અગિયાર પ્રતિમાના નામે ઓળખાય છે. શ્રાવકાચાર ગ્રંથમાં તેનું સવિસ્તાર વર્ણન છે. 'વીતરાગ વિજ્ઞાન પાઠમાલા' નામના પુસ્તકમાં 'શ્રાવકની અગિયાર પ્રતિમા' નામનો પાઠ છે તે તમે અવશ્ય વાંચો.

પાંચ અણુવ્રતોના ગ્રહણપૂર્વક આત્મસ્થિરતા વધે છે અને સમ્યગ્દર્શનની દૃઢતા થાય છે, તેને દર્શનપ્રતિમા કહે છે. માત્ર દેવદર્શન કરવાનો નિયમ પાળવો તે દર્શનપ્રતિમા નથી. પહેલાં જણાવેલા બાર વ્રતોના ગ્રહણપૂર્વક આત્મસ્થિરતા વધુ પ્રમાણમાં વધે છે તે બીજી વ્રતપ્રતિમા છે. જેટલી આત્મસ્થિરતા વધે તેટલાં પ્રમાણમાં બાહ્યત: આગળની પ્રતિમાસંબંધે વ્રતોનો અંગિકાર કરવાના ભાવ સહજ થતાં જાય છે.

આ અગિયાર પ્રતિમાના નામો ક્રમશ: આમ છે.

૧) દર્શન પ્રતિમા, ૨) વ્રતપ્રતિમા, ૩) સામાયિકપ્રતિમા, ૪) પ્રોષધપ્રતિમા, ૫) સચિત્તત્યાગપ્રતિમા, ૬) રાત્રિભોજનત્યાગપ્રતિમા (દિવામૈથુન ત્યાગપ્રતિમા, ૭) બ્રમ્હચર્યપ્રતિમા, ૮) આરંભત્યાગપ્રતિમા, ૯) પરિગ્રહત્યાગપ્રતિમા, ૧૦) અનુમતિત્યાગપ્રતિમા, ૧૧) ઉદ્દિષ્ટત્યાગપ્રતિમા.

અગિયારમી પ્રતિમાધારી શ્રાવકના બે ભેદ છે. ક્ષુલ્લક અને એલક. ક્ષુલ્લક બે વસ્ત્રધારી હોય છે અને એલક એક વસ્ત્રધારી. તેઓ મુનિસંઘમાં રહે છે. ઉપર ઉપરની પ્રતિમામાં અહિંસા વધુ પાળવામાં આવે છે, પાપ પરિણામ ઘટતાં જાય છતાં મહાવ્રતોનું પાલન કરી શકાતું નથી માટે ગુણસ્થાનને વિરતાવિરત અથવા સંયમાસંયમ કહે છે.

આ પાંચમુ દેશવિરત ગુણસ્થાન ફક્ત કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચ (સંજ્ઞી પંચેન્દ્રિય) એ બે પ્રકારના જીવોને જ હોઈ

શકે. ભોગભૂમિના મનુષ્ય કે તિર્યંચ તેમ જ દેવ અને નારકીઓને ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરવાની યોગ્યતા હોય તોપણ પાંચમું ગુણસ્થાન તેમને પ્રાપ્ત થઈ શકતું નથી. તેટલી વધું આત્મસ્થિરતા કરવાની તેમની પર્યાયગત યોગ્યતા હોતી નથી.

લૌકિકમાં આપણે જોઈએ છીએ કે વ્રતવૈકલ્ય, દયા દાનાદિ, પૂજા યાત્રાદિ કરવાવાળાને ધાર્મિક માનવામાં આવે છે. લોકોને બાહ્ય ત્યાગનો જ મહિમા હોય છે. તેને જ વ્રતસંયમ નામ આપવામાં આવે છે. કયા ગુણસ્થાનમાં કયા પ્રકારનાં શુભ અથવા અશુભ ભાવ થઈ શકે તે જાણ્યાંબાદ આપણાં ધ્યાનમાં આવે છે કે કષાયોની મંદતા (શુભભાવ) કે કષાયોની તીવ્રતા (અશુભભાવ) પર ગુણસ્થાન અવલંબતાં નથી, તેનાપર તે અનંતાનુબંધી છે કે અપ્રત્યાખ્યાન છે તે અવલંબતાં નથી. આ કષાયોની જાતિઓ જ અલગ છે.

મિથ્યાત્વ ગુણસ્થાનનો એકાદ જીવ ઘણો જ મંદ કષાયી, સમાધાની વૃત્તીનો, પાપભીરૂ, વ્રતાદિક પાળનારો હોઈ શકે છે. તેથી ઉલટું પાંચમા ગુણસ્થાનનો એકાદ જીવ વ્યાપારાદિ ઉદ્યમ કરતો દેખાશે, યુધ્ધ પણ કરશે, બાલબચ્ચાં સ્ત્રી પરિવાર તેને હશે, સાંસારિક કામો પણ કરતો દેખાશે. બાહ્ય આચરણપરથી તેના ગુણસ્થાનનું અનુમાન આપણે કરી શકિશું નહીં.

પણ અહીં એક વાત જણાવા જેવી લાગે છે કે વિશિષ્ટ બાહ્ય આચરણ ન હોય તો વિશિષ્ટ ગુણસ્થાન હોઈ શકશે નહીં એટલું તો નિશ્ચિત રીતે કહી શકાય. જેમ જેને બાહ્યત: અણુવ્રત નથી તે પાંચમા ગુણસ્થાનમાં હોઈ શકશે નહીં. જેને આગમોક્ત દ્રવ્યલિંગ નથી અર્થાત્ નગ્નત્વ આદિ ૨૮ મૂલગુણ નથી તેને છઠ્ઠું, સાતમું કે ઉપરના ગુણસ્થાનો હોઈ શકશે નહીં. આનો અર્થ કે કોઈ વસ્ત્રસહિત પોતાને મુનિ કહેવડાવતાં હોય તોપણ વસ્ત્રસહિત મુનિપણું ત્રણે કાળમાં શક્ય નથી.

વસ્ત્રસહિત જ્યારે છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન હોઈ શકતું નથી, ત્યાં અરહંતોના તેરમા અને ચૌદમા ગુણસ્થાનો શી રીતે શક્ય છે? સ્ત્રીઓ પંચમ ગુણસ્થાન સુધીનો પુરુષાર્થ કરી શકે છે તેથી આગળ નહીં, માટે સ્ત્રીને મુનિપદ, અરહંત અવસ્થા અને મોક્ષપદ તે જ પર્યાયમાં પ્રાપ્ત થવું શક્ય નથી. ભવિષ્યકાળમાં પુરુષ પર્યાય પ્રાપ્ત કરી તે જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે.

આહાર સંજ્ઞા (વાસના) છઠ્ઠા ગુણસ્થાનસુધી હોય છે. સાતમાંથી તેનો અભાવ હોય છે ત્યારે તેરમા ગુણસ્થાનના અરહંતોને કવલાહાર માનવું કેટલું મુર્ખાઈ ભર્યું છે. વસ્ત્રસહિત

મુનિપણું માનવું, સ્ત્રી પર્યાયમાં મોક્ષ થાય એમ માનવું, કેવળીને કવલાહાર માનવો એ મહાન મિથ્યાત્વ છે, શાસ્ત્રમાં તેને ગૃહીત મિથ્યાત્વ કહ્યો છે. પ્રથમ ગૃહીત મિથ્યાત્વ છૂટયાંવગર અગૃહીત મિથ્યાત્વ છૂટી શકતો નથી.

ઉપર કષાયોની જાતી વિષે કહ્યું છે તેનું સ્વરૂપ ટૂંકમાં જોઈએ. જે કષાય સમ્યક્ત્વ થવા દેતા નથી, તેમાં બાધા નાખે છે તે અનંતાનુબંધી કષાય છે. અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ એ બન્નેએ હાથ મેળવ્યાં છે. તે એકબીજાના પૂરક છે. જે કષાય કિંચિત પણ ત્યાગ થવા દેતા નથી તેમને અપ્રત્યાખ્યાન કષાય કહે છે. તે કંઈ સમ્યક્ત્વમાં બાધા લાવી શકતાં નથી. ચોથા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન કષાયોનો ઉદય હોવાથી સમ્યક્ત્વ ચાલુ હોય તો પણ અણુવ્રત ધારણ કરવાનાં પરિણામ થતાં નથી.

જે કષાય મહાવ્રત ધારણ કરવામાં બાધારૂપ છે તેમને પ્રત્યાખ્યાન કષાય કહ્યા છે. પાંચમા ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન કષાય હોવાથી મુનિવ્રત ધારણ કરવાના ભાવ થતાં નથી. જે કષાય યથાખ્યાત ચારિત્ર થવા દેતા નથી તેમને સંજ્વલન કષાય કહે છે. છઠ્ઠા ગુણસ્થાનમાં સંજ્વલન કષાયોનો તીવ્ર ઉદય હોય છે તેથી ત્યાં ૨૮ મૂલગુણ પાલન કરવાના ભાવ-શુભોપયોગ હોય છે. સાતમા ગુણસ્થાનમાં સંજ્વલન કષાયોનો મંદ ઉદય હોવાથી તે સમયે જીવ શુદ્ધોપયોગમાં હોય છે.

આપણે જ્યારે અનંતાનુબંધીનો ઉદય કહીયે ત્યારે ઈતર ત્રણ કષાયો પણ સાથે વિદ્યમાન હોય છે. અપ્રત્યાખ્યાનનો ઉદય છે એમ કહીએ ત્યારે બાકીના બે કષાયો પણ વિદ્યમાન હોય છે અને પ્રત્યાખ્યાનનો ઉદય છે એમ કહીએ ત્યારે સંજ્વલન કષાય સાથે પણ હોય છે.

દેશવિરત એ પાંચમા ગુણસ્થાનમાં આપણે જે અગિયાર પ્રતિમા જોઈ તેમાં પહેલી પ્રતિમાથી માંડી અગિયારમી પ્રતિમાસુધી ઉત્તરોત્તર વીતરાગતા વધતી જાય છે અને કષાયોની મંદતા થતી જાય છે. આ આખું કાર્ય અંતરંગની વધતી આત્મ સ્થિરતાદ્વારા થાય છે. શુદ્ધોપયોગમાં રહેવાનો કાળ વધતો જાય તે પ્રમાણે જ વારંવાર શુદ્ધોપયોગ થતો રહે છે. આ જીવ ઉપરના ગુણસ્થાનમાં કેવી રીતે જાય અર્થાત્ મુનિ કેવી રીતે બને છે તે આપણે આ પછીના પત્રમાં જોઈશું.

એ જ લિ.

તમારી બા.

# મુનિઓનાં ગુણસ્થાનો

પત્રાંક ૧૨ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૩ સપ્ટેંબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

પાંચમા ગુણસ્થાનના ક્ષુલ્લક, એલક આદિ સંબંધેનું વિવેચન આપણે કર્યું. આ જીવ મુનિ કેવી રીતે બને છે તે હવે જોઈએ. આ જીવ ઉપરાઉપરી શુધ્ધોપયોગમાં જાય છે, વધુ કાળ આત્મામાં સ્થિર રહે છે, એને દિગંબર મુનિ દીક્ષા લેવાના ભાવ આવે છે.

આવો જીવ નગ્ન દિગંબર મુનિ દીક્ષા અંગિકાર કરે છે. પ્રતિજ્ઞાપૂર્વક પાંચ મહાવ્રત ધારણ કરે છે. એ જીવ ૨૮ મૂલગુણ પાલન કરવાની પ્રતિજ્ઞા કરે છે. તે ૨૮ મૂલગુણ આ પ્રકારે છે - પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિયવિજય, છ આવશ્યક અને સાત શેષ ગુણ.

અહિંસામહાવ્રત, સત્યમહાવ્રત, અચૌર્યમહાવ્રત, બ્રમ્હચર્યમહાવ્રત, પરિગ્રહત્યાગમહાવ્રત એવા આ પાંચ મહાવ્રત છે. ચરણાનુયોગમાં આ બધાં વ્રતોનું અને મૂલગુણોનું સવિસ્તાર વર્ણન છે. સમિતિનો અર્થ છે પ્રવૃત્તિ. પ્રમાદરહિત યત્નાચારપૂર્વક પ્રવૃત્તિ મુનિઓ માટે આવશ્યક છે. મુનિજીવનમાં મુનિની પ્રવૃત્તિ–આહાર વિહારાદિ ક્રિયા એવા પ્રકારથી કરવામાં આવે છે કે જેથી અહિંસામહાવ્રત પળાય. ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણસમિતિ અને પ્રતિષ્ઠાપનસમિતિ એવી પાંચ સમિતિ છે. ઈર્યાસમિતિ એટલે જે સ્થાન પ્રાસુક છે, જીવરહિત છે એવા સ્થાને ચાલવું, ચાર હાથ જમીન જોઈને ચાલવું. ભાષાસમિતિમાં, હિત–મિત–પ્રિય વચનો બોલે છે. બીજાની નિંદા કરવી, અપશબ્દ બોલવા, લાગી આવે એમ બોલવું વગેરે ભાવો પણ તેમને આવતાં નથી. જે હર અંતર્મુહૂર્તમાં શુધ્ધોપયોગમાં જાય છે તેમની વાણીમાં પણ શુધ્ધાત્માની જ કથા વાર્તા હોય છે. દુનિયાની બીજી વાતો કરવામાં તેમને રસ નથી હોતો.

એષણાસમિતિ આહારસંબંધે છે. મુનિ જે આહાર ગ્રહણ કરે છે તે ધ્યાન, સ્વાધ્યાયની સિદ્ધિ માટે, શરીરની સ્થિરતા માટે કરે છે. જિવ્હા ઈન્દ્રિયની લોલુપતામાટે કરતાં નથી. શાસ્ત્રોક્ત વિધિપ્રમાણે શ્રાવકપાસેથી નવધા ભક્તિપૂર્વક આહાર અપાય છે ત્યારે ૪૬ દોષ અને ૩૨ અંતરાય છોડી મુનિ નિર્દોષ આહાર ગ્રહણ કરે છે. આપણે દેશવિરત ગુણસ્થાનમાં ઉદ્દિષ્ટત્યાગપ્રતિમા જોઈ હતી. તે જીવોપણ તેમના ઉદ્દેશોથી (તેમના માટે) બનાવેલો આહાર ગ્રહણ કરતાં નથી અને તેમને માટે બનાવેલા વસતિકામાં રહેતાં નથી. તેમાં હિંસાના અનુમોદનાનો દોષ તેમને લાગે છે.

આ તો મુનિ છે તેઓને પણ ઉદ્દિષ્ટ આહારનો ત્યાગ હોય છે. આદાનનિક્ષેપણસમિતિમાં મુનિ પોતાની આંખોથી જોઈ તપાસી અને પીંછીથી પ્રમાર્જન કરી કોઈપણ વસ્તુ - શાસ્ત્ર, કમંડલૂ આદિ ઉપાડે છે અને મૂકે છે. પ્રતિષ્ઠાપનસમિતિનો અર્થ છે હરિતકાયરહિત અને ત્રસકાયરહિત સ્થાનપર શરીરના મલમૂત્રનું ક્ષેપણ કરવું.

સ્પર્શનેંદ્રિયવિજય, રસનેંદ્રિયવિજય, ઘ્રાણેંદ્રિયવિજય, ચક્ષુરિંદ્રિયવિજય અને કર્ણેંદ્રિયવિજય એવા પાંચ પ્રકારના ઈન્દ્રિયવિજય કહ્યાં છે. તેમાં મુનિ પાંચેય ઈન્દ્રિયોને પોતાના કાબૂમાં રાખે છે. વશ રાખે છે. ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત હોતાં નથી. તેમાં તેઓને રાગ પણ નથી હોતો કે દ્વેષપણ નથી હોતો.

મુનિઓના ષટ્ આવશ્યક મુનિજીવનમાં પ્રમાદ આવવા દેતા નથી, મુનિઓને પોતાના કર્તવ્યપ્રતિ દક્ષ રાખે છે. આવશ્યક કર્તવ્યને આવશ્યક કહ્યું છે. તેના નામ આ પ્રમાણે છે : ૧) સામાયિક, ૨) ચતુર્વિંશતિસ્તવ, ૩) વંદના, ૪) પ્રતિક્રમણ, ૫) પ્રત્યાખ્યાન અને ૬) કાયોત્સર્ગ. બાકીના સાત મૂલગુણોને શેષ સાત ગુણ કહ્યાં છે. તે આ પ્રકારે છે - ૧) કેશલોચ ૨) વસ્ત્રત્યાગ - નગ્નત્વ, ૩) અસ્નાન અર્થાત્ સ્નાનત્યાગ, ૪) ભૂમિશયન, ૫) અદન્તધોવન ૬) સ્થિતિ ભોજન - ઉભા ઉભા કરપાત્રમાં આહાર લેવો. ૭) એકભક્ત - એક વખત આહાર ગ્રહણ કરવો.

મુનિઓના આચારસંબંધે અનેક નિયમ હોય છે અને મુનિસંઘમાં તે નિયમોનું કડક રીતે પાલન કરવામાં આવે છે. અલી, આપણે જોઈએ છીએ કે સૈનિકી શિક્ષણ લેનારી વ્યક્તિને પણ કડક શિસ્ત અને કાયદાઓનું પાલન કરવું પડે છે, તેમાં તેમને કષ્ટ પડે છે. પણ મુનિજીવન કષ્ટદાયક જીવન નથી. સમ્યગ્દષ્ટિ જીવ સતત આત્મિક આનંદ ઉપભોગતો હોય છે. આ જીવોને ઈન્દ્રિયવિષયોમાં રસ જ રહેતો નથી, દેહ અને રાગથી પોતાના આનંદમય ભિન્ન અસ્તિત્વનું ભાન તેઓને સદૈવ ટકી રહે છે, તેથી મુનિયોગ્ય ક્રિયાઓમાં તેઓને કષ્ટ કે જબરદસ્તી, બળજબરી નથી હોતી.

આ પ્રમાણે ૨૮ મૂલગુણોનું નિરતિચાર પાલન કરનારો જીવ જ્યારે સ્વસન્મુખતા કરે છે, શુદ્ધોપયોગમાં જાય - તેની આત્મિક સ્થિરતા વધીને ત્રણ કષાય ચોકડીનો અભાવ થાય ત્યારે તેને સાતમું અપ્રમત્ત ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. સાતમા ગુણસ્થાનનો શુદ્ધોપયોગનો કાળ અલ્પ છે. એક અંતર્મુહૂર્ત છે પછી જીવ નિયમથી છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે, આ શુભોપયોગનો કાળ છે. તેમાં અધ્યયન, અધ્યાપન, આહાર વિહારાદિ ક્રિયા થાય છે. પુનઃ અંતર્મુહૂર્તમાં ૭મું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આમ નિરંતર ૬ઠ્ઠું ૭મું ગુણસ્થાન પ્રાપ્ત થતાં રહે છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ હંમેશ છઠ્ઠા, સાતમા ગુણસ્થાનોમાં ઝૂલતાં રહે છે.

મુનિ હોય કે વ્રતિ શ્રાવક હોય, અંતરંગની વીતરાગતા અને ગુણસ્થાન કંઈ બહાર-બાહ્યતઃ દેખાતાં નથી. તદ્ ઉપરાંત પરિણામોમાં ચઢ ઉતાર થયા કરતાં હોય છે અને સાપસીડીની રમતની જેમ ઉપરના ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનમાં અને પાછાં પુરુષાર્થ કરી ઉપરના ગુણસ્થાનમાં ગમનાગમન ચાલુ રહે છે.

માટે મુનિઓનું ગુણસ્થાન અને સમકત્વની પરીક્ષા કરવી તે આપણું કર્તવ્ય નથી. મુનિવ્રત–૨૮ મૂલગુણ યથાર્થ રીતે છે કે નહીં તેની પરીક્ષા શ્રાવકો કરી શકે. એટલું જ નહીં તો આવી પરીક્ષા કરીને જ તે મુનિને યોગ્ય આહારદાન, તેમની ભક્તિ પૂજા કરવી એ શ્રાવકનું કર્તવ્ય છે.

પણ જ્યારે દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપનો નિર્ણય આપણે કરીએ ત્યારે દ્રવ્યલિંગપૂર્વક ભાવલિંગ પ્રગટ કરેલા છઠ્ઠા સાતમા ગુણસ્થાનોમાં ઝૂલનારા જીવો જ મુનિ છે. ભાવલિંગી સંત છે એવો યથાર્થ નિર્ણય આપણે કરવો જોઈએ.

આ છઠ્ઠું સાતમું તેમજ ઉપરના બધાં ગુણસ્થાનો એકમાત્ર મનુષ્યગતિના જીવોને જ હોઈ શકે, તે પણ પુરુષોને જ પ્રાપ્ત થઈ શકે.

છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં ઝૂલનારો કોઈ જીવ અંતરંગમાં વધુ સ્થિર થઈ પરિણામ વધુ નિર્મલ કરે છે ત્યારે વધતી વીતરાગતા સાથે તેને ઉપરના ગુણસ્થાન પ્રાપ્ત થાય. આઠમું, નવમું, દસમું, અગિયારમું કે આઠમું, નવમું, દસમું અને બારમું ગુણસ્થાન તે જીવને પ્રાપ્ત થાય છે. આ ચાર ગુણસ્થાનોને શ્રેણીના ગુણસ્થાન કહે છે અથવા મુનિએ શ્રેણી માંડી એમ પણ કહે છે.

આમાં બે પ્રકારોથી શ્રેણી માંડવામાં આવે. એક ઉપશમ શ્રેણી અને બીજી ક્ષપક શ્રેણી. ઉપશમ શ્રેણીમાં ચારિત્રમોહનીય કર્મોની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ થાય અને ૧૧મું ઉપશાંતમોહ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. ક્ષપક શ્રેણીમાં તે કર્મોનો ક્ષય થાય, અને ૧૨મું ક્ષીણમોહ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે છઠ્ઠા ગુણસ્થાનથી ૧૨મા ગુણસ્થાનસુધીના બધાં મુનિઓના જ ગુણસ્થાનો છે. એમ જોઈએ તો અરહંત ભગવંતોને પણ મહામુનિ કહ્યાં છે.

ઉપશમ શ્રેણીવાળો જીવ ૧૧મા ગુણસ્થાનમાં એક અંતર્મુહૂર્ત રહે છે અને ઉપશમ કાળ પૂરો થતાં ૧૦મા માં, ત્યાંથી ૯મામાં, ત્યાંથી આઠમામાં અને પછી ૭મામાં અને ત્યારબાદ ૬ઠ્ઠા ગુણસ્થાનમાં ક્રમથી આવે ત્યારબાદ સામાન્યરીતે છઠ્ઠું ને સાતમું ગુણસ્થાન ચાલુ રહે છે.

ક્ષપક શ્રેણીવાળો જીવ દસમા ગુણસ્થાનના અંતિમ સમયમાં ચારિત્રમોહનીયનો ક્ષય કરી બારમાં ગુણસ્થાનમાં જાય છે. દર્શનમોહનીયનો તો પહેલાં જ ક્ષય થયેલો હોય. માટે બારમા ગુણસ્થાનમાં મોહનીય કર્મની સત્તા જ રહેતી નથી, પણ અન્ય ત્રણ ઘાતિકર્મોની સત્તા અને ઉદય હોય છે.

બારમા ગુણસ્થાનના અંતમાં આ ત્રણે ઘાતિકર્મોનો પૂર્ણ ક્ષય કરી જીવ તેરમા ગુણસ્થાનમાં જાય છે. બારમા ગુણસ્થાનમાં પૂર્ણ વીતરાગતા પામેલો જીવ તેરમા ગુણસ્થાનમાં ક્ષાયિક જ્ઞાન પ્રાપ્ત કરી સર્વજ્ઞ બને છે, તેને સયોગકેવળી ગુણસ્થાન કહ્યું છે. તેઓને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય એ અનંતચતુષ્ટયોની પ્રાપ્તિ થાય છે.

આના પરથી એક વાત ધ્યાનમાં આવે છે કે સાતમા ગુણસ્થાનનો જીવ સ્વરૂપમાં લીન હતો, ત્યારબાદ શ્રેણી માંડતો તે જીવે વિશેષ સ્વરૂપસ્થિરતા મેળવી અને વીતરાગતા વધી. તે સ્વરૂપસ્થિરતાવડે જ વીતરાગતા અને સર્વજ્ઞતા સ્વભાવમાં હતી તે પ્રગટ થઈ ક્યાંય બહારથી આવી નથી. ત્યારબાદ અનંતકાળસુધી આ સ્વભાવપર્યાયો થતી જ રહે છે.

સ્વભાવનો મહિમા શો વર્ણવો? વસ્તુ અને વસ્તુનો સ્વભાવ તો અનાદિઅનંત છે, સ્વયંસિધ્ધ છે, પરિપૂર્ણ છે, અસહાય છે અર્થાત્ તેને કોઈના સહાયની જરૂર નથી, અમર્યાદિત એટલે અસીમ છે.

અરહંતોએ જેવો સ્વભાવ છે તેવી પર્યાય પ્રગટ કરી પણ તેઓનો સ્વભાવ તો તેઓના પોતાના દ્રવ્યમાં અનાદિકાળથી વિદ્યમાન હતો. રે જીવ, તું પણ આવા સ્વભાવથી પરિપૂર્ણ છે. હમણાં આ ક્ષણે તું અરહંતસમાન સ્વભાવમય છે.

બસ, માત્ર તે સ્વભાવતરફ જોવાની જરૂર છે અર્થાત્ પોતાનું પ્રગટ જ્ઞાન સ્વભાવસન્મુખ કરી જાણવાની આવશ્યકતા છે. જે સમયમાં તું પોતાને જાણીશ તે જ સમયથી રે જીવ, તારા મોક્ષમાર્ગનો પ્રારંભ થશે, તને આત્માનંદનો અનુભવ થશે, સમ્યગ્દર્શન પ્રગટ થશે, અરહંત સિધ્ધ બનવાની તારી પ્રક્રિયા શરૂ થશે.

હે જીવ, જે માર્ગને તેં આજસુધી કષ્ટદાયક માન્યો હતો તે માર્ગ એક મહાન આનંદયાત્રા છે. સતત વધતાં આનંદસાથે તું અનંતસુખ તરફ પ્રયાણ કરીશ, અગ્રેસર થઈશ. એકવાર તું પોતાની ચૈતન્યગુફામાં ડોકિયું કરી જો તો ખરો, આનંદના નિધાનનો વર્ષાવ થશે.

અરહંત અવસ્થામાં તેરમું સયોગકેવળી અને ચૌદમું

અયોગકેવળી એ બે ગુણસ્થાનો છે. નામપરથી જ સમજાશે કે આ કેવળીના ગુણસ્થાનો છે. પહેલા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનસુધીના જીવોને અલ્પજ્ઞ અર્થાત્ છદ્મસ્થ એમ કહ્યાં છે. જ્ઞાનની પૂર્ણ વિકસિત અવસ્થાને કેવળજ્ઞાન અથવા ક્ષાયિક જ્ઞાન કહે છે. તેમના જ્ઞાનાવરણ કર્મનો પૂર્ણ ક્ષય થયેલો હોય છે.

છદ્મ એટલે ઢંકાયેલા, આવરણ સહિત. જેમને જ્ઞાનાવરણ કર્મનો સદ્ભાવ એટલે આવરણ છે તે જીવોને છદ્મસ્થ કહે છે.

તેરમા અને ચૌદમા ગુણસ્થાનના નામમાં યોગ શબ્દ આવ્યો છે. સયોગ એટલે યોગસહિત અને અયોગ એટલે યોગરહિત. સયોગ શબ્દ અંત્યદીપક છે, અર્થાત્ પહેલા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાનનાં અંતસુધી બધાં જીવો યોગસહિત છે. આત્મપ્રદેશોનું સકંપ થવું તેને યોગ કહ્યો છે. અને યોગનું કંપન થંભી જવાને અયોગ કહ્યો છે.

પહેલાં કર્મનો બંધ શી રીતે થાય તે આપણે શીખ્યા હતા. આત્મપ્રદેશના કંપનથી અર્થાત્ યોગથી કર્મ અને નોકર્મ આત્માતરફ આકૃષ્ટ થાય છે. તેનો અર્થ કે જ્યાંસુધી યોગના કંપનનો સદ્ભાવ છે. ત્યાંસુધી કર્મનું ગ્રહણ તેમ જ નોકર્મનું ગ્રહણ ચાલુ રહે છે. કવલાહાર ન હોય છતાં અરહંત અવસ્થામાં જીવ લાખો કરોડો વર્ષોસુધી જીવતો રહે છે, કારણ ત્યાં નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ સતત ચાલુ રહે છે.

અરહંતોનું શરીર પરમઔદારિક શરીર કહેવાય છે. જ્યારે જીવ બારમા ગુણસ્થાનમાં આવે તે સમયથી બારમાના અંતર્મુહૂર્તકાળસુધી તેના શરીરના આધારે રહેનાર બાદર નિગોદ જીવો નીકળી જાય અને તેરમાના પ્રથમ સમયમાં ઔદારિક શરીર પરમઔદારિક બને છે.

તીર્થંકરોની અને કેટલાક અરહંતોની દિવ્યધ્વની ખિરે છે. ભવ્ય જીવોને તેમનાથી મોક્ષમાર્ગનો ઉપદેશ પ્રાપ્ત થાય છે. તેમનો વિહાર પણ થાય પણ આ જીવોને આહાર એટલે ભોજન હોતું નથી તે તો આપણે આ પહેલાં જ જોયું છે. અરહંત અવસ્થામાં કોઈ પણ ઉપસર્ગ બાકી રહેતો નથી, થતો નથી.

કેવળજ્ઞાનની પ્રાપ્તિસાથે જ તેરમું ગુણસ્થાન શરૂ થાય છે. તેમના આયુષ્યનો ૧ અંતર્મુહૂર્ત બાકી રહે ત્યાંસુધી એ તેરમું

ગુણસ્થાન ચાલુ રહે છે. પાંચ લઘુ સ્વર - **अ, इ, उ, ऋ, लृ** નો ઉચ્ચાર કરવામાં જેટલો સમય લાગે તેટલો લઘુ અંતર્મુહૂર્તનો કાળ ચૌદમા ગુણસ્થાનનો છે. આ ગુણસ્થાનમાં અઘાતિકર્મપ્રકૃતિમાંથી ૮૫ પ્રકૃતિઓની સત્તા હોય છે, તેમનો નાશ થઈ જીવ પૂર્ણરૂપે કર્મવિરહિત થાય છે. શરીરનાં પરમાણુ વિખરી જાય છે. જીવ તે એક જ સમયમાં ઊર્ધ્વગમન કરી લોકાકાશના ઉપરના છેડાપર વિરાજમાન થાય છે. અનંતકાળસુધી ત્યાં જ રહે છે.

બધાં ગુણોની સ્વભાવ પર્યાયો થતી રહે છે, જીવ પોતાની પૂર્ણ શુધ્ધ અવસ્થા પ્રાપ્ત કરે છે. સિધ્ધ ભગવાન ગુણસ્થાનાતીત હોય છે.

દીકરીઓ, આપણું સ્વરૂપ પણ સિધ્ધસમાન જ છે. આ સ્વરૂપ એટલે સ્વભાવ તો વિદ્યમાન છે, પ્રાપ્ત છે. આપણને પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ પર્યાયમાં કરવાની છે. સિધ્ધ ભગવંતોનું સ્વરૂપ જાણી તેમના જેટલો જ આપણે આપણો સ્વભાવ માનવો જોઈએ પણ આપણે આજસુધી પોતાને સિધ્ધો કરતા અધિક માનતાં આવ્યા હતાં.

ખરૂં લાગતું નથી ને? અનેક લોકો કહે છે અરે, અમે તો પોતાને સિધ્ધો કરતા હીન માન્યા છે અને તમે તો અધિકની વાત કરો છો એ તે કેવું? સિધ્ધના અને આપણાં સ્વભાવમાં સમાનતા છે. આપણે સ્વભાવને જાણ્યું નથી ત્યાંસુધી આપણે શું શું માન્યું છે તે જુઓ - સિધ્ધો એકલાં છે. આપણે બાલબચ્ચાં પરિવાર સહિત પોતાને માન્યા. સિધ્ધો શરીર રહિત છે, આપણે પોતાને શરીરસહિત અથવા શરીરને જ હું માન્યું. સિધ્ધો રાગરહિત છે, આપણે પોતાને રાગવાળા માન્યા, કષાયસહિત માન્યા. સિધ્ધો કર્મરહિત છે, આપણે પોતાને કર્મો જોડે અને તેમના ઉદયોસાથે એકમેક માન્યા. સિધ્ધો પરદ્રવ્યોનાં અકર્તા છે, આપણે આપણને પરદ્રવ્યોનાં કર્તા માન્યા. સિધ્ધો પરદ્રવ્યોના અભોક્તા છે, આપણે પોતાને પરદ્રવ્યોના અને ઈન્દ્રિયવિષયોના ભોક્તા માન્યા. સિધ્ધો કેવલજ્ઞાની છે, આપણે પોતાને પ્રગટ જ્ઞાન જેટલા જ માન્યા. સિધ્ધો ગુણસ્થાનાતીત છે આપણે પોતાને ગુણસ્થાનરૂપ માન્યા, હું મિથ્યાદ્દષ્ટિ એમ માન્યા.

પર અને પર્યાય જ્ઞાનમાં આવે છે, તેમની વિદ્યમાનતા છે પરંતુ જ્યારે સ્વભાવનું જ્ઞાન કરી લઈ તે ત્રિકાળી ધ્રુવ એકરૂપ સ્વભાવમાં એકાગ્ર થવા માટે જે વિશિષ્ટ દૃષ્ટિથી પોતા તરફ જોવાય તે દૃષ્ટિને એકમાત્ર સ્વભાવ જ દૃષ્ટિમાં આવે છે, અન્ય બધી બાબતો તે દૃષ્ટિમાં - તેના વિષયમાં હોતાં નથી.

માટે આ બધી બાબતોનું સર્વાંગીણ જ્ઞાન થયાબાદ સ્વશુદ્ધાત્માની દૃષ્ટિ કરવા માટે સમયસાર ગ્રંથમાં ૫૬મી ગાથામાં કહ્યું છે કે આ વર્ણોથી માંડી ગુણસ્થાન સુધીના બધાં ભાવો વ્યવહારનયથી જીવનાં કહ્યાં હોય છતાં ખરૂં જોતાં અર્થાત્ નિશ્ચયનયના મતાનુસાર તેમાંથી એક પણ જીવનો નથી.

આ વર્ણાદિ ૨૯ ભાવો કયા છે તે સમયસાર ગાથા ૫૦ થી ૫૫માં કહ્યાં છે. તમે પોતે સમયસારમાં એ વાંચવા એમ મને લાગે છે. તો પણ મારૂં પાકું થાય તે માટે હું અહીં લખું છું.

જીવને વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, રૂપ નથી, શરીર નથી, સંસ્થાન નથી, સંહનન નથી. જીવને રાગ નથી, દ્વેષ નથી, મોહ નથી, પ્રત્યય (આસ્રવો) નથી, કર્મો નથી, નોકર્મોપણ નથી. જીવને વર્ગો નથી, વર્ગણા નથી, સ્પર્ધકો નથી, અધ્યાત્મસ્થાનો નથી, અનુભાગસ્થાનો પણ નથી. જીવને યોગસ્થાનો નથી, બંધસ્થાનો નથી, ઉદયસ્થાનો નથી, માર્ગણાસ્થાનો નથી. જીવને સ્થિતિબંધસ્થાનો નથી, સંક્લેશ સ્થાનો નથી, વિશુદ્ધિસ્થાનો નથી. જીવને સંયમલબ્ધિસ્થાનો નથી, જીવસ્થાનો નથી. અથવા ગુણસ્થાનો પણ નથી.

તમે કહેશો કે આ નથી, તે નથી તો શું આત્મા શૂન્યસ્વરૂપ છે કે શું? આચાર્ય અમૃતચંદ્ર સમયસાર કળશ ૩૭માં કહે છે કે વર્ણાદિ બધાં ભાવો આ આત્માથી ભિન્ન છે માટે અંતર્દૃષ્ટિથી જોનારને આ કાંઈ જ દેખાતું નથી. માત્ર એક સર્વોત્કૃષ્ટ તત્ત્વ જ દેખાય - કેવળ એક ચૈતન્ય ભાવરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.

આપણે પણ આપણાં સ્વશુદ્ધાત્માની દૃષ્ટિ કરીએ.

એ જ લિ.

તમારી બા.

# ગુણસ્થાન વિભાજન, ગમનાગમન અને કાળ

પત્રાંક ૧૩ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૯ સપ્ટેંબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

આપણે સ્થૂળસ્વરૂપે જુદાં જુદાં ગુણસ્થાનોના સ્વરૂપો જોયાં. હવે બધાં ગુણસ્થાનોનું એક સાથે જ જુદી જુદી અપેક્ષાએ મૂલ્યમાપન કરીએ.

ચૌદ ગુણસ્થાનોનાં નામો હવે તમને મોઢે થયાં હશે; ન થયાં હોય તો હવે તો કરો જ. તે નામો આપ્રમાણે છે. ૧) મિથ્યાત્વ, ૨) સાસાદન સમ્યક્ત્વ, ૩) સમ્યગ્મિથ્યાત્વ ૪) અવિરત સમ્યક્ત્વ ૫) દેશવિરત, ૬) પ્રમત્તવિરત, ૭) અપ્રમત્તવિરત, ૮) અપૂર્વકરણ, ૯) અનિવૃત્તિકરણ, ૧૦) સૂક્ષ્મસાંપરાય, ૧૧) ઉપશાંતમોહ, ૧૨) ક્ષીણમોહ, ૧૩) સયોગકેવળી, ૧૪) અયોગકેવળી.

સૌપ્રથમ મોહ અને યોગની મુખ્યતાથી ગુણસ્થાનોનું વિભાજન કરીએ.

(૧) પહેલા ચાર ગુણસ્થાનો દર્શનમોહનીય કર્મોના સદ્‌ભાવ અથવા અસદ્‌ભાવની અપેક્ષાએ છે. તેમાંથી પહેલા ગુણસ્થાનમાં દર્શનમોહનીય કર્મની મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય હોય છે, ત્રીજા ગુણસ્થાનમાં સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય હોય છે, ચોથા ગુણસ્થાનમાં સમ્યક્ પ્રકૃતિનો ઉદય હોય અથવા એ ત્રણેય પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય હોય છે. બીજા ગુણસ્થાનમાં દર્શનમોહનીય કર્મનો ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ માંથી કોઈ જ ભાવ ન હોવાથી દર્શનમોહનીયની અપેક્ષાએ પારિણામિક ભાવ કહ્યો હોય તો પણ તે સમયે અનંતાનુબંધીનો ઉદય હોય છે.

(૨) પાંચમાથી બારમા ગુણસ્થાનસુધી આઠ ગુણસ્થાનો ચારિત્રમોહનીય કર્મનો સદ્‌ભાવ-અસદ્‌ભાવની મુખ્યતાથી છે.

પાંચમા ગુણસ્થાનમાં અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણ

એ બે કષાય કર્મોનો અભાવ છે પરંતુ પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન અને બીજા નોકષાયકર્મોનો સદ્‌ભાવ છે, ઉદય હોય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં ત્રણ કષાયોનો અભાવ અને સંજ્વલન કષાયકર્મનો તીવ્ર ઉદય હોય છે.

સાતમા ગુણસ્થાનમાં સંજ્વલનનો મંદ ઉદય છે.

આઠમા ગુણસ્થાનમાં સંજ્વલનનો મંદતર ઉદય છે.

નવમા ગુણસ્થાનમાં સંજ્વલનનો મંદતમ ઉદય છે.

દસમા ગુણસ્થાનમાં કેવળ સૂક્ષ્મ લોભનો ઉદય છે.

અગિયારમા ગુણસ્થાનમાં ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓનો (અપ્રત્યાખ્યાનાવરણ ૪, પ્રત્યાખ્યાનાવરણ ૪, સંજ્વલન ૪ અને નોકષાય ૯) ઉપશમ છે.

બારમા ગુણસ્થાનમાં ઉપરની બધી ૨૧ પ્રકૃતિઓનું ક્ષય છે.

(૩) તેરમું ગુણસ્થાન યોગના સદ્‌ભાવની મુખ્યતાથી છે.

(૪) ચૌદમું ગુણસ્થાન યોગના અસદ્‌ભાવની મુખ્યતાથી છે.

હવે અન્ય ભિન્ન ભિન્ન અપેક્ષાએ ગુણસ્થાનોનું વર્ગીકરણ જોઈએ.

(૫) અવિરત અને વિરતની અપેક્ષાએ :—

એક થી ચાર એ બધાં ગુણસ્થાનો અવિરત જ છે.

પાચમું ગુણસ્થાન વિરતાવિરત છે અને છઠ્ઠા ગુણસ્થાનથી ઉપરના બધાં ગુણસ્થાનવર્તી જીવો વિરત છે.

(૬) અજ્ઞાની અને જ્ઞાનીની અપેક્ષાએ :—

પહેલા ત્રણ ગુણસ્થાનો અજ્ઞાની જીવોનાં છે. ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાનસુધી બધાં જીવો જ્ઞાની અર્થાત્ સમ્યગ્જ્ઞાની છે.

(૭) અલ્પજ્ઞ અને સર્વજ્ઞની અપેક્ષાએ :—

એક થી બાર ગુણસ્થાનવર્તી જીવો અલ્પજ્ઞ છે, તેરમા અને ચૌદમા ગુણસ્થાનવાળા જીવો સર્વજ્ઞ છે. આ બે ગુણસ્થાનો કેવળીના છે.

(૮) શ્રાવકોની અપેક્ષાએ :— ચોથું અને પાંચમું એ બે ગુણસ્થાનવર્તી જીવોને શ્રાવક કહે છે.

(૯) ગુરુ અર્થાત્ મુનિઓની અપેક્ષાએ :—

૧. પ્રમત્ત-અપ્રમત્ત ગુરુ — છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં ઝૂલનારા ભાવલિંગી સંતો.

૨. શ્રેણીમાં આરૂઢ ગુરુ — આઠ થી બારમા ગુણસ્થાનવાળા ગુરૂ.

૩. પરમગુરુ - તેરમા અને ચૌદમા ગુણસ્થાનવાળા જીવો અર્થાત્ અરહંત પરમાત્મા.

(૧૦) શ્રેણીની અપેક્ષાએ :—

ઉપશમ શ્રેણીવાળા જીવો આઠમા, નવમા, દસમા, અને અગિયારમા ઉપશામક ગુણસ્થાનમાંના મુનિ. અગિયારમા બાદ તે નિયમથી ક્રમશઃ પાછાં સાતમા, છઠ્ઠા સુધી આવે છે. ક્ષપક શ્રેણીવાળા જીવો-આઠમા, નવમા, દસમા અને બારમા ક્ષપક ગુણસ્થાનમાંના મુનિ.

(૧૧) પ્રમત્ત અને અપ્રમત્ત ભાવોની અપેક્ષાથી :—

એક થી છ ગુણસ્થાનો પ્રમત્તભાવસહિત છે.

સાતમાથી ચૌદમા સુધી બધાં ગુણસ્થાનોમાં અપ્રમત્તભાવ છે.

(૧૨) યોગ અને અયોગની અપેક્ષાથી:—

એક થી તેર ગુણસ્થાનો યોગસહિત છે - સયોગી છે અને માત્ર ચૌદમા ગુણસ્થાનના જીવો અયોગી છે.

(૧૩) રાગી અને વીતરાગીની અપેક્ષાથી :—

૧) એક થી ત્રણ ગુણસ્થાનોમાં માત્ર રાગી જીવો જ છે, મોક્ષમાર્ગના વિરાધક છે. ત્યાં વીતરાગતાનો ભાવ જરાય નથી.

૨) ચોથાથી માંડી દસમા ગુણસ્થાનસુધી વીતરાગતા સાથે રાગ પણ છે, પણ વીતરાગતા ક્રમે ક્રમે વધતી જાય છે, અને રાગ ઘટતો જાય છે.

૩) અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમા

ગુણસ્થાનવાળા જીવો પૂર્ણ વીતરાગી છે. અગિયાર અને બાર ગુણસ્થાનવાળા જીવોને વીતરાગ છદ્મસ્થ કહ્યાં છે.

તેરમા અને ચૌદમા ગુણસ્થાનવાળા જીવોને વીતરાગ સર્વજ્ઞ કહ્યાં છે.

(૧૪) સુખ અને દુઃખની અપેક્ષાથી :—

મિથ્યાદર્શન, અજ્ઞાન અને અસંયમ એ દુઃખોના કારણ છે. માટે આગળ મુજબ વિભાજન થશે.

૧) ૧ થી ૩ ગુણસ્થાનવર્તી જીવો નિયમથી દુઃખી છે.

૨) ૪ થી ૧૦ ગુણસ્થાનવર્તી જીવો થોડા પ્રમાણમાં સુખી અને થોડા પ્રમાણમાં દુઃખી છે. જેટલી વીતરાગતા છે તેટલું સુખ છે અને જેટલો રાગ બાકી છે તેટલો દુઃખ છે.

૩) ૧૧ અને ૧૨ ગુણસ્થાનવર્તી જીવો પૂર્ણ વીતરાગી હોવાથી પૂર્ણ સુખી છે.

૪) ૧૩ અને ૧૪ ગુણસ્થાનવર્તી જીવો અનંતસુખી છે કારણ તેમને કેવળજ્ઞાન અર્થાત્ અનંતજ્ઞાન તેમ જ અનંતવીર્ય છે અને સુખ પણ અનંતરૂપે પરિણમિત થાય છે.

(૧૫) બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની અપેક્ષાથી:-

૧) ૧ થી ૩ ગુણસ્થાનો બહિરાત્માના છે.

૨) ૪ થી ૧૨ ગુણસ્થાનો અંતરાત્માના છે.

૩) ૧૩ અને ૧૪ ગુણસ્થાનો પરમાત્માના છે.

(૧૬) અશુભોપયોગી, શુભોપયોગી અને શુદ્ધોપયોગીની અપેક્ષાએ :—

૧) ૧ થી ૩ ગુણસ્થાનવર્તી જીવો મુખ્યતઃ અશુભોપયોગી છે.

૨) ૪ થી ૬ ગુણસ્થાનવર્તી જીવો મુખ્યતઃ શુભોપયોગી છે.

૪ થા અને ૫ મામાં ક્યારેક ક્યારેક શુદ્ધોપયોગ હોય છે. તેથી તે જીવો ગૌણરૂપે શુદ્ધોપયોગી છે.

૩) ૭ થી ૧૪ ગુણસ્થાનવર્તી જીવો શુદ્ધોપયોગી છે.

(૧૭) ધાર્મિક, અધાર્મિકની અપેક્ષાએ :—

૧) ૧ થી ૩ ગુણસ્થાનો - અધાર્મિક જીવોનાં છે કારણ ધર્મ એટલે મોક્ષમાર્ગ હજી પ્રગટ થયો નથી.

૨) ૪ થી ૧૪ ગુણસ્થાનો - ધાર્મિક જીવોનાં છે.

(૧૮) મિથ્યા અને સમ્યક્ચારિત્રની અપેક્ષાએ :—

૧) ૧ થી ૩ ગુણસ્થાનોમાં મિથ્યાચારિત્ર છે.

૨) ૪ થી ૧૪ ગુણસ્થાનોમાં સમ્યક્ચારિત્ર છે.

આ ઉપરથી સમજાય છે કે બાહ્યવ્રતોનો સ્વીકાર કર્યાબાદ પણ જ્યાંસુધી આત્માનુભવ થતો નથી ત્યાંસુધી જીવને સમ્યક્ચારિત્ર થઈ શકતું નથી.


આવી બીજી પણ અપેક્ષાઓ લાગૂ પડે છે. તે બધાંનો અભ્યાસ કરીએ તો આપણને ગુણસ્થાનોનું અને મોક્ષમાર્ગનું સ્વરૂપ બરાબર સમજાય. આ બધી અપેક્ષાઓ 'ગુણસ્થાન વિવેચન' નામનાં બ્ર. પં. શ્રી યશપાલ જૈનના પુસ્તકમાંથી લેવામાં આવી છે. તે પુસ્તક અવશ્ય વાંચજો તેમાં સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું છે.

હવે ટૂંકમા ગમનાગમન વિષે વિચાર કરીએ. જીવના પરિણામો હંમેશ એકસદૃશ રહેતાં નથી. સમ્યક્ત્વ પ્રાપ્તિબાદ પણ જીવ પાછો નીચલા ગુણસ્થાનમાં આવી શકે અને પાછો પુરુષાર્થ કરી ફરીથી ઉપરના ગુણસ્થાનમાં જઈ શકે.


**પહેલા ગુણસ્થાનનું ગમનાગમન** — પહેલામાંથી જીવ ચોથામાં જઈ શકશે. વ્રતધારણ કરેલો દ્રવ્યલિંગી શ્રાવક હોય અને તે વધું પુરુષાર્થ કરશે તો પાંચમા ગુણસ્થાનમાં જઈ શકશે. એકાદ દ્રવ્યલિંગી મુનિ પુરુષાર્થ કરી એકદમ સાતમા ગુણસ્થાનમાં પણ જઈ શકશે. કોઈ દ્રવ્યલિંગી મુનિ પાચમામાં કે ચોથામાં પણ જઈ શકે છે તેમ જ કોઈ દ્રવ્યલિંગી શ્રાવક ચોથામા પણ જઈ શકે છે. સાદિમિથ્યાદૃષ્ટિ અર્થાત્ જે એકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ફરીથી મિથ્યાત્વમાં આવ્યો છે એવો જીવ ત્રીજા ગુણસ્થાનમાં જઈ શકશે.

હવે પહેલામા ક્યાંથી આવશે તે જોઈએ. છઠ્ઠામાંથી, પાંચમામાંથી, ચોથામાંથી, ત્રીજામાંથી, બીજામાંથી આવી શકશે. તે આપણે આકૃતિ વડે જોઈએ.

ગમન





આગમન





**બીજા ગુણસ્થાનનું ગમનાગમન** — ગમન એકમાત્ર મિથ્યાત્વ ગુણસ્થાનમાં બને છે. આગમન છઠ્ઠા, પાંચમા, ચોથામાંથી, જે ઔપશમિક સમ્યક્ત્વી હોય તેનું જ થાય છે.

ગમન




આગમન





**ત્રીજા ગુણસ્થાનનું ગમનાગમન** —


ત્રીજામાંથી ગમન પહેલામાં અથવા ચોથામાં થાય.

ત્રીજામાં આગમન છઠ્ઠામાંથી, પાંચમામાંથી, ચોથામાંથી અથવા પહેલામાંથી થાય.

ગમન




આગમન




**ચોથા ગુણસ્થાનનું ગમનાગમન —**

ગમન સાતમામાં, પાંચમામાં, ત્રીજામાં, બીજામાં અથવા પહેલામાં થાય.


આગમન છઠ્ઠામાંથી, પાંચમામાંથી, ત્રીજામાંથી, પહેલામાંથી થાય.

ઉપશમ શ્રેણીવાળો જીવ અને પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનના જીવનું મરણ થતાં તરત જ ચોથા ગુણસ્થાનમાં આવે છે.

ગમન





આગમન





**પાંચમા ગુણસ્થાનનું ગમનાગમન —**

દ્રવ્યલિંગી મુનિ પાંચમામાંથી સાતમામાં ગમન કરે છે. પાંચમામાંથી પડી જીવ ચોથામા, ત્રીજામા, બીજામા અથવા પહેલા ગુણસ્થાનમાં ગમન કરે છે. આગમન છઠ્ઠામાંથી, ચોથામાંથી અથવા પહેલામાંથી થાય.

ગમન





આગમન




**છઠ્ઠા ગુણસ્થાનનું ગમનાગમન —**

ગમન–નીચેના બધાં ગુણસ્થાનમાં થઈ શકે - પાચમામાં, ચોથામાં, ત્રીજામાં, બીજામાં અને પહેલામાં. આગમન–એકમાત્ર સાતમાં ગુણસ્થાનમાંથી જ થાય છે.

ગમન





આગમન





**સાતમા ગુણસ્થાનનું ગમનાગમન—**

ગમન–શ્રેણી માંડતાસમયે આઠમામાં, અન્યથા છઠ્ઠામાં ગમન થાય છે. આગમન–પહેલામાંથી, ચૌથામાંથી, પાચમામાંથી અને છઠ્ઠામાંથી થાય. પહેલા, ચૌથા, અને પાચમામાંથી સાતમામાં આવનારા જીવને દ્રવ્યલિંગી મુનિ હોવું આવશ્યક છે. છઠ્ઠામાનાં તો પોતે ભાવલિંગી મુનિ હોય છે. આગમન આઠમા ઉપશામક ગુણસ્થાનમાંથી પણ થાય છે.

ગમન





આગમન




### આઠમા ગુણસ્થાનનું ગમનાગમન -

ગમન આઠમાંથી નવમા ગુણસ્થાનમાં થાય. ઉપશામક શ્રેણી ઉતરી ફરીથી સાતમામાં જાય છે. મરણ થતાં ચૌથામા જાય છે. ઉપશામકજીવનું શ્રેણી ચઢતા આઠમાના પહેલા ભાગમાં મરણ થતુ નથી. આગમન સાતમાં સાતિશય અપ્રમત્તમાંથી થાય. ઉપશમ શ્રેણી ઉતરતાં નવમાંથી પણ થાય.

ક્ષપક શ્રેણી
ગમન અને આગમન





ઉપશમ શ્રેણી
ગમન અને આગમન





### નવમા ગુણસ્થાનનું ગમનાગમન —

ગમન નવમાથી દસમામાં થાય. ઉપશામકજીવ શ્રેણી ઉતરતાં નવમાથી આઠમામાં ગમન કરે અને મરણ થતાં ચૌથામાં ગમન કરે છે. આગમન આઠમામાંથી નવવામાં થાય. ઉપશમ શ્રેણી ઉતરતાં દસમામાંથી પણ થાય.

ક્ષપક શ્રેણી
ગમન અને આગમન





ઉપશમ શ્રેણી
ગમન અને આગમન





### દસમા ગુણસ્થાનનું ગમનાગમન —

ક્ષપક શ્રેણીમાં ગમન દસમાથી બારમામાં થાય. ક્ષપક શ્રેણીમાં મરણ થતું નથી. અને આગમન નવમાથી દસમામાં થાય. ઉપશમ શ્રેણીમાં ગમન દસમાથી અગિયારમાં થાય અથવા ઉતરતાં નવમામાં ગમન થાય, આગમન નવમાથી કે અગિયારમાથી થાય. ઉપશામકજીવનું મરણ થતાં ચૌથામાં ગમન થાય.

ક્ષપક શ્રેણી
ગમન અને આગમન





ઉપશમ શ્રેણી ગમન
અને આગમન




**અગિયારમા ગુણસ્થાનનું ગમનાગમન —**

આ માત્ર ઉપશમ શ્રેણીનું જ ગુણસ્થાન છે. ત્યાંથી ગમન નીચે દસમામાં થાય છે. અને આગમન પણ દસમામાંથી જ થાય છે. મરણોપરાંત ચોથામાં આગમન થાય છે.


ગમન અને આગમન




**બારમા ગુણસ્થાનનું ગમનાગમન —**

આ માત્ર ક્ષપક શ્રેણીનું ગુણસ્થાન છે. ગમન તેરમા ગુણસ્થાનમાં થાય છે. આગમન દસમા ગુણસ્થાનમાંથી થાય છે.


ગમન અને આગમન




**તેરમા ગુણસ્થાનનું ગમનાગમન —**

ગમન ચૌદમા ગુણસ્થાનમાં, આગમન બારમા ગુણસ્થાનમાંથી થાય છે.

ગમન અને આગમન



**ચૌદમા ગુણસ્થાનનું ગમનાગમન —**

ચૌદમા ગુણસ્થાનમાંથી જીવ ગુણસ્થાનાતીત સિધ્ધ પરમેષ્ઠી બને છે. ચૌદમામાં આગમન તેરમામાંથી થાય છે.

ગમન અને આગમન

સિધ્ધ અવસ્થામાં
↑
| ૧૪મું ગુણસ્થાન |
↑
૧૩ માથી

ગમનાગમન જોયાં બાદ હવે કાળ જોઈએ. વિશિષ્ટ ગુણસ્થાનમાં જીવ વધારેમાં વધારે કેટલો કાળ રહી શકે તેને 'ઉત્કૃષ્ટ કાળ' કહે છે, અને ઓછામાં ઓછો રહે તો કેટલો - તેને 'જઘન્ય કાળ' કહે છે. અહીં સાદિ-અનાદિ-વગેરે શબ્દોના અર્થ જોઈએ.

અનાદિ — જેને આદિ એટલે શરૂઆત નથી.

અનંત — જેનો અંત એટલે છેવટ નથી.

સાદિ — સ + આદિ એટલે જેની ક્યારેક શરૂઆત થાય.

સાંત — સ + અંત એટલે જેનો અંત છે.

આમાં ચાર પ્રકાર સંભવે છે - ૧) અનાદિઅનંત, ૨) અનાદિસાંત, ૩) સાદિઅનંત, ૪) સાદિસાંત.

એક જીવની અપેક્ષાએ કાળ જોઈએ.

**પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ** - અભવ્ય જીવની અપેક્ષાએ અનાદિઅનંત છે. દૂરાનુદૂર ભવ્ય જે પાત્રતા હોવા છતાં અનંત કાળ પછી પણ મોક્ષે જશે નહીં તેઓના મિથ્યાત્વનો કાળ પણ અનાદિઅનંત છે. જે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તેનો મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ અનાદિસાંત છે. હવે મિથ્યાત્વ ગુણસ્થાનનો સાદિ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ વિચાર કરતાં ઉત્કૃષ્ટ કાળ કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તન છે. અને જઘન્ય કાળ એક અંતર્મુહૂર્ત છે.

**બીજા સાસાદન ગુણસ્થાનનો કાળ** - ઉત્કૃષ્ટ છ આવલિ અને જઘન્ય કાળ એક સમય છે.

**ત્રીજા સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ** - યથાયોગ્ય અંતર્મુહૂર્ત છે, તેમાં જઘન્ય, ઉત્કૃષ્ટ, મધ્યમ એવા ભેદ નથી.

**ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક તેત્રીસ સાગર છે.

**પાંચમા દેશવિરત ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાળ મનુષ્યમાં ૧ કરોડ પૂર્વ વર્ષોમાંથી ગર્ભકાળસહિત ૮ વર્ષ અને એક અંતર્મુહૂર્ત બાદ થતાં જે કાળ રહે તેટલો. અને તિર્યંચોમાં સમ્મૂર્ચ્છન તિર્યંચોની અપેક્ષાએ ૧ કરોડ પૂર્વ વર્ષોમાંથી ૧ અંતર્મુહૂર્ત બાદ જતાં બચેલો કાળ. જુઓ જોઉં, મનુષ્યને પાંચમું ગુણસ્થાન ૮મા વર્ષબાદ પ્રાપ્ત થઈ શકે છે, તિર્યંચોને જનમ પછી એક અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થઈ શકે છે.

**છઠ્ઠા પ્રમત્તવિરત ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક સમય. કેવી રીતે તે જોઈએ. કોઈ મુનિરાજ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાંથી છઠ્ઠામાં આવ્યાં અને ત્યાં એક સમય વ્યતીત થતાં જ મરણ પામ્યાં તો છઠ્ઠા ગુણસ્થાનનો જઘન્ય કાળ ૧ સમય રહેશે. ઉત્કૃષ્ટ કાળ યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત હોય છે. ત્યારબાદ નિયમથી સાતમામાં શુદ્ધોપયોગમાં જાય છે, જો ન જાય તો મુનિપદ છૂટી નીચેના ગુણસ્થાનો પ્રાપ્ત થાય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટમાં બધાં ભેદો મધ્યમકાળના હોય છે.

**સાતમા અપ્રમત્તવિરત ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક સમય. છઠ્ઠામાંથી સાતમામાં જનાર અથવા ઉપશમક શ્રેણીથી ઉતરતાં આઠમાથી સાતમામાં આવી એક સમય વ્યતીત કરી મરણ આવતાં સાતમાનો જઘન્ય કાળ ૧ સમય રહેશે. યાદ રાખો કે સૌપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ સાથે સાતમું ગુણસ્થાન આવે છે ત્યારે પ્રથમોપશમ સમ્યક્ત્વી જીવને મરણ આવતું નથી. સાતમાનો ઉત્કૃષ્ટ કાળ યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત.

**આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનનો કાળ** - યથાયોગ્ય અંતર્મુહૂર્ત છે. પણ જઘન્ય ૧ સમય કાળ છે. ઉપશ્રમ શ્રેણી

ચઢતાં આઠમાના પહેલા ભાગમાં મરણ થતું નથી. પરંતુ ઉપશ્રમ શ્રેણી ઉતરતાં નવમામાંથી આઠમામાં આવતાં જ ૧ સમય બાદ મરણ થતાં આઠમાનો જઘન્ય કાળ ૧ સમય હોય છે. યાદ રાખો કે ક્ષપક શ્રેણીમાં મરણ થતું જ નથી.

**નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક સમય. ઉપશમ શ્રેણી ચઢતાં કે ઉતરતાં નવમામાં ૧ સમય રહી મરણ થતાં જઘન્ય કાળ ૧ સમય થશે. ઉત્કૃષ્ટ કાળ યથાયોગ્ય અંતર્મુહૂર્ત.

**દસમા સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનનો કાળ** - જઘન્ય ૧ સમય. ઉપશમ શ્રેણી ચઢતાં અથવા ઉતરતાં દસમા ગુણસ્થાનમાં આવી ૧ સમય રહી મરણ આવતાં દસમાનો કાળ ૧ સમય રહેશે. ઉત્કૃષ્ટ કાળ - યથાયોગ્ય અંતર્મુહૂર્ત.

**અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક સમય-મરણની અપેક્ષાએ. ઉત્કૃષ્ટ કાળ યથાયોગ્ય અંતર્મુહૂર્ત. મધ્યમકાળના બધાં ભેદ પણ મરણની અપેક્ષાએ સમજવા.

**બારમા ક્ષીણમોહ ગુણસ્થાનનો કાળ** - એક અંતર્મુહૂર્ત છે. આ ક્ષપક શ્રેણીના ગુણસ્થાનમાં મરણ થતું નથી.

**તેરમા સયોગકેવળી ગુણસ્થાનનો કાળ** - જઘન્ય એક અંતર્મુહૂર્ત - ત્યાર બાદ ચૌદમામાં ગમન થાય છે. તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થયા બાદ જેટલી આયુ બાકી હશે તેમાંથી ચૌદમા ગુણસ્થાનનો એક અંતર્મુહૂર્ત કાળ બાદ જતાં શેષ કાળ તેરમા ગુણસ્થાનનો કાળ છે. ઉત્કૃષ્ટ કાળ કોને હોઈ શકે એ જોઈએ - કર્મભૂમિના મનુષ્યને જ મુનિપણું અને ઉપરના ગુણસ્થાનો અને સિદ્ધપદ પ્રાપ્ત થઈ શકે. આ જીવોની ઉત્કૃષ્ટ આયુ ૧ કરોડ પૂર્વ વર્ષની હોઈ શકે છે (૮૪ લાખ વર્ષ × ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વ. ૧ કરોડ × ૧ પૂર્વ =૧ કરોડ પૂર્વ = ૧ પૂર્વ કોટી) તેરમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ - ૧ કરોડ પૂર્વ વર્ષમાંથી ગર્ભકાળ સહિત આઠ વર્ષ અને આઠ અંતર્મુહૂર્ત બાદ જતાં વધેલો કાળ. મુનિદીક્ષા ધારણ કરવા માટે અને છઠ્ઠું તથા સાતમું ગુણસ્થાન પ્રગટ કરવા ઓછામાં ઓછી ઉમર ગર્ભસહિત ૮

વર્ષની આવશ્યક છે. ત્યારબાદ આઠ અંતર્મુહૂર્તમાં જીવ તેરમું ગુણસ્થાન પ્રાપ્ત કરી મોક્ષે જવાનો પુરુષાર્થ કરી શકે છે.

**ચૌદમા અયોગકેવળી ગુણસ્થાનનો કાળ** - એક અંતર્મુહૂર્ત. પાંચ હ્રસ્વ સ્વરોના (અ, ઈ, ઉ, ઋ, લૃ) ઉચ્ચારણકાળ જેવડો હોય છે. ઓછો વત્તો હોતો નથી.

એક જીવની અપેક્ષાએ આપણે ઉપરમુજબનો કાળ જોયો. જુદાં જુદાં જીવોની અપેક્ષાએ કેટલાક ગુણસ્થાનો નિરંતર એટલે કે સદાસર્વદા હોય છે. તે ગુણસ્થાનમાં કોઈ જીવ નથી એવું એક સમયપણ બની શકતું નથી. તે ગુણસ્થાનો છે – ૧લું, ૪થું, ૫મું, ૬ઠ્ઠું, ૭મું, ૧૩મું. જેમ મિથ્યાત્વ ગુણસ્થાનમાં જીવો અનંતકાળ સુધી રહેવાના જ તે પ્રમાણે જ ૪ થું, ૫ મું, ૬ઠ્ઠું અને ૭મું એ મોક્ષમાર્ગના ગુણસ્થાનો તેમ જ ૧૩મું અરહંત અવસ્થાના ગુણસ્થાનનો એક સમય પણ લોપ થતો નથી. સર્વજ્ઞનો અભાવ કદી થતો નથી. મોક્ષમાર્ગનો ઉપદેશ કદી બંદ પડતો નથી. ધર્મ પ્રગટ કરનારા જીવોનો કદી લોપ થતો નથી. વિદેહ ક્ષેત્રમાં તો તે સદૈવ વિદ્યમાન રહે છે, બીજે જ્યાં કાળની ઉત્સર્પિણી અવસર્પિણી આદિ ભેદ પડે છે ત્યાં થોડાક સમયમાટે થોડા ક્ષેત્રમાં લોપ થઈ શકે છે. તેથી બીવા જેવું કંઈ જ નથી. મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ પ્રાપ્તિ અને ત્યારબાદ મોક્ષ પ્રાપ્તિ એવો પ્રવાહ સદૈવ કાયમ જ રહે છે. એક તરફી માર્ગ-વન વે ટ્રાફિક (One-way traffic) હોવાથી મોક્ષ પછી પુન: સંસારમાં અને ગુણસ્થાનમાં આવવું પડતું નથી. બધાં મોક્ષે ગયા બાદ આ સંસારમાં કોણ રહેશે, અને આ સંસારની શી દુર્દશા થશે એની ચિંતા કરવાનું કારણ નથી. સંસાર રુચિવાળા પણ કાયમ રહેશે. અનંત કાળપછી પણ સિદ્ધો કરતા સંસારી જીવો, અનંતગણાં રહેશે.

માટે સંસારની ચિંતા કર્યા વગર પોતાનું જ સ્વરૂપ ધ્યાનમાં લઈ સ્વરૂપ સ્થિરતા વડે અર્થાત્ આત્મામાં એકાગ્રતા કરી આપણે ગુણસ્થાન આરોહણ કરી થોડા જ ભવમાં ગુણસ્થાનાતીત થઈએ.

એ જ લિ.

**તમારી બા.**

# જીવસમાસ

પત્રાંક ૧૪ ॥ૐ નમઃ સિધ્ધેભ્યઃ॥ ૯ સપ્ટેંબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

આપણ સંસારી જીવોનું ગુણસ્થાનમાં વર્ગીકરણ કરી તે ગુણસ્થાનોનું સ્વરૂપ જોયું. ગુણસ્થાનને 'સંક્ષેપ' અને 'ઓઘ' એવા પણ નામો છે. તેમ જ 'સામાન્ય' નામ પણ ગુણસ્થાન માટે વપરાય છે. જે અર્થે ગુણસ્થાનને સંક્ષેપ અને સામાન્ય કહ્યાં છે તે અર્થે 'વિસ્તાર' અને 'વિશેષ' નામોથી પણ ઓળખાતાં જીવોનું વર્ગીકરણ હોવું જોઈએ. તેને 'માર્ગણા' કહે છે. માર્ગણા માટે 'વિસ્તાર', 'આદેશ' અને 'વિશેષ' નામો પણ વપરાય છે.

આચાર્યોએ જીવનું વર્ણન અનેક પ્રકારોથી કરેલ છે. તેને 'પ્રરૂપણા' કહે છે. કુલ ૨૦ પ્રરૂપણા છે તેઓના સ્થૂળરીતે બે ભેદ છે. ગુણસ્થાન અને માર્ગણાસ્થાન.

ખરૂં જોતાં માર્ગણા ચૌદ છે, પણ જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા અને ઉપયોગ એ પાંચ પ્રરૂપણા સામેલ કરી બધાંને માર્ગણા સ્થાન એમ કહેવાની પધ્ધતિ છે.

આ વીસ પ્રરૂપણાવિષે આપણે સ્થૂળ ચર્ચા કરીએ. તેમના વિષે જાણકારી મળ્યાંબાદ જીવસંબંધેની અનેક ભ્રામક કલ્પનાઓ જે આપણે કરીએ છીએ તે દૂર થાય. તે સંબંધે વધુ વિસ્તારમાં ગયા વગર આવશ્યક તેટલી જ જુજ માહિતી આપણે મેળવીશું. સમજો વધું જાણવાની રુચિ ઉત્પન્ન થાય તો સારૂં જ છે. શાસ્ત્રભંડાર ઉપલબ્ધ છે જ.

અમે હવે સવારે કર્મકાંડનો સ્વાધ્યાય શરૂ કર્યો છે. શરૂઆતમાં પીઠિકા અને જીવકાંડમાં શું શીખ્યાં તેનું Revision –વર્ણન–સૂચનિકા છે. તે દિવસની કેસેટ સાંભળી રીના, તને જીવકાંડ શિખવાનું મન થયું એમ તે મને કહ્યું. જીવકાંડમાં આ વીસ પ્રરૂપણાસંબંધેનું જ બધું વિવેચન છે.

વીસ પ્રરૂપણામાંથી પહેલી પ્રરૂપણા ગુણસ્થાન છે તે વિષે

જાણકારી આપણે મેળવી જ છે. આજે જીવસમાસ એ બીજી પ્રરૂપણાવિષે ચર્ચા કરીએ.

આપણું દરેકનું આજે અસ્તિત્વ છે. દરેક જીવને 'હું છું' એવી પોતાના અસ્તિત્વની જાણ અને ખાત્રી છે. તે કોઈએ શીખવવું પડતું નથી. જેમાં અસ્તિત્વ છે એવો પદાર્થ - એવું દ્રવ્ય ત્રિકાળ અસ્તિત્વવાન હોય છે. તેનું અસ્તિત્વ કદી મટતું નથી. અસ્તિત્વ ગુણની ચર્ચામાં આપણે આ બધું વિસ્તારથી શીખ્યા જ છીએ.

હું આજે છું, ગઈ કાલે પણ હતી. હાલ હું મનુષ્ય પર્યાયમાં છું, આ પહેલાં અન્ય પર્યાયમાં હતી. તે પહેલાં બીજી કોઈ પર્યાયમાં હતી. એ રીતે અનાદિકાળથી આપણાં દરેકનું અસ્તિત્વ કાયમ જ છે. અનંતાનંત ભવોમાં ફરી ફરીને આજે આપણે અહીં આવ્યાં છીએ.

હે જીવ, આ ભવોભવોંમાં ભટકવાનો, આ ભ્રમણનો તને કંટાળો નથી આવ્યો? અનાદિકાળથી મોહનિદ્રામાં તું નિદ્રિસ્ત છે, સૂતો છે. જાગ બાપા જાગ, હવે તો તારો જાગવાનો સમય આવ્યો છે. તું આજસુધી ક્યાં ક્યાં જન્મમરણ કરી આવ્યો તે સાંભળ તો ખરો!

હે જીવ, જ્યાંસુધી પ્રાપ્ત શરીરથી ભિન્ન એવું પોતાનું સ્વરૂપ તું જાણીશ નહીં, ઓળખીશ નહીં, પોતાનો વિશ્વાસ, પોતાનું જ્ઞાન અને સ્વમાં એકાગ્રતા કરીશ નહીં, ત્યાંસુધી તને અન્ય અન્ય શરીરોનો સંયોગ થતો રહેશે. તારા શુભાશુભ ભાવોના ફલસ્વરૂપ તું ચાર ગતિઓમાં ભટકતો રહીશ.

જીવ અનંત છે, તેમાંથી બહુ જ થોડા સજીવોને - જીવોની પર્યાયોને આપણે જાણીએ. કેવળજ્ઞાની સિવાય અન્ય કોઈ આ બધાં જીવોનું અને તેમની પર્યાયોનું સ્પષ્ટ જ્ઞાન કરી શકતું નથી. સર્વજ્ઞોએ પોતે જાણી જીવોની આ વિવિધ યોનિઓનું અને જાતિનું વર્ણન કર્યું છે. આ સમસ્ત સંસારી જીવોનું કોઈ વિશિષ્ટ સમાન ધર્મોની અપેક્ષાએ વર્ગીકરણ કરી શકાય છે. ગ્રુપ્સ કરી શકાય છે.

જેમ કે ઉપયોગ - ચેતના લક્ષણ દ્વારા જોતાં તેમાં બધાં જીવો ગર્ભિત થશે, ત્રસ અને સ્થાવર ભેદ કરતાં બે ભેદ એટલે કે બે

સ્થાન જણાશે. દ્વીન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયસુધીના જીવોને ત્રસ કહે છે. પૃથ્વીકાયિકાદિ પાંચ પ્રકારના એકેન્દ્રિયોને સ્થાવર કહે છે. જીવોના એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સકલેન્દ્રિય જેવા ભેદ પાડતાં જીવસમાસના ત્રણ સ્થાનો થાય છે. વિકલેન્દ્રિયમાં દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવ ગર્ભિત છે, તેઓને વિકલત્રય એમ પણ કહે છે.

હમણાં આપણે ત્રણ સ્થાનો જોયાં, શાસ્ત્રોમાં વિભિન્ન અપેક્ષાએ ભેદ પાડતાં ક્રમથી એક એક વધતું જાય છે એમ ઓગણીસ સ્થાનો કહ્યાં છે. તેઓના પણ અનેક પ્રભેદ કહ્યાં છે.

જેમ આ સ્થાનોના ભેદ છે તેમ જ યોનિઓના ભેદ, દેહના અવગાહનાના ભેદ, કુળભેદ, તેમની અપેક્ષાએ જીવસમાસનું વર્ણન કર્યું છે. આ બધાંના વિસ્તારમાં ન જતાં સામાન્યત: ચૌદ જીવસમાસ કહ્યાં છે તેનું સ્વરૂપ આજે આપણે જોઈએ.

જીવના સંયોગમાં જે દેહ છે અને તેના જ્ઞાનનો જે ઉઘાડ છે તેની અપેક્ષાએ અર્થાત્ ઈન્દ્રિયોની અપેક્ષાએ જીવના ભેદ કર્યા છે. અહીં દ્રવ્યેંદ્રિય અને ભાવેંદ્રિય (જ્ઞાનનો ઉઘાડ) એ બન્ને ગર્ભિત છે. એકેન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયોસુધી જીવો જોવામાં આવે છે. તેમાંથી એકેન્દ્રિયોમાં સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે અને પંચેન્દ્રિયોમાં સંજ્ઞી-મનસહિત અને અસંજ્ઞી-મનરહિત એવા બે ભેદ છે. આ બધાંની સંખ્યા સાત થઈ. આ બધાંના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ કરતાં સરવાળો ચૌદનો થાય છે.

૧ એકેન્દ્રિય - સૂક્ષ્મ
૨ એકેન્દ્રિય - બાદર
૩ દ્વીન્દ્રિય
૪ ત્રીન્દ્રિય
૫ ચતુરિન્દ્રિય -
૬ પંચેન્દ્રિય - અસંજ્ઞી
૭ પંચેન્દ્રિય - સંજ્ઞી

[પર્યાપ્ત
[અપર્યાપ્ત

એકેન્દ્રિય જીવોને એક સ્પર્શન ઈન્દ્રિય હોય છે. તેમનાં પાંચ પ્રકાર છે. પૃથ્વીકાયિક, જળકાયિક, વાયુકાયિક, અગ્નિકાયિક અને વનસ્પતિકાયિક. કાયા એટલે શરીર. પૃથ્વી જેમનું શરીર છે તેમને પૃથ્વીકાયિક જીવ કહે છે. જળ જેમનું શરીર છે તેઓને જળકાયિક જીવ કહે છે, એમ બધાંનું સમજવું.

તમને લાગશે કે એક મોટો જળાશય એક જળકાયિક જીવ હશે, એક વિશાલ પર્વત એક પૃથ્વીકાયિક જીવ હશે, પ્રચંડ આગ એક અગ્નિકાયિક જીવ હશે અને મોટો વૃક્ષ એક જ વનસ્પતિકાયિક જીવ હશે પણ એમ નથી. પાંચે એકેન્દ્રિય જીવોની અવગાહના એટલે સાઈઝ બહુ જ નાનકડી છે. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલીં આ અવગાહના છે. અંગળીના - તર્જનીના પોળાઈને અંગુલ કહેવાય છે.

પાણીના એક ટીપામાં અસંખ્યાત જળકાયિક જીવો હોય છે. પાણીમાં અન્ય ત્રસ જીવો જોવામાં આવે છે, તેમની ચર્ચા નથી હોં, જે અગ્નિ દેખાય છે તેમાં અસંખ્યાત અગ્નિકાયિક જીવો હોય છે. થોડી જ માટીમાં અસંખ્યાત પૃથ્વીકાયિક જીવો રહે છે. માત્ર માટી જ નહીં તો પથ્થર, રેતી, રત્નો, માણેક, હીરા, ખાણની ધાતુ એ બધાં પૃથ્વીકાયિકોના જ ભેદ છે.

જે હીરામાણેકનું, સોનાનું આપણને આટલું આકર્ષણ છે તેમના સ્વરૂપનો કદિ વિચાર કર્યો છે? ખાણનો કોળસો હોય કે હીરા માણેક હોય બધાં એકેન્દ્રિય જીવો છે. ખાણમાંથી કાઢી તેમાંથી જીવ નીકળી જાય ત્યારે જે બચે છે તે જીવોનું કલેવર છે. આપણે પંચેન્દ્રિય જીવો પોતાને બુધ્ધિથી મહાન માનિએ, પણ આપણાં સંયોગમાંના આ દેહપર - આ કલેવરપર એકેન્દ્રિયોના કલેવરો ધારણ કરીએ અને દિમાગથી તેમનું પ્રદર્શન કરતાં ફરીએ. અન્ય ઘેલા જીવો પણ તેમની સામે જોઈ ઈર્ષા કરે છે. આપણી બુધ્ધિનું આ દેવાળું નીકળ્યું છે, તેમાં શંકા નથી.

આ પાંચેય પ્રકારના એકેન્દ્રિયોને સ્થાવરકાય અથવા સ્થાવર જીવો કહે છે. તેઓને સ્થાવર નામકર્મનો ઉદય હોય છે. આ બધાંનું સૂક્ષ્મ અને બાદર એવા બે બે ભેદો છે. પ્રથમ સૂક્ષ્મ જીવોનું વૈશિષ્ટ્ય જોઈએ. સૂક્ષ્મ અને બાદર એ નામકર્મની પ્રકૃતિઓ છે. સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જે જીવ ઉત્પન્ન થાય તેને

સૂક્ષ્મ જીવ કહે છે. આ સૂક્ષ્મ જીવો અગ્નિ, જળ, પર્વત, મેરુ વગેરેથી અટકાવાતાં–રોકાતાં નથી, તેમ જ અગ્નિ વગેરેથી મરાઈ જતાં નથી. તેઓનું કદલીઘાતથી મરણ નિપજતું નથી, પોતાની આયુ પૂર્ણ કરી આયુને અંતે જ તે મરે છે. તે જીવો અન્ય જીવોને મારતાં નથી અને અન્ય જીવો તે જીવોને મારી શકતાં નથી. તેઓની હિંસા કરી શકતાં નથી. એ કોઈના પણ આધાર વગર રહે છે, તેમ જ અન્ય જીવોને પણ આધાર આપતાં નથી.

આનો અર્થ કે સૂક્ષ્મ જીવો મારવાથી મરતાં નથી, કપાઈ જતાં નથી, અગ્નિવડે બાળતાં નથી, હવાથી ઉડી જતાં નથી. બધાં પર્વતો, બધી ભીંતો, શરીરાદિમાંથી આરપાર ગમન કરે છે. સૂક્ષ્મ જીવો લોકાકાશમાં બધે (વાતવલયસહિત બધે) ઠાંસીઠાંસીને ભરેલાં છે. લોકાકાશનું એવું કોઈ જ ક્ષેત્ર નથી કે જ્યાં સૂક્ષ્મ નિગોદિયા (નિગોદ) જીવ, સૂક્ષ્મ અગ્નિકાયિક, સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ જળકાયિક, સૂક્ષ્મ વાયુકાયિક જીવો ભરેલા નથી.

હવે બાદર જીવોનું વૈશિષ્ટ્ય જોઈએ. બાદર નામકર્મના ઉદયથી જીવો બાદર બને છે. જેઓનું શરીર પ્રતિઘાતયુક્ત છે તેઓને બાદર જીવ અને જેઓનું શરીર અન્ય પુદ્‌ગલોવડે પ્રતિઘાતરહિત (અટકાવ રહિત) હોય છે તેઓને સૂક્ષ્મ જીવ કહે છે. બાદર જીવો લોકાકાશમાં બધે જોવામાં આવતાં નથી. આઠ પૃથ્વી અને અન્ય જીવોના આશ્રયે બાદર જીવો રહે છે.

સૂક્ષ્મનો અર્થ આકારથી નાના એમ નથી. સૂક્ષ્મ જીવોના શરીર સૂક્ષ્મ હોય છે અર્થાત્ તે કોઈને રોકી નથી રાખતાં તેમ જ તેમને કોઈ રોકી નથી રાખી શકતું. ભીંતમાંથી, લોખંડના ગોળામાંથી પણ આરપાર નીકળી જઈ શકે છે, જેમ કે કાંચમાંથી પ્રકાશનું કિરણ આરપાર નીકળી જાય તેમ. આ તો દૃષ્ટાંત છે અને તેમાં કાચ અને પ્રકાશ બન્ને સ્થૂળ છે. આ સૂક્ષ્મ જીવો કોઈપણ આધારવિના રહે છે. સૂક્ષ્મ જીવો કેવળ એકેન્દ્રિયોમાં જ જોવામાં આવે છે. દ્વીન્દ્રિયાદિ બધાં જીવો બાદર જ છે.

બાદર પૃથ્વીકાયિક, બાદર જળકાયિક આદિ જીવો પૃથ્વી આદિના આધારે રહે છે પણ પાંચેય પ્રકારના સૂક્ષ્મ જીવો સંપૂર્ણ

લોકાકાશમાં રહે છે. આપણને લાગે છે કે ઘરમાં આપણે ૪-૫ માણસો જ વસીએ છીએ પણ સર્વત્ર આ પાંચ પ્રકારના સૂક્ષ્મ એકેન્દ્રિયો છે જ! આજકાલના તમારા જેવા લોકોને સમજાવવું અઘરૂં નથી. તમારા બાળકોને તાવ આવ્યો અને તેનું નિદાન કરી શકાયું નહીં તો ડૉક્ટર ચોક્કસ કહેશે કે અરે આ તો વ્હાયરલ ફીવર છે. વ્હાયરસ નામનાં જંતુથી આવ્યો છે. આપણે પણ એના ઉપર ભરોસો રાખીએ છીએ.

આજકાલ આપણને ડૉક્ટરપર સર્વજ્ઞ કરતા વધારે ભરોસો છે. ડૉક્ટરે આપેલી દવા અને કહેલી પરેજી બહુ જ ચોક્કસાઈથી લેવામાં આવે છે. કારણ છે દેહમાં રહેલી એકત્વબુધ્ધિ. દેહને 'હું' એવું માન્યાબાદ દેહને અનિષ્ટકારક બધું જ આપણે ટાળીએ. પણ હું જીવ છું તે જાણ્યાપછી મને શું અનિષ્ટકારક છે તેનો વિચાર કદી કરીએ કે, તે પોતાના મનને પૂછી જુઓ જોઉં!

સર્વજ્ઞ ભગવંતોએ પ્રત્યક્ષ જાણી કહ્યું છે કે કંદમૂળ વગેરે વનસ્પતિમાં નિગોદ જીવ રહે છે. કાંદા, બટેકાં, લસણ વગેરેમાં અનંત જીવો રહે છે. અને તે પદાર્થ ખાવાથી હિંસા થાય પણ તે સાંભળી ઘણાં કહે છે, કોણે જોયાં? હવે વિષય નીકળ્યો જ છે તો 'નિગોદ' એ વળી શું છે તેને વિષે જોઈએ.

દેહધારી જીવોમાં પ્રત્યેક શરીર અને સાધારણ શરીર એવા બે ભેદ છે. એક શરીરમાં એક જીવ રહે છે અને તે શરીરનો ઉપભોગ લે છે, તેને 'પ્રત્યેક જીવ' અથવા 'પ્રત્યેક શરીર જીવ' એમ કહે છે. જ્યાં એક શરીરમાં, અનંત જીવો રહે છે તેને 'સાધારણ જીવ' અથવા 'સાધારણ શરીર જીવ' એમ કહે છે. આ એક જ શરીર અનંત જીવોમાં સાધારણ અર્થાત્ સમાન એટલે કૉમન હોય છે. એ શરીરને નિગોદ શરીર કહે છે, અને તેમાંના જીવોને નિગોદ અથવા નિગોદિયા જીવ કહે છે.

આ જીવોને શરીર જ સમાન છે એમ નથી તેમનો જન્મ એક સમયમાં, મરણ એક સમયમાં, આયુ સમાન, શ્વાસોચ્છ્વાસ સમાન હોય છે. તેઓની પર્યાપ્તિ સમાન છે. એક સમયમાં જન્મ લેનારાં વિશિષ્ટ સમયે મરે પણ હર સમયે જુદાંજુદાં અનંત જીવો સતત ઉત્પન્ન થતાં જ હોય છે, મરણ પણ ચાલુ જ રહે છે. પણ

આમ હોય છતાં તે નિગોદ શરીર માત્ર ટકી રહે છે. અસંખ્યાત સાગર વર્ષો સુધી ટકનારા નિગોદ શરીરો પણ છે.

એક નિગોદ શરીરમાં અનંત જીવો રહે માટે આ શરીર ઘણું જ મોટું હશે એવી શંકા પણ મનમાં લાવશો નહીં. તેમનો આકાર ઘણો જ નાનો છે. સાંભળવાની તયારી છે? કેવળજ્ઞાનગમ્ય આ વસ્તુ છે, ત્રિવાર સત્ય છે. આ બાબતોપર અવિશ્વાસ તે સર્વજ્ઞપરનો અવિશ્વાસ છે. અરહંત સિધ્ધ સર્વજ્ઞ છે. જેમનો તેમના પર વિશ્વાસ નથી. તેઓએ ણમો અરિહંતાણં, ણમો સિધ્ધાણં બોલવું તે ઢોંગ માત્ર છે.

હાં, તો સાંભળો, એક સોયની અણી પર બટેકાનો (અથવા કોઈપણ કંદમૂળનો) જેટલો ભાગ રહેશે તેમાં અસંખ્યાત સ્કંધ હોય છે. અક્કેક સ્કંધમાં અસંખ્યાત અંડર હોય. અક્કેક અંડરમાં અસંખ્યાત આવાસ હોય છે. અક્કેક આવાસમાં અસંખ્યાત પુલવિ હોય અને અક્કેક પુલવિમાં અસંખ્યાત દેહ એટલે ઔદારિક શરીર-નિગોદ શરીરો હોય છે. આટલા પર જ થોભશો નહિ, એકએક નિગોદ શરીરમાં અનંત જીવ હોય છે. કેટલાં અનંત તે જાણો છો?

દર છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મોક્ષે જાય - સિધ્ધો થાય. આ હિસાબે અનાદિકાળથી અનંતકાળસુધી અનંત જીવો સિધ્ધ થાય છે. તેને સિધ્ધરાશી કહીએ. આ સિધ્ધરાશીના અનંતાનંતગણાં જીવો એક નિગોદ શરીરમાં રહે છે. આનો અર્થ કે એક નિગોદ શરીરમાં જેટલાં જીવ રહે છે તેમના અનંતમાં ભાગના અનંતમાં ભાગ જેટલાં જીવો પણ ત્રણ કાળમાં સિધ્ધ થશે નહીં.

આવાં સૂક્ષ્મ નિગોદ તો સંપૂર્ણ લોકાકાશમાં ઠસોઠસ ભરેલા છે જ. બાદર નિગોદ પણ અન્ય કોઈના આધારે રહે છે, તેઓ ક્યાં રહે છે તે હવે જોઈએ. આ નિગોદ જીવ જે પ્રત્યેક શરીરના આધારે રહે તે પ્રત્યેક શરીરને પ્રતિષ્ઠિત કહે છે. જ્યારે નિગોદ તેમાં રહેતાં નથી ત્યારે અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.

હું જાણું છું કે હવે તમને અનેક પ્રશ્નો ઉભાં થશે કે આ નિગોદ કેટલાં ઈન્દ્રિયોવાળા જીવ છે? એકેન્દ્રિય હોય તો બધાં

એકેન્દ્રિયોમાં તેઓ હોય કે નથી? જો આપણાં પણ શરીરના આધારે રહેતાં હોય તો એવા કોઈ જીવ છે કે જે જેના શરીરમાં નિગોદ જીવો જોવામાં આવતાં નથી? આ બધાંનો જવાબ જોઈએ.

નિગોદ અર્થાત્ સાધારણ જીવ તે વનસ્પતિકાયિક જીવ છે. પ્રત્યેક અને સાધારણ એવા બે પ્રકાર માત્ર વનસ્પતિકાયિક જીવોમાં જ હોય છે. વનસ્પતિસિવાય અન્ય એકેન્દ્રિય અર્થાત્ પૃથ્વીકાયિક, જળકાયિક, વાયુકાયિક અને અગ્નિકાયિક જીવ પ્રત્યેક શરીરવાળા છે. તેમ જ દ્વીન્દ્રિયાદિથી પંચેન્દ્રિયોસુધી બધાં જીવો પ્રત્યેક શરીરવાળા જ છે.

જે પ્રત્યેક શરીરના આધારે સાધારણ શરીર જોવામાં આવતાં નથી, તેમને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહેવામાં આવે છે. પૃથ્વી આદિ ચાર પ્રકારના જીવો અર્થાત્ પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુનું શરીર, કેવળીનું શરીર, આહારક શરીર, દેવોના શરીર, નારકીઓના શરીર એ બધાં નિગોદરહિત છે. બાકીના બધાં જીવોના શરીરો બાદર નિગોદ જીવોથી યુક્ત એટલે કે પ્રતિષ્ઠિત છે. તે આ પ્રમાણે - પ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને ઉપર જણાવેલ જીવો સિવાયના અન્ય મનુષ્ય તે બધાંના શરીરોમાં નિગોદ હોય છે.

દ્વીન્દ્રિયાદિકોના શરીરને માંસ એ સંજ્ઞા છે. અને તેમાં નિરંતર અનંત જીવોના જન્મ મરણ ચાલુ રહે છે. તે માટે જ માંસ ભક્ષણમાં અનંત જીવોની હિંસા થાય છે. પરિણામોમાં ક્રૂરતા અને ખાવાની અતિ તીવ્ર ઈચ્છાવગર કોઈ માંસાહાર કરે નહીં. વનસ્પતિ ખાવામાં માંસાહારનો દોષ ન હોય છતાં જે ઠેકાણે નિગોદ રહે છે એવી વનસ્પતિકાય અનંતકાય કહેવામાં આવે છે તેના ભક્ષણથી અનંત હિંસા થાય છે.

દીકરીઓ, આપણે બધાંએ અનાદિથી વધુ પડતો સમય આ નિગોદ અવસ્થામાં જ વીતાવ્યો છે. સૂક્ષ્મ નિગોદ અથવા બાદર નિગોદમાં જ નિરંતર જન્મમરણ કરી કરી અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી અર્થાત્ અસંખ્યાત કલ્પકાળ તો તેમાં જ વીતાવ્યો. નિગોદમાં અથવા અન્ય એકેન્દ્રિય પર્યાયમાં નિરંતર જન્મમરણ કરી અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળ ગયો. એ બધું

આપણે ભૂલી ગયાં.

હે જીવ, તું હજીએ ન જાગ્યો, પોતાનું સ્વરૂપ તે જાણ્યું નહીં તો આ જ પર્યાયમાં તને પાછું આવવું પડશે કે જ્યાં તું અનંત કાળ વિતાવીને આવ્યો હતો. આ એવી અવસ્થા છે કે જ્યાં જીવો છે એમ માનવા પણ કોઈ તયાર થતું નથી. એકેન્દ્રિયમાંથી નીકળી દ્વીન્દ્રિયાદિ પર્યાયમાં જન્મ મળવો ઉત્તરોત્તર દુર્લભ છે. ત્યાંસુધી આવી તું પાછો ફરીશ નહીં. ભૌતિક વિષયોના ઝાકઝમાળમાં પોતાના ચૈતન્ય ચિત્ચમત્કાર તરફ દુર્લક્ષ કરીશ નહીં.

દ્વીન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયોસુધી જીવોને ત્રસકાયિક અથવા ત્રસ કહેવામાં આવે છે. દ્વીન્દ્રિય જીવોને સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિય એ બે જ ઈન્દ્રિયો હોય છે. શંખ, કોડી, ઈયળ દ્વીન્દ્રિય જીવ છે. ત્રીન્દ્રિય જીવોને સ્પર્શન, રસના અને ઘ્રાણ એ ત્રણ ઈન્દ્રિયો હોય છે. કીડી, કિલ્લા વગેરે ત્રીન્દ્રિય જીવો છે. ચતુરિન્દ્રિય જીવોને સ્પર્શન, રસના, ઘ્રાણ અને ચક્ષુ ઈન્દ્રિય એમ ચાર ઈન્દ્રિયો હોય છે. ભમરો, માખી, પતંગીયું વગેરે ચતુરિન્દ્રિય જીવ છે. દેવ, નારકી, મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચ તે પંચેન્દ્રિય જીવો છે. તેમને સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ એવી પાંચ ઈન્દ્રિયો હોય છે. પંચેન્દ્રિય જીવોમાં સંજ્ઞી અર્થાત્ મનસહિત અને અસંજ્ઞી અર્થાત્ મનરહિત એવા બે ભેદ હોય છે. એ બે ભેદ માત્ર પંચેન્દ્રિય તિર્યંચોમાં જ જોવામાં આવે છે. દેવ, નારકી અને મનુષ્ય સંજ્ઞી પંચેંદ્રિયો જ હોય છે.

સંજ્ઞી જીવોને નામથી બોલાવીએ તો તેમને સમજાય છે. ઉપદેશ ગ્રહણ કરવો, સ્મરણ, વિચાર આદિ કાર્ય મનવડે જ થાય છે. સર્કસમાં આપણે પ્રાણીઓને ટ્રેઈન કરી તેમના ખેલ જોઈએ છીએ-તેઓ બધાં સંજ્ઞી પંચેંદ્રિયો જ છે. આ બધાં જીવોના પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા ભેદ કરી ચૌદ જીવસમાસ બને છે. પર્યાપ્તિવિષયક વધું જાણકારી આપણે આગળનાં લેખમાં જોઈશું જ.

શાસ્ત્રાભ્યાસની પ્રેરણા આપતાં પં. ટોડરમલજી સમ્યગ્જ્ઞાન ચંદ્રિકાની પીઠિકામાં કહે છે કે -

"એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિયો સુધી મન જ નથી, નારકી વેદનાપીડિત, દેવ વિષયાસક્ત, મનુષ્યોમાં પણ અનેક કારણો મળે તો શાસ્ત્રાભ્યાસ થાય છે. મૂળમાં તો મનુષ્યપર્યાય મળવી એ જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અપેક્ષાથી મહાદુર્લભ છે.

દ્રવ્ય અપેક્ષાએ મનુષ્ય જીવ સૌથી થોડા - અલ્પ એટલે સંખ્યાત છે, અન્ય જીવો અસંખ્યાત છે, નિગોદાદિ એકેન્દ્રિય જીવ અનંત છે.

ક્ષેત્ર અપેક્ષાએ મનુષ્યક્ષેત્ર નાનું છે - અઢી દ્વીપપ્રમાણ છે. એકેન્દ્રિયોનું ક્ષેત્ર - રહેવાની જગ્યા - સંપૂર્ણ લોકાકાશ જેટલું છે, દેવ અને નારકી કેટલાય રાજૂપ્રમાણ ક્ષેત્રમાં રહે છે.

કાળ અપેક્ષાએ મનુષ્યપર્યાયમાં રહેવાનો કાળ અલ્પ છે. કર્મભૂમિની અપેક્ષાએ કેટલાક કરોડપૂર્વ છે, એકેન્દ્રિય પર્યાયમાં અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન જેટલો છે, બીજી પર્યાયમાં કોઈક પલ્યપ્રમાણ છે.

ભાવ અપેક્ષાએ જે પરિણામોથી મનુષ્યપર્યાય પ્રાપ્ત થાય એવા ન તો અતિતીવ્ર કે ન તો અતિમંદ પરિણામ થવા દુર્લભ છે. શાસ્ત્રાભ્યાસને કારણભૂત એવા કર્મભૂમિની પર્યાપ્ત મનુષ્યપર્યાય મળવી અતિદુર્લભ છે.

તેમાં પણ ઉત્તમ રહેનસહેન, ઉચ્ચકુળ, પૂર્ણ આયુ, ઈન્દ્રિયોનું સામર્થ્ય, નિરોગતા, સુસંગતિ, ધર્મરૂપ અભિપ્રાય અને બુધ્ધિની પ્રબળતા એ તો ઉત્તરોત્તર મહાદુર્લભ છે.

દીકરીઓ, આ બધી ઉત્તરોત્તર મહાદુર્લભ તકો આપણને પ્રાપ્ત છે. આપણને તે માટે કંઈ પણ હવે કરવાની જરૂર નથી. મનુષ્યભવની આ દુર્લભતા ધ્યાનમાં આવ્યાં બાદ તેની સાર્થકતા કરવી તે આપણાં હાથમાં છે. આપણે યોગ્યમાર્ગ પર છીએ જ અને તેના પર અગ્રેસર થવાનો વધુ પુરુષાર્થ કરીએ.

એ જ લિ.

તમારી બા.

# પર્યાપ્તિ પ્રરૂપણા

પત્રાંક ૧૫ ॥ૐ નમ: સિધ્ધેભ્ય:॥ ૧૧ સપ્ટેમ્બર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

જીવસમાસનું વર્ણન અને ભેદ વાંચી જીવોની અસંખ્ય સંખ્યા અને કેવળજ્ઞાનની અનંત શક્તિની થોડી ઘણી જાણકારી મળી હશે. તમે પૂછશો કે જીવસમાસ જાણી આપણને શો લાભ થાય?

અનંત જીવો કઈ કઈ પર્યાયોમાં હોય છે તે આપણને સમજાય છે. આપણે પણ આજસુધી ક્યાં ક્યાં જન્મ-મરણ કરતાં કરતાં આ મનુષ્યપર્યાય સુધી આવી પહોંચ્યા છીએ તેનું જ્ઞાન થાય છે. નિરંતર ચાલુ રહેલાં આ જન્મમરણનાં ભવચક્રનો ભય લાગવા માંડે અને એમાંથી છૂટવાનો માર્ગ શો છે તે વિષે વિચાર કરવા આપણે પ્રવૃત્ત થઈએ. સંસારના આ ભયને 'સંવેગ' કહેવામાં આવે છે.

આપણી પ્રાપ્ત મનુષ્યપર્યાયની દુર્લભતા સમજાતાં આપણે વિનાકારણ સમય પસાર કરીએ છીએ તેની જાણ થાય છે, અને વહેલામાં વહેલું પોતાને ઓળખવાનું કાર્ય હાથ ધરાય છે.

આપણી જેમ જ ચૈતન્ય ગુણધારી અન્ય અનંત જીવો ક્યાં ક્યાં આયુષ વિતાવે છે તેનું જ્ઞાન થયા પછી આપણે કારણે તેમને ઈજા તો નહીં પહોંચે ને? દુ:ખ તો નહીં થાય ને? તેઓને મરણ તો નહીં આવે ને? તે બાબત આપણે દક્ષ રહી શકીએ. સહેજે આવા કોમલ પરિણામ થાય છે. આપણે એ જ પર્યાયોમાં ભ્રમણ કરી આવ્યાં છીએ અને આપણાં અનંત ભવોના માતા-પિતા, પુત્ર પરિવારમાના કોઈ ના કોઈ તેઓમાં બધાંમાં સર્વત્ર વિદ્યમાન છે તેની જાણ થતાં જ–પ્રમાદથી–બેદરકારીથી થનારી હિંસા આપણે ટાળી શકીએ. તે વિષે જાગ્રત રહીએ છીએ.

મિથ્યાત્વ અવસ્થામાં સ્વચ્છંદતાથી હિંસા થાય છે તેમાંથી જીવ વિરત થતો નથી. ચોથા ગુણસ્થાનમાં તે અવિરત હોય છતાં તે વિષે તે જીવને ખેદ વર્તે છે. પાંચમા ગુણસ્થાનનો જીવ ત્રસહિંસાનો ત્યાગી હોય છે પણ સ્થાવર જીવોની હિંસાનો તેને ત્યાગ હોતો નથી. મુનિઓને બધી ત્રસ-સ્થાવર જીવહિંસાનો ત્યાગ હોય છે. મન-વચન-કાયા વડે કૃત-કારિત-અનુમોદનાથી

પણ તેઓ હિંસાનો ભાવ અથવા હિંસા કરતાં નથી.

જો જીવ કઈ કઈ પર્યાયમાં અને ક્યાં રહે છે તેની જાણ ન હોય તો તે હિંસાથી આપણે પરાવૃત્ત શી રીતે થઈશું? પૃથ્વી, અગ્નિ, વાયુ, જળ અને વનસ્પતિ એ બધાં જીવ છે તે ઘણાં ઓછાં લોકો જાણે છે, અને કહીએ તોપણ બહુ જ થોડાં લોકોનો તેના પર વિશ્વાસ બેસે છે. વૃક્ષ, વેલા, ઘાસ આદિમાં જીવ છે એ સમજાય પણ વૃક્ષ પરથી તોડેલી ડાળીઓ, પાંદડાં, ફૂલો, અને ફળોમાં પણ અનેક પ્રત્યેક વનસ્પતિકાયિક જીવો રહે છે તેથી આ બધાં સચિત્ત છે તે આપણે જાણતાં નથી. સાવ કુમળાં પાંદડાં, ફુલો, નાના નાના ફળો સપ્રતિષ્ઠિત હોય છે અન જ્યારે પાંદડામાં રેષાઓ ઉત્પન્ન થાય, ફળો, ફુલો તોડતાં સમભંગ થતાં નથી (બરાબર બે ફાડચાં થતાં નથી) તંતુઓ રહી જાય ત્યારે એ અપ્રતિષ્ઠિત બને છે – તેમાં નિગોદ જીવો જોવામાં આવતાં નથી. જીવસમાસનો અભ્યાસ થતાં ખાનપાન સંબંધેનો આપણો વિવેક જાગ્રત થાય છે.

ચરણાનુયોગમાં આચરણની દૃષ્ટિએ ઉપદેશ આપેલો હોય છે. ખાવાપિવા બાબત નિયમ ઠરાવેલા હોય છે, પદાર્થોની મર્યાદાઓ નક્કી કરેલી હોય છે. કોઈ વિશિષ્ટ મર્યાદા સુધી તે પદાર્થો ભક્ષણ કરવા યોગ્ય હોય છે ત્યારબાદ તે પદાર્થોમાં જીવોની ઉત્પત્તિ થાય છે. એ ઉત્પત્તિ એની મેળે થાય છે. અલી, દવા પર પણ Expiry Date, મુદત પૂરી થવાની તારીખ લખેલી હોય છે, તે પૂરી થતાં આપણે તે દવાઓ બિલકુલ વાપરતાં નથી. અનાજની બાબતમાં પણ આવી જયણા પાળવી આવશ્યક છે.

જંતુમુક્ત કરેલા પદાર્થો–હવાબંધ–પૅકબંધ કરાય તોપણ કેટલાક સમય બાદ તેમાં જીવોની ઉત્પત્તિ થાય છે તેનું કારણ છે જીવની સમ્મૂર્ચ્છન પ્રકારે જન્મ લેવાની વિશિષ્ટ રીત. આ પ્રકારે જન્મનારાં જીવો સં એટલે સમંતાત્ = આસમંતમાંથી અર્થાત્ આજુ-બાજુનાં પુદ્‌ગલોમાંથી થોડાં પરમાણુનું ગ્રહણ કરી પોતાના શરીર રૂપે ધારણ કરે છે. એ જીવોને જન્મ આપવા માતાપિતાની જરૂર હોતી નથી. એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય જીવોમાં આવાં સમ્મૂર્ચ્છન જીવો જોવામાં આવે છે. તેમાંથી એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિયો સુધીના બધા જ જીવો સમ્મૂર્ચ્છન જન્મવાળા હોય છે. પંચેન્દ્રિય તિર્યંચોમાં કેટલાક સમ્મૂર્ચ્છન તો કેટલાક ગર્ભજ હોય છે. મનુષ્ય ગર્ભજ હોય છે, સમ્મૂર્ચ્છન પણ હોય છે.

સમ્મૂર્ચ્છન મનુષ્ય કર્મભૂમિના આર્યખંડની સ્ત્રીઓના કાખ વગેરે ભાગની જગ્યાએથી ઉત્પન્ન થાય છે. આ જીવો લબ્ધિ

અપર્યાપ્ત હોય છે અને અતિ અલ્પ કાળમાં મરણ પામે છે. શ્વાસના અઢારમાં ભાગમાં મરણ પામે છે. એક શ્વાસ એટલે નિરોગી યુવાન મનુષ્યની નાડીના બે ધબકારામાં થનારું અંતર. એક મિનિટમાં ૭૮ શ્વાસ લેવાય છે એટલે કે સાધારણ રીતે પોણી સેકંડનાં (૩/૪ સેકંડમાં) ૧૮મા ભાગમાં = ૧/૨૪ સેકંડમાં આ જીવનો મનુષ્યભવ પૂરો થાય છે.

બધાં અપર્યાપ્ત જીવોનું આયુષ આટલું અલ્પ હોય છે. તેને ક્ષુદ્રભવ એમ પણ કહે છે. કોઈક જીવને એક પછી એક ક્ષુદ્રભવ મળતું રહે તો એક અંતર્મુહૂર્તમાં (૪૮ મિનિટોમાં ૧ સમય ઓછો) ૬૬૩૩૬ ભવ થાય છે. તેમાંથી એકેન્દ્રિયોના ભવ ૬૬૧૩૨ છે, દ્વીન્દ્રિયોના ૮૦, ત્રીન્દ્રિયોના ૬૦, ચતુરિન્દ્રિયોના ૪૦ અને પંચેન્દ્રિયોના ૨૪ ભવ થઈ શકે. તેમાં અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના ૮, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના ૮ અને સમ્મૂર્ચ્છન મનુષ્યના ૮ ભવ થાય છે.

કરણાનુયોગના આ સવિસ્તાર અને સૂક્ષ્મ વર્ણનથી આપણે ચકિત થઈ જઈએ છીએ. આ આખો વિષય કેવળજ્ઞાનગમ્ય છે અને કેવળીભગવંતોના ઉપદેશ દ્વારા આપણને પ્રાપ્ત થયેલો છે.

પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોનું સ્વરૂપ શું છે તે સમજવા આપણે પર્યાપ્તિ એટલે શું તે વિષે થોડી જાણકારી મેળવીએ.

પર્યાપ્તિનો અર્થ છે કાર્યરૂપ શક્તિ. આ પર્યાપ્તિની શક્તિઓથી જે પૂર્ણ બને તેને પૂર્ણ અથવા પર્યાપ્ત કહે છે, જે આ શક્તિઓથી અપૂર્ણ રહે તેને અપૂર્ણ અથવા અપર્યાપ્ત કહે છે. આમાં પર્યાપ્ત કે અપર્યાપ્ત નામકર્મનો ઉદય નિમિત્ત છે.

કુલ છ પર્યાપ્તિઓ છે– તે આ પ્રમાણે– ૧) આહારપર્યાપ્તિ ૨) શરીરપર્યાપ્તિ ૩) ઈન્દ્રિયપર્યાપ્તિ ૪) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ ૫) ભાષાપર્યાપ્તિ ૬) મનપર્યાપ્તિ. આ છ પર્યાપ્તિઓમાંથી એકેન્દ્રિય જીવોને પહેલી ચાર પર્યાપ્તિઓ હોય છે, ભાષા અને મન પર્યાપ્તિઓ તેઓને હોતી નથી. દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયોમાં પાંચ પર્યાપ્તિઓ હોય છે. તેમને મનપર્યાપ્તિ હોતી નથી. સંજ્ઞી પંચેન્દ્રિયોમાં છ પર્યાપ્તિઓ હોય છે.

જેમ આ પર્યાપ્તિઓના જુદાં જુદાં નામો છે તેમ તેઓનાં કાર્યો પણ જુદાં જુદાં હોવા જ જોઈએ; એ તો નિશ્ચિત છે. તેઓનું સ્વરૂપ ક્રમવાર જોઈએ.

તમે જાણો જ છો કે જીવ ક્યાંકથી મરણ પામી અન્ય ઠેકાણે ઉત્પન્ન થાય (જન્મે) છે, અર્થાત્ એક શરીર છોડી અન્યત્ર ગમન

કરે છે, અને ત્યાં નવું પુદ્‌ગલ સ્કંધ ગ્રહણ કરે છે તેને આપણે પહેલાં નોકર્મવર્ગણા એમ કહ્યું હતું. શરીર, મન, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ જોડે સંબંધ ધરાવતાં આ પરમાણુ જીવ ગ્રહણ કરે છે. આ પરમાણુને 'ખલરૂપ' અને 'રસરૂપ' પરિણમાવવાની આત્માની શક્તિ તૈયાર થાય છે તેને 'આહારપર્યાપ્તિ' કહે છે.

ખલ અને રસ ભાગરૂપે પરિણમિત થયેલા આ પુદ્‌ગલ સ્કંધોમાં, ખલરૂપ પુદ્‌ગલોને હાડકાં, ચામડી, વગેરે સ્થિર અવયવરૂપ પરિણમાવવાની અને રસરૂપ પુદ્‌ગલોને લોહી, વીર્ય ઈત્યાદિ દ્રવ અવયવરૂપ પરિણમાવવાની એવી જે શક્તિ છે તેને 'શરીરપર્યાપ્તિ' કહે છે.

જીવોમાં જેટલો જ્ઞાનનો ઉઘાડ હશે, જેટલી ઈન્દ્રિયોવાળા જીવો હશે તેટલી દ્રવ્યેન્દ્રિયો તેમને હોય છે. તે દ્રવ્યેન્દ્રિયોને ઠેકાણે જે આત્મપ્રદેશ હોય તે વડે તે તે ઈન્દ્રિયોના વિષયોનું ગ્રહણરૂપ એટલે જાણવારૂપે જે ઉપયોગ શક્તિ ઉત્પન્ન થાય તેને ઈન્દ્રિયપર્યાપ્તિ કહે છે. જેમ કે નાક દ્રવ્યેન્દ્રિય છે અને તે ઠેકાણેના આત્મપ્રદેશમાં સુગંધ, દુર્ગંધ જાણવાની ઉપયોગરૂપ શક્તિ હોય છે, તે ઈંદ્રિયપર્યાપ્તિ છે.

આહારવર્ગણારૂપ પુદ્‌ગલ સ્કંધોને શ્વાસોચ્છ્‌વાસરૂપ પરિણમાવવાની જે શક્તિ છે તે 'શ્વાસોચ્છ્‌વાસપર્યાપ્તિ' છે.

ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલ સ્કંધોને ભાષારૂપ પરિણમાવવાની જે શક્તિ છે તે 'ભાષાપર્યાપ્તિ' છે.

મનોવર્ગણારૂપ પુદ્‌ગલ સ્કંધોને દ્રવ્યમનરૂપ પરિણમાવવાની શક્તિ તેમ જ ગુણદોષનો વિચાર, સ્મરણ, ઉપદેશગ્રહણ આદિરૂપે ભાવમનને પરિણમાવવાની જે શક્તિ તે 'મનપર્યાપ્તિ' છે.

આ બધી પર્યાપ્તિઓની શરૂઆત એક જ સમયમાં થાય છે પણ પૂર્ણતા ક્રમથી થાય છે. પ્રત્યેક પર્યાપ્તિને એક અંતર્મુહૂર્તનો સમય લાગે છે અને બધાં મળીને પણ એક અંતર્મુહૂર્તનો જ સમય લાગે છે. બીજી શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં 'નિર્વૃત્તિ અપર્યાપ્ત' કહેવાય છે. નિર્વૃત્તિ એટલે નિષ્પત્તિ. ત્યારબાદ આ જીવોને પર્યાપ્ત કહે છે. આ જીવોને પર્યાપ્ત નામના નામકર્મનો ઉદય હોય છે.

પણ લબ્ધિ અપર્યાપ્ત જીવોને અપર્યાપ્ત નામકર્મના ઉદય હોય છે. અપર્યાપ્ત એકેન્દ્રિયોને, વિકલેન્દ્રિયોને અને સંજ્ઞી જીવોને અનુક્રમે ચાર, પાંચ અને છ પર્યાપ્તિ શરૂ તો થાય પરંતુ એક પણ પર્યાપ્તિ પૂરી થતી નથી, જીવ શ્વાસના અઢારમાં ભાગમાં

જ મરણ પામે છે.

આનો અર્થ કે પર્યાપ્ત જીવોમાં અને અપર્યાપ્ત જીવોમાં પર્યાપ્તિ સમાન હોય છે પરંતુ પર્યાપ્ત જીવોમાં તે પૂર્ણ થાય અને અપર્યાપ્ત જીવોને તે પૂર્ણ થતી નથી.

દેવ, નારકી ભોગભૂમિના જીવો પર્યાપ્ત જ હોય છે. બધાં ગર્ભજ જીવો પર્યાપ્ત જ હોય છે. નિર્વૃત્તિ અપર્યાપ્ત જીવો પણ નિયમથી પર્યાપ્ત હોય છે. પરંતુ લબ્ધિ અપર્યાપ્ત જીવો એક પણ પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં જ મરણ પામે છે.

આ પર્યાપ્તિઓ એક અંતર્મુહૂર્તમાં જ પૂર્ણ થાય અને આયુષ્યના અંતિમ ક્ષણ સુધી આ શક્તિઓ કાયમ રહે છે, તેઓનું પુદ્‌ગલ સ્કંધના શરીર, મન, ભાષા, શ્વાસોચ્છ્‌વાસ આદિરૂપે પરિણમાવવાનું કાર્ય પણ પૂર્ણ આયુષ સુધી ચાલુ જ રહે છે.

દીકરીઓ, પર્યાપ્તિઓનું આ વર્ણન વાંચી હું જીવ એટલે મોટો શક્તિમાન છું, જુઓ પુદ્‌ગલોને પરિણમાવવાની મારામાં શક્તિ છે એવો ખોટો ભ્રમ કરી લેશો નહીં. પ્રત્યેક દ્રવ્યનું પ્રત્યેક પરિણમન સ્વતંત્ર રીતે તે દ્રવ્યમાં, તેમની પોતાની યોગ્યતાથી જ થતું હોય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવનારાં આ શાસ્ત્રકથનો વાંચી તે બન્નેમાં કર્તા-કર્મ સંબંધ માનવાની આપણી ભૂલ તો થતી નથી ને? તેની આપણે ખબરદારી લેવી જોઈએ.

મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથમાં પં. ટોડરમલજીએ કહ્યું છે, "અનાદિ નિધન વસ્તુઓ ભિન્ન ભિન્ન પોત પોતાની મર્યાદા સાથે પરિણમિત થાય છે. કોઈ પણ કોઈને પરિણમિત કરતું નથી. બીજાઓને પરિણમિત કરવાનો ભાવ નિગોદ છે."

અહીં જે શક્તિ શબ્દ વાપર્યો છે તેનો અર્થ સ્વભાવરૂપશક્તિ અથવા જીવનો ગુણ કે ધર્મ એવો થતો નથી. જીવ અને કર્મનો એકબીજા સાથે બંધ અનાદિથી જ છે અને કર્મના ઉદયમાં જીવની અવસ્થાઓ કેવી થાય તેનું આ વર્ણન છે. પોતાને જ શરીરરૂપી બંધનમાં બાંધી લેનારી તે શક્તિ શી રીતે હોઈ શકે?

પર્યાપ્તિઓથી યુક્ત બનેલા આ જીવોનું જે કાર્ય શરૂ થાય તેને પ્રાણ કહેવાય છે. તેનો વધુ ખુલાસો આપણે હવે પછીના પત્રમાં કરીશું.

એ જ લિ.

તમારી બા.

# પ્રાણ પ્રરૂપણા

**પત્રાંક ૧૬ ॥ૐ નમઃ સિદ્ધેભ્યઃ॥ ૩૦ સપ્ટેમ્બર ૧૯૯૯**

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

પર્યુષણ પર્વ નિમિત્તે અમે બન્ને સોલાપુર ગયાં હતાં, તે તમે જાણો જ છો. તેથી આપણો પત્ર સંપર્ક ઘણો જ લંબાઈ ગયો. સોલાપુરમાં મેં પ્રવચન માટે કરણાનુયોગનો વિષય મોક્ષમાર્ગ પ્રકાશકના બીજા અધિકારના આધારે લીધો હતો.

કર્મનો બંધ, ઉદય, સત્તા, કર્મોના પ્રકાર, તેઓનું કાર્ય, નિષેકરચના, જીવસમાસ, પાંચ પરાવર્તન, માર્ગણા આદિ અનેક વિષયો પર ચર્ચા કરી. સોલાપુરનો સમાજ સ્વાધ્યાય કરવાવાળો છે, તેણે આ વિષયનું સ્વાગત કર્યું. પર્યાપ્તિની ચર્ચા બાદ 'પ્રાણ'ના વિષય પર–પ્રરૂપણા પર આજે આપણે માહિતી મેળવીએ. પ્રાણી શબ્દ આપણા પરિચયનો જ છે. પ્રાણવાળો તે પ્રાણી. સજીવોને પ્રાણી કહેવાય છે. મરાઠીમાં વાક્પ્રચાર છે 'માઝં બાળ મ્હણજે માઝા જીવ કી પ્રાણ' (મારું બાળક એટલે મારો જીવ કે પ્રાણ) જીવ અર્થાત્ પ્રાણ. મરણ થતાં આપણે કહીએ છીએ ને, અરે આનો તો પ્રાણ ચાલ્યો ગયો, અર્થાત્ જીવ ગયો.

ચૈતન્ય ભાવપ્રાણને ધારણ કરે તે જીવ છે. ચેતના એટલે જ્ઞાનદર્શનરૂપ શક્તિ. આ ચેતનાને જ પ્રાણ કહ્યો છે. જ્યાં ચૈતન્ય વ્યાપાર થંડો પડી જાય ત્યાં ઈન્દ્રિયો, શરીર હોવા છતાં ચેતનાના અભાવથી પ્રાણ ગયો એવો આપણે નિષ્કર્ષ કાઢીએ છીએ.

જીવ સદૈવ ભાવપ્રાણોથી સહિત જ હોય છે, પ્રાણ વિરહિત ક્યારેય થતો નથી. પોતાનો જીવ એ નામ શાં પરથી પડ્યું? તેનો તમે કદી વિચાર કર્યો છે? જે જીવે છે, પહેલાં જીવતો હતો અને ભવિષ્યમાં જીવતો રહેશે તે જીવ છે. જે પોતે 'જીવન' છે તેને મરણનો ભય કેવી રીતે હોઈ શકે ભલા? પણ શું દુર્દૈવ છે જુઓ, આ બાપડો જીવ એવો છે કે મરણના ભયથી જ મરવા પડ્યો છે.

શરીર વિના હું શી રીતે રહી શકીશ ભલા? મારે જીવવા માટે હવા, પાણી, અન્નાદિની જરૂર છે અને તેથી મારું અસ્તિત્વ ટકી

રહેલ છે, એમ આ જીવ માનતો હોય છે.

હે જીવ, સિધ્ધ ભગવાન જીવ છે કે નહીં? તેઓ તો અનંત કાળથી અશરીરી છે, છતાં અનંત સુખી છે, અનંત જ્ઞાની છે. હે જીવ, તું પણ અશરીરી જ છે. તારી સત્તા, તારું અસ્તિત્વ તારામાં જ છે. તારા પોતા વડે તે કાયમ છે, ચૈતન્યમય છે. શરીરનું અસ્તિત્વ ભિન્ન છે, અચેતન છે.

તું તો એક જીવ-દ્રવ્ય, ચેતના ગુણનો ધારક, અરૂપી, સંકોચ વિસ્તારવાળો, અસંખ્યાત પ્રદેશી છે અને આ શરીર તો અનંતાનંત પુદ્દગલ પરમાણુનો પિંડ છે જે અચેતન છે, રૂપી છે, જોડાવાની–છૂટા પડવાની ક્રિયાથી યુક્ત છે, નિરંતર અનેક પરમાણુ આવતાં અને જતાં હોય છે. અરે બાપા, આ અચેતનના સંયોગને તે પોતાનું જીવન માન્યું. આ શરીરના સંયોગને 'હું' જન્મ્યો અને વિયોગને 'હું' મરી ગયો એમ માન્યું. આખી દુનિયાનો નિર્ણય કરનારો આ શાણો પોતાના વિષે વિચાર કરવા કદી તૈયાર નથી. શરીરની ઉપસ્થિતિમાં પણ જાણવાનું કામ તો જીવ પોતે જ કરે છે, ઈન્દ્રિયો તો અચેતન, પુદ્દગલ છે. પણ જાણવાને સમયે તેઓની નિમિત્તરૂપે ઉપસ્થિતિ હોય છે. ઈન્દ્રિય, મન, વચન, કાય, શ્વાસોચ્છ્વાસ વગેરેના કાર્યને 'દ્રવ્યપ્રાણ' કહે છે. આ દ્રવ્યપ્રાણ કેટલાં છે અને કયા જીવોને કેટલાં પ્રાણ હોય છે તે આપણે જોઈએ.

કુલ દસ પ્રાણ છે– પાંચ ઈન્દ્રિયપ્રાણ– ૧) સ્પર્શન, ૨) રસના, ૩) ઘ્રાણ, ૪) ચક્ષુ, ૫) શ્રોત્ર. ત્રણ બળપ્રાણ– ૧) મનોબળ, ૨) વચનબળ, ૩) કાયબળ. એક શ્વાસોચ્છ્વાસ પ્રાણ, એક આયુ પ્રાણ એમ દસ પ્રકારના કાર્ય એટલે કે વ્યાપાર દ્રવ્યપ્રાણ છે અને ઈન્દ્રિયાવરણના ક્ષયોપશમ વડે થનારી ચૈતન્ય પરિણતિ 'ભાવપ્રાણ' છે.

દ્રવ્યપ્રાણની ઉત્પત્તિને આપણે જન્મ કહીએ છીએ અને તેના નાશને આપણે મરણ કહીએ છીએ. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોને આ દસ પ્રાણ હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં શ્વાસોચ્છ્વાસ હોતો નથી, વચનબળપ્રાણ પણ હોતો નથી અને મનબળપ્રાણ પણ હોતો નથી. તેથી સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત અવસ્થામાં માત્ર સાત જ પ્રાણ હોય છે.

અસંજ્ઞી પંચેન્દ્રિયોને પર્યાપ્ત અવસ્થામાં એક મનબળપ્રાણ બાદ કરતાં નવ પ્રાણ હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાં વચનબળપ્રાણ અને શ્વાસોચ્છ્વાસપ્રાણ પણ બાદ કરતાં સાત પ્રાણ હોય છે.

ચતુરિન્દ્રિયના પર્યાપ્તોને શ્રોત્રેન્દ્રિય બાદ કરતાં આઠ પ્રાણ અને અપર્યાપ્તોને છ પ્રાણ હોય છે.

ત્રીન્દ્રિયોના પર્યાપ્તોને ચક્ષુઈન્દ્રિયપ્રાણ બાદ કરતાં સાત પ્રાણ અને અપર્યાપ્તોને પાંચ પ્રાણ હોય છે. દ્વીન્દ્રિયોમાં એક વધુ ઘ્રાણઈન્દ્રિયપ્રાણ બાદ કરતાં પર્યાપ્તોમાં છ અને અપર્યાપ્તોમાં ચાર પ્રાણ હોય છે.

એકેન્દ્રિયોમાં એક સ્પર્શનઈન્દ્રિયપ્રાણ, કાયબળપ્રાણ, શ્વાસોચ્છ્વાસપ્રાણ અને આયુપ્રાણ એમ ચાર જ પ્રાણ પર્યાપ્તોમાં હોય છે. તેઓમાં વચનબળપ્રાણ હોતો નથી. એકેન્દ્રિયોના અપર્યાપ્તોમાં શ્વાસોચ્છ્વાસ બાદ કરતાં ત્રણ જ પ્રાણ જોવામાં આવે છે.

તેરમા સયોગકેવળી ગુણસ્થાનમાં જ્ઞાન ક્ષાયિક થાય છે તેથી ત્યાં ક્ષાયોપશમિક જ્ઞાનરૂપ દ્રવ્યેન્દ્રિયપ્રાણ અને મનબળપ્રાણ હોતો નથી તે જીવોને વચન, શ્વાસોચ્છ્વાસ, કાયબળ અને આયુ એ ચાર જ પ્રાણ હોય છે. આગળ જતાં આ જ તેરમા ગુણસ્થાનમાં વચનબળનો અભાવ થવાથી ત્રણ અને છેલ્લે શ્વાસોચ્છ્વાસનો અભાવ થવાથી બે જ પ્રાણ જોવામાં આવે છે.

ચૌદમા ગુણસ્થાનમાં એકમાત્ર આયુ પ્રાણ હોય છે. તેઓને કાયબળ પ્રાણ હોતો નથી.

આ પ્રમાણે સંસારી જીવોને દ્રવ્યપ્રાણ સંભવે છે. સિદ્ધ ભગવાન તો ભાવપ્રાણોથી યુક્ત અનંતકાળ જીવે છે. આપણે પણ બધાં જીવો ભાવપ્રાણોથી યુક્ત છીએ તેથી દ્રવ્યપ્રાણના નાશને આપણો નાશ માની વ્યર્થ શોક કરવો યોગ્ય નથી.

દ્રવ્યેન્દ્રિયો તો કશું જ જાણતી નથી. ભાવેન્દ્રિય એટલે ક્ષયોપશમરૂપ જ્ઞાનનો જે ઉઘાડ છે તે પણ જીવનો પોતાનો છે, એ તેની સ્વયંસિદ્ધ શક્તિ છે. કર્મે કંઈ જ્ઞાન ઉત્પન્ન કર્યું નથી. જીવને પોતાની યોગ્યતાનુસાર પર્યાયમાં જ્ઞાનની હીનાધિકતા થાય છે અને તે સમયે કર્મમાં જ્ઞાનાવરણ અને વીર્યાંતરાયનો

ક્ષયોપશમ વિદ્યમાન છે. પણ જીવે પોતાનું જ્ઞાન કર્મના ક્ષયોપશમ વડે જ થાય છે એમ માન્યું.

જીવને જેટલી ભાવેન્દ્રિયો હોય તેટલા ઈન્દ્રિયપ્રાણ હોય છે. પંચેન્દ્રિયોના પાંચ ઈન્દ્રિય પ્રાણ હોય છે. તે કારણે આંધળા, બહેરા મનુષ્યને પણ પંચેન્દ્રિય જીવ એમ જ કહેવાય. પર્યાપ્ત અને અપર્યાપ્ત અવસ્થામાં પણ જીવોને ઈન્દ્રિયપ્રાણ સમાન હોય છે.

બળપ્રાણમાંથી કાયબળપ્રાણ એકેન્દ્રિયોથી પંચેન્દ્રિયો સુધી બધાંને હોય છે. વચનબળપ્રાણ દ્વીન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયો સુધી બધાંને હોય છે, પરંતુ મનબળપ્રાણ માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયોને જ હોય છે. અપર્યાપ્ત અવસ્થાવાળા દ્વીન્દ્રિયાદિને આ વચનબળ અને મનબળ પ્રાણ હોતાં નથી. અપર્યાપ્ત અવસ્થામાં કાયબળ પ્રાણ હોય છે.

આયુપ્રાણ બધાં જ જીવોમાં જોવામાં આવે છે. તેમાં આયુકર્મનો ઉદય નિમિત્ત હોય છે.

શ્વાસોચ્છ્વાસ પ્રાણ બધાં પર્યાપ્ત જીવોમાં હોય છે, અપર્યાપ્ત જીવોમાં હોતો નથી. બધાં પ્રાણીઓને પ્રાણવાયુની જરૂરત હોય છે તે તો આપણે જાણીએ જ છીએ કે બંધ ઘામાં ઉછરતાં એનેરોબિક (Anaerobic) બેકટેરિયા (પ્રાણવાયુ વગર ઉછરતાં જંતુ) ઘણાખરા અપર્યાપ્ત હોવા જોઈએ.

અન્યમતિ એકેન્દ્રિયોને જીવ માનતા નથી. વર્તમાનમાં વૈજ્ઞાનિકોએ સિધ્ધ કર્યા બાદ વનસ્પતિમાં જીવ છે એમ માનવા લોકો તૈયાર થયાં છે. તમે પ્રશ્ન પૂછશો 'અગ્નિમાં જીવ છે કે નહીં? પ્રાણ છે કે નહીં?' અગ્નિના ઈન્દ્રિયપ્રાણ, કાયબળપ્રાણ અને આયુપ્રાણ વિષે તો આપણને કંઈ સમજાતું નથી. પરંતુ બળતી મીણબત્તી કાંચના વાસણમાં મૂકી તે બંધ કરીએ તો તે ઓલવાઈ જતી આપણે જોઈએ. પ્રાણવાયુના અભાવે અગ્નિ ઓલવાય તેથી શ્વાસોચ્છ્વાસપ્રાણ સિધ્ધ થાય છે. પ્રાણવાયુ વગર જો જળ, વાયુ અને પૃથ્વી પણ 'મૃત' બને છે. આથી એ બધાં એકેન્દ્રિય જીવો છે તે સિધ્ધ થાય છે.

તમે પૂછશો કે, 'પર્યાપ્તિ અને પ્રાણોમાં શો ફરક છે? બન્નેમાં ઈન્દ્રિય, ભાષા, મન અને શ્વાસોચ્છ્વાસ એ બધાં નામો સમાન જ જોવામાં આવે છે.' સારો પ્રશ્ન છે. સાંભળો, પર્યાપ્તિ તો

જીવની શક્તિની પૂર્ણતાને કહે છે. તે શક્તિનુસાર જે કાર્ય થાય છે તેને પ્રાણ કહે છે. પર્યાપ્તિ કારણ છે, અને પ્રાણ કાર્ય છે. એ બન્નેમાં કારણ-કાર્ય સંબંધ છે.

જેમ આત્માના ચોક્કસ પ્રદેશોમાં પદાર્થોને જાણવારૂપ (વર્ણાદિ ગ્રહણરૂપ) ક્ષયોપશમરૂપ શક્તિની પૂર્ણતા થવી તે ઈન્દ્રિય પર્યાપ્તિ છે અને તે ઈન્દ્રિયો દ્વારા પદાર્થોનું ગ્રહણ રૂપ કાર્ય (જાણવા રૂપ કાર્ય) ચાલુ રહેવું તેને ઈન્દ્રિયપ્રાણ કહે છે.

ભાષાવર્ગણાને વચનરૂપ પરિણમિત કરનારી શક્તિની પૂર્ણતા થવી તે ભાષાપર્યાપ્તિ છે અને જીવ વડે ભાષાવર્ગણાને વચનરૂપ પરિણમાવવાનો જે વ્યાપાર થાય છે તે વચનબળપ્રાણ છે.

તેમ જ મન અને શ્વાસોચ્છ્વાસ વિષે પણ જાણવું. હવે તમારા ધ્યાનમાં આવ્યું જ હશે કે ચૈતન્ય વ્યાપાર જીવની નિજશક્તિ છે. જીવ તેનાથી કદી ભિન્ન થતો નથી. એ તો જીવનું લક્ષણ છે. છતાં શરીરના સંયોગ-વિયોગને ઉપચારથી જન્મ-મરણ નામ આપવામાં આવે છે, જીવને જ્ઞાનના ઉઘાડ અનુસાર કેટલી ઈન્દ્રિયવાળો છે તેનું કથન કરવામાં આવે છે. પ્રાપ્ત પર્યાયમાં કેટલાં પ્રાણ છે એ કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કરેલું કથન છે. તે વ્યવહાર કથન સાંભળીએ છતાં ઉપાદાનની દૃષ્ટિ કદી છોડવી નહીં.

નિમિત્તનું જ્ઞાન ન કરીએ તો જ્ઞાન અધૂરું-અપૂર્ણ રહેશે. નિમિત્ત હોતું જ નથી એમ જાણીએ તો જ્ઞાન ખોટું ઠરશે અને નિમિત્ત વડે કાર્ય થાય એમ માનીએ તો શ્રધ્ધા ખોટી ઠરશે.

આગમજ્ઞાન એ તો પ્રમાણજ્ઞાન છે. તેમાં ઉપાદાન નિમિત્ત આદિ બધાંની ચર્ચા અને સ્વરૂપ કહ્યું છે. આગમ દ્વારા વસ્તુનું (સંપૂર્ણ) સર્વાંગીણ સ્વરૂપ આપણાં ધ્યાનમાં આવે છે. દ્રવ્યાનુયોગ દ્વારા આ સંયોગથી જીવ સ્વતંત્ર અને ભિન્ન છે તે સમજાય છે. આ બધું યથાર્થ જાણી ત્રિકાળી અભેદ ધ્રુવ નિજકારણ પરમાત્મા પર આપણી દૃષ્ટિ એકાગ્ર કરતાં તેની પ્રાપ્તિ સુલભ છે. જે પ્રત્યક્ષ વિરાજમાન છે. તેની દૃષ્ટિ કરતાં આ 'સ્વ' ભગવાન આત્મા કેમ ન મળે? અવશ્ય પર્યાયમાં પ્રગટ થશે જ.

એ જ લિ.

તમારી બા.

# સંજ્ઞા પ્રરૂપણા
# ગતિ, ઈન્દ્રિય, કાય-માર્ગણા

પત્રાંક ૧૭ ॥ૐ નમ: સિદ્ધેભ્ય:॥ ૧ ઑક્ટોબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ આશિષ.

જીવનો ચૈતન્ય વ્યાપાર તેનો ભાવપ્રાણ છે, એ આપણે ગયા પત્રમાં જાણ્યું. આ પ્રાણની પરવા કર્યા વગર આપણે રાત દિવસ કોની પાછળ દોડી રહ્યાં છીએ, કયા સુખ સામે દૃષ્ટિ કરી બેઠાં છીએ, એટલો વિચાર કરવાની પણ આજે કોઈને ફુરસદ નથી. એક જણ દોડે માટે બીજો દોડે અને બીજો દોડે માટે ત્રીજો દોડે એવી હાલત બધે દેખાય છે.

દીકરીઓ, આપણાં ઘરમાં પૈસાનો હિસાબ રાખવાની પદ્ધતિ - રીત તમારા દાદાએ પહેલાં જ આપણે બધાંને બતાવી હતી. એ પરંપરા આજે પણ આપણે પાળીએ છીએ અને તમને પણ નાનપણથી તે શિસ્ત પાડી દીધી છે. પૈસા ક્યાંય નકામા ખર્ચાતાં નથી ને તે વિષે આપણે સજાગ રહીએ છીએ. નળમાંથી પાણી કારણ વગર વહેતું હોય, બગાડ થતો હોય તોપણ આપણે ધ્યાન રાખી નળ બંધ કરીએ છીએ. પૈસાની અને પાણીની કિંમત આપણને બરાબર સમજાય છે પણ આપણાં પ્રાણનું મોલ-ચૈતન્યની કિંમત-મોલ આપણને સમજાયું નથી.

આપણો ચૈતન્ય ઉપયોગ આપણે ક્યાં ક્યાં લગાડીએ છીએ તે નકામો વેડફાતો તો નથી ને તેની ખબરદારી તો જવા દો, તે વિષે કદી વિચાર પણ આપણાં મનમાં આવતો નથી.

શાસ્ત્રમાં ત્રણે પ્રકારની ચેતના કહી છે– ૧) કર્મફળ-ચેતના, ૨) કર્મ-ચેતના અને ૩) જ્ઞાન-ચેતના.

એકેન્દ્રિયાદિ પર્યાયોમાં આ જીવ દુ:ખી છે, તે દુ:ખોને દૂર કરવા કોઈ ઉપાય પણ કરતા નથી. કર્મના ફળમાં પોતાને સુખી-દુ:ખી અનુભવે છે. એવા સમયે તે જીવોની ચેતના કેવળ સુખદુ:ખનું વેદન કરવામાં જ ગુંથાયેલી હોવાથી તેને કર્મફળચેતના કહેવામાં આવે છે.

જે જીવ આ દુઃખનું નિવારણ કરવા અને સુખની પ્રાપ્તિ માટે અજ્ઞાન વશ રાગદ્વેષ કરે છે, પરદ્રવ્યોને પરિણમાવવા માંગે છે અને માને પણ છે કે હું પરિણમાવી શકું છું; પરંતુ અન્ય દ્રવ્યોની પર્યાય પલટવામાં અસમર્થ થતો હોવાથી રાગદ્વેષ કરે છે. આ તેનું ભાવકર્મ છે અને જ્ઞાન અર્થાત્ ચેતના તેમાં જ ગુંચવાઈ રહેવાથી અને તે રાગાદિકને પોતાનો સ્વભાવ માનવાથી તે જીવ કર્મચેતનાવાળો છે એમ કહેવાય છે.

હવે રહી જ્ઞાનચેતના. જે જીવ કર્મના ઉદયમાં થનારા સુખ-દુઃખ તેમ જ રાગાદિ ભાવોથી પોતાના જ્ઞાનને ભિન્ન અનુભવે છે, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવમાં–જાણનારા તત્ત્વમાં-જ્ઞાનમાં જોડે છે અને અભેદરૂપે પોતાને જ્ઞાયકરૂપે અનુભવે છે તે જીવ જ્ઞાનચેતનાનો ધારક છે.

ચોથા ગુણસ્થાનથી જ જીવ જ્ઞાનચેતનાનો ધારક બને છે. ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં કર્મચેતના અને કર્મફળચેતના હોય છતાં તે વેદન અપેક્ષાએ છે, તે જીવોને તેનું સ્વામીપણું રહેતું નથી. મુનિઓને જ્ઞાનાનંદ સ્વરૂપ પરિણતિ એક સરખી વિદ્યમાન હોવાથી જ્ઞાનચેતનાના ધારક કહેવામાં આવે છે. તે અધ્યાત્મ અપેક્ષા છે.

પરંતુ આગમ અપેક્ષાએ જ્યાંસુધી રાગાદિ વિદ્યમાન છે ત્યાં સુધી તેટલાં પ્રમાણમાં કર્મચેતના છે અને જે પ્રમાણમાં રાગાદિ છે તે પ્રમાણમાં દુઃખની અનુભૂતિ હોવાથી કર્મફળચેતના પણ છે.

હે જીવ! અનાદિકાળથી તું અનંત ભવોમાં ભટકતો ફર્યો, હવે વર્તમાનમાં આ એક ભવ તું આ કામમાં લગાડ– પોતાને જાણ. જો, તારું ભવભ્રમણ મટી જશે.

આ સંસારની વિવિધ અવસ્થા, પુણ્યપાપના ખેલ, રાગાદિકની તીવ્રતા, એકબીજાની ઈર્ષા, દ્વેષ, ધનસંપત્તિની પાછળ મુકાતી આંધળી દોટ આ બધું જોઈ તને તેનો ભય નથી લાગતો? દુઃખ નથી ભાસતું?

શાસ્ત્રમાં એવું કથન આવે છે કે પંચમ કાળના પરિણામોનું વર્ણન સાંભળી ચતુર્થ કાળના કેટલાક જીવોને વૈરાગ્ય થઈ આવ્યું અને તેઓએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી લીધી. પણ તે જ પરિણામોમાં રાત-દિવસ મગ્ન રહી આપણે આનંદ માનીએ છીએ, ભવિષ્ય તરફ આશા ભરી નજર રાખી બેઠાં છીએ. ધન્ય છીએ આપણે!

હે જીવ! અનંત ભવોના ઊંધા સંસ્કાર તને આ એક ભવમાં ભૂંસી નાખવાના છે-મટાડવા છે. તારા પુરુષાર્થનો આ અવસર આવ્યો છે, તક સાંપડી છે.

પોતાના ચૈતન્ય સ્વરૂપનો સ્વીકાર કરી, અંતર્મુખ બની તેમાં એકાગ્ર થતાં જ આપણાં અવિનાશી પદની આપણને પ્રાપ્તિ થાય છે.

દીકરીઓ, તમે કહેશો, "બાને વચમાં વચમાં આ શું થયાં કરે છે? ચાલુ વિષય છોડી ભલતી જ દિશામાં ગાડી દોડે છે?" અલી, કરવા જોગું એકમાત્ર એટલું જ છે. કરણાનુયોગ સમજાવવાનું આ બહાનું છે. તે મારફત વીતરાગતા એ એકમેવ પ્રયોજન છે.

હશે, ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ એ જીવની પ્રરૂપણાઓ આપણે જોયા. હવે 'સંજ્ઞા' પ્રરૂપણા જોઈ આપણે માર્ગણાઓનો અભ્યાસ કરીએ.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહના નિમિત્તે જે વાંછા-વાસના ઉત્પન્ન થાય તેને 'સંજ્ઞા' કહેવામાં આવે છે. આ સંજ્ઞાઓથી બાધિત-પીડિત થયેલો જીવ વિષયોનું સેવન કરીને પણ, ઈહલોકે અને પરલોકે તે વિષયોની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ થવા છતાં મહા દુઃખી થાય છે. વાંછા જ દુઃખોનું મૂળ કારણ છે.

અન્નાદિ ખાદ્ય પદાર્થ જોવા, યાદ કરવા, તેમની ચર્ચા સાંભળવી, પેટનું ખાલી થવું, ભૂખ લાગવી એ આહારસંજ્ઞાના બાહ્ય કારણો છે. અસાતાવેદનીયકર્મનો તીવ્ર ઉદય કે ઉદીરણા તે અંતરંગ કારણ છે. આ સંજ્ઞા પ્રમત્ત ગુણસ્થાન સુધી જ જોવામાં આવે છે, સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી તેનો અભાવ હોય છે.

બીક ભરેલું ભૂત-પ્રેત વગેરેને જોવા, તે વિષે વાર્તાઓ સાંભળવી, યાદ કરવી, પોતે શક્તિહીન થવું એ ભયસંજ્ઞાના બાહ્ય કારણો છે. ભય નોકષાય નામના કર્મનો તીવ્ર ઉદય એ અંતરંગ કારણ છે. ભયથી ભાગી જવું, સંતાવું આદિરૂપ વાંછા ભયસંજ્ઞા છે.

કામસેવનની વાંછા તે મૈથુનસંજ્ઞા છે. ગરિષ્ટ ભોજન કરવું, કામોત્તેજક વાર્તાઓ સાંભળવી, કુશીલ વ્યક્તિઓના સહવાસમાં રહેવું એ બાહ્ય કારણો છે અને વેદ નોકષાય કર્મની ઉદીરણા એ અંતરંગ કારણ છે.

ધન ધાન્યાદિ પરિગ્રહ ભેગા કરવાની, વધારવાની વાંછા તે પરિગ્રહસંજ્ઞા છે. બાહ્ય પરિગ્રહ જોવો, તેની ચર્ચા સાંભળવી, લોભી પરિગ્રહી અન્ય વ્યક્તિઓનો સહવાસ એ બાહ્ય કારણો છે અને લોભ કષાયની ઉદીરણા એ અંતરંગ કારણ છે.

આ અન્ય ત્રણ સંજ્ઞાઓ પણ સાતમા ગુણસ્થાન બાદ ઉપચાર માત્ર છે. તેમનું કાર્ય દેખાતું નથી. કેવળ તે કર્મોનો ઉદય જોવામાં આવે છે.

નવમા ગુણસ્થાનમાં પ્રથમ ભાગમાં ભય સંજ્ઞા જાય છે, બીજા ભાગમાં મૈથુનસંજ્ઞા જાય છે. સૂક્ષ્મ લોભ દસમા ગુણસ્થાનમાં હોવાથી ત્યાં સુધી પરિગ્રહ સંજ્ઞા હોય છે.

આ રીતે સંજ્ઞા પ્રરૂપણા આપણે જોઈ. હવે માર્ગણાના વિષય પર ચર્ચા કરીએ.

જીવ દ્રવ્ય અરૂપી હોવાથી દેખાતું નથી. સિધ્ધજીવ કર્મ અને શરીરથી રહિત શુધ્ધ દશામાં- લોકના શિખર પર- લોકાગ્રે વિરાજમાન છે, તે તો આપણને દેખાતાં નથી. આગમમાં તો જીવનું વર્ણન જોવામાં આવે છે. જીવ પોતાને પોતાના જ્ઞાન દ્વારા જાણી શકે છે. પરંતુ અન્ય જીવોને જોઈ શકતો નથી. એવી પરિસ્થિતિમાં જીવોને શોધવા ક્યાં? ક્યાં શોધતાં જીવો જડે તેની માહિતી આપણને માર્ગણા દ્વારા મળે છે.

જેમની વડે જીવની માહિતી મળે અથવા જેમનામાં જીવ જડે તે માર્ગણા છે. માર્ગણા એટલે અન્વેષણ-શોધ. આ માર્ગણાઓમાં આપણને જીવની શોધ મળે છે.

કોઈ વિવક્ષિત લક્ષણો દ્વારા, સંયોગ દ્વારા, શરીર દ્વારા, ઈન્દ્રિયો દ્વારા કે અન્ય વિવિધ અપેક્ષાઓ દ્વારા બધાં સંસારી જીવોનું વિભાજન-વર્ગીકરણ કરવામાં આવે છે. જેમ કે, દેશની અપેક્ષાએ મનુષ્યોનું વર્ગીકરણ કરતાં કોઈ ભારતીય, કોઈ જાપાની, કોઈ અમેરિકન વગેરે વિભાજન થશે. તેમ વ્યવસાયની અપેક્ષાએ વિભાજન કરતાં કોઈ ડૉક્ટર, કોઈ એન્જિનીયર, કોઈ વેપારી તો કોઈ વ્યવસાયરહિત, કોઈ કિસાન તો કોઈ કામગાર હશે. અપેક્ષા બદલાય કે એક ગ્રુપના માણસનું ફરીથી અન્ય ગ્રુપમાં વિભાજન થાય છે.

સ્ત્રી-પુરુષોની અપેક્ષાએ કોઈ સ્ત્રીઓ છે તો કોઈ પુરુષ છે. ઉંમરની અપેક્ષાએ કોઈ બાળક છે, કોઈ યુવાન છે તો કોઈ વૃધ્ધ છે. બુધ્ધિની અપેક્ષાએ કોઈ બુધ્ધિમાન છે તો કોઈ મતિમંદ છે.

અન્ય કોઈ સાધારણ બુદ્ધિવાળાં છે. ધનની અપેક્ષાએ જોતાં કોઈ પૈસાદાર તો કોઈ ગરીબ છે.

તે પ્રમાણે ચૌદ માર્ગણાઓ દ્વારા – ચૌદ ભિન્ન ભિન્ન અપેક્ષા દ્વારા જીવોનું અલગ અલગ વિભાજન કરવામાં આવે છે. એક માર્ગણાના એક ગ્રુપનો જીવ અન્ય માર્ગણાઓની અપેક્ષાએ અલગ અલગ ગ્રુપમાં સામેલ થાય છે. જેમ કે ડૉકટર હોય તો તે ભારતીય હોઈ શકે કે અમેરિકન, સ્ત્રી હોય કે પુરુષ, યુવાન હોય કે વૃદ્ધ પણ બાળક તો નહીં જ હોય.

પ્રથમ આ ચૌદ માર્ગણાઓના નામો જોઈએ અને પછી ક્રમથી તેઓનું સ્વરૂપ જોઈ શકીશું. ૧) ગતિમાર્ગણા, ૨) ઈન્દ્રિયમાર્ગણા, ૩) કાયમાર્ગણા, ૪) યોગમાર્ગણા, ૫) વેદમાર્ગણા, ૬) કષાયમાર્ગણા, ૭) જ્ઞાનમાર્ગણા, ૮) સંયમમાર્ગણા, ૯) દર્શનમાર્ગણા, ૧૦) લેશ્યામાર્ગણા, ૧૧) ભવ્યમાર્ગણા, ૧૨) સમ્યક્ત્વમાર્ગણા, ૧૩) સંજ્ઞીમાર્ગણા, ૧૪) આહારમાર્ગણા.

**૧) ગતિમાર્ગણા :-**

ગતિમાર્ગણાની અપેક્ષાએ બધાં સંસારી જીવો ચાર ગતિમાં જોવામાં આવે છે. ૧ નરક ગતિ, ૨. તિર્યંચ ગતિ, ૩. મનુષ્ય ગતિ, ૪. દેવ ગતિ. ગતિ નામક નામકર્મના ઉદયથી જીવ તે તે પર્યાયમાં ઉત્પન્ન થાય છે. તેમાંથી નરક, મનુષ્ય અને દેવ ગતિના જીવો સંજ્ઞી પંચેન્દ્રિયો છે. પરંતુ તિર્યંચ ગતિમાં એકેન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયો સુધી બધાં પ્રકાર જોવામાં આવે છે. બાળબોધ પાઠમાળામાં 'ગતિ' નામના પાઠમાં તમે વિસ્તારથી ભણ્યા છો જ.

**૨) ઈન્દ્રિયમાર્ગણા :-**

ઈન્દ્રિય માર્ગણાનો વિચાર કરતાં પ્રથમ ઈન્દ્રિય એટલે શું તે જોઈએ. દ્રવ્યેન્દ્રિયો તો આપણે જોઈએ છીએ. આપણે તેમનાથી પરિચિત છીએ. ઈન્દ્રિયો બે પ્રકારની છે ૧. ભાવેન્દ્રિય અને ૨. દ્રવ્યેન્દ્રિય. લબ્ધિ અને ઉપયોગ બન્ને મળી ભાવેન્દ્રિય છે.

મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઈન્દ્રિયોના વિષયોને જાણવાની જીવની જે શક્તિ તે 'લબ્ધિ' છે અને વિષય જાણવાનું જે પ્રવર્તનરૂપ કાર્ય અર્થાત્ વ્યાપાર તે 'ઉપયોગ' છે. જેમ કોઈ છોકરાને સાંભળવાની શક્તિ તો છે પણ તેનો ઉપયોગ અન્યત્ર ક્યાંક રમવામાં કે જોવામાં લાગ્યો હશે તો તેને બોલાવીએ તોપણ

તેને સંભળાશે નહીં. એવો પણ કોઈ હશે કે જે જાણવા ઈચ્છે પણ ક્ષયોપશમરૂપ શક્તિ ન હોય તોપણ તે જાણશે નહીં. માટે લબ્ધિ અને ઉપયોગ બન્ને મળી વિષયનું જ્ઞાન થાય.

દ્રવ્યેન્દ્રિયો તો શરીરના વિશિષ્ટ સ્થાનની રચના-ચિન્હ છે. નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિયો છે. જે પ્રદેશોથી જાણવામાં આવે છે તેને નિર્વૃત્તિ કહે છે અને તેના નિકટવર્તી જે છે તે ઉપકરણ છે.

પહેલાં આપણે જીવસમાસમાં જીવોના એકેન્દ્રિયાદિ ભેદ જોયાં હતાં. ઈન્દ્રિયોની અપેક્ષાએ એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય એવા બધાં સંસારી જીવોના પાંચ ભેદ પડે છે.

૩) કાયમાર્ગણા :

કાયમાર્ગણામાં કાયા અર્થાત્ શરીરની અપેક્ષાએ બધાં સંસારી જીવોના ભેદ પાડ્યા છે. 'ષટ્કાય જીવોની હિંસા ટાળવી' એવું શાસ્ત્રવચન તમે વાંચ્યું હશે. તે 'છ કાય' કયા તે જાણો છો? એક ત્રસકાય અને બાકીના પાંચ સ્થાવરકાય.

પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક એ પાંચ સ્થાવરકાયિક કે સ્થાવરકાય જીવ છે. તેઓને સ્થાવર નામકર્મનો ઉદય હોય છે. દ્વીન્દ્રિયોથી માંડી સંજ્ઞી પંચેન્દ્રિયો સુધી બધા ત્રસ જીવોને ત્રસ અથવા ત્રસકાયિક જીવ કહે છે. તેઓને ત્રસ નામકર્મનો ઉદય હોય છે.

દેવ, નારકી, મનુષ્ય અને દ્વીન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયો સુધીના તિર્યંચ તે ત્રસ જીવો છે.

પૃથ્વીકાયિકમાં પૃથ્વી, માટી, રેતી, પથ્થર, હીરા, માણેક, રત્ન બધાં જ આવે છે. જળકાયિકમાં કુવાનું પાણી, ઝરણાં, નદીઓ વગેરેનું પાણી, ઝાંખળ, ધુમ્મસ વગેરેનાં પાણીનો સમાવેશ થાય છે. વાયુકાયિકમાં ઘનોદધિવાત, ઘનવાત તનુવાતના જીવો આવે છે. અગ્નિકાયિકમાં જુદાં જુદાં પ્રકારના અગ્નિ-તણખાં, આગ, વીજળી, ઈલેક્ટ્રિક કરંટ આદિ આવે છે.

આ બધાં તો બાદર સ્થાવર જીવો છે. તેમનો સમુદાય આપણી આંખોને દેખાય છે. આ બધાં પાંચ સ્થાવરોના સૂક્ષ્મ જીવ સંપૂર્ણ લોકાકાશમાં ઠાંસીઠાંસીને ભરેલા છે. તે આંખોને તો દેખાતાં નથી જ, પણ અન્ય વસ્તુ દ્વારા તે અટકાવાતાં પણ નથી,

તેઓ અન્ય શરીરોને રોકતાં-અટકાવતાં નથી અને તે કોઈના પણ આધાર વગર રહે છે. આ તો પહેલાં કહેવાયેલું છે, યાદ છે ને?

આ બધાં સ્થાવરોમાં ત્રણ ત્રણ ભેદ છે. પૃથ્વીના દાખલા પરથી જોઈએ. પૃથ્વીજીવ, પૃથ્વીકાયિક જીવ અને પૃથ્વીકાય.

જે જીવ પૂર્વ પર્યાય છોડી પૃથ્વીકાયિકોમાં જન્મ લેવા માટે વિગ્રહગતિમાં જ્યાંસુધી રહે છે ત્યાંસુધી તેને પૃથ્વીજીવ કહે છે. જ્યારે તે જીવ પૃથ્વીરૂપ શરીરને ધારણ કરે ત્યારે તેને પૃથ્વીકાયિક જીવ કહે છે. તે જીવના મરણ બાદ તેનું શરીર રહે છે તેને પૃથ્વીકાય કહે છે.

આ ત્રણેય ભેદ જેમાં છે એવો ચોથો સામાન્યરૂપ પૃથ્વી એમ પણ ભેદ શાસ્ત્રમાં કોઈ ઠેકાણે કહ્યો છે. એવા આ ચાર ચાર પ્રકાર બધાં પાંચેય સ્થાવર જીવોમાં જોવામાં આવે છે.

વનસ્પતિકાયિકોના અનેક ભેદ પ્રભેદ આપણે પહેલાં જીવસમાસમાં જોયા જ છે. અહીં ટુંકમાં ફરીથી પુનરાવર્તન કરીએ.

વનસ્પતિકાયિક જીવોના બે મુખ્ય ભેદ છે– પ્રત્યેક વનસ્પતિ અને સાધારણ વનસ્પતિ. પ્રત્યેક વનસ્પતિનો અર્થ છે એક શરીરમાં એક જીવ અને સાધારણ વનસ્પતિનો અર્થ છે એક શરીરમાં અનંત જીવો. તેને જ નિગોદ કહે છે. તેઓનું શરીર એક, શ્વાસોચ્છ્વાસ એક, જન્મ એક સાથે, મરણ એક સાથે, આયુ સમાન, પર્યાપ્તિ સમાન વગેરે બાબતો આપણે પહેલાં જોઈ જ છે.

પ્રત્યેક વનસ્પતિ બાદર એકેન્દ્રિય જીવ છે. તેમના સપ્રતિષ્ઠિત અર્થાત્ પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત એવા બે ભેદ છે. જે પ્રત્યેક વનસ્પતિના આધારે સાધારણ વનસ્પતિકાયિક જીવો રહે છે, તેમને પ્રતિષ્ઠિત કે સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ કહે છે. દાખલા તરીકે ઝાડનાં અત્યંત કુમળાં નાના નાના પાંદડાઓ (કુંપળ) કે જેમાં નસો દેખાતી નથી, અતિશય નાના ફળો, કાકડી વગેરે કે જે તોડતાં સમભંગ થાય છે.

એ જ પાંદડાં, ફળો થોડા મોટા થાય ત્યારે તેને તોડતાં સમભંગ થતાં નથી. અને તાંતણાં ચોંટી રહે છે ત્યારે સમજવું કે હવે ત્યાં નિગોદ એટલે સાધારણ વનસ્પતિ રહેતી નથી. એ

સમયે તે પ્રત્યેક વનસ્પતિને અપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ કહે છે. સપ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત બન્ને પ્રકારની વનસ્પતિમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ જોવામાં આવે છે.

- પ્રત્યેક વનસ્પતિ
  - સપ્રતિષ્ઠિત
    - પર્યાપ્ત
    - અપર્યાપ્ત
  - અપ્રતિષ્ઠિત
    - પર્યાપ્ત
    - અપર્યાપ્ત

આ પ્રકારે પ્રત્યેક વનસ્પતિના આ ચાર ભેદ આપણે જોયાં. હવે સાધારણ વનસ્પતિ એટલે કે નિગોદના ભેદ જોઈએ. નિગોદનું નામ શાસ્ત્રમાં આપણે ઘણે ઠેકાણે વાંચીએ પણ તેનો અર્થ ઘણાં જાણતાં નથી. સાધારણ વનસ્પતિ એટલે નિગોદનું સૂક્ષ્મ અને બાદર એવા બે મુખ્ય ભેદ છે. બન્નેમાં નિત્યનિગોદ અને ઈતર નિગોદ એવા બન્ને પ્રકારના જીવો જોવામાં આવે છે.

નિત્ય નિગોદનો અર્થ એવો છે કે જે જીવ અનાદિકાળથી આજ સુધી નિરંતર-સતત નિગોદ પર્યાયમાં જ જન્મ-મરણ કરતાં આવ્યા છે. બીજી કોઈપણ પર્યાયમાં તેમણે એક વખત પણ જન્મ લીધો નથી.

ઈતર નિગોદ તે જીવોને કહ્યાં છે કે જે જીવ નિગોદ પર્યાયમાંથી નીકળી અન્ય એકેન્દ્રિયોમાં કે ત્રસ પર્યાયમાં જન્મ લઈ કેટલોક સમય તેમાં જન્મ-મરણ કરી પાછાં ફરી નિગોદ પર્યાય ધારણ કરી હાલ નિગોદમાં જ જન્મ મરણ કરી રહ્યાં છે.

આ બધાંનાં પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે. નિગોદ કહીએ કે એક શ્વાસમાં અઢાર વાર જન્મ મરણ એમ ઘણાંને લાગે છે. તે માત્ર અપર્યાપ્ત નિગોદની બાબતમાં સાચું છે. એટલું જ શું, એકેન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિયો સુધી બધા જ લબ્ધિ અપર્યાપ્ત જીવો આટલાં અલ્પાયુષિ હોય છે. પર્યાપ્તિ પ્રરૂપણામાં આપણે જોયું હતું કે આવા જીવો નિરંતર ક્ષુદ્રભવ કરતા રહે તો એક અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ થાય. કેવળ એકેન્દ્રિયોના ૬૬૧૩૨ ભવ થાય છે.

આમાં પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને સાધારણ વનસ્પતિના પ્રત્યેકના સૂક્ષ્મ અને બાદર એવા બે બે ભેદ કરતાં

દસ અને પ્રત્યેક વનસ્પતિના એક આ પ્રમાણે અગિયાર પ્રકારના એકેન્દ્રિય છે. ૬૬૧૩૨ ÷ ૧૧ = ૬૦૧૨ અર્થાત્ એક્કેક પ્રકારના એકેન્દ્રિયોમાં એક બાદ એક નિરંતર ૬૦૧૨ ક્ષુદ્રભવ એક અંતર્મુહૂર્તમાં થઈ શકે છે.

સાધારણ વનસ્પતિ (બાદર) અર્થાત્ બાદર નિગોદ જીવ માત્ર પ્રત્યેક વનસ્પતિના જ આધારે રહે છે એમ નથી. દ્વીન્દ્રિયોથી માંડી પંચેન્દ્રિય તિર્યંચો સુધી તેમ જ મનુષ્ય શરીરના આધારે પણ તે રહે છે. તેમાં અપવાદ છે કેવળીનું શરીર અને આહારક શરીરનો. બારમાં ગુણસ્થાનમાં બાદર નિગોદ રાશી ઔદારિક શરીરમાંથી નીકળી જાય અને તેરમા ગુણસ્થાનમાં પરમઔદારિક શરીરની પ્રાપ્તિ થાય છે.

પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાયના આધારે પણ બાદર નિગોદ રહેતાં નથી. દેવ અને નારકીઓના વૈક્રિયિક શરીરમાં પણ નિગોદ રહેતાં નથી. બાદર નિગોદ એમ કહેવાનું કારણ કે સૂક્ષ્મ નિગોદ તો બધે રહે છે તેઓને કોઈપણ આધારની જરૂર નથી.

સાધારણ વનસ્પતિના ભેદ નીચે મુજબ આપણે જોયાં–

- સાધારણ વનસ્પતિ (નિગોદ)
  - સૂક્ષ્મ નિગોદ
    - નિત્ય નિગોદ
      - પર્યાપ્ત
      - અપર્યાપ્ત
    - ઈતરનિગોદ
      - પર્યાપ્ત
      - અપર્યાપ્ત
  - બાદર નિગોદ
    - નિત્ય નિગોદ
      - પર્યાપ્ત
      - અપર્યાપ્ત
    - ઈતરનિગોદ
      - પર્યાપ્ત
      - અપર્યાપ્ત

આ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિના ચાર અને સાધારણ વનસ્પતિના આઠ ભેદ આપણે જોયાં.

હે જીવ, આ બધી પર્યાયોમાં અનાદિથી આજ સુધી અનંતકાળ તેં જન્મ-મરણ કરવામાં વિતાવ્યો છે. તને સ્મરણ નથી તેથી શું થયું? આ બધી પર્યાયો પાર કરી અત્યંત દુર્લભ એવી મનુષ્યપર્યાય તને પ્રાપ્ત થઈ છે પણ તેની તને કિંમત નથી. જો હજીએ તને પોતાના કલ્યાણની વાત સુઝતી ન હોય અને કોઈ તને કહે તો તને ગમતું નહીં હોય, તો પછી આ પર્યાયોમાં ફરીથી પાછું જવું નિશ્ચિત છે એમ સમજ.

ક્ષુદ્રભવોમાં સમ્મૂર્ચ્છન મનુષ્યનો પણ સમાવેશ થાય છે. એક અંતર્મુહૂર્તમાં નિરંતર એવા આઠ ભવ મળી શકે છે. શું ફાયદો આવા મનુષ્યભવનો?

એની વાત તો જવા દો– પણ દીકરીઓ, હે જીવો! તમે તો હમણાં પર્યાપ્ત મનુષ્ય છો, જ્ઞાનનો આટલો ઉઘાડ છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને તેઓનો યથાર્થ ઉપદેશ તમને મળ્યો છે. આટલું હોવા છતાં તમે પોતાનો આત્મસ્વભાવ અને પોતાનો આત્મવૈભવ જોયો નહીં અર્થાત્ જાણ્યો નહીં તો તમને પણ આ મનુષ્યભવનો શો ફાયદો થયો?

કોઈએ શુભભાવ કર્યા છતાં તેને એકાદ ભવ સ્વર્ગનો મળશે. ત્યાં ગયા પછી ઐશ્વર્ય-ભોગ-ભોગવાની ઈચ્છારૂપે પાપ કરી તેમ જ તીવ્ર ઈર્ષા કરી અને આકુળતા કરી તે જીવ પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિયોમાં ઉપજશે અને પાછો ભવભ્રમણ કરતો રહેશે.

હે જીવ, દુનિયાદારીમાં તું પોતાને એટલો ડાહ્યો સમજે છે, તને આ સાદી, પોતાના લાભની વાત સમજાતી કેમ નથી?

મને વિશ્વાસ છે કે તમે આના ઉપર વિચાર કરશો.

બાકી આવતાં પત્રમાં.

એ જ લિ.

તમારી બા.

# યોગ, વેદ, કષાય, જ્ઞાન અને સંયમ માર્ગણા

પત્રાંક ૧૮ ॥ૐ નમઃ સિદ્ધેભ્યઃ॥ ૨ ઑક્ટોબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

માર્ગણાના વિષય પર આપણે ચર્ચા કરીએ છીએ. ચૌદ માર્ગણામાંથી આપણે ગતિમાર્ગણા, ઈન્દ્રિયમાર્ગણા અને કાયમાર્ગણા વિષે ચર્ચા કરી. આજે યોગમાર્ગણા વિષે જોઈએ.

**૪) યોગમાર્ગણા : —**

પ્રથમ યોગ એટલે શું તે જોઈએ.

સંસારી જીવ અનાદિથી જ કર્મસહિત છે અને તે નિરંતર નવાં નવાં કર્મોનો બંધ કરતો રહે છે, તેમ જ શરીરસંબંધી નોકર્મવર્ગણા પણ ગ્રહણ કરે છે. કર્મ-નોકર્મ વર્ગણાને કર્મ-નોકર્મરૂપે પરિણમાવવાની આત્માની જે શક્તિ છે તેને 'ભાવયોગ' કહે છે. આત્માના પ્રદેશોનું ચંચલરૂપે થવું– સકંપ થવું– ચલનરૂપે થવું– એને 'દ્રવ્યયોગ' કહે છે.

જેમ અગ્નિના સંયોગથી લોખંડમાં બાળવાની શક્તિ ઉત્પન્ન થાય છે તેમ જ શરીર નામકર્મના ઉદયથી ભાષાવર્ગણા, મનોવર્ગણા, આહારવર્ગણાના સ્કંધો આવી જીવપ્રદેશ સાથે સંબંધ જોડે છે ત્યારે જીવના પ્રદેશમાં કર્મ-નોકર્મનું ગ્રહણ કરવાની શક્તિ-સામર્થ્ય અર્થાત્ યોગ ઉત્પન્ન થાય છે.

મનનું કે વચનનું અવલંબન લઈ તેમ જ શરીરનું અવલંબન લઈ જીવ જાણવા વિષેની, બોલવા વિષેની, હાલચાલ વિષેની પ્રયત્નરૂપે પ્રવૃત્તિ કરે છે ત્યારે આત્મપ્રદેશોની ચંચલતાથી નવાં નવાં નોકર્મ સ્કંધ આવી મળે છે. તેને જ આપણે મન-વચન-કાય યોગ કહીએ છીએ.

જુઓ તો ખરાં, કોઈ કસરતબાજ-વ્યાયામબાજ હોય તો તેનું શરીર પણ ભક્કમ દેખાય છે. જે અવયવોનો તે વધુ ઉપયોગ-વપરાશ કરે તે અવયવો વધુ બળવાન અને મોટા દેખાય તેનો અર્થ કે યોગ દ્વારા તે તે સ્કંધોનો વધુ સંચય થાય છે. આપણે અમુક સમય એકાદ સ્નાયુનો ઉપયોગ ન કરીએ તો તે સુકાઈ જાય છે – Disuse atrophy થાય છે. પોલિયોવાળો પગ

વપરાશમાં ન હોવાથી તે પગના સ્નાયુ દુબળાં રહે છે. એવો આ કારણ - કાર્ય સંબંધ લગાડીએ તો વ્યવહારની અનેક વાતોનું નિરાકરણ થઈ શકે.

યોગ ત્રણ પ્રકારના સંભવે છે– મનોયોગ, વચનયોગ અને કાયયોગ. યોગનો સદ્ભાવ ૧૩મા ગુણસ્થાન સુધી રહે છે, ૧૪મા ગુણસ્થાનમાં યોગની ચંચળતા પૂર્ણતઃ મટી જાય છે. ત્યાં યોગનો અભાવ થાય છે. તેઓને અયોગકેવળી કહેવામાં આવે છે.

સંજ્ઞી પંચેન્દ્રિયોને ત્રણે યોગ હોય છે. જેઓને મન નથી પરંતુ વચન છે એવા દ્વીન્દ્રિયોથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિયોને વચનયોગ અને કાયયોગ હોય છે. જેઓને મન અને વચન બન્ને નથી એવાં એકેન્દ્રિય જીવોને ફક્ત કાયયોગ જ હોય છે. વિગ્રહગતિમાં યોગ છે કે નથી એવી શંકા તમને આવે તે ઉચિત છે. તે જીવોને કાર્માણકાયયોગ હોય છે.

આનો અર્થ એવો થાય કે અનાદિકાળથી સંસારી જીવો એક સમય માટે પણ કદી યોગ વિરહિત થયાં નથી. જે જીવો અરહંત બને છે તેમને ૧૪મા ગુણસ્થાનના પહેલા સમયથી જ યોગનો અભાવ રહે છે અર્થાત્ તેઓનું કર્મ - નોકર્મનું ગ્રહણ થંભી જાય છે.

જીવને એક સમયે એક જ યોગ હોય છે. મનોયોગ ચાલુ હોય તો બીજા બે યોગો હોતાં નથી, વચનયોગ કે કાયયોગ ચાલુ હોય તો બાકીના બે યોગો હોતાં નથી. આમ કેમ શક્ય છે એવો પ્રશ્ન સહેજે ઊભો થવો તે સ્વાભાવિક છે. કારણ આપણે તો એક વખત જ મનનું, વચનનું અને શરીરનું કાર્ય થતાં પ્રત્યક્ષ જોઈએ છીએ. તેનું કારણ એ કે યોગના જે સંસ્કાર છે તે કારણે તે તે ક્રિયાઓ થતી દેખાય છે.

જીવ બોલવાની ક્રિયા કરતો હોય ત્યારે વચનયોગમાં હશે તો તે યોગ પલટી મનોયોગ શરૂ થાય પરંતુ પહેલાંના વચનયોગના બળથી તે ક્રિયા ચાલુ રહે છે. સર્કસમાં આપણે જોઈએ છીએ કે બે હાથોથી ૫-૫, ૬-૬ દડાં હવામાં ઉછાળતાં રહેવાની કલા તે કલાકારોને અવગત હોય છે. તેમ જ આ યોગનું પલટાવું એટલી ઝડપથી થાય કે મન, વચન અને કાય એ ત્રણેની ક્રિયા એક જ સમયે ચાલુ રહે છે, તેમાં ખંડ પડતો નથી.

મનોયોગના ચાર, વચનયોગના ચાર અને કાયયોગના સાત પ્રકાર છે. સત્ય, અસત્ય, ઉભય અને અનુભયરૂપ જે પદાર્થો

હોય છે તેઓને જાણવાની જીવની પ્રવૃત્તિ થાય ત્યારે તે ચાર પ્રકારના મનોયોગ સંભવે છે, તે પદાર્થોનું કથન કરવાની જીવની પ્રયત્નરૂપ પ્રવૃત્તિ થાય ત્યારે ચાર પ્રકારના વચનયોગો સંભવે છે.

આ સત્ય અસત્ય પ્રકાર પદાર્થોમાં કેમ સંભવે તેનો દાખલો જોઈએ. પાણીને પાણી જાણવું એ સત્ય છે, કારણ તે પાણીથી તરસ છુપાય છે. મૃગજળને પાણી જાણવું તે અસત્ય છે કારણ તેની વડે સ્નાન-પાનાદિક ક્રિયા કરાતી નથી. કમંડલને ઘટ જાણવો તે ઉભય છે. કમંડલમાં ઘટની જેમ પાણી ભરી શકાય માટે સત્ય છે પણ કમંડલનો આકાર ઘટ જેવો નથી માટે અસત્ય, તે ઉભય જાણવા. જે પદાર્થોનો વિશેષ નિર્ણય થતો નથી માટે તે સત્ય નથી અને સામાન્ય રીતે તો તે જણાઈ ગયો માટે તે અસત્યપણ નથી, આને અનુભય એમ કહેવામાં આવે છે.

આ પ્રમાણે મનોયોગના સત્ય, અસત્ય, ઉભય અને અનુભય એવા ચાર પ્રકાર છે અને વચનયોગના પણ આવા જ ચાર પ્રકાર જોવામાં આવે છે.

કેવળી ભગવંતોને સત્ય અને અનુભય વચનયોગ કહ્યો છે તેનું કારણ દિવ્યધ્વનિ અનક્ષરાત્મક હોવાથી અનુભય અને શ્રોતાઓના કાને પડતાં અક્ષરાત્મક થઈ તેઓના સંશયાદિક દૂર કરે છે માટે સત્ય વચનરૂપ છે.

કેવળી ભગવંતોને મનોયોગ છે એવું જે કથન છે તે ઉપચારથી મનોયોગ કહ્યો છે. છદ્મસ્થ જીવોને મનોયોગપૂર્વક વચનવ્યાપાર જોવામાં આવે છે માટે કેવળીઓને પણ ઉપચારથી મનોયોગનો સદ્‌ભાવ છે એમ કહેવાય છે.

કાયયોગના સાત પ્રકાર આ પ્રમાણે– ૧) ઔદારિક કાયયોગ, ૨) ઔદારિકમિશ્ર કાયયોગ, ૩) વૈક્રિયિક કાયયોગ, ૪) વૈક્રિયિકમિશ્ર કાયયોગ, ૫) આહારક કાયયોગ, ૬) આહારક મિશ્ર કાયયોગ, ૭) કાર્માણ કાયયોગ.

આમાંથી તે તે શરીરની અપર્યાપ્ત અવસ્થામાં મિશ્ર કાયયોગ હોય છે. વિગ્રહગતિમાં કાર્માણ કાયયોગ હોય છે.

મનુષ્ય તથા તિર્યંચોમાં ઔદારિક કાયયોગ અને ઔદારિક મિશ્ર કાયયોગ હોય છે. દેવ અને નારકીઓમાં વૈક્રિયિક કાયયોગ અને વૈક્રિયિકમિશ્ર કાયયોગ હોય છે. આહારક શરીરધારી મુનિઓને આહારક અને આહારકમિશ્ર કાયયોગ હોય છે.

આ રીતે મનના ૪, વચનના ૪, કાયાના ૭ કુલ ૧૫ પ્રકારના યોગ આપણે જોયાં. પહેલાં કર્મ અને નોકર્મનો બંધ કેમ

થાય તે શીખતી વખતે આપણે યોગને કારણે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય તે વિસ્તારથી જોયું હતું.

હવે વેદમાર્ગણા શું છે તે જોઈએ.

**૫) વેદમાર્ગણા : —**

નામકર્મના ઉદયથી પુરુષ, સ્ત્રી કે નપુંસક શરીર તૈયાર થાય તેને દ્રવ્યવેદ કહે છે, અને પરસ્પર અભિલાષાયુક્ત મૈથુન સંજ્ઞાનો ધારક જીવ ભાવવેદવાળો જીવ છે.

ઘણા ખરાં જીવોને સમાન વેદ હોય છે અર્થાત્ જેવો દ્રવ્યવેદ હોય તેવો જ ભાવવેદ હોય છે. દેવ, નારકી અને ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચોને દ્રવ્યવેદ અને ભાવવેદ સમાન હોય છે, દ્રવ્ય પુરુષવેદ હશે તો ભાવપુરુષવેદ જ હોય. કર્મભૂમિના મનુષ્યને તિર્યંચોમાં સમાન અથવા અસમાન વેદ હોય શકે છે.

વેદમાર્ગણાની અપેક્ષાએ જીવોનું વર્ગીકરણ કરવાથી વેદસહિત જીવ અને વેદવિરહિત-અપગતવેદી જીવ એવા બે ભાગ કરી શકાય. ૯મા ગુણસ્થાનમાં વેદનો અભાવ થાય ત્યાંસુધી જીવ સવેદી છે ત્યારબાદ અપગતવેદી છે. આ ભાવવેદની અપેક્ષા છે. દ્રવ્યપુરુષવેદી જીવ જ છઠ્ઠા ગુણસ્થાનમાં કે ઉપરના ગુણસ્થાનમાં જોવામાં આવે છે. દ્રવ્યસ્ત્રીવેદી જીવ પાંચમા ગુણસ્થાનથી ઉપર જઈ શકતો નથી.

એકેન્દ્રિયોથી માંડી ચતુરિન્દ્રિય સુધી બધાં જીવો નપુંસકવેદી જ હોય છે. બધાં નારકી જીવો નપુંસકવેદી હોય છે. દેવોમાં તેમ જ ભોગભૂમિના મનુષ્ય અને તિર્યંચોમાં સ્ત્રી અને પુરુષ એ બે જ વેદ જડે છે. કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચોમાં ત્રણે પ્રકારના વેદ જોવામાં આવે છે.

નવમા ગુણસ્થાનના સવેદ ભાગ સુધી વેદનો સદ્ભાવ છે. નવમાનો બાકી ભાગ, ૧૦મા, ૧૧મા, ૧૨મા, ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનવાળા જીવો અપગતવેદી છે.

**૬) કષાયમાર્ગણા : —**

હવે કષાયમાર્ગણા વિષે ચર્ચા કરીએ– કષાયમાર્ગણામાં બધાં સંસારી જીવોને બે ભાગમાં વહેંચી દેવાય છે– કષાયસહિત જીવ અને કષાયરહિત જીવ. ૧૦મા ગુણસ્થાન સુધી કષાયસહિત જીવો છે અને ૧૧મા, ૧૨મા, ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનવાળા જીવો કષાયરહિત-પૂર્ણવીતરાગી છે.

કષાયસહિત જીવોમાં પણ ક્રોધવાળા, માનવાળા, માયાવાળા અને લોભવાળા એમ ચાર પ્રકારના વિભાજન કરવામાં આવે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિયો સુધી ચારેય પ્રકારના કષાયો જોવામાં આવે છે. નવમા ગુણસ્થાનમાં ક્રમથી ક્રોધ, માન, માયા નો અભાવ થઈ લોભ કષાય બાકી રહે. ૧૦મા ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભ હોય છે અને ૧૦માનાં અંતે તેનો પણ અભાવ થાય છે.

સામાન્ય રીતે કષાય શબ્દ વાપરવામાં આવે અને તેના વિશેષ અપેક્ષાએ ચાર પ્રકાર– જાતિભેદ કહ્યાં છે તે આ મુજબ– ૧) અનંતાનુબંધી, ૨) અપ્રત્યાખ્યાન, ૩) પ્રત્યાખ્યાન અને ૪) સંજ્વલન.

અનંતાનુબંધી ક્રોધાદિક તત્ત્વાર્થશ્રધ્ધાનરૂપ સમ્યક્ત્વનો ઘાત કરે છે કારણ અનંત સંસારનું કારણ જે મિથ્યાત્વ છે તેની સાથે આ સંબંધ સ્થાપિત કરે છે.

અપ્રત્યાખ્યાન ક્રોધાદિક દેશચારિત્રનો ઘાત કરે છે, થોડો પણ ત્યાગ-અણુવ્રતો થવાં દેતાં નથી.

પ્રત્યાખ્યાન ક્રોધાદિક મહાવ્રતરૂપ સકલચારિત્રનો ઘાત કરે છે, મહાવ્રતોના પરિણામો થવા દેતાં નથી.

સંજ્વલન ક્રોધાદિક યથાખ્યાત ચરિત્રરૂપ પૂર્ણ વીતરાગતા થવા દેતાં નથી. આ બધાં કષાયોની મંદ તીવ્રતાની અપેક્ષાએ અસંખ્યાત લોકપ્રમાણ ભેદ પડે છે.

**૭) જ્ઞાનમાર્ગણા : —**

હવે જોઈએ જ્ઞાનમાર્ગણા. શું તમે કહી શકો કે થોડા જીવો જ્ઞાનવાળા હશે અને થોડા જ્ઞાન રહિત? બિલકુલ નહીં, બધાં જીવો જ્ઞાનસહિત જ હોય છે. જ્ઞાન એ તો જીવનો સ્વભાવ છે. કોઈપણ પદાર્થ કદી પણ સ્વભાવ વિરહિત થતો નથી.

જ્ઞાનની પ્રગટ પર્યાય કઈ છે એ અપેક્ષાએ જ્ઞાનમાર્ગણાનું વિભાજન થશે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ આ પાંચ સમ્યગ્જ્ઞાન છે. અને કુમતિ, કુશ્રુત અને વિભંગ એ ત્રણ મિથ્યાજ્ઞાન છે.

મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ક્ષાયોપશમિકજ્ઞાન છે ત્યારે કેવળજ્ઞાન એ ક્ષાયિકજ્ઞાન છે.

પહેલા અને બીજા ગુણસ્થાનમાં કુમતિ અને કુશ્રુત એ બન્ને મિથ્યાજ્ઞાન હોય છે. કુઅવધિ કે વિભંગજ્ઞાન પણ આ

જીવોને હોઈ શકે. દેવ અને નારકી જીવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે. મનુષ્ય અને તિર્યંચોમાં ગુણપ્રત્યય અવધિજ્ઞાન હોઈ શકે છે. એકેન્દ્રિયોથી અસંજ્ઞી પંચેન્દ્રિયો સુધી નિયમથી કુમતિ અને કુશ્રુત એ બે જ પ્રકાર જોવામાં આવે છે.

ત્રીજા ગુણસ્થાનમાં મિશ્રજ્ઞાન હોય છે.

ચોથાથી બારમા ગુણસ્થાન સુધી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તેમ જ કોઈ જીવોને અવધિજ્ઞાન હોય છે. છઠ્ઠાથી બારમા ગુણસ્થાનમાં કોઈક મુનિઓને મનઃપર્યયજ્ઞાન પણ હોય છે. એવી રીતે કોઈ મુનિને ચાર જ્ઞાન પણ હોઈ શકે છે.

તેરમા, ચૌદમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાન હોય છે. તે પૂર્ણવિકસિત ક્ષાયિકજ્ઞાન છે. તેનો એક જ પ્રકાર હોય છે તેમાં ભેદ હોતા નથી. પરંતુ ક્ષાયોપશમિકજ્ઞાનમાં વિષયની અપેક્ષાએ તેમ જ જ્ઞાનની ક્ષયોપશમની અપેક્ષાએ અનેક ભેદ પ્રભેદ પડે છે, તેનું સવિસ્તાર વર્ણન શાસ્ત્રોમાં આપ્યું છે.

**૮) સંયમમાર્ગણા : —**

સંયમમાર્ગણામાં જીવોના સાત ભેદ છે. તેમાંથી સંયમ વિના એવા અસંયમી જીવો, કેટલોક સંયમ કેટલોક અસંયમ એવા સંયમાસંયમી જીવો છે. અને સંયમી જીવ એવા મુખ્ય ત્રણ ભેદ છે. સંયમી જીવોમાં પાંચ પ્રકારના સંયમી જીવો છે.

પહેલાથી ચોથા ગુણસ્થાનવાળા જીવો અસંયમી છે.

પાંચમા ગુણસ્થાનવાળા જીવો દેશસંયમી એટલે કે સંયમાસંયમી છે. છઠ્ઠા ગુણસ્થાનથી લઈ ચૌદમા ગુણસ્થાનના જીવો સંયમી છે. સમ્યક્ પ્રકારે યમ એટલે નિયમ તે સંયમ.

છઠ્ઠાથી નવમા ગુણસ્થાનમાં સામાયિક અને છેદોપસ્થાપના સંયમ હોય છે. પરિહારવિશુદ્ધિ સંયમ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનમાં જડી આવે છે. દસમા ગુણસ્થાનમાં સૂક્ષ્મસાંપરાય નામનો સંયમ હોય છે. ત્યારે અગિયારથી ચૌદમા ગુણસ્થાનોમાં યથાખ્યાત સંયમ હોય છે.

આ પ્રકારે આજે આપણે યોગમાર્ગણા, વેદમાર્ગણા, કષાયમાર્ગણા, જ્ઞાનમાર્ગણા અને સંયમમાર્ગણા એવી પાંચ માર્ગણાનું સ્વરૂપ જોયું. બાકીની માર્ગણા વિષે આગળના પત્રમાં ચર્ચા કરીએ.

એ જ લિ.

તમારી બા.

# દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી, આહાર - માર્ગણા અને ઉપયોગ પ્રરૂપણા

પત્રાંક ૧૯ ॥ૐ નમઃ સિદ્ધેભ્યઃ॥ ૩ ઑક્ટોબર ૧૯૯૯

પ્રિય રીના અને મોના,

અનેક ઉત્તમ શુભાશિષ.

ચૌદ માર્ગણામાંથી આઠ માર્ગણાઓનું સ્વરૂપ આપણે જોયું. નવમી દર્શનમાર્ગણા છે.

**૯) દર્શનમાર્ગણા : —**

ચેતનાના જ્ઞાન અને દર્શન એવા બે ભેદ પડે છે. દર્શનનો અર્થ 'જોવું' એવો થાય છે. બાહ્ય પદાર્થોના જાતિ, ક્રિયા, ગુણ, પ્રકાર આદિ વિશેષ ન કરતાં પોતાનું અને ઈતર પદાર્થોનું માત્ર સામાન્ય સ્વરૂપ સત્તામાત્ર ગ્રહણ કરવું, સામાન્ય સત્તાવલોકન કરવું તેને દર્શન કહે છે.

શાસ્ત્રમાં સમ્યગ્દર્શન અથવા મિથ્યાદર્શન એવો શબ્દ આવે છે. ત્યાં દર્શન શબ્દનો અર્થ 'શ્રદ્ધા' છે. તે અર્થ અહીં અભિપ્રેત નથી.

દર્શનગુણના પર્યાયની અપેક્ષાથી દર્શનમાર્ગણાનું વિભાજન થાય છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન એવા દર્શનના ચાર ભેદ છે.

ચક્ષુ અર્થાત્ નેત્રો દ્વારા જે સામાન્ય ગ્રહણ કે ચક્ષુ ઈન્દ્રિયોના વિષયનું પ્રકાશન, તેને ચક્ષુદર્શન કહે છે. નેત્રને બાદ કરતાં બીજી ચાર ઈન્દ્રિયો અને મનના વિષયનું પ્રકાશન તે અચક્ષુદર્શન છે. પરમાણુથી મહાસ્કંધ સુધીનું જે મૂર્તિક દ્રવ્યને પ્રત્યક્ષ 'જોવું'– સત્તામાત્ર અવલોકવી તેને અવધિદર્શન કહે છે. અને લોકાલોકમાંના સમસ્ત દ્રવ્યોને સત્તામાત્ર જોવી, સ્વપર સત્તા અવલોકન કરવી, તેને કેવળદર્શન કહે છે.

એકેન્દ્રિયથી ત્રીન્દ્રિયો સુધી ફક્ત અચક્ષુદર્શન હોય છે કારણ તેઓને ચક્ષુ ઈન્દ્રિય હોતી નથી. ચતુરિન્દ્રિયોને અને સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિયોને ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન બન્ને હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય અવધિજ્ઞાની જીવોને અવધિદર્શન પણ હોય છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં અરહંતોને કેવળદર્શન હોય છે. આપણે અહીં માત્ર સંસારી જીવોનું વિભાજન જોતાં હોવાથી અહીં સિધ્ધોને છોડી ઈતર જીવોસંબંધે કથન કરીએ છીએ.

**૧૦) લેશ્યામાર્ગણા : —**

લેશ્યામાર્ગણા વિષે વિવેચન કરતાં પ્રથમ લેશ્યા એટલે શું તેનો વિચાર કરીએ. લેશ્યા બે પ્રકારની હોય છે– દ્રવ્યલેશ્યા અને ભાવલેશ્યા. તેમાંથી શરીરના વર્ણને 'દ્રવ્યલેશ્યા' કહે છે. કષાયોથી અનુરંજિત-રંગાયેલી યોગની પ્રવૃત્તિને 'ભાવલેશ્યા' કહેવામાં આવે છે.

મન, વચન, કાયરૂપ યોગોની જે પ્રવૃત્તિ છે તે કષાયોથી અનુરંજિત થાય છે તેને લેશ્યા કહેવાય છે. કર્મનો બંધ કેવી રીતે થાય છે તે જોતી વખતે આપણે શીખ્યાં હતાં કે યોગ વડે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે અને કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે. આ પરથી સિધ્ધ થાય કે લેશ્યાને કારણે ચારેય પ્રકારના બંધ થાય છે.

કષાયોનો સદ્ભાવ માત્ર ૧૦મા ગુણસ્થાન સુધી જ હોય છે. તો પછી ત્યારપછીના ગુણસ્થાનમાં લેશ્યા છે કે નથી એવી શંકા જાગવી સ્વાભાવિક છે. કષાય ન હોય તોપણ માત્ર યોગનો સદ્ભાવ ૧૧, ૧૨ અને ૧૩મા ગુણસ્થાનમાં રહે છે તેથી ત્યાં ઉપચારથી-ભૂતપૂર્વન્યાયથી લેશ્યા છે એમ કહેવાય છે. ૧૧, ૧૨ અને ૧૩મા ગુણસ્થાનમાં ઉપચારથી શુક્લ લેશ્યા કહેલી છે. ૧૪મું ગુણસ્થાન તે અયોગી ગુણસ્થાન છે, ત્યાં યોગ પણ નથી માટે તે ગુણસ્થાનમાં લેશ્યા પણ નથી.

સંક્લેશ એટલે તીવ્ર કષાય– અશુભ ભાવ અને વિશુધ્ધિ એટલે મંદ કષાય– શુભભાવ. સંક્લેશથી વિશુધ્ધિ સુધી કષાયોના અનેક પ્રકાર હોય છે. તેમનાથી યુક્ત લેશ્યાઓને ૬ નામો આપેલા છે. ૧) કૃષ્ણ, ૨) નીલ, ૩) કપોત, ૪) પીત (તેજો) ૫) પદ્મ, ૬) શુક્લ. આ બધાંના અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે. તેમાંથી કૃષ્ણ, નીલ અને કપોત એ ત્રણે અશુભ લેશ્યા છે. અને પીત, પદ્મ અને શુક્લ એ ત્રણ શુભ લેશ્યા છે.

એકથી ચાર ગુણસ્થાનમાં છએ છ લેશ્યા જોવામાં આવે છે.

પાંચમાથી સાતમા ગુણસ્થાન સુધી પીત, પદ્મ અને શુક્લ એ ત્રણ શુભ લેશ્યા જોવામાં આવે છે. આઠમાથી માંડી તેરમાં ગુણસ્થાન સુધી એકમાત્ર શુક્લ લેશ્યા હોય છે.

બીજા શબ્દોમાં કહીએ તો ત્રણ અશુભ લેશ્યા પહેલા ચાર ગુણસ્થાનોમાં હોય છે. પીત અને પદ્મ લેશ્યા એકથી સાત ગુણસ્થાનોમાં હોય છે અને શુક્લ લેશ્યા એકથી તેર ગુણસ્થાનોમાં હોય છે. લેશ્યારહિત એવું માત્ર ૧૪મું ગુણસ્થાન છે.

પ્રત્યેક લેશ્યાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ કરતાં લેશ્યાઓના અઢાર અંશો થાય છે. તદુપરાંત આયુબંધને યોગ્ય એવા આઠ મધ્યમ અંશો છે. આ લેશ્યાઓના કુલ ૨૬ અંશો શાસ્ત્રમાં કહેલાં છે.

આયુબંધ આ આઠ અંશો સમયે થતો હોય છતાં મરણ સમયે ઈતર લેશ્યા હોય છે. કઈ લેશ્યા સાથે મરનારો જીવ ક્યાં ઉત્પન્ન થાય– ક્યાં જન્મ લે તેના ચોક્કસ નિયમો છે. થોડાક અભ્યાસ બાદ કયા જીવોને કઈ લેશ્યા હોય અને કઈ લેશ્યામાં મરણ થતાં જીવ કયાં જન્મ લે છે એ બાબતો આપણાં ધ્યાનમાં આવી શકે છે. અભ્યાસથી કોઈપણ વાત સહેલી લાગે છે, નહીં?

૧૧) ભવ્યમાર્ગણા : —

ભવ્ય માર્ગણામાં સંસારી જીવોના ભવ્ય અને અભવ્ય એવા

બે ભેદ છે. ભવ્ય શબ્દનો અર્થ છે 'થવા યોગ્ય'. અનંત ચતુષ્ટયરૂપ સ્વરૂપની પ્રાપ્તિ થવાની જેઓમાં શક્તિ છે તેઓ ભવ્ય છે. અર્થાત્ ભવ્ય જીવ રત્નત્રય–સમ્યગ્દર્શન– સમ્યગ્જ્ઞાન–સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ કરી મુક્ત થઈ શકે– એવી તેમનામાં યોગ્યતા હોય છે. જેમાં એવી શક્તિ-એવી યોગ્યતા જ હોતી નથી તેઓને અભવ્ય કહેવામાં આવે છે.

ભવ્ય જીવો પણ બે પ્રકારના જોવામાં આવે છે. કોઈક ભવ્ય જીવો એવા છે કે મુક્ત થવાની યોગ્યતા ધરાવતાં હોવા છતાં તેઓ કદી મોક્ષમાર્ગ પ્રગટ કરશે નહીં અને મુક્ત થશે નહીં– અનંતાનંત કાળ સંસાર પરિભ્રમણ કરતાં રહેશે અને કોઈ ભવ્ય જીવો કાલાંતરમાં મુક્ત થશે.

મુક્ત થયા બાદ એ જીવોને ભવ્ય કહેતાં નથી, તેઓ અભવ્ય તો નથી જ નથી. ભવ્યત્વ શક્તિની અભિવ્યક્તિ થવાથી ભવ્ય-અભવ્યથી પાર એ મુક્ત જીવો છે. તેઓમાં 'જીવત્વ' પારિણામિક શક્તિ હોય છે.

તમને થશે કે આ ભવ્ય-અભવ્ય એવું વિભાજન શા માટે કર્યું છે? અલી,– તે કોઈએ કર્યું નથી– જીવની તે સહજ યોગ્યતા છે. માટે ભવ્યત્વ-અભવ્યત્વ એ પણ પારિણામિક ભાવ છે, એમ કહેવામાં આવ્યું છે. કોઈપણ કર્મની કોઈપણ અવસ્થા વડે તેમ નિશ્ચિત થતું નથી.

'હું અભવ્ય હોઈશ તો?' એવો વિચાર કરીને ગભરાઈ જવાનું પણ કંઈ જ કારણ નથી. પુરુષાર્થહીન વ્યક્તિ જ આવા નિરાશાજન્ય વિચાર– નિગેટિવ થિંકિંગ કરે છે. આત્માની ચર્ચા પણ જે પ્રીતિપૂર્વક સાંભળે છે તે નિશ્ચિત જ ભવ્ય છે અને નિકટના ભવિષ્યમાં મુક્તિને પાત્ર છે એમ આચાર્યે કહ્યું છે.

**तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुता ।**
**निश्चितं स भवेत् भव्यो भावि निर्वाणभाजनम् ।।**

પહેલા ગુણસ્થાનમાં ભવ્ય અને અભવ્ય બન્ને પ્રકારના જીવો હોય છે. બીજા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીના જીવો નિયમથી ભવ્ય જ હોય છે.

૧૨) સમ્યક્ત્વમાર્ગણા : —

હવે ચર્ચા કરીએ સમ્યક્ત્વ માર્ગણાની. અહીં કેવળ સમ્યક્ત્વની ચર્ચા જ નથી પણ સમ્યક્ત્વમાર્ગણાની ચર્ચા છે; સમ્યક્ત્વની અપેક્ષાએ જીવોનું વિભાજન છે. તેના બે મુખ્ય ભેદ પડશે- સમ્યક્ત્વરહિત જીવ અને સમ્યક્ત્વસહિત જીવ. સમ્યક્ત્વરહિત જીવોમાં મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર (સમ્યગ્મિથ્યાત્વ) એવા ત્રણ ભેદ પડે છે. અને સમ્યક્ત્વસહિત જીવોમાં ઔપશમિક સમ્યક્ત્વવાળા, ક્ષાયોપશમિક અર્થાત વેદક સમ્યક્ત્વવાળા અને ક્ષાયિક સમ્યક્ત્વવાળા એવા ત્રણ ભેદ પડે છે. આ પ્રકારથી સમ્યક્ત્વ માર્ગણામાં જીવોના છ ભેદ થાય છે.

તેમાંથી પહેલા ત્રણ ભેદ અનુક્રમે પહેલા ત્રણ ગુણસ્થાનમાં જોવા મળે છે. પ્રથમોપશમ સમ્યક્ત્વી જીવ ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી જોવામાં આવે છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વી જીવ ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે. સિદ્ધભગવાન પણ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હોય છે. દ્વિતીયોપશમ સમ્યક્ત્વી જીવ ચોથાથી અગિયારમા સુધી જોવા મળે છે. કારણ ઉપશમ શ્રેણી માંડી પાછા ક્રમથી તે જીવ છઠ્ઠા સુધી નિયમથી આવે છે. ત્યાર પછી ચોથા ગુણસ્થાન સુધી આવી શકે છે.

૧૩) સંજ્ઞીમાર્ગણા :

સંજ્ઞીમાર્ગણા વિષે ચર્ચા કરતાં પ્રથમ સંજ્ઞી એટલે શું તે જોઈએ- મન દ્વારા થનારા જ્ઞાનસહિત એવા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સંજ્ઞી છે, મન દ્વારા થનારા જ્ઞાનરહિત એવા એકેન્દ્રિયોથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિયો સુધીના જીવો અસંજ્ઞી છે. આ માર્ગણાનો ત્રીજો ભેદ છે સંજ્ઞી-અસંજ્ઞીપણાથી રહિત એવા ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનમાંની અરહંત દશા. કારણ એ જીવોનું

જાણવું મન દ્વારા થતું નથી, તેઓને દ્રવ્યમન હોય તોપણ ક્ષાયોપશમિક જ્ઞાનરૂપી ભાવમન તેઓને હોતું નથી કારણ તેઓને તો ક્ષાયિકજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થયેલું હોય છે.

આપણે સંજ્ઞા પ્રરૂપણા જોઈ હતી અને હવે જોઈએ છીએ તે સંજ્ઞી-માર્ગણા છે. નામસાદૃશ્યતાને કારણે ગોટાળો ન થાય માટે જાણી જોઈને આ વાત તમારા નિદર્શનમાં લાવું છું.

સંજ્ઞી અર્થાત્ મનસહિત જીવોનું લક્ષણ આપણે આ પહેલાં જોયું હતું. મન દ્વારા હિત-અહિતના ગ્રહણ ત્યાગ રૂપ શિક્ષણ, હાથ-પગની ઈચ્છાનુરૂપ ક્રિયા, ઉપદેશ અને પાઠાંતર કરવું ઈત્યાદિનું ગ્રહણ કરનારા જીવ-મનુષ્ય અને હાથી, ઘોડો, કુતરો, થોડાક પક્ષીઓ અને પ્રાણી એ બધાં તથા દેવ અને નારકી સંજ્ઞી જીવ છે. બાકીના એકેન્દ્રિયોથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિયો સુધી બધાં તિર્યંચો અસંજ્ઞી છે.

૧૪) આહારમાર્ગણા : —

હવે છેલ્લી આહારમાર્ગણા જોઈએ- જીવ જે શરીરરૂપે, વચનરૂપે અને દ્રવ્યમનરૂપે થવા યોગ્ય નોકર્મવર્ગણાઓનું ગ્રહણ કરે છે તેને આહાર કહે છે. આપણે આગળ છ પ્રકારના આહાર જોયાં હતાં. આહાર નામની 'સંજ્ઞા' પણ તમને યાદ હશે. આહાર નામની વર્ગણાથી ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર અને આહારક શરીર એ ત્રણે શરીર તૈયાર થાય છે, તે પણ આપણે શીખ્યા હતાં. અહીં આહારમાર્ગણા પ્રકરણમાં આહારક અને અનાહારક એવા બે ભેદ છે. તેમાંથી નોકર્મવર્ગણાઓનું ગ્રહણ કરનારા તે 'આહારક' જીવો છે અને જે નોકર્મવર્ગણાઓનું ગ્રહણ કરતાં નથી તેઓને 'અનાહારક' કહે છે. ઉપવાસ કરવો એટલે અનાહારક એવો અર્થ નથી.

આહારક જીવો કયા કયા છે તે જોઈએ. આ પહેલાં આપણે વિગ્રહગતિ વિષે સવિસ્તાર માહિતી પત્રાંક ૩ માં જોઈ હતી. ઋજુગતિએ જનાર જીવો તે જ સમયમાં આહાર ગ્રહણ કરે છે, પરંતુ એક, બે કે ત્રણ મોડવાળા વિગ્રહગતિમાંના જીવો અનુક્રમે

એક, બે અને ત્રણ સમય અનાહારક રહે છે અને પછી આહારક બને છે. પ્રતર અને લોકપૂરણ પ્રકારના કેવળીસમુદ્‌ઘાત કરનારા જીવો અનાહારક હોય છે, તેમ જ અયોગી જિન એ ૧૪મા ગુણસ્થાનમાંના જીવો પણ અનાહારક હોય છે. બધાં સિદ્ધ ભગવાન અનાહારક હોય છે, એ તો કહેવાની જરૂર જ નથી. આ અનાહારક જીવો વ્યતિરિક્ત બીજા બધાં જીવો આહારક હોય છે.

સમુદ્‌ઘાત એવો જે શબ્દ ઉપર આવ્યો છે તેનો અર્થ છે આત્માના પ્રદેશ મૂળ શરીરને છોડ્યા વગર, કાર્માણ અને તેજસ રૂપ ઉત્તરશરીરસહિત મૂળ શરીરની બાહર નિકળે છે અને ફરીથી મૂળ શરીરમાં પૂર્વવત્ પાછું ફરે તેને સમુદ્‌ઘાત કહે છે. જુદાં જુદાં સાત પ્રકારનાં સમુદ્‌ઘાત થઈ શકે તે આ પ્રમાણે– ૧) વેદના સમુદ્‌ઘાત, ૨) કષાય સમુદ્‌ઘાત, ૩) વૈક્રિયિક સમુદ્‌ઘાત, ૪) મારણાંતિક સમુદ્‌ઘાત, ૫) તૈજસ્ સમુદ્‌ઘાત, ૬) આહારક સમુદ્‌ઘાત અને ૭) કેવળી સમુદ્‌ઘાત.

આ પ્રમાણે ચૌદ માર્ગણાઓનું સ્વરૂપ આપણે જોયું. હવે વીસ પ્રરૂપણામાંથી એક ઉપયોગ પ્રરૂપણા રહી, તે તો સમજવામાં સહેલી છે. જ્ઞાનમાર્ગણામાં કોઈક જીવને કેટલાં પ્રકારનું જ્ઞાન હોઈ શકે અને દર્શનમાર્ગણા પ્રમાણે તે જીવને કેટલાં દર્શન હોઈ શકે છે તે બેનો સરવાળો કરી તે જીવને કેટલાં ઉપયોગો હોય તેનું કથન કરાય છે.

આપણા બધા સંસારી જીવોનું ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી, આહાર અને ઉપયોગ એ વીસ પ્રરૂપણાઓ દ્વારા વર્ણન જોયું. સિદ્ધ ભગવાન ગુણસ્થાનાતીત છે. તેઓને આપણે આમાંથી બાકાત રાખ્યાં હતાં. તેમનાં વિષે આ પ્રરૂપણાઓ શી રીતે લાગુ પડે છે તે પણ ટૂંકમાં જોઈએ.

સિદ્ધોને ગુણસ્થાન નથી, જીવસમાસ નથી, પર્યાપ્તિ નથી, પ્રાણ (દ્રવ્યપ્રાણ) નથી, સંજ્ઞા નથી, તેઓને સિદ્ધ ગતિ છે. તેઓને

ઈન્દ્રિય, કાય, યોગ, વેદ અને કષાય નથી. કેવળજ્ઞાન અને કેવળદર્શન છે પણ સંયમમાર્ગણા જેવું સંયમ નથી- તે સંયમરહિત છે. સંયમ નથી નો અર્થ ચારિત્ર નથી એવો નથી તેમને તો ક્ષાયિકચારિત્ર હોય છે.

સિદ્ધોને લેશ્યા નથી, તેઓ ભવ્ય કે અભવ્ય નથી સમ્યક્ત્વમાંથી તેમને ક્ષાયિક સમ્યક્ત્વ છે. તેઓ સંજ્ઞી અથવા અસંજ્ઞી નથી, અનાહારક છે અને તેઓને કેવળજ્ઞાન અને કેવળદર્શન એવા બે ઉપયોગ છે.

દીકરીઓ, જીવ વિષેની આ બધી જાણકારી આપણે વીસ પ્રરૂપણાઓ દ્વારા મેળવી. આ બધાં સંયોગોનું, વિભાવોનું, પરદ્રવ્ય સાપેક્ષ એવું કથન છે. જીવ વિષેની આ બધી માહિતી કેવળજ્ઞાનીઓની દિવ્યધ્વનિમાંથી આપણને સમજાઈ છે. આ બધું કથન યથાર્થ છે. તોપણ જ્યારે આપણે માત્ર શુદ્ધ જીવ દ્રવ્યનો- એકલા જીવ-દ્રવ્યનો વિચાર કરીએ ત્યારે સંયોગોનું આ બધું કથન વ્યવહારનયનું કથન છે એવું આપણને સમજાય છે. આ બધું જાણવાથી આપણને જીવના સ્વભાવનું, વિભાવનું, સંયોગોનું, મોક્ષમાર્ગનું, મુનિઓનું, અરહંત સિદ્ધોનું સ્વરૂપ સ્પષ્ટ રીતે ધ્યાનમાં આવે છે. ભેદજ્ઞાનને પુષ્ટી મળે છે અને આપણું જ્ઞાન સમીચીન થાય છે.

વ્યવહારનય એ સમ્યગ્જ્ઞાનનું અંગ છે. તે વિષે જો આપણી કોઈ ભ્રામક કલ્પનાઓ હોય તો તે વિપરીત જ્ઞાન સાથે આપણને આત્માનું જ્ઞાન અર્થાત્ આત્માનુભવ થઈ શકશે નહીં.

જિનવાણી અગાધ છે, અમૃતમય અધ્યાત્મ રસથી ઓતપ્રોત ભરેલી છે. આપણે જેટલો ઊંડો અભ્યાસ કરીએ તેટલો તેનો રસ અને આનંદ વધતો જાય છે. કરણાનુયોગના અભ્યાસમાં મારો પણ હજુ પ્રવેશ જ થયો છે. અભ્યાસ શરૂ કર્યો છે. તમે બન્નેના અને અન્ય અનેક વાંચકોના નિમિત્તે કરણાનુયોગનો પરિચય તમને કરાવી આપતાં મારું પણ તત્ત્વચિંતન થતું રહ્યું, સ્વસન્મુખતા અને ભેદજ્ઞાનને પુષ્ટી મળતી રહી.

પં. ટોડરમલજીએ સમ્યગ્જ્ઞાનચંદ્રિકાની પીઠિકામાં લખ્યું છે કે, "ઉચ્ચકુલ, પૂર્ણઆયુ, ઈન્દ્રિયોનું સામર્થ્ય, નિરોગીપણુ, સુસંગતિ, ધર્મરૂપ અભિપ્રાય, બુદ્ધિની પ્રબળતા આદિ મળવી ઉત્તરોત્તર મહાદુર્લભ છે. તે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. આ બધી સાધન સામગ્રી મળ્યા વગર ગ્રંથાભ્યાસ થતો નથી. તમને મોટા ભાગ્યથી આવી તક સાંપડી છે. માટે હઠ કરીને પણ તમારા હિતની પ્રેરણા આપી રહ્યો છું. જેમ બને તેમ આ શાસ્ત્રનો અભ્યાસ કરો. અન્ય જીવોને બને તેમ શાસ્ત્રાભ્યાસ કરાવો. જે જીવો શાસ્ત્રાભ્યાસ કરી રહ્યાં છે તેઓની અનુમોદના કરો. પુસ્તક લખાવવું, વાંચવું, શીખવવાવાળાની સ્થિરતા કરવી આદિ શાસ્ત્રાભ્યાસના બાહ્યકારણોનું સાધન બનાવો, કારણ તેથી પરંપરાથી કાર્યસિદ્ધિ થાય છે અને મહાપુણ્ય ઉપજે છે."

પં. ટોડરમલજીની આ સલાહ યાદ રાખી તમે પણ નિયમિત શાસ્ત્રસ્વાધ્યાય, ચિંતન, મનન કરશો અને સ્વસન્મુખતાપૂર્વક આત્માનુભવ કરી ભેદજ્ઞાન કરતાં રહેશો એવી મારી ભાવના છે અને તેમ તમે કરશો જ એવો મને વિશ્વાસ છે અને સંપૂર્ણ ખાત્રી છે.

કલ્યાણમસ્તુ.

એ જ લિ.

તમારી બા.

